" સાદી જીંદગીની શોક " ફેશનની ફિસિયારી માટે અભિપ્રાય.

" જે જવાન વર્ગ ફેશનમાં તણાયો જાય છે તે વર્ગને સાહિત્ય કે જ્ઞાનનાં પુસ્તકો ઓછાં વાંચવાં ગમતાં હોવાથી આ વખતે મી. દેશાઇએ તેઓને ખરનું વાર્તારૂપી પુસ્તક રચેલું છે. બહારના દેખાવ ઉપરથી આ પુસ્તક વાર્તાનું જણાય છે, અને માંહે વાર્તાનું અજબ જેવું વણું ગુંથવામાં આવ્યું છે ખરૂં, પણ સાહિત્યનો ભંડાર, અને નવી નવી જાતનાં જ્ઞાનનો ખોરાક તેમાં ભારોભાર ભરેલો ભરપુર છે. "

(પારસી સંસાર.)

" ઉપલું ઉમદા પુસ્તક ખાસ કરીને પારસી કોમના મોટા ભાગને હાલના કટોકટીના કાતેલ મોંઘવારીના વખતમાં એક ઉત્તમ માર્ગદર્શક ભોમીઆરૂપ થઇ પડશે એ પુસ્તકમાં સમાવેલી સલાહને અનુસરવાથી દરેક કુટુંબ સુખી, સંતોષી, સંપીલું બનશે. કારણ કે પોતાની શકતી, સ્થીતી, સાધન તથા આવક, કમાણી, ઉદ્યોગને અનુસરીને ખરચ કરવાની સંભાળ રાખવાથી. તથા બીન જરૂરી નકામો ખર્ચ કમી કરવાથી, હાલની કાતિલ મોંઘવારી સામે પોતાનું રક્ષણ કરવા ઇચ્છતા હો, તેઓએ ઉપલા પુસ્તકની એક નકલ જરૂરજ પોતા પાસે રાખવી જોઇએ. "

(સાંજ વર્તમાન.)

" છપામણીનાં વધી પડેલા ભારે ખરચો જોતાં આવાં સુંદર લખાણો પ્રગટ થતાં ચાલુ રહે છે એજ હમારો એક મોટો સંતોષ છે કે, આવું ઉંચું સાહીત્ય ખુણામા નહી નાખી રાખતાં જે રીતે બહાર પાડે છે તે માટે ખરેખર એના કર્તાને મોટો ધન્યવાદ ઘટે છે. વળી વાંચનારી આલમની ફરજ છે કે એવાં પુસ્તકો ખરીદ કરીને વાંચવાં જોઇએ કે જેથી દુન્યામાં થઇ ગયલાં મહાન માણુસોના જ્ઞાનનો ભંડાર જાણીને તે પોતે મેળવવા પામે ! "

(ઢોંગ-સોંગ.)

" લખાણની ભાષા તદન સરળ છે, અને તેની અંદરના Plot નું જોડાણ ગોયા મનન કરવા જોગ છે. ઠાલી વાર્તાનાં અર્થ વગરનાં પીંજણ પાટલા વાંચવાનો શોખ આપણી કોમમાં દિન પ્રતિદીન ઘણોજ વધ્યો જાય છે, તેવા વખતમાં આ પુસ્તક ખરેજ એક નોવેલરૂપી તેમજ બોધદાયક છે. આ પુસ્તકના ઉપર ઘણું લખાય એમ છે, અને અમો ધારીએ છીએ કે આ ચોપાનીયાંનાં અધિપતિ એ બાબત અને એ પુસ્તક ઉપર લંબાણથી સરેહ કરનારી આર્ટીકલ જરૂર લખશે. "

(ગુલશને એલમ.)

" સાહિત્યના બાગનો સુંદર ખજાનો અને અખુટ નશિયતોનો કિમતી ભંડાર આ પુસ્તકમાં રચીને વાકય રચનાની એબારતનો એવો મનોહર સણગાર કરવામાં આવ્યો છે, કે ભાષાની તે શ્રેષ્ઠાઇ જોતાં, અને હાલના કાગળ-છપાઇના દુકાલીયા ભાવ જોતાં મજબુત બાઇન્ડીંગના આ પુસ્તકની કીંમત રૂ. ૧-૮-૦ અને રૂ. ૨-૦-૦ તો કાંઇજ નથી. "

(હિંદી—આફ્રીક.)

"ઉપલા નામની ચોપડી તેના રચનાર ને પ્રગટ કરનાર મી૦ દેશાઇ તરફથી અમારા અભિપ્રાય માટે મળી છે. ગૂજરાતી ભાષાનો જે કમાલ ફેલાવો ચાલુ સમયમાં છે, તેમાં આવાં અનુપમ પુસ્તકો તો કવચીતજ પ્રગટ થતાં જોઇએ છીએ."

(જ્ઞાન વર્ધક.)

"કામદીન-શીરીઝ" તરીકે આ નવી હારમાળા શરૂ થઇ છે. મી૦ શીઆવક્ષ શેરાબજી કામદીનનાં ઉત્તેજનથી આ નવી હારમાળા બહાર પડવા લાગી છે, અને મી૦ કામદીનને તે માટે ધન્યવાદ ઘટે છે. છપાઇની મોઘવારી છતાં કપડાંના પુંઠાની કીં. રૂ. ૨-૦-૦ અને કાગળના પુંઠાની રૂ. ૧-૮-૦ કીંમત કાંઇજ નથી એમ કહીએ તો ચાલે. આ પુસ્તક ખરીદીને મી૦ દેશાઇનાં કામને ઉત્તેજન આપવાની ખાસ ભલામણ કરી શકાશે. દરેક બાપ બે રૂપીઆ ખરચશે તો તેના ઘરમાં બે હજારનો ફાવદો થશે."

(પ્રજામિત્ર અને પારસી.)

"વારતાનું વળું નવીજ કીસમનું છે. શ્રીમંત પારસી કુટુંબનાં લાડકાં બચ્ચાંઓ સટ્ટામાં, શરતોમાં અને બીજી અનેક ઇતરજી ભરેલી ચલકતમાં ફેશનેબલ વર્ગમાં ખપવાની ઇચ્છાથી બાપની પુંજીની કેવી રીતે ખાનાખરાબી કરી ભીખારી હાલતમાં આવી જાય છે, અને છેલ્લે સરવાળે તેઓના બાપના ભરમભરેલાં વસીયતના અર્થ કરાવી ઉદ્યોગ અને મહેનતની ખડતળ જીંદગીમાં પાછાં તેઓ પડે છે, તેનો ચીતાર આંખમાં આંસુ સાથેજ વાંચનાર સનસખ ખડો થાય છે."

(જામે જમશેદ.)

"મી દેશાઇએ પોતાના આ પુસ્તકમાં જાબજા બતાવી આપ્યું છે કે, તેમનાં આગલાં પુસ્તકો મિસાલ આપણી સાદી જીંદગીની શોક, જે આજને કાલ પારસી સંસારમાં ફેશનની ફિસિયારી થઇ લાગી છે, અને જેનાથી આજે પારસી કોમમાં પૈસે ટકે. ઇજ્જત આબરૂએ તથા નીતિ ધર્મે જે જે બેહદ ખરાબીના મોહકાણુ મંડાઇ છે, તેની તરફ હવે વધુ વખત આંખ મિચામણાં કરી શકાય એમ નથી."

(કુરસદ.)

"દુખીને દિલાસો"—માટે અભિપ્રાય.

"માત્ર ૪ આનાની નજીવી કીંમતે આખા હિંદના સાહિત્ય માંહેલો મેવો મી. દેશાઇ પરમાર્થના કારણે સંતોષ ભરેલી સેવા સહિત પુરો પાડતા રહ્યા છે એમ કહેવામાં આપણે વ્યાજબીજ ગણાશું."

(જ્ઞાન વર્ધક.)

"ઉપલો ૫૧મો ભાગ પણ એક ખરેખરા દુઃખીને દિલાસો તથા સધ્યારો લેવા લાયક રીતે લખાયો છે, અને તે જો કોઇ ખરેખરો દુઃખી વાંચી જોવાની કદર કરે તો તેના બદલામાં તેને ખરેખરો દિલાસો મળે. દુઃખની આ દુન્યામાં તે પોતાનો રસ્તો આસાનીથી તથા બનતાં સુધી સુખથી કાપનો થઇ શકે, એમ મને તો ખચીત ખાત્રી પુર્વક લાગે છે."

(કુરસદ.)

" દીલાસામાં સમાયલા સાહીત્યના ભંડાર તરફ તથા તેના વીદ્વાન લેખકની એખમે કાયની અથાગ મહેનત તરફ જોતાં દીલાસાની ખુબીઓ કરતાં ખામી વધશે નહીં. આ સાહિત્યના ભંડારમાં સમાયલા તરેહવાર કીંમતી રત્નો તથા તરેહવાર વીષયો અને બાબતો તથા નામાંકીત વીદ્વાનોના ગોહરોની ક્રમવાર–પ્રકરણવાર–વીષયવાર જાુદી તારવણી કરી અનુક્રમણીકા સાથે બહાર પડે એવું જોવાને જેમ આ લખનાર ખુશી છે તેમ બીજા ઘણાક ઇચ્છે છે. પરન્તુ તે કાર્ય કેટલું વધુ મહેનત ભર્યું અને ખર્ચાળુ થઇ પડે તેનો ખયાલ કરતાં હાલમાં જેટલું જે સ્થીતી અને રચનામાં મી. શેરાબજી તરફથી પુરૂં પાડવામાં આવ્યું છે, તે માટે દરેક કદરદાન બાનુ તથા ગૃહસ્થ તરફથી સ્વાભાવીક આફરીનના શબ્દો બહાર પડયા વીના રહેશે નહી. છેવટ આપણે એવી દુઆ ગુજારીશું કે, મી. શે. મ. દેશાઇ તંદુરસ્તી સાથે દીર્ઘાયુ ભોગવે અને દીલાસા જેવું ઉમદા લખાણુ વધુ અને વધુ પુરૂં પાડતા રહે. "

(સાંજ વર્તમાન.)

" અંગ્રેજી તત્વવેત્તાઓના વીચારોની કેટલીક કરીનાની નીતીઓ યથાગે આપવામાં આવી છે, તથા તુલસીદાસ અને કબીરનાં જ્ઞાન અને ભક્તિના દોહરાઓ. ભજનો અને બીજા ઇતિહાસીક દ્રષ્ટાંતો દરેક પત્રોમાં એવી તો સરસ ઢબથી ગોઠવી દીધાં છે, કે વાંચનારના મનને કંટાળો આવ્યા વગર ઉત્તરોત્તર નવા નીકળતા ભાગો વાંચવાની જીજ્ઞાસા થયા વગર રહેતી નથી. "

(અખબારે ઇસ્લામ.)

" દુઃખીને દીલાસોના ૫૨ મા ભાગમાં જે ખુલાસો આપવામાં આવ્યો છે તે વાંચીને દીલાસાની હારમાળાના સંખ્યાબંધ પારસી, હીંદુ તથા મુસલમીન વાંચકોમાં કોણને દીલગીરી ઉપજ્યા વીના નહી રહે ? હીંદની દેશી મુખ્ય ભાષાઓમાં ગુજરાતી ભાષા સઉથી પછાત ગણાય છે, જેનુ મુખ્ય કારણ લાયક લેખકોને જરૂરી ઘટતું ઉત્તેજન તથા ઘટતા આશરાની ખામી છે. " દુઃખીને દીલાસા " જેવાં ઉત્તમ પુસ્તકોના લેખકને જરૂરી પ્રમાણમાં ઉત્તેજન નહીં મળવા પામે તો પછી બીજા સાધારણ લેખકો લખવાનું પડતું મુકે, અને લાયક ગુર્જર લેખકોની સંખ્યા પુરતા પ્રમાણમાં તૈયાર નહીં બને એમાં શું નવાઇ ? દેશની ઉન્નતી, પ્રજાની આબાદી અને સુખ સગવડને માટે જે મુખ્ય સાધનો છે, તેમાં જાહેર રોજીંદા, અઠવાડીક, પખવાડીક અને માસીક પત્રો મુખ્ય ભાગ ભજવે છે. તે ઉપરાંત ચોપડીઓ, પુસ્તકો, ચોપાનીઆઓ પ્રજા મત કેળવવામાં તથા સદુપદેશ ફેલાવવામાં મુખ્ય કામ બજાવે છે. આવી એક સર્વોતમ સાધનની ખીલવણીમાં અટકાવ થાય એવા સંજોગો અને સ્થીતી આવે, જેના પરીણામે સાહીત્ય પ્રગટ થતું અટકી પડે, એ જોઇને ખરેજ કોઇને પણ દુઃખ થયા વીના નહીં રહે. "

(સાંજ વર્તમાન.)

" મી. દેશાઇ પોતાના ઉપલા ભાગમાં ૩૪૮ મા દિલાસા પત્ર સુધી આવી પુગ્યા છે, અને હાલમાં કાગળ, શાહી તથા છાપવાની મજુરીના અતિ ઘણા વધી ગયલા દર છતાં બાકીના પાંચ ભાગમાંજ ૩૬૫ મા નંબર સુધીના દિલાસા પત્રો આટોપી લેવાનો પોતાનો ઇરાદો જાહેર કરવા સાથે હાલના ટપાલના ભારી દર અને છપાઇની મોંઘવારીથી ડરી નહીં જતાં ફક્ત ચાર આનાની અતિ નિર્જીવ કિમતમાંજ બાકીના ભાગો પણ ગ્રહકોને આપવાનો પોતાનો ઠરાવ જાહેર કરે

છે, જે જોઇને હું લગાર વિસ્મય પામ્યો છું કે, એમને ચાર આનામાં આવાં સારાં કાગલ પર છાપેલાં પુસ્તકની નકલો વેચાતી આપવાનું કેમ પરવડતું હશે ?"

(ફુરસદ.)

"મ્હારા દીકરાને !" માટે અભિપ્રાય.

મી. દેશાઇના દરેક પુસ્તકો પારસી કે હીંદુ, મુસલમાન કે ખોજા - દરેક કોમ સમજીને વાંચે એવી રસદાર સાદી ઇબારતમાં હોય છે, અને એથી દરેકને તેની નકલો પોતાના ઘરની લાયબ્રેરીમાં સાચવવાની આપણે ભલામણ કરીશું.

છેવટે મી. દેશાઇને તેમની આવી ઉપયોગી શોખની સેવા બદલ ધન્યવાદ આપતાં આપણે ઇચ્છીશું કે ગુજરાતી સાહિત્ય, જે ઘણું ગરીબ છે, તેના ઉદ્ધાર માટે તેના જે ગણ્યા ગાંઠ્યા વિદ્વાનો બાકી રહ્યા છે, તેઓ સઘળા લાંબુ અને સુખી આયુષ્ય ભોગવો. "

(પારસી સંસાર.)

" એ પુસ્તક વાંચી મારી પોતાની ખાતરી થવે અનેક કીમતી ઉતારા ટાંકી વાંચક વર્ગને મેં દેખાડી આપ્યું છે, કે એ પુસ્તક ઉત્તેજનને લાયક છે કર્તાની ઉત્કંઠા અને મી. બરજોરજી નશરવાનજી મેંગુશીની ઉદારતાથી માત્ર ૧) રૂપીઆમાં એ પુસ્તક ઘર બેઠાં મળી શકે છે, તે નજીવી કિંમતે ખરીદ કરી એક લાયક લેખકને ઘટતું ઉત્તેજન આપવાને વાંચક વર્ગ ચુકશે નહીં એવું હું ઇચ્છું છું. દિકરા વર્ગ માટે લખવામાં આવેલું આ પુસ્તક બીજા વર્ગોને પણ ઉપયોગી થઇ પડે એમ છે. હું ઇચ્છું છું કે એ પુસ્તક હરેક જરથોસ્તી ચીપીને વાંચે અને તેમાં સમાયલાં અમુલ્ય રત્નો ઉપર મનન કરે. "

(હિંદી ચાફીક—ટો. હાજી.)

બંદો અને બંદગી.

અથવા

બંદગીનું બળ અને ફળ.

રચનાર

શો૦ મ૦ દેશાઈ.

તાઓસ્ચ મે નામ ઝમયેષ, અહ્મિ અષાઉમ્ ઝરથુસ્ત્ર, યિમ્ અષેમઓઘેમ્ અનષવનેમ્ પતેન્તેમ્ વા, ઝબરેન્તેમ્ વા, ઇરિષેન્તેમ્ વા, રથોઇષેમ્નેમ્ વા, પઇતિષેન્તેમ્ અમહે, પઇતિષેન્તેમ્ થ્રિમહે, પઇતિષેન્તેમ્ બઓષઝયે હે. તાઓસ્ચ મે નામ ઝબયઓષ, અહ્મિ અષાઉમ્ ઝરથુસ્ત્ર, યત્ બસ્તો અંઘહત્ હિશ્તેમ્નો, બસ્તો અંઘૂહત્ ફ્રાઘયમ્નો, બસ્તો અંઘૂહત્ વાઘયમ્નો, ફ્રૂખ્બઓયે બાષે બુયેન્તે, વિઘ્બઓયે ગ્રાહ્રે બુયેન્તે.

(રામ યશ્ત)

(જ્યારે અશો જરથોસ્ત અદેખા શત્રુઓથી હેરાન થયા હતા ત્યારે અહુરાએ હિમ્મત આપી કે;) હે પ્યારા જરથોસ્ત! નાપાક આસ્મોગોની દુષ્ટ શક્તિઓ ત્હારા ઉપર ધસારો કરતી, કાવાદાવા ચલાવતી, ત્હારાં જીગરને જખમી કરતી, ત્હારી સામે લડાઇ ટંટાનું ગાડું ધસડી લાવતી, ત્હારી હિમ્મતની અદાવત રાખતી, ત્હારી આબાદી અને ત્હારાં સુખોનો દ્વેષ રાખતી, ત્હારી તંદુરસ્તી દેખીને બળતી, ત્હારી સામે કાવત્રાં કરતી જ્યારે આવે, ત્યારે તું મ્હારાં નામો જરૂર યાદ કરજે, અને હું તુરત ત્હારી આગળ આવી ઉભો રહીશ, જેથી તે સર્વ નાસી જશે. જ્યારે તું બંદીવાન લેખે સપડાઇ ગયો હોય, જ્યારે તું કોઇ તોહમતમાં ફસી પડયો હોય, ત્હારે માથે કાંઇ આળ આવી પડયું હોય, ગમે એવી ગીરફતારી કે ગીરોગાનીમાં તું આવી પડયો હોય, તેવા દરેક પ્રસંગે હે વ્હાલા જરથોસ્ત! તું મ્હનેજ યાદ કરજે; હું ત્હારી પડખે ત્હને બચાવી લેવાને હાજર નાજર આવી ઉભેલો જ છું!

નવસારી ઈ૦ સ૦ ૧૯૨૩ — કિંમત રૂ. ૨-૦-૦

આ પુસ્તક સુરત બરાનપુરી ભાગળ પર આવેલા શ્રી 'અનાવિલ' પ્રિન્ટીંગ પ્રેસમાં ગોવીંદજી ડાહ્યાભાઇ નાયકે નવસારીવાળા મી. શોરાબજી મનચેરજી દેશાઇને માટે છાપી કર્તાએ નવસારીમાં પ્રગટ કર્યું છે.

કલમપોષી.

મ્હારા ઇષ્ટ મિત્ર બાઇશ્રી **દીનશાહ મહેરવાન** ઇરાનીના ઉત્તેજનથી ઇ. સ. ૧૯૦૨ માં સેવકે, "બંદગી અને માથ્રવાણીની મોતેબરી" નામનું પુસ્તક રચ્યું હતું, અને તેની ૨૦૦૦ પ્રતો જરથોસ્તીઓમાં મુફત વહેંચવામાં આવ્યા છતાં તેની માંગણી આજ ૨૧ વર્ષ થયાં તોયે હજી ચાલુ ને ચાલુજ રહેવાથી, મ્હારા એજ બાઇએ તેવુંજ બીજું પુસ્તક તૈયાર કરવા માટે મ્હને આર્થિક ઉત્તેજન આપ્યાથી આ પુસ્તક મ્હેં રચ્યું છે, જે માટે મ્હારી કલમપોષીના આ પોષિંદા બંધુનો હું જેટલો આભાર માનું એટલો થોડો છે. આ પુસ્તક અડધી કિંમતે વેચવાનું કારણ પણ એમનીજ શિફારસનું, એમણેજ તેનો બહોળો ફેલાવો કરવાનું મન ઉપર લીધું તેનું, અને એમનીજ મદદનું છે.

વળી આ પુસ્તકને બીજી જોઇતી મદદ આપવા માટે મુંબઇની સેંટ્રલ બેંકને ખિલાવી જગ પ્રસિદ્ધ કરવા માટે સુપ્રસિદ્ધ થએલા મ્હારા શુભેચ્છક બંધુ **શેઠ શોરાબજી નવરોજજી પોહોંચખાનાવાળાનો** હું અંતઃકરણથી ઉપકાર માનું છું.

મ્હારા બાઇશ્રી **રૂશતમજી બેજનજી રાનજી** મ્હારાં દરેક પુસ્તકના ફેલાવા માટે બિન સ્વાર્થે મહેનત જેહમત ખેડે છે, તેઓનો આભાર માનવાનું પણ હું ભૂલીશ.નહીં.

રૂા. ૨) ની કિંમતનું પુસ્તક રૂ. ૧) માં આપવા ઠરાવ્યાથી જો આ પુસ્તકની ૧૦૦૦ પ્રત ખપી જશે તો બીજી આવૃત્તિ છપાવવાની પણ હું આથી વાંચનારાઓને કબુલાત આપું છું. આ પુસ્તકમાં મ્હારાથી કે છાપાખાનાવાળાથી જે ભૂલો થએલી જણાય તેને દરગુજરની નજરથી જોવાને હું વિનંતિ કરૂં છું.

કર્તા.

અર્પણ કોને આ ફુલોનો હાર ?

ગુલેસ્તાનમાં માળી આવીને સુંદર ખીલેલાં ફુલનો હાર ગુંથતો હતો તેને ફુલો પૂછે છે:—

ગુલાબ:—હે માળી ! મ્હને તોડીને તું આ હાર કોને સારૂ ગુંથે છે ?

માળી:—જે એક ઇગિની બાગબાન, ધંધો એજ દોલત છે એમ સમજે છે, જે મહેનતુ દુકાનદારના ઘરમાં દુકાળ કદી પડતો નથી, જે એક નિર્ધન રાજા ઉદારતાને લીધે સર્વદા આનંદમાં રહે છે તેને માટે.

ગુલછરી:—હે માળી ! મ્હારી કુમળી કળીઓ તું એવા તે કોને માટે તોડે છે ?

માળી:—જે એક **દીન**નો નિર્દોષ શાહ છે, જેને શેતાન ફરેબમાં લઇ શકતો નથી, એવા મુબારક દિવસનો, હાય સોસારા કીધા વગર જે ખુશાલ દિલ ધરાવે છે, તે નરે જમાનને માટે.

ચમ્પેલા:—હે માળી ! મ્હારી કાચી કળિયો તું કોને થકી ચુંટે છે ?

માળી:—દુ:ખી અમેરિકનોની વ્હારે ધાવામાં બ્રધર જોનાથન જેમ કુદી પડતો હતો, અનાથ જર્મનોને આશ્રય આપવામાં કઝીન મિશાયલ જેમ સર્વસ્વ અર્પણ કરતો હતો, સંકટમાં સપડાયલા અંગ્રેજોને હાથ આપવામાં જેમ જોન બુલ તત્પર રહેતો હતો, લાચાર ફ્રેન્ચ ભાઇબંધોને સહાય થવાનું જેમ જીન ક્રેપોડ શોધનો કરતો હતો, ગમગીન રશિયન બંધુઓને આનંદી સ્વભાવના કરવા સારૂ જેમ ઇવેનોવિચ પોતાની શક્તિ ખરચી દેતો હતો, તેમ ગરીબ પારસીઓને ઉગારવાને જે પુરૂષ ખરચી ખાય છે તેને માટે.

મોગરો:—હે માળી ! આજે તું એવા કિયા મોટા પુરૂષ માટે મ્હારા ખીલતા અંકુરોની ચુંથાચુંથ કરે છે ?

માળી:—જેમ જોન હાવર્ડે પરમાર્થને કારણે આખાં યુરોપની જેલો અને હોસ્પિટલો આખી જીંદગીભર ઢુંઢી મારી દુ:ખી દર્દીઓને રાહત આપી હતી, તેવા એક ઘરાની બચ્ચાએ પોતાની પુંજીને કાટ ચઢવા ન દેતાં, અને દુ:ખીઓને ધૈર્યના શબ્દો કહી પોતાની જીબ્હાને સુંવાળી રાખી દાન ધર્મમાં દોલત ગુમાવી દીધી છે તેને માટે

ચમ્પો:—હે માળી ! તું વ્હેલો વ્હેલો મ્હારા ફુટતા ફણગાઓને આજે કોને સારૂ તોડે છે ?

માળી:—જેણે વગર કંજુશાઇએ પોતાની લાયકીનાં બીજ વાવ્યાં, જેનો ભરભરાટ પાક ઉગી નિકળ્યો છે એવા પારસી પિંજડી, જેણે સખી ઉદાર દિલ રાખી ધનનો ખાલી પવન પોતાના જીગરમાં ભરી રાખ્યો નથી એવા હાતમદિલ, કર્ણ જેવા દાનેશ્વરી, બળિ જેવા દાતારને માટે.

સેવતી:—હે માળી ! મ્હારા ફુટતા પીલાઓને તું આજ કોને માટે ચુંથે છે ?

માળીઃ—સર્વ દાનમાં વિદ્યાદાનને જેણે મોટું માન્યું છે, સર્વ ધર્મમાં સ્વધર્મને માટે જેણે પ્રાણાર્પણ કર્યું છે, આંખ મિચાયે એટલો વાર પણ જે ખુદાતાલાને ભૂલ્યો નથી, અને જેણે બંદગી ભક્તિને પોતાનીજ પ્રિયા કરી રાખી છે, માર્ટિન લ્યુથરની પેઠે માથે ઉઠાવેલાં કામો પાર પાડવામાં ગભરાટ કે કંટાળા વગર ખુશ મિજાજથી જેણે મનસ્ની, ગવસ્ની, અને કુનશ્નીનો ઇજારો એક હાથ કરી રાખ્યો છે તેને માટે.

નરગેશઃ—હે માળી! વી'શો શંકળો પડીને તું મ્હારી કુમળી કળિયોને શા સારૂ છેદીને છેડે છે?

માળીઃ—ગિડિયન લી બાળપણામાં કેળવણી મેળવી વિદ્યા જ્ઞાન પ્રાપ્ત કરવામાં પછાત રહેવા છતાં, જવાનામાં તેનો ખંગ વાળી આપવાને આકાશ અને પૃથ્વી જેમ તેણે એક કરી નાખી હતી, તેમ ક્ષણે ક્ષણે વિદ્યાનો અને કણે કણે ધનનો સંગ્રહ કરીને પોતાના જાત-ભાઇઓનાં કલ્યાણ માટે, દીનો ઇમાન માટે, ધાર્મિક કેળવણીના ફેલાવા માટે, ધાર્મિક પુસ્તકોના પ્રચાર માટે, જે ઘણી પૈસે ટકે ખાલી ખુવાર થયો છે તેને માટે.

સોસન લીલીઃ—હે માળી મ્હારા લીલા તાજા છોડને આજે તું કોને માટે બગાડે છે?

માળીઃ— જે જોન જેકબ એસ્ટરે ૩૮ વર્ષ વેર બસ પૈસો–પૈસો–ને પૈસોજ મેળવવામાં જીંદગીનું ખરૂં સુખ દીઠુંજ નહી, જે એસ્ટર સોનાના મહેલનો માલિક થયો, પણ ચાલ ચલકત તો જેની માટીની હતી," તેના વિરોધી બનીને જે ઇરાનીએ "માટીના મહેલનો માલિક રહી, ચાલ ચલગત તો સોનાની રાખી છે" તેને માટે.

જાઇ ફુલઃ—હે માળી! મ્હારાં ઉગતાં ખીલતાં પુષ્પોને તું આજે કોને માટે લઇ જાય છે?

માળીઃ—કારૂન જેવા કૃપણનો જે શત્રુ છે, જેણે દામ તથા દેરમથી ખેરાતમાં ને ખેરાતમાં દૌલતનો ખ્યાલ ખોઇ દીધો છે, સેંટ વોલ્સ્ટનની પેઠેમ પોતાની પાસે પાઇ પૈસો જે કાંઇ આવે તે ખેરાત કરી દેવાની વીરમાં જે પડયો છે, અને પોતાનું કે પોતાનાં બચ્ચાંનું પેઠ ભરવા માટે જ્યારે પૈસા જોઇએ ત્યારે મજુરી કરવાને જે દોડે છે તેજ વીરલા માટે.

કરેણુ–કેવરા–ગલગોટા–ગુલબામ–ગુલલાલા–નાગચાંપું–નરગેરા–સાગરગોટી–સૂરજ-મૂખી–શમ તુલસી–અને રાણી ગુલાબ વિગેરે બાગમાંનાં સર્વ પુષ્પો સામટાં પોકારવા લાગ્યાંઃ—"હે માળી! અમો સર્વને તે સખાવતના શાહનું નામ હવે ઝટ કહી દે, કે આવો સુંદર હાર તું કોના ગળામાં પરોવવા જાય છે?"

માળીઃ—સંઘરી રાખેલું ધન પત્થરા જેવું જે સમજે છે, જે શ્રીમંત કહેવડાવવા કરતાં ફકીર કહેવડાવવાને તત્પર છે, જે સ્વધર્મના રક્ષણ સારૂ, પોતાના ખુદા અને પેગમ્બર ઉપર જાન પ્રાણ કુરબાન કરવાને દહાડો ને રાત જે ખડો હમેશાજ છે

એવા મ્હારા મિત્ર

ભાઇ દીનશાહ મહેરવાન ઇરાનીને

આ ગજરો હું અર્પણ કરૂં છું.

મુખબંધ.

"Celestial love may be compared to a tree with beautiful branches, leaves, and fruits. The life's love is that tree; the branches, with the leaves, are the affections of goodness and truth, with their perceptions; and the fruits are the delights of the affections, with their thoughts."

Swedenborg.

શું પરમેશ્વરને પૈસો જોઇએ છે? ના; તેને ત્યાં અખલગ ખજાનો પડેલો છે. તે તો સર્વને આપનારો છે તો લેનારો કેમ હોય? શું ઇશ્વરને કીર્તિ કે માન જોઇએ છે? ના; કીર્તિ કે માનનો તે માલેક ભૂખ્યો નથી. જેણે સૃષ્ટિ રચના રચી, તેને કીર્તિ માન સૌ આપોઆપ સંપાદન થએલુંજ છે. શું ત્યારે તેને સ્તુતિ, ભક્તિ, બંદગી, ભજન કે નિમાજની કિંવા પ્રેઅર કે પ્રાર્થનાની જરૂર છે? ના; ના; તેને તમારી તારીફની, સ્તુતિની, કે વખાણુનીએ જરૂર નથી. તમે ભકિત કરો છો તે તો **તમને પોતાને લાયક બનાવવા સારૂજ** કરો છો. બંદગી તો તમારાં પાપો અને ગુન્હાઓના પસ્તાવા કે તોજેશ માટે કરો છો. ભજન ભકિત કરીને તો વિશ્વ રચનામાં તે સાહેબે જે કમાલ કરી છે, તેના અદ્દભુત ચમત્કારોથી તમે તમારી તાજુબી બતાવો છો. ખુદાને તમારી પોકળ બંદગીની, ખોટી સ્તુતિની, દિલ વગરની ભકિતની, પાપી અંતઃકરણની પ્રાર્થનાની, કે વગર ચિત્તની નિમાજની કશીએ જરૂર નથી. ત્યારે પરમેશ્વર શાથી પ્રસન્ન રહે છે? એનો ઉત્તર એટલોજ છે કે; "**પરમાત્મા માત્ર પ્રેમનો ભુખ્યો છે.**" મહાત્મા સ્વીડનબોર્ગે ઇશ્વરિ પ્રેમ વિષે ઘણા ઘણા વિચારો દર્શાવ્યા છે, તેમાંનો અમુલ્ય અર્ક તેણે ઉપર જણાવેલા ફકરામાં ભરી મેલ્યો છે. પ્રેમ એજ પરમેશ્વર છે, અને પરમેશ્વર એ પ્રેમનીજ મૂર્તિ છે. Love is Heaven and Heaven is love. તે ઇશ્વરિ પ્રેમના અધિકારી થવાને પ્રથમ તો તમારૂં વિચારવું, વદવું, કાર્ય કરવું, તમારી માલ મીલકત, બચ્ચાં છોકરાં, ઘરબાર, દોલત, સર્વસ્વ તમે તે પરવરદેગારનેજ અર્પણ કરતાં શિખો. તમારાં સુખ, દુઃખ, સેવા, ક્રિયા, સૌ સૌ તેને અર્પણ કરી દેવાનો નિસ્વાર્થ તમે શીખો. છેવટે તમારો આ દેહ અને તમારો પ્રાણ પણ "**ત્હારાં દર્શન અને ત્હારી સેવામા હાજર છે!**" એવું કહેવા જેટલું સ્વચ્છ, ખરાં દિલનું તમારૂં ચારિત્ર બનાવો. ત્યાર પછી તમે દિવ્ય દ્રષ્ટિ મેળવશો અને અખંડ શાન્તિના અધિકારી થશો; એટલે પછી "**પ્રેમ સમાયો પરમેશમાં**" એ સિદ્ધાંતનું તમને આપોઆપ જ્ઞાન થશે. એ જ્ઞાન થયા પછી તમે ઇશ્વરના પ્રેમથી દૂર નથી, ને તમારા પ્રેમથી તે માલિક પણ દૂર નથી. દિવ્ય શાન્તિ અને દિવ્ય આનંદના દેવ દૂતો તો તમારી આગળજ ખડા રહેતા જણાશે. તે દેવદૂતોને તમે જોઇ, સાંભળી કે સ્પર્શ કરી ન શકો, તેમની સાથે તમે રહી પણ નહીં શકો, તો યાદ રાખજો, કે હજી તમારો સાચો સબળ પ્રભુ–પ્રેમ કાચો હોવાથી દેવના દેવદૂતો માટે તમે પોતેજ તમારાં ઘરનાં બારણાં એવી રીતે બંધ કરો છો, કે તે દેવદૂતોથી તમારી આગળ આવીજ શકાતું નથી. તમે ગમે એવી ભકિત કરો, ગમે એવી પ્રાર્થના કરો, પરંતુ જ્યાં સૂધી તમારામાં દુષ્ટ તત્વોની માબલત ભરેલી છે ત્યાં સૂધી તમે ઇશ્વર ઉપરનો પ્રેમ ખંડિત કરો છો. કવિ દયારામભાઇનો કોલ છે કે;

રામ નામ ક્રમ ધામ દ્રૂમ, ક્ષેમ પ્રેમ સિમ સ્યામ;
સોમ ધામ તમ ગ્રામ શ્રમ, હોમ કામ ભ્રમ દામ.

ખુદાનું કામ એજ ધર્મનું ધામ છે. પ્રભુ તો પ્રેમ અને કલ્યાણના કલ્પવૃક્ષ જેવાજ છે. તુચ્છ ભ્રમણાના અંધકારના ધામને ચંદ્રના જેવા પ્રકાશથી પ્રકાશિત કરનારા છે. માટે રે જીવડા! કામ એટલે હવસ કે વિષય વાસના અને દામ એટલે પૈસા ટકા, એ બે વિષે તને જે ભ્રમ થયો છે તેને બાળી નાખ, અને પરમેશ્વર ઉપર પ્રેમ બાંધીને ત્હારો જન્મ સફળ કર! તુ જેવો થવાની ઇચ્છા કરે છે, ચાહે છે, તેવોજ તુ છે ને તેવોજ તું બની શકે છે; તે કયારે? તું ત્હારી જાતને, તું તને પોતાને શુદ્ધ બનાવવાનો પ્રયાસ કરે ત્યારેજ. પ્રભુ ઉપર તું શુદ્ધ પ્રેમ રાખતાં શિખીશ ત્યારેજ શાંતિના માર્ગે તું દાખલ થઇશ. જો તું ત્હારી જાતને શુદ્ધ બનાવી નહીં શકે તો ઇશ્વર માશુક ત્હારી સુંદરતા કબુલ રાખશેજ નહીં, અને તું દુઃખો અને વિપત્તિમાંજ ઝુર્યા કરીશ. આ બાકી જગતૂમાં પણ તમે હાડ માંસની બનેલી પુતળી ઉપર અખંડ પ્રેમ રાખતાં શિખો તો તમારી સબળ ઇચ્છા ગમે ત્યાંથી ગમે તેમ કરીને પણ તમારા સમક્ષ તે પુતળીને પાતાળમાંથી પણ ખડી કરી શકશે, તો પછી અંતરાત્માનું તો પૂછવુંજ શું?

રાજા એડલબાઇટને પેટે આર્જેન્ટાઇન નામે પુત્રી હતી. રાજા મરવા પડયો ત્યારે છોડીનો હાથ આદેલના હાથમાં આપી મૃત્યુ પામ્યો. આદેલ રાજાની ધાનત બગડવાથી તેણીની તમામ માલ મીલકત પચાવી બેસવાના હેતુથી આર્જેન્ટાઇનને એક અંધારા ગારમાં પૂરી રાખી. ડેનસ્ક રાજાના દીકરા કયુરેનનો પ્રેમ આર્જેન્ટાઇનમાં દ્રઢ ચોંટયો હતો. આથી કરીને આદેલ રાજાના બાવરચીખાનામાં બાવરચીના વેષે તે નોકરી રહ્યો. જુઓ; કુદ્રત શું કરે છે! આદેલના મનમાં પણ દુષ્ટ વિચાર આવ્યો કે, એજ બાવરચી સાથે આર્જેન્ટાઇનને પરણાવી દઉં તો પીડા પતે. પરણવા પહેલાં આર્જેન્ટાઇન કેદખાનેથી નાસી જવા પામી. નિરાશ ન થતાં પેલા પ્રેમી આશકે બાવરચીની નોકરી છોડીને ભરવાડનો ધંધો માંડયો: કે તે સ્થિતિમાં પણ પોતાની પ્યારી કેમ પ્રાપ્ત થાય છે તેની કસોટી કરૂં! હવે તેનો પ્રેમ પોતાની પડોશમાં રહેતી એક ભરવાડણ ઉપર સજ્જડ થયો; કાંકે તે છોડીની મુદ્રા આબાદ પોતાની માશુકના જેવીજ આબેહુબ જણાઇ. અંતે આ બંને ગામડયાં પરણ્યાં, પણ બંને અજાણ છે. હવે પહેલીજ રાતે બંનેજણા જેવાં સુતાં, એટલે જોરૂ બોલી:—"હાય! કયાંની આર્જેન્ટાઇન કયાં આવી પડી!" ત્યારે ધણી બોલ્યો:–"જે કયુરેનના જે દિલમાં સદાની વસેલી હતી તેજ દિલમાં તું આવી પડી છે!" પ્રેમ ચમત્કારિક છે. પ્રેમ છૂટો પડતોજ નથી. શ્રી કૃષ્ણને એક ગોપીએ મેહણું માર્યું હતું કે. "હે લાલ! તમે બધેથી નાસી જાવ છો, પરંતુ મ્હારી આગળથી તો તમારાથી નાસી જવાશેજ નહીં; કેમકે મ્હારા હૃદય સમીપ આપને તો બાંધીજ રાખેલા છે, તો ત્યાંથી તમે કેમ નાશી જશો?"

"પ્રિતમ પતિયાં તબ લિખું, જબ તુમ હો બીદેશ;
હરાં કે પરતવ દેહદ મેહેરો માહરા ઓ યમ!"

હે પ્રિતમ! પત્ર તો ત્યારેજ લખું કેની, કે જ્યારે તમે પરદેશમાં વસતા હો! મગર તમે તો મ્હારા તનમાં, મનમાં, ને નયનમાં વાસોજ કરી રહ્યા છો, તો પછી મ્હારા પ્રેમનો સંદેશો હું મોકલુંજ કયાં? દશતુરોએ એક દિવસે બાદશાહ સિકંદરને પૂછ્યું કે; "તું ત્હારા બાપ કરતાં પણ ત્હારા ફિરસ્તાહનો દરજ્જો શા માટે મોટો ગણે છે, અને શા સારૂ પિતાજી કરતાં ગુરૂજીને

વિશેષ માન આપે છે ? " ત્યારે બાદશાહે ઉત્તર દીધો: " બાપ જે છે તે તો નાશ પામનારી જીંદગીનું મૂળ છે. તેણે તો આ અસાર સંસારનો પ્રેમ શિખાડયો; પરંતુ મ્હારા ઉસ્તાદ તો જાવેદાન સૂધીના જીવનનું મૂળ છે, જેણે મ્હને અલ્લાતાલા વિષેનો પ્રેમ શિખાડયો. બાપ તો મ્હને માત્ર આસમાન ઉપરથી જમીન ઉપર **નીચે** લાવ્યો, અને મ્હારો ગુરૂ અરસ્તુ (એરીસ્ટોટલ) તો મ્હને પાક પરવરદેગારના પ્રેમમાં જમીન ઉપરથી છેક ઉંચે આકાશ ઉપર લઇ ગયો, ને મ્હને સ્વર્ગનો માર્ગ બતાવ્યો ! " અર્થાત, જે જે બલિહારી છે તે તે પ્રેમનીજ છે. જડ વસ્તુ પણ એક બીજાના પ્રેમથી જોડાયલી છે. પ્રેમ જો ના હોય તો આ સૃષ્ટિજ ઉભી ના રહે. પ્રેમ એજ આકર્ષણ છે. આકાશ, વગર થાંભલાએ ઉભું છે, તે પ્રેમથીજ. મા-બાપ પોતાનાં જણેલાં અજાણ બાળકોની સેવા ચાકરી કરે છે તે પણ ગુપ્ત પ્રેમથીજ તેઓ આકર્ષાયાં છે. આ ભવ્ય દેખાતા સંસારમાં આપણી જવાનીના વખતે સર્વથી ઉચ્ચ પ્રેમ સ્ત્રી ઉપર વિશેષ આકર્ષાય છે, પરંતુ છેવટે તો " પ્રેમ સમાયો પરમેશમાં ! " એમ જણાયા શિવાય રહેતુંજ નથી.

હરિન હરિન ચરન આકા, ચિત્ત ચરન આગાર;

વાકો ફલ સંસાર હે, વાકો ફલ સંસાર ! (દયો)

હરણના પગના જેવા આકારની સ્ત્રીની જે ગુહ્યેંદ્રિ તેમાંજ સૌનું ચિત્ત સદા લાગી રહેલું છે, પરંતુ હરિનાં ચરણ રૂપી જે દર છે તેમાં લોકોનું ચિત્ત ચોંટતુંજ નથી. હે ભાઇઓ ! ગમે એવું બળ વાપરીને હરિનાં ચરણ રૂપ દરમાંજ તમારૂં ચિત્ત રાખો, નહીં તો પહેલી વાતમાંજ તમે જેટલા ચકચુર ને ચકભમ રહેશો, તેટલા બધા જન્મ મરણના ફેરામાં આવન જાવન કરી કરીને સંસારથી દુઃખી દુઃખી થઇ થઇને વારંવાર દુઃખી ને દુઃખીજ રહેશો. બીજી વાત જે કહી તેમાં જો મચ્યા મંડયા રહેશો તો તેટલાંજ સુખ અને શાંતિમાં તમે સદાકાળ સૂધી રહી શકશો; એ અનુભવનીજ વાત તમને કહી છે. સ્ત્રી તો પ્યારની વાવ છે. આ ભવસાગરની પાળ છે. એ પાળ ઉપર ઉભા રહીને પુરૂષ રૂપી મચ્છો તેણીની નાખેલી જાળમાં પ્રેમથી બંધાઇને જીવતાં જીવત સપડાઇ જાય છે. સ્ત્રીના આકર્ષણમાં તણાયા જઇને તેની મોહમાયાની મોહિનીમાં મોહિત થઇ એવા તો જીકડાઇ જાય છે, કે તેમાંથી કેમે કરતાં પણ છુટાતું નથી. કબીરજીનું આ વચન છે કે;

નારી મદન તલાવડી, ભવસાગરકી પાલ;

નર મચ્છાકે કારણે, જીવત હે માંડી જાલ.

પ્રેમ બે ઠેકાણે સજ્જડ હોય. સ્ત્રીનો કે પરમેશનો. એક પ્રેમ નર્કના ખાડામાં ને બીજો પ્રેમ સ્વર્ગના વાડામાં પુરૂષને ઘસડી લઇ જાય છે. એ બન્ને પ્રેમ વિષે જાત માહિતીનો ખરો અનુભવ કોઇથી પણ બીજાને કહી શકાતોજ નથી. કડવું મન કરીને, પહાડ તૂટી પડે એવાં દુઃખે દુઃખે બેજાર થવાથી, કાછડી છુટા ઘણા વીરલાઓ સ્ત્રીના ઉંડા ખડડામાંથી એકદમ બહાર પડીને જ્યારે પોતાનો પ્રેમ પેલી મહા માશુક જોડે જોડે છે, ત્યારેજ પ્રેમ શું છે તેનું તેમને ભાન થાય છે. દુઃખ જેવા મહાન શિક્ષા ગુરૂની ખરી બલિહારી એજ છે, કે ખરડાયલા ગલીચ ખડડામાંથી મનુષ્યને તે બહાર કાઢીને પરમેશ્વર પ્યારા ઉપરનો પ્રેમ સજ્જડ કરાવે છે.

" દુઃખ કે સુખ સ્નેહમેં, બિદુન દેહ જુબાપ;

જો દુઃખ તો સબ કરત કયોં, કયોં સુખ તો પરિતાપ ? "

હે પંડિતજી! હું તમને પૂછું છું તેનો જવાબ આપો, કે પ્રેમમાં સુખ છે કે દુઃખ? જો દુઃખ કહેશો તો સર્વ કોઇ પ્રેમ કાં કરે છે? પ્રેમમાં જો સુખ છે એમ કહો, તો તે પ્રેમ કરનારને પરિતાપ કાં થાય છે? અર્થાત, પ્રેમમાં શું રહ્યું છે તે કાંઇએ કહી શકાતુંજ નથી. એમાં તો સુખ ને દુઃખ બંને છે. ત્યારે પંડિતજી કહે છે કે;

" બિખઈ બિખ ભચ્છન કરત, બહુત બીગારત મુખ;
પેં મન હેં રૂચ ત્યોં સમુઝિ, રતિ દુઃખમેં હુ સુખ.
રતિ દુઃખમેં સુખ સમુઝ મન, પેં કહી શકે ન બાક;
કટુતાઇમેં મિષ્ટતા, જૈસિ કરેલાં સાક. "

અફીણીઓ કે દારૂડિયો અફિણ ખાતાં કે દારૂ પીતાં તો પોતાનું મોઢું ઘણું બગાડીને કડવું ઝેર જેવું કરે છે, ને ઉંકાંટા ખાય છે, પણ મનમાં તો ઉલાલા ગમે છે. તેમજ પ્રેમના દુઃખમાં પણ સુખ સમાયું છે એમ સમજી લેવું. રતિ જે પ્રીતિ તેની જે પીડા, તે પીડામાંજ સુખ છે. તેની સમજણ એકલાં મનનેજ પડે છે, પણ વાણીથી તે કોઇને કહી શકાતીજ નથી. જેમ કારેલાંના શાકની કડવાસમાં જે મિઠાસ છે, તેના સ્વાદનું વર્ણન કોઇને સમજાવી શકાતું નથી, તેમ સ્ત્રી ઉપરના પ્રેમ કે પરવરદેગાર ઉપરના પ્રેમના સ્વાદની લેઝત બીજાંને સમજાવી શકાતીજ નથી. દરેક મનુષ્યને પોતાનો એક ખાસ ચડસ કે છંદ છે તેજ પ્રેમ છે. કોઇને કીર્તિનો પ્રેમ, કોઇને દેશનો પ્રેમ, કોઇને છોકરાં બચ્ચાંનો પ્રેમ, કોઇને વતનનો પ્રેમ, કોઇને જુગારનો પ્રેમ, કોઇને સ્ત્રીનો પ્રેમ, આ પ્રેમ મારેજ તે જીવે છે. તે પ્રેમ તેની પાસેથી લઇ લો તો તેની તમે જગતજ છિનવી લો છો. પ્રાણ કરતાં વ્હાલો પ્રેમ છે. એ બધા પ્રેમ નાશવંત છે. અલ્સટર પ્રગણાના લોકોમાંથી આયર્લંડના કિનારાને પહેલ વહેલો હાથ કોણ અડકાવશે, એ વાતનો પ્રશ્ન નિકળતાં, જે વહાણ પહેલ વહેલું ઉપડયું તે ઉપરના માણસોમાં વતન ઉપરના પ્રેમની પરિક્ષા ચાલી. ઓ નેઈલ નામનો સાહસિક નર બોલ્યોઃ—" મ્હારા જેવડો એ ભૂમિ વિષેનો સબળ પ્રેમ કોઇનો પણ ના હોય. મ્હારોજ હાથ એ મ્હારી પ્યારી ભૂમિને પહેલો લગાડું તોજ ખરો!" તેના આ પ્રેમની કસોટી કરવા સારૂ જેવો આયર્લંડનો કિનારો નજીક આવ્યો, કે ઘણા દાવેદારો વહાણના આગલા ભાગ તરફ ધસી ગયા, ને ઓ નેઈલ તો છેક પાછળ પડી ગયો. પોતાના પ્રેમની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા સારૂ આ પ્રેમી પુરૂષે એકદમ **પોતાનો એક હાથ કાપી નાંખી બીજે હાથે પેલો કાપેલો હાથ કિનારા ઉપર ફેંકી દીધો**! આજે પણ અલ્સટર પ્રગણાના લોકો આવા અખંડ પ્રેમના ચિન્હ તરીકે "ઉઘાડો રાતો હાથ" પોતાની નિશાન લેખે વાપરે છે. પ્રેમનું ખરૂં રહસ્ય આ છે. આ પ્રેમ જો પરમેશ્વર ઉપર ચિટકી બેસે છે તો માણસ પોતાના પ્રાણની પણ તમા કે તથા રાખતો નથી. પરંતુ ભવિષ્યમાં થનારૂં ભવ્ય કે અભવ્ય જેને જેવું હોય. તેને તેવું પ્રથમથીજ નિમિત્ત સૂચન થાય છે. હદ બહાર સ્ત્રી ઉપર પ્રેમ રાખનારા યુવકો અંતે ને આખરે પરમેશ્વર પ્રેમી થઇ ગયાના પણ સેંકડો દાખલા છે. પરંતુ કબીરજી કહે છે તેમ એવા વીરલા બહુ થોડાજ હોય છે.

" હાટ હાટ હિરા નહીં, કંચનકા નહીં પહાર;
સિંહનકા ટોલા નહીં, સંત બિરલા સંસાર."

બજારે બજાર કાંઇ હીરાના ઢગલા વેચાતા નથી. અને સોનાના કાંઇ પહાડો હોતા નથી. વળી જેમ બીજાં જનાવરો ટોળે ટોળાં થઇને ફરે છે, તેમ સિંહનાં કાંઇ ટોળે ટોળાં હોતાં નથી. તેમજ ઇશ્વરના પ્રેમમાં ચકચૂર થએલા, કે પ્રભુ ઉપરજ મરી રહેલા કાંઇ આ સંસારમાં ઉભાઇ જતા નથી. પશ્ચિમ દેશોમાં એક કેહતી ચાલે છે કે; "સાઇની એક ને ઝુંડ અનેક." મેરેથોનની મહાન લડાઇ પૂરી થવા પછી ઇરાની લોકોને વહાણો ભરીને નાસી જતાં જોઇને એથીઓસના કવિ સાઇની ગીરોસને એવું તો ઝનુન છુટયું, કે હંકારી જતાં વહાણોને અટકાવવા સારૂ દરિયામાં નંખાવી દઇને નાસી જતાં એક વહાણને પોતાના જમણા હાથે પકડયું. ઇરાંની સરદારે તે હાથ તુર્તજ કાપી નાખ્યો, એટલે સાઇની ગીરોસે ડાબા હાથે વહાણને પાછું પકડયું! સરદારે ડાબો હાથ પણ છાંટી નાખ્યો; ત્યારે પેલા બહાદુર નરે પોતાના દાંતો વડે પેલાં વહાણને પકડયું. એટલે સરદારે છેવટે તેનું ડોકું ઉડાવી દીધું. પ્રેમની આ વ્યાખ્યા છે. પ્રેમનો અભ્યાસ તો પરમેશ્વરનો પાડવો એજ સલામત પ્રેમ છે. જેમ શેળડીનું બીજ ગયું હોય છે ત્યારે કાસને વાવીને સીંચે છે, અને એમ ફરી ફરીને વાવતાં સીંચતાં બારમે વરસે પેલો કાસ તો રસ વગરનો થઇ જાય છે, તો પણ તેની મિઠી શેરડી જેમ ઉત્પન્ન થાય છે. તેમ જે કોઇ રસ વગરનો પદાર્થ લાગતો હોય તે પણ પ્રેમના અભ્યાસથી રસવાળો થઇ જાય છે. માટે હે ભાઇઓ! જવાનીમાં તમે ગમે એવા કાછડી છુટા હો તોપણ એકવાર પ્રભુના પ્રેમમાં મસ્ત થવાનો અભ્યાસ પાડો, પછી તમને જરૂર જણાશે કે, "પ્રેમ સમાયો પરમેશમાં!"

"જહાંમેં બસ લુત્ફે જીંદગાની, હર એકકો આલમ શબાબકા હય;
જવાનીમેં હોતી હય વ્હો મસ્તી, કે જૈસા નિશા શરાબકા હય.—જહાંમેં.
જહાં હુવા હુસ્ન જુલ્મગર હય, તો ઇશ્કને આકે દીઈ ખબર હય;
નહી રહે શાયાને હર નજર હય, કે જુલ્મવા સાહેબ નકાબકા હય.—જહાંમેં.
હમેશાં હોતી અગર જવાની, તો ચાહતે અએસે જાવેદાંની;
મગર જઇરી હય આખીર આની, કરીબ વકત ઇનકેલાબકા હય.—જહાંમેં.

બંદો અને બંદગી.

સબક ૧ લો.

" હું નહીં માનતો !"

" No creature can be a satisfactory and permanent substitute for God; but God can be more than a satisfactory and permanent substitute for every creature. "

Dr. Davies.

વિરાફ અને **નસર** બે ભાઇઓ હતા. વિરાફ એક ખુદાની હસ્તી માનનારો અને યકીનદારીથી તે કીરતારની બંદગી કરનારો ભક્ત હતો. જ્યારે **નસર** કુદ્રતને જોકે માનતો પરંતુ ખુદા જેવી કોઇ ખાસ હસ્તીને માનતો ન હોવાથી ખુદાની બંદગીને નકામી સમજતો. એક પ્રસંગે વિરાફે વાત છેડી. ભાઈ! જેવી જેની શ્રદ્ધા તેવુંજ તેને દેખાય સાંભળ ભાઇ. પરમેશ્વરનો એક ચુસ્ત ભક્ત હતો, તે **રામ સીતા–લક્ષ્મણ** અને **હનુમાનની** મૂર્તિઓ સોનાની બનાવીને, દરરોજ તે સઘળી મૂર્તિઓને સામે રાખીને હર હમેશ ભજન કીર્તન કરતો હતો. **રામનું** નામ લેતાંજ હર્ષના આનંદથી ઉછળતો. **સીતા** શબ્દ ઉચ્ચારતાં તેની આંખોમાં આંસુઓ ભરાઈ આવતાં, જેથી પોતાનો સઘળો ભક્તિભાવ તેમના પ્રત્યે ખાલી કરી દેતો. જમાનાનો કાળચંદ્ર બેઠાથી તે બાપડો એકવાર એટલો તો નિર્ધન ને નિરાધાર થઈ ગયો, કે અન્નને અને દાંતને પણ વેર પડવા લાગ્યું. કેટલાક દહાડા તો ભુખે કાઢયા. ભૂખે ભૂખે તે એટલો તો નબળો પડી ગયો, કે છેવટે તો **સીતા** ને **રામ** શબ્દો પણ મહા મહેનતે તે ઉચ્ચારી શકતો. અંતે એક ચોકસીની દુકાને જઇ ચારેવ મૂર્તિઓ તોલાવી ને સોનાની કિમ્મત માગી. ચોકસી કહે; " **રામની** મૂર્તિના ૧૦૦ રૂપૈયા, **સીતાની** મૂર્તિના ૨૦૦, અને **લક્ષ્મણની** મૂર્તિના ૩૦૦ રૂપિયા મળશે; પરંતુ **હનુમાનની** મૂર્તિના તો તમને ૧૦૦૦ રૂપિયા આપીશ." આ કિંમત સાંભળી પેલો ભક્ત તાજુબ થઇને બોલવા લાગ્યોઃ–" હે ચોકસી ! આ તું શું બકે છે ? **હનુમાન** મોટો કે **રામચંદ્રજી** મોટા ? હનુમાન તો **રામજીનો** દાસ, **રામચંદ્રજીનો** સેવક, અને માલિક તો **રામચંદ્રજી** છે, તે છતાં તું દાસના દસગણા રૂપિયા આપવા કહે

છે, અને જે માલિક પોતે શ્રી રામ તેની કિંમત ઘટાડી નાંખીને તું છેક સોજ રૂપરડી આપવા કહે છે, તો તું કાંઇ ગાંડો છે કે કેમ?" ત્યારે ચોકસી કહેવા લાગ્યો:—"હે ભોળા! હે ધર્મ-ભોળા! ચોકસી તો હાલ સોનાનુંજ વજન જૂએ છે. સોનું કેટલા ભાર છે ને તેની કિંમત શું થાય, એજ મ્હારે તો જોવાનું છે, રામચંદ્રજી ભલેને મોટા હોય, પરંતુ રામ શું કે સીતા શું, લક્ષ્મણ શું કે હનુમાન શું, એ સૌ માત્ર સોનાનાજ બનેલા છે! પરમાત્મા સર્વમાં સરખો છે. સોનાની માફક તે તો એકજ રૂપ અને એકજ રંગે રંગાએલો છે. સોનું મૂકીને બીજી કોઇ ધાતુ રામજી કે હનુમાનજીમાં મ્હને તો અહિં કાંઈ દેખાતીજ નથી, માત્ર નામ જુદાં છે! એ તો દેવ મળતા પથ્થર પુજાય છે."

નસરઃ—એ ઉપરથી તો ખુલ્લું જણાય છે ભાઈ, કે ખુદા ઉપર વિશ્વાસ રાખી બેઠેલો તો ભુખે મરે છે ને ધકેલા ખાય છે! ત્હારી વાત હું નહીં માનતો.

વિરાફ—પણ યાદ રાખજે કે, અંત્તે તો તેજ ભકત તરી જશે, ને પેલો પૈસાનો લાલચુ ચોકસી તો ડૂબશેજ. માટે

બિપત ભલી હરી નામ લેત, કાયા કસોટી દુઃખ;
રામ બિના કિસ કામકી, માયા સંપત સુખ!

ભાઇ, ખુદાનું નામ જપીને તેના ઉપરજ બેસનારાને તો દુઃખો ને કષ્ટો વેઠવાંજ પડવાના. તો પણ આવી વિપત્તા વિપત્તિ તેની ભકિત કરવાથી ભોગવવી એજ સારૂં છે; કેમજે ખુદાતાલા વગરનાં આ નાશ પામનારાં સુખો અને સંપત્તિઓ કશાં કામનાં નથી. ભાઇ! આપણાં પવિત્ર અવસ્તાનાં ભણુતરમાં એટલાજ માટે કહ્યું છે કે; ખુદાપરસ્ત, સદ્ગુણી, તથા નીતિધર્મ પાળનાર આદમીના મુવા પછી તે બંદગીખોર બંદાના રૂવાનને બેહેસ્ત મેળવવાની ઉમ્મેદમાંજ ઘણો આનંદ રહેલો હોય છે.

"ઉશ્તવેતીમ ગાથામ સાવયો ઉશ્તતાતેમ નિમ્રઓગ્નો, ઉશ્તા અહ્માઇ યહ્માઈ ઉશ્તા કહ્માઈચિત વસે-ક્ષયાંસ મઝદાઓ દાયાત અહુરો."

જે બંદગીખોર બંદાનું રૂવાન હલકું ને પવિત્ર થએલું હોય છે, તે પોતાને સારૂ અનંત સુખ સંપત્તિ માંગતું માંગતું ઉસ્તવદ ગાથા આપમેળે ગાઇને બોલે છે કે; "સુખાકારી અને સંપજ સંપત્તિ તેનેજ હોજો, જેનાથી બીજાંઓને દુઃખો નહીં પહોંચતાં સુખોજ પહોંચે છે." તે રૂવાન કહે છે કે; "ત્હારી મરજી માફક સર્વ કાર્ય કરનારા, અને ત્હારી ઇચ્છા પ્રમાણે ખુદાવંદી ચલાવનારા અય અહુરા! ત્હારા ઉપરજ બેઠેલા પરોપકારી ભકતોનેજ તું સુખાકારી આપતો રહેજે!" હે ભાઇ! જ્ઞાન તો એવો અહંકાર કરાવે છે કે:—"મેં બધુંજ જાણી લીધું." જ્યારે ખુદાઇ ડહાપણ એવું ગરીબડું અને વગર અભિમાનવાળું છે, કે તે "બંદગીને

જાણે છે, બીજું કાંઇ વધારે જાણતું નથી." અને બંદગી સિવાય તે બીજું કશું સમજતુંજ ન હોવાથી જેમ ડાહ્યા ગુરૂઓ કહે તેમજ વર્તે છે, ને ખુદા તેના ઉપર પ્રસન્ન થઇ બેહેસ્તનો અધિકારી પોતાના તે ગરીબ બંદાનેજ કરે છે. મહાન ફિલસુફો થેલીસ, એનેક્ષીમેન્ડર, એનેક્ષીમેનીસ, હેરાકિલટસ, અને એનેક્ષાગોરસ એ પાંચે જણ ખુદાના સૃષ્ટિ રચનાની બનાવટમાં એકેથી જૂદા પડયા હતા, પરંતુ જઇ જઇને દરેક વસ્તુનો અંત્ત અને આખેરી તો તેમણે એક યા બીજા ખુદાઇ તત્વોમાંજ લાવી મૂકયાં હતાં. તે બધાએ પૂરવાર તો એટલુંજ કરવા માગ્યું કે; જે જે કાંઇ પેદા થયું છે તે ને સર્વ એકજ દૈવતમાંથી ઉત્પન્ન થએલું છે. થેલીસે કહ્યું; "પાણીથી સર્વ ઉત્પન્ન થયું." એનેક્ષીમેનીસે કહ્યું:–"હવા અથવા ગેસમાંથી બધું પેદા થયું." એનેક્ષાગોરસે કહ્યું:–"નહીં, નહીં; માત્ર અણુઓ અને પરમાણુઓમાંથી." હેરાકિલટસે કહ્યું:–"અગ્નિ અથવા ગરમી અને ઉષ્ણુતામાંથી." ત્યારે છેવટે એનેક્ષીમેન્ડરે કહ્યું:–"તમે બધાજ ભૂલો છો; દરેક વસ્તુનાં તત્વો એકલા એકજ અવિનાશી પરમેશ્વરમાંથીજ સરજાયલાં છે." ખુદા ઉપરજ યકીનદારી રાખનારા ઓલીફન્ટ અને ઓલીવર વંશવાળાઓનું એજ પોણુ છે કે; "અમે તો ધર્મશાસ્ત્ર એટલે કરરનામા પ્રમાણે ચાલવાથીજ લાભ, જશ, અને જય મેળવ્યે છિયે." માટે હે ભાઇ! તું પણ હવેથી તે માલિકની બંદગી કર, અને તેણે આપેલી ન્યામતો માટે તેનો ઉપકાર માનવા સારૂ થોડું કાંઇક ભણી લે!

નસર:—"શું ત્યારે અહુરમઝદને ખાકી ઇનસાનના ઉપકારની જરૂર છે? ઉપકાર માનવો–એનો અર્થ એટલોજ થાય, કે કોઇએ આપણા ઉપર એહશાન કર્યું હોય તો તેનો બદલો વાળવો. એક ઇનશાન મહાન ખુદાને બદલો તે શી રીતે વાળી શકે? ઉપકાર પાછો વાળવા થકી બંદગી કરવી એ હું નહીં માનતો. મ્હને તો અહુરમઝદનો ડર લાગતો નથી, પરંતુ કુદ્રતી સંજોગો વારંવાર ચિત્ર વિચિત્ર જોઇને તે સંજોગી બનાવોનોજ ડર લાગે છે."

વિરાફ:—હા, ભાઇ હા. મન ગમતી કલ્પનાઓના તો કોથારો ને કોથારો માણસમાં ભરી મૂકેલા છે. વળી સંતોષનાં ભાનનાં ભંડારો પણ મનુષ્યમાં ભરી રાખેલા છે. વિચિત્ર પ્રકારના ઇતિહાસિક દાખલાઓ, તથા સુખ દુઃખના બનાવો આપણામાં ભરપૂર ભરેલા છે; એ બધા ભંડારાઓમાં ચોરી કરવાને સારૂ ચિંતા, કાળજી, કે ફીકર કદી પણ પેશી શકે એમ નથી; તોપણ ખુશનુમા ખ્યાલોના ભંડારોના દરવાજા આપણુ આદમીઓજ ૨૪ કલાક બંધ રાખ્યે છિયે, અને તેથીજ આપણુને કુદ્રતી બનાવોનો ભય ને ડર લાગે છે. કર્મવાદી કર્મને કૂટયા કરશે. સત્યવાદી સત્યને રડયા કરશે, પરંતુ એક–ઇશ્વરવાદીને તો એકલા એક ઇશ્વરનોજ ડર હોય છે. ખુદાનો ડરજ મનુષ્ય માત્રના જીવને સ્વચ્છ રાખી શકે છે. સાંભળો ભાઇ. એક

ચકતઅખાનાના ઓટલા ઉપર ચાર સંત પુરૂષો ભેગા મળ્યા હતા. એક અશો ભક્ત ભક્તિ કરતો ખરો, પરંતુ “ સત્યાત્ નાસ્તિ પરોધર્મ ”=એટલે કે; સત્ય સિવાય બીજો કોઈ ધર્મ ઉંચો નથી, એ સિદ્ધાંતને માનનારો હતો. બીજો નેકમર્દ ખુદાની બંદગી હરદમ કરતો ખરો, પરંતુ “ અહિંસા નાસ્તિ પરો ધર્મ ”=એટલે જીવ બચાવવા જેવો બીજો શ્રેષ્ટ ધર્મજ નથી, એમ માનનારો હોવાથી, સત્યને શ્રેષ્ટ માનનારો તેની વિરૂદ્ધ જઈને કહેવા લાગ્યો કે; “ સાતસો રૂષિઓનાં ખોટી રીતે પણ ગળાં કપાતાં હોય તોય સત્યનુંજ પાલણ કરવું.” ત્રીજો ભલો પુરૂષ કર્મવાદી હોવાથી, ઉપલા બન્નેવના સિદ્ધાંતો માનતો હોવાથી, બસ જે થાય છે તે કર્મ પ્રમાણેજ થાય છે, બંદગી કરનારો આસ્તિક શું, કે બંદગી નહીં કરનારો નાસ્તિક શું, બધાં પોતાનાં કર્મનેજ આધીન છે, એમ માનતો. ચોથો અશો આબેદ જે એક જરથોસ્તિ હતો તે ખુદાઇ બંદગીમાં ઉસ્તવાર રહી એકજ ખુદાને માનનારો હોવાથી બસ એટલુંજ મંત્ર કહેવા લાગ્યો કે; “ હુક્ષથ્રોતેમાઇ બાત ક્ષથ્રેમ ”=પર્વોત્તમ પાદશાહોના પાદ-શાહ પરમેશ્વરનેજ તેની પાદશાહી આમીન હોજો!” વસસ્ચ તૂ અહુરમઝદ ઉશ્તાચ, ક્ષએષ હુવનામ દામનામ=કે પરમાત્મા! ત્હારી ઉત્પન્ન કરેલી તમામ સૃષ્ટિ ઉપર તું ત્હારીજ ઇચ્છા પ્રમાણે સુખે રાજ્ય કરતો રહે! અમે તો બસ ત્હારાં દર્શનનાંજ ભૂખ્યાં છિયે. ત્હારી નજીક આવવાનીજ બસ અમે તો તલબ કર્યે છિયે. હે માલિક! અમે તો ત્હારી કાયમની દોસ્તી શોધ્યે છિયે. ત્હારી ખુદાવંદી તનેજ મુબારક હોજો! એવીજ અમે તો બંદગી કર્યે છિયે. “ દરેસામ થ્વા, પઈરિ થ્વા જમ્યામ, હમેમ થ્વા હખ્મ!” આ તકરાર દરમ્યાન એક ગાય કસાઇના હાથમાંથી છટકીને નાસી જતી ચારેવે દીઠી. થોડીવારે હાથમાં છુરી લઇને ગાયની પાછળ દોડતો દોડતો આવીને કસાઇ પૂછવા લાગ્યો:-“ હે ખુદાના બંદાઓ! મ્હારી ગાયને આણીગમથી નાસતાં તમે દીઠી છે? તે કઈ બાજુએ ગઈ?” પેલા જીવ હંત્યા નહીં કરવાવાળાએ અસત્ય કહ્યું કે:- “ મેં તો ગાયને દીઠી નથી.” ત્યારે સત્યવાદી બંદો બોલી ઉઠયો કે; “હા, ગાયને મેં દીઠી છે. તેણી ઉત્તર દિશાએ ગઈ!” ખાતકીએ પૂંઠે દોડી જઇ ગાયને પકડીને જબે કીધી. આ બનાવ બનવાથી બધા બંદગીખોર બંદાઓમાં પ્રશ્ન ઉભો થયો કે, “ આ નઠારૂં કર્મ કરવામાં આગળ રહીને કોણે પાપનું કામ કરેલું કહેવાય?” પહેલા બેઉ તો પોતપોતાનું સિદ્ધાંત વાજબી મનાવવા લાગ્યા; પરંતુ કર્મવાદી કહે; “ બેઉ સંતોએ એક દૃષ્ટિથી વાજબી કર્યું, ને બીજી દૃષ્ટિથી બેઉએ ગેરવાજબી કર્યું. એટલે છેવટે અશો આબેદ બોલી ઉઠયા:-“ ક્ષથ્રેમ્ચા અહુરાઇ આ યિમ દ્રેગુબ્યો દદત વાસ્તારેમ!=જે કોઇ શખસ ગરીબ લાચાર દુઃખમાં આવી પડેલાં પ્રાણીની પાશબાની કરનારો, અને સધિયારો આપી પોષણ કરનારો હોય છે, તેજ પરવરદેગારની તમામ કુદ્રતની ખુદાવંદી તથા પાદશાહી સ્વીકારનારો કહેવાય.

માટે હે નસર ! તું પણ ખુદાની બેહદ મોટી કરામતનો વિચાર કરીને તેની ભક્તિનેજ શ્રેષ્ટ સમજ. તેની સ્તુતિ કર. તેનીજ તારીફમાં બંદગી કરનારો થા ! સૂર્ય, ચંદ્ર, તારાઓ, રૂતુઓ, રાતો ને દિવસો, સહવારો અને સાંજો, એ સર્વ પોતપોતાનાં કામો વખતસર કર્યાંજ જાય; દુન્યાને ૧૦૦૦ કે દસ હજાર વરસે દેખાતા તારાઓ કે દોઢ હજાર વરસને અંતરે જણાતા ધૂમકેતુઓ, વખતસરજ, એક મિનિટ પણ ઓછી વત્તી નહીં એવી રીતે પોતાને સ્થળે ફરતા મૂકાયા છે; પાંચ અબજ માઇલની સૃષ્ટિનું ચક્ર લેનારા સેતારાઓ પણ મુંબઇમાં જે પળે એકવાર આવેલા, તે તેજ ઘડી પળે પાછા ને પાછા મુંબઇમાંજ દેખાય છે; એવી કારીગિરી કરનારા કિરતારની કારસાઝીથી છક્ક મક્ક થઇને "આહા ! આહા !" ના જે દમ ખેંચવા તે બંદગીજ છે, અને તેવા તાજુબીના પોકારો રૂપી સ્તુતિ પણ શું તું નહીં કરે ભાઈ?

"ભાઇ વિરાફ !" નસર કહેવા લાગ્યો:—"ત્યારે શું આવી કોઇ મહાન શક્તિને, આવા કોઇ મહાન કારીગરને પોતાની તારીફ કરાવવી, સ્તુતિ કરાવવી, કે વખાણ અને ખુશામદ પોકરાવવી પસંદ છે શું ? માનવીની સ્તુતિથી તેને શું લાભ થનાર છે ? હું નહીં માનતો. ખુદા ઉપર ફીદા થયેલા એક ભક્ત બંદાને મેં એવું ગાતાં સાંભળ્યો છે કે:—

અજબ હયરાન હઉં ભગવાન ! તુમ્હે કયું કર રિઝાવું મયેં ?	હે ભગવાન ! હું અજાયબ થઇને હેરાન થઈ પડયો છું, કે હું ત્હારો ખાકી બંદો તને શી રીતે રિઝાવી શકું ?
કોઇ વસ્તુ નહીં અયસી, જીસે સેવામેં લાઉં મયેં.	કેમકે ત્હારી સેવામાં હાજર કરવા જેવી, કે ભેટ ધરવા જેવી મને તો કોઇ ચીજજ માલુમ પડતી નથી.
કરૂં કીસ તરહ આવ્હાન ? કે તુમ મોજુદ હો હર જા;	હે નાથ ! તને તેડી લાવવાનું વારંટ પણ કઇ પ્રકારે કઢાઉં ? કાંકે તું તો હરેક ઠેકાણેજ હાજર ને મોજુદ છે.
નિરાદર હય બુલાનેકા, અગર ઘંટી બજાઉં મયેં.	તને બોલાવી મંગાવવા જેવો પણ તું નથી. નથી તને આવકાર જોઇતો; પછી દેવળ કે આતસકદેહમાં ઘાંટ વગાડીને તને હું તેડી પણ કેમ શકું ?
તુમ્હી હો મુરતીમેં ભી, તુમ્હી વ્યાપક હો ફૂલોમેં;	દરેક મૂર્તિમાં તું જેમ સમાયેલો છે તેમ દરેક ફૂલોમાં પણ તું તો મોજુદ છે; ત્યારે તો તે
ભલા ભગવાન પર ભગવાન, તુમ્હે કયું કર ચઢાઉં મયેં ?	ફુલને મહાદેવની મૂર્તિ ઉપર ચઢાઉં, તે તો હે ભગવાન ! ત્હારા ઉપર તુંનેજ ચઢાવ્યા બરાબર છે !
લગાના ભોગ કુચ્છ તુમકો, યે એક અપમાન કરના હય;	ત્યારે હે નાથ ! તને કાંઈ પણ ભોગ ચઢાવવો કે નૈવેદ મૂકવો એ તો એક જાતનું તને અપમાન કર્યા જેવું થાય છે !

ખિલાતા હય જો સબ સંસારકો, ઉસકો ખિલાઉં મયેં ?	સારી જગતને, ને તમામ ખલકતને તું રોટી આપે છે, તો હું તને સતુમ કે નૈવેદનું ભોગું ધરીને ખવરાવી શકું એ કેમ બને ?
તુમ્હારી જ્યોતિસે રોશન હયેં, સુરજ ચંદ્ર ઓર તારે:	હે સાહેબ ! ત્હારા પ્રકાશથી તો સૂર્ય, ચંદ્ર અને તારા રોશન થઇને પ્રકાશે છે; ત્યારે
મહા અંધેર હય તુમકો અગર દીપક દિખાઉં મયેં !	એ તો મોટું અંધેર કહેવાય, કે ત્હારી મૂર્તિ સમક્ષ આરતી ફેરવીને કે તને દીવો દેખાડીને હું તને સુઝાડી શકું !
ભુજાએ હયે ન સીના હયેં, ન ગરદન હય ન પેશાંની;	નથી તને હાથ, નથી તને પેટ, નથી ત્હારો ગરદન, કે નથી ત્હારી મૂખમૂદ્રા;
કે હય નિર્લેપનારાયણ, કહાં ચંદન લગાઉં મયેં ?	ત્યારે હે નાથ ! તમે કે જેમને લેપ લાગી શકેજ નહીં એવા; તેઓને હું ચંદન તે કયાં કયાં ચોપડી શકું ?

વિરાફઃ—ભાઇ નસર ! જે ગઝલ તે ભકત ગાતો હતો, તે ખુદાની સ્તુતિને માટેજ ગાતો હતો, અને તેની શ્રદ્ધા તો અચળ હતી. અદ્વૈત એટલે એકલા એક ખુદા ઉપર, અને નહીં કે દ્વૈત એટલે ખુદા સિવાય બીજી કોઇ વાત ઉપર શ્રદ્ધા રાખતો હતો. નસર ! હું તને બંદગી એટલે ખુદાની સ્તુતિજ એકલી કરવા કહેતો નથી, પરંતુ તેના ઉપર તું યકીનદારી ને શ્રદ્ધા રાખવા માટે બંદગી કરશે, તો મુશ્કેલી ને ભીડની વખ્તે તે ત્હારી ઢાલ સમાન થઇ પડશે.

એક વાર એક પાદશાહને કોઇ પંડિતે કહ્યું કે; "જો તું તન મનથી પ્રભુની પ્રાર્થના કરીશ અને પ્રભુની ઉદારતા ઉપર વિશ્વાસ રાખીને જો તું તેનું શરણું લઇશ તો તું ત્હારા ગમે એવા શત્રુથી હારીશ નહીં." પેલા પાદશાહને ખુદા વીશે ચોટ લાગવાથી આખી રાત તે બંદગીમાંજ મશગુલ રહેતો. કેટલેક વખ્તે તેના ઉપર શત્રુ રાજા ચઢી આવ્યો, એટલે પાદશાહ પણ પોતાના લશકર સાથે તેની સામે ધસ્યો. પરંતુ જેવી સાંજ પડી, કે સઘળું છોડી દઇને પ્રથમ ખાઇ લીધું, અને પછી નિમાજ પઢવા બેઠો. બહુ રાત સૂધી પ્રાર્થના કરતો દેખી વઝીર મંડળી વિગેરે સર્વે તેને કહેવા લાગ્યા કે; "હમણા તો આપ આરામ કરો, કેમકે સવારના પહોરમાં તો તમને લડાઇ ઉપર ચઢવું પડશે ત્યારે તમને ઉંઘના ઝોકા આવશે અને લડાઇ હારી જશો. પાદશાહે ટેકથી જવાબ દીધો:—"ઇશ્વર સ્મરણના જેવું ઉત્તમ બખ્તર મેં પહેરી લીધું છે. જે કોઇ ઇશ્વરની ભકિત રૂપ કવચ પહેરી લે તે કદિ પણ યુદ્ધમાં હાર પામેજ નહીં, એ ગુરૂવાકય છે !" આ તેની શ્રદ્ધા હતી. આ વાતની ગુપ્ત બાતમી મેળવનારા દુશમનના બાતમીદારે સામા પક્ષના સરદારને જઇને અતિશયોકિતથી કહ્યું કે; "અરે નાસો-નાસો ! દુશમન તો જાદુગર છે, ને અલ્લાતાલાએ પોતાનું પહેરવાનું બખતર તેને આપ્યું છે, તે પહેરીને લડાઇની ગોઠવણની પેઠે

બાદશાહ તો બધી યુકિતઓ કરી ચૂકયો છે!" આ ઉપરથી જોર પર આવેલો શત્રુ જીત પર આવીને ભાગી ગયો, ને પેલા નિમાજી બાદશાહની જીત થવાથી તે પોકારીને બોલવા લાગ્યો;

"હે પ્રભુ! હું મોત રૂપી અંધકારમય ખીણમાં ફરતો હોઉં તોપણ કોઇએ આફતની મ્હને તો બીક લાગતી નથી, કેમકે તું મ્હારી સાથેજ છે, ત્હારો પવિત્ર દંડ અને લાકડી મ્હને શાંતિ આપે છે. તેમજ ચિંત્તાનો પણ મ્હને ડર નથી, કેમકે આકાશ ઉપર ઉડતાં આખી દુન્યાંનાં કરોડો રંગનાં, કરોડો આકારનાં કરોડો પક્ષિઓ પોતે કંઈ અનાજ વાવતાં નથી, તેઓ કાંઇ અનાજ લણતાં નથી, તેઓ કંઇ ભંડાર કે કોથારમાં અનાજ ભરી મેલતાં નથી, તોપણ તું તેમનું પોષણ કરે છે, તો શું હું માણસ તેમના કરતાં પણ કંઇ છેક નાંખી દેવાનો છું!" હે નસર! ઇશ્વર ઉપરની આ જાતની શ્રદ્ધાથી આફત વખતે માણસને હિંમત રહે છે. માટે

જાં છોડ દો, કે જીંદગી ફાની હય, ખાક હય;
ઇમાન ન છોડીયો, કે વ્હો બાકી હય, પાક હય.

"ભાઇ વિરાફ!" નસર બોલ્યોઃ—એ તો જેનાં જેવાં મત તેવું તે મતવાદીને લાગે. દુઃખમાંથી છૂટકારો પામવા સારૂજ જો બંદગી કરતા હોય, તો બંદગીખોર બંદાઓ તો ઉલટાં ઘણાં સંકટો પામે છે. માટે એ વાત પણ હું નહીં માનતો.

મતવાદીઓ પૂર્ણ જુસ્સાથી પોતાના ધર્મના કાનુનોનો બચાવ કરીનેજ ન અટકતાં એટલાં સુધી જણાવે છે કે; પરધર્મવાળા કાફર છે, નાસ્તિક છે, દુરવંદ છે, અને મ્લેચ્છ છે! આવા મતાંધ માણસો જુદા જુદા જમાનામાં—જુદી જુદી જરૂરિયાતો વખતે રચાએલાં સત્યનાં જુદાં જુદાં સુંદર રૂપો જાણવાથી બે-નસીબ રહે છે. અને જ્ઞાન રૂપી સાકરનો સ્વાદ ચાખવા પામતા નથી. જે સત્ય હસ્તી છે, તેને તકરારથી નીસ્તીમાં લાવી શકાવાની નથી. માટે અમુક મનુષ્ય કિંવા ચોક્કસ પંથ કે ચોક્કસ પ્રજાનો ખાસ પરવાનો કે ખાસ હક્ક હોઇ શકે જ નહિ. જ્યાં મિથ્યા "હું-પણું" પ્રવેશ કરે છે ત્યાંથી સત્ય તો ચાલ્યુંજ જાય છે.

સૃષ્ટિ રચના આપમેળે થઇ છે, તે વીશે મેં બરાબર જાણ્યું છે. કંઈ અબજો અબજ વર્ષથી એક ને એક ગતિએ આ સૃષ્ટિનો કારોબાર પોતાની મેળેજ ગોઠવાયેલો ચાલ્યો જાય છે, અને જેમણે યુનિવર્સિટિની કેળવણી લઇને ખગોળવિદ્યા, ભૂસ્તરવિદ્યા વિગેરે વિદ્યા ભણી છે, તેમને વગર સમજે ખુદા-ખુદા કર્યા કરવામાં વખત બરબાદ કરવો પસંદ હોતો નથી. માત્ર નીતિથી ચાલવું એજ ધર્મ; એટલુંજ હું તો જાણું છું. સંસાર સારી રીતે ચલાવવાનું ભુલી જઇને ખુદા-ખુદા! બડબડવામાં શું સાર? હું કંઇ માનતો નથી.

વિરાફ:—ભાઇ નસર! એકલી વિદ્યા જાણવાથીજ કાંઈ સાર્થક થતું નથી. એકલી વિદ્યાથી તો અપચો થાય. પણ વિદ્યા જાણ્યા પછી તેનો અમલ કરવાનું પગથિયું તમ નાસ્તિકો ચૂકો છો તેથીજ તમને ખુદાની પરસ્તેશ કરવાની ગૂમ પડતી નથી.

એક રાત્રિએ ધણી ધણીઆણીનું જોડું સૈયામાં સૂતેલું હતું, એવામાં એક ચોર ઘરમાં પેસતો સ્ત્રીને જણાયો. ખાતર પડવાનો અવાજ થવા લાગ્યો ત્યારે ધણીઆણી પોતાના ખાવીંદને કહેવા લાગી:–"કોઇ બદમાસ ખાતર પાડતો હોય એમ જણાય છે, ઉઠો!" ધણી કહે:–"ઠીક છે, ઠીક છે. હું બધું જાણું છું. સૌ થઈ રહેશે." બાયડી બોલી:–"ખાતરમાંથી અંદર આવ્યો જો!" ધણી:–"હું બધું જાણું છું, જાણું છું."

ધણીઆણી:–"મોટા પેટારા આગળ ચાલ્યો જો!"

ધણી:–મેં જાણ્યું; જાણ્યું. ઠીક છે.

ધણીઆણી:–પેટારો ખોલ્યો જો! ધણી:–બધું હું જોઉં છું ને જાણું છું. ધણીઆણી:–"ઘરેણાં ને કપડાં સૌ કાઢયાં જો!" ધણી:-હા. તે પણ મેં જાણ્યું. ધણીઆણી:–ઘાંસડો બાંધીને પેલો ચાલ્યો રે! "હા રે હા. હું બધું જાણું છું." "પણ પેલો તો ઘરની બહાર પણ નિકળ્યો ને!" "હા રે હા–તે પણ મેં જાણ્યું. છેવટે ચોર તો નિકળી નાઠો ત્યારે ચિચવાઇને સ્ત્રી બોલી:–"તમારે મોઢે ધૂળ! એવું જાણ્યું તેમાં શું દળદર ફિટયું? જાણ્યું એ પણ ઠીકજ છે, ને ન જાણ્યું હોત તે પણ ઠીકજ!" જે ચીજ આપણે શિખ્યા, ભણ્યા, જાણ્યું, ને અનુભવ લીધો તેનો જરા પણ ઉપયોગ ન કર્યો, તે જાણેલું શા કામનું?

હેરાતના એક પાદશાહે સુભાન નામના એક પંડિતને વિનંતિ કરી કે; "આપ મને કંઇ પણ શિખામણ આપો!" સુભાને કહ્યું; "આપ જો સંસારથી મુક્ત થવા માંગતા હો ને સ્વર્ગની પદવિ મેળવવા ચ્હાતા હો, તો રાત્રે પરમેશ્વરની ભક્તિ કરી તેની પાસે દીનતાથી તમારી દાદ માગજો, ને દિવસે પોતાની કચેરી કરીને ગરીબોની તમે દાદ લેજો! ઈશ્વર તો કહે છે કે;

સંસારમાં સરસો રહે, ને મન મ્હારી પાસ;
સંસારમાં લેપે નહીં, તે જાણ મ્હારો દાસ.

સંસાર વહેવારમાં તો આગળ ને આગળજ પડતાં રહેવું, પણ તમારૂં આખે આખું મન તો મ્હારામાંજ પરોવી રાખજો! સંસારમાં રહેવા છતાં જે કોઇ તેમાં આખે આખો લપટાઇ ન જાય તેજ મ્હારો સાચો ભક્ત છે. ભાઈ નસર!

સબક ૨ જો.

બાદશાહ અકબર અને ભક્ત ખેડુત.

"To you it is given to know the mysteries of the Kingdom of God, but to them it is not given......therefore speak I to them in parables (or allegories); because they seeing, see not, and hearing, they hear not, neither do they understand." (Bible.)

સેનેકા ઇશ્વર શોધક તો કહે છે કે; જે કંઇ તમે માણુસોને નહીં જણાવવા માંગતા હો, તે તમે ઇશ્વર પાસે ના માગો, અથવા જે કંઇ તમે ઇશ્વરને નહીં જણાવવા માંગતા હો તે માણુસ પાસે માગો ના! અકબર બાદશાહ એકવાર દૂરના પ્રદેશમાં શિકારે એકલો નિકળી ગયો. ત્યાં જંગલવાસીઓનાં કસ્તુરી પેદા કરનારાં એક મૃગનો તેણે શિકાર કીધાથી તે જંગલીઓ લાકડી ને લાઠીઓ લઈ તેને મારવા ઉલટી પડયા. અકબર નાસવા લાગ્યો, અને જંગલી મારાઓ પૂઠે દોડવા લાગ્યા. અકસ્માત એક ખેડુતના ઝુંપડાં આગળ ઘોડાને ઠોકર લાગવાથી તે પડયો, અને અકબર ઉથલાઈ પડયાથી, તેને સજડ વાગ્યું. એવામાં પૂઠે આવતા મારાઓને જોઇને ઝુંપડીવાળા ખેડુતે તેને પોતાના શેલડીના ખેતરમાં સંતાડી દીધો, અને ખેડુત પોતે ઘોડા ઉપર સ્વાર થઇ નાઠો. લોકોનું ટોળું પૂઠે દોડતુંજ હતું, અને ઝુંપડીથી બે કોશ દૂર ગયા કેડે ખેડુતે ઘોડા ઉપરથી ઉતરી ઘોડાને છુટો મૂકી પોતે પાસેના તળાવમાં નાહવા પડયો. લોકે ઘોડાને ત્રણ કોશ ઉપર પકડયો ખરો, પણ તેમનો શિકાર તે ઉપર નહીં દીઠો એટલે નાસિપાસીથી આમતેમ શોધ કરી ઘોડાને લઇને પાછા ફરવા લાગ્યા. તેમના ભેગો પેલો ખેડુત પણ નાહતો નાહતો નિકળી આવીને ચાલવા લાગ્યો. આખરે પેલા ખેડુતે ઘોડો માંગી લેવાથી બદલામાં અનાજ લઇને ઘોડો તેમણે તેને આપ્યો. સાંજ પડતાં અકબરને ઝુંપડીમાં લાવી ખવાડયો, અને રાતો રાત તેને ઘોડેસ્વાર કરી પલાયન કરાવ્યું. અકબરે પોતાનો જીવ બચાવનારને એક કટારી આપી કહ્યું કે; "જે શખ્સ પોતાના ભાઈને મદદ કરે છે, તેને ખુદા કયામતના દિવસે મદદ કરશે. હે ભાઈ! હું દિલ્લીનો અકબર પાદશાહ છું, અને તેં મ્હને બચાવ્યો છે તેના બદલામાં હું તને પુષ્કળ દ્રવ્ય આપીશ; માટે ગમે ત્યારે દિલ્લી આવજે, ને આ કટારી બતાવશે તો તને મ્હારી આગળ આવવા દીધામાં આવશે." પાદશાહે મહેલમાં જઇ હુકમ કર્યો કે, "કટારીની નિશાણુવાળો જે શખ્સ આવે તેને કોઇ પણ પ્રસંગે મ્હારી આગળ આવવા દેવો!" ખેડુતે તો વગર દરકારે પેલી કટારી ઝુંપડાંમાં ખોસી દીધી. લાંબે વખતે દાતરડું શોધવા જતાં તેના જોવામાં કટારી આવ્યાથી, ઝટ પાદશાહની બક્ષેશોની આશા વીશે તેને યાદ

આવ્યાથી તે લઇ દિલ્લી આવ્યો. દરવાને તુર્તજ તેને પાદશાહના નિમાજ કરવાના ઓરડા આગળ ઉભો રાખ્યો. આ વેળાએ અકબરને ગુંટણ મંડિયે પડીને કલાકો વેર નિમાંજ કરતો પેલા ખેડુતે દીઠો. નિમાજની છેવટે અકબરે ખુદાને અરજ ગુજારી કેઃ—

"હે માલિક! હે અકબરના પણ અકબર! તું ત્હારી ખલકત, ત્હારે હાથે ઉભાં કરેલાં બાંધકામો, ચંદ્રો, તારાઓ, સૂર્યો, જેને તેં નિર્માણ કર્યાં છે તેનો જ્યારે હું વિચાર કરૂ છું, ત્યારે મ્હને અજાયબી લાગે છે કે, મનુષ્ય અથવા મનુષ્યનો પુત્ર એ ત્હારી નજરમાં એવો તે શું છે, કે તેની તું ફીકર કાળજી રાખે છે, અને તેનેજ તું ત્હારાં મુબારક દર્શન આપે છે!

હે અલ્લા! માનવીના ન્હાના દેહોને તું તેમના દિવસો આપે છે, તેમને આપવાનો દિવસ જ્યારે તું બંધ કરે છે ત્યારે તેઓ જીવતાં પણ બંધ પડે છે; કેમકે તેઓ ત્હારીજ રોશની, ત્હારાજ પ્રકાશ અને ત્હારીજ પ્રભાના અંશો છે, ત્હારાજ ચેરાગની ચિંગારીઓ છે. તોપણ હે પાક! તું તો તેમનાથી વધારેજ છે. ત્હારી કીર્તિ, ત્હારા ખજાના, ત્હારી શકિત, ત્હારી ખુબી, અને ત્હારાં ડહાપણની આગળ હું તો મુફલેસ છું—મુફલેસ છું—મુફલેસ છું! હું હાજતમંદ ગરીબ ઉપર ત્હારી ન્યામતોની બક્ષીશો ઉતાર હે ગરીબ નિવાજ!"

આ બંદગી સાંભળતાંજ પેલો ખેડુત ચોંકયો. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે; અકબર જેવો અકબર પણ પોતાના કરતાં ચઢતા કોઇ એક "મોટા અકબર" પાસે માંગે છે, તે પાદશાહ અકબર વળી મ્હને તો શું નવાજવાનો હતો! **જેની** પાસે તે માંગે છે, **તેનીજ** પાસે હું પણ માંગું, કે મ્હારો બેડો પાર થઇ જશે!" આમ વિચારીને ત્યાંથી અકબર બાદશાહને મળ્યા વગર ચાલ્યો ગયો, ને પોતાની ઝુંપડીનેજ ઉત્તમ નિમાજગાહ બનાવી ખુદાતાલાની નિમાજ કરવા લાગ્યો. રાત ને દહાડો તે ઝુંપડીમાં ભરાઇને નિમાજમાંજ વખત કાઢવા લાગ્યો, ત્યારે સાતમે દહાડે આવીને પડોસના ખેતરવાળાએ કહ્યું કે; "શેલડી નરી સૂકાઈ ચાલી, તું ખેતરે આવ ને પાક સંભાળ, અલ્લા અલ્લા કર્યો કીધાથી કાંઇ અલ્લા ત્હારી શેલડીને પાણી પણ પાવા આવશે વારૂં?" આ મ્હેણું સાંભળીને ખેડુત વિચારમાં પડયો. એટલામાં એક સાંઇ આવ્યો તે બોલ્યોઃ—"ખુદાકી રાહ પેં ખેરાત ખર્ચ કર! બઓત ઉમદા ખજાના વોહી હે ભાઇ!

ઝે ગેતી જેહાં આફ્રરીન બરતરસ્ત;
બદૂ ઝન બહર કારે દુસ્વાર દસ્ત!

સારી જેહાનમાં બુલંદ દરજ્જાવાળો તે માલેકે પાક કીરતાર છે. હે બંદા! તું ત્હારી હરએક મુશ્કેલી કે ભીડમાં તેની હઝુરમાંજ ત્હારો હાથ લાંબો કરજે! તેની મરજીને આધીન થશે તો ત્હારી મુશ્કેલીઓનો તેજ ઈલાજ બસ થશે.

બંદગી માટે આ ઉત્તમ બોધ સાંભળીને સાંઇને ખેરાત આપવા તે ખેડુત ઉઠયો ખરો, પરંતુ તે ફકીર કયાં ને કયાં અલોપ થઇ ગએલો જણાયો. એટલે વધારે જોસથી ખેડુતે નિમાજ પઢવી પાછી શરૂ કીધી. પ્રલયના વખતે ભારે પવનથી પર્વતો ડગમગીને ચલિત થઇ ઉખડી જશે, પરંતુ ઇશ્વર ઉપરજ બેઠેલાની ધીરજનાં ફળ મીઠાં છે એવું સમજનારા, ધીર પુરૂષોનું મન ચલિત થનાર નથી. એટલામાં ખેતરનો રખવાળ આવી કહેવા લાગ્યોઃ—"તમે તો અલ્લા અલ્લા કરવા પડયા છો ને તમારા ચાર ચાર બળદો ભૂખે ભૂખે મરવા પડયા છે તેની કાંઇ ખબર લેશો કે નહીં?" નિમાજી વિચાર કરે છે કે; "અલ્લાતાલાની બંદગીમાં પણ કેટલી બધી ખલલ પડે છે! કેમ કરૂં!" એટલામાં એ સારંગીવાળા સારંગી વજાડતા વજાડતા ચાલ્યા જતા તેણે સાંભળ્યાઃ—

"કેતે નદ નદી નારે ભરે હે સમુદ્ર ખારે,
હંસન કો હેત એક માન સરોવરસેં;
બન ઉપવન કેતે ગિનતી ન આવે એતે,
કામનાકો કાજ એક કલ્પ તરોવરસે;
વર્ષારૂતુ શરદકાલ ભરે નીર જલ્દ જ્વાલ,
ચાતુરક ન્યાલ એક સ્વાત બુંદ જલસેં;
અર્જકી તો ગર્જ કોઉ જાને વજીર લોક,
ગરીબકી અરજી એક ગરીબ પરવરસેં!"

ખેડુતે આ કવેત સાંભળી પછી બેવડાં જોશથી અલ્લાતાલાની નિમાજ જારી કીધી. થોડી નિમાજ કીધી નહીં કીધી એટલામાં ખેડુતની ઓરત આવી પોકાર કરવા લાગી કે; "ધંધા વગર બચ્ચાં ભૂખાં મરે છે, તેની તમને કાંઈ કદર છે કે? હું કેટલા દહાડાથી લાંઘણ કરૂં છું, ને થાનમાંનું દુધ સુકાઇ ગયાથી બે બચ્ચાં તો ભૂખે ભૂખે મરણ પામ્યાં, ઉઠો! પરવરદિગાર લોકોના ઉપર જુલમ કરતો નથી પણ લોકો પોતેજ પોતાના ઉપર જુલમ લાવી મૂકે છે.

આ ઘડી ઘડીનો કળકળાટ સાંભળી ખેડુતે નિમાજ તર્ક કરીને ખેતરે જવાનો વિચાર કીધો. તેણે બન્ડી પહેરી લીધી, અને હાથમાં ખરપી, દાતરડું લઇ જેવો ઝુંપડીની બહાર નિકળવા કરે છે, એવામાં એક સાધુ આવી ઓટલી ઉપર બેસી બોલવા લાગ્યોઃ–"હે નિમાજી! તું નાદાન નહીં થા તેજ મનુષ્યને નાદાન કહેવો, કે જેનું અંતઃકરણ ગુપ્તપણે પરમેશ્વરની યાદ કરવાથી ગાફેલ હોય. તું તેનેજ નાદાન કહેજે, કે જે કોઇનો પણ ડર રાખ્યા વગર પાપના કામોથી પોતે થઇનેજ શરમાય નહીં, અને ઇશ્વરનું ભજન શુદ્ધ અંતઃકરણથી કરતાં છતાં નફાની ઉમેદ, કે પેલી દુનિયામાં આસાએશ મેળવવાની આશા નહીં રાખે જમાનો યારી આપે તોજ આ

સંસારનું સુખ તો ભોગવી શકાય. દુઃખ તથા ગમીના વખ્ત ઉપર સબુરી પકડવાનો અર્થ એજ છે, કે તે ગમી આપણુને ટાણો મારે છે કે;—

બ યઝદાન પનાહો બ યઝદાન ગેરાય;
ચુ ખાહી કે બારાદ તોરા રેહનુમાય.

હે ભલા આદમી! તું ભગવાનનીજ સહાયતા માંગ. તું તેનીજ પાસે ત્હારી જે કાંઇ માગણી હોય તે કર! જ્યારે કે તું એટલે સૂધી તેને ત્હારો રાહ બતાવનારો ગુરૂ કરી શકયો છે, તો પાછો નહીં હઠ.

પરમેશ્વરમાં અવિશ્વાસ રાખનારા અજ્ઞાની આદમીઓની માફક જે કોઈ સાચા નિમાજી છે તે તો ભયના પ્રસંગો આવી પડયાનું બ્હાનું કાઢીને આકુળ વ્યાકુળ થતાજ નથી. ઇંદ્રિયોથી જણાતા બહારના પ્રસંગોથી ગભરાઈ જઇને તેઓ ભયભીત થઇ આભરા ગાભરા થતાજ નથી. અજ્ઞાની પુરૂષો હરિના ભકતને પોતાના જેવાજ સમજે છે, પણ ગુલાબ અને કરેણના ફુલની સુગંધીમાં ફેર છે, દેવ અને દહિતમાં ફેર છે, રત્ન અને કોડીમાં ફેર છે, વિષ અને અમૃતમાં ફેર છે. વિદ્વાન ને મૂર્ખમાં જેટલો ફેર છે એટલો ભક્તમાં ને જગૃતમાં ફેર છે.

यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतस्तुन्वन्ति दिव्यैस्त वै-
र्वेदैः साङ्गपदक्रमोपनिषदैर्गायंति यं सामगाः
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनो
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥

જે એક અનાદિ સર્વનું મૂળ કારણ, જેની સ્તુતિ બ્રહ્મા કર્યા કરે છે, તથા વરૂણ, ઇંદ્ર, રૂદ્ર, મરૂત, અને સૂર્ય ઇત્યાદિ સઘળા અધિષ્ટાન મહા શકિત રૂપ દેવો નિરંતર જેની સ્તુતિ કરે છે, જેનું વેદ વેદાંગ ઉપનિષદ્ અને સામવેદ ગાયન કરે છે, જેનું ધ્યાનસ્થિત યોગીઓ એક ચિતે અને મન બુદ્ધિના સંયમથી ધ્યાન કરતાં છતાં પણ તેના પારને પામતા નથી, જેને સુર અને અસુર પણ જાણી શકતા નથી, એવા મોટા ઇશ્વરને હું તો નમસ્કાર કરૂં છું!

ગમે એવી બહારથી દેખાતી આફતો આવે તોપણ બંદગીખોર બંદાઓ અને ભક્ત લોકો તો પરમાત્માની કલ્યાણકારી સત્તામાં સ્થાપેલી પોતાની દ્રઢ યકિનદારી ડગાવતાજ નથી. ખુદાની બંદગીમાં મશગુલ રહેનારાઓ તો અનુભવપૂર્વક જાણે છે કે, આ અપ્રિય સરખો ભાસતો આફતનો પ્રસંગ, જીવ દ્રષ્ટિથી અપ્રિય અથવા દુઃખકારક જણાય છે, પરંતુ ખરેખરી રીતે તો ખુદાની સમદ્રષ્ટિથી તે દુઃખના પ્રસંગો તેવા ભયાનક નથીજ હોતા. ખુદાની સર્વજ્ઞ નજરમાં તો અકલ્યાણના પ્રસંગો તે કલ્યાણ સાધી આપનારાજ થઇ પડે છે. જેમ રાત્રિના અંધકારમાંથીજ પ્રભાતનો પ્રકાશ પ્રકટે છે, તેમ આ અંધકાર જેવા ભાસતા દુઃખના

પ્રસંગો તો સુખને વાસ્તેજ હોય છે. જેમ તાપના દિવસો જઈને વરસાદના શીતળ દહાડા આવે છે, પરંતુ ઘણોજ તાપ પડે છે તે ઘણીજ વૃષ્ટિ થવાને ખાતરજ પડે છે, તેમજ ત્હારા આ દુઃખી દેખાતા દહાડા વિત્યા પછી તને સુખજ થશે, કેમકે તું ખુદાનો નિમાજી છે, તો ખુદા પોતાની બંદગી કરનાર બંદાને દુઃખી શા માટે કરશે ?

સાંભળ એક પીર પોતાના મુરીદને નીચે મુજબ કહેતો સેખ સાદી સાહેબે સાંભળ્યો હતો કે; જે પ્રમાણે આદમીનું મન રોજી ઉપરજ લાગેલું રહે છે, તે પ્રમાણે જો રોજીના આપનાર પરવરદેગાર ઉપર લાગેલું હોત તો માનવીઓ તો ફીરેસ્તાઓ કરતાં પણ આલા દરજ્જો પામત.

"ફરામુસ્ત ન કર્દ ઇઝદ દરાં હાલ;
કે બુદી નોત્ફએ મદફુનો મદહુશ.
રવાંનત દાદો અકલો તબેઓ એદ્રાક;
જમાલો નોતકો રાય ઓ ફેકતો હુશ.
દેહ અંગોશતત મોરતબ કર્દ બર દસ્ત;
દુ બાજુઅત મોરકબ સાખ્ત બર દુશ.
કુનું પીન્દારી અએ નાચીઝ હીમ્મત ?
કે ખાહદ કર્દનત રોઝી ફરામુશ."

ઓ માનવી ! તું જયારે દટાઇ રહેલો નોત્ફો હતો, અને બેહોશીમાં હતો; અર્થાત, જયારે તું હજી તો માતાના પેટમાં હતો ત્યારે પરમાત્માએ તને ફરાંમોશ કરીને તજી નહીં દીધો હતો; પછી તને રવાન તથા અક્કલ તથા તબીઅત તથા સમજ આપી; તે સાથે વળી રૂપ, ઇચ્છા, તથા જ્ઞાન અને ફીકર તથા અક્કલ આપી. વળી ત્હારા હાથ ઉપર ૧૦ આંગળાં બનાવ્યાં અને ત્હારી ખાંધ ઉપર બે બાજુઓ જોડી આપી. અરે વગર હિમ્મતના ઓ માનવી ! હવે શું તું એવું ધારે છે, કે તે સાહેબ ત્હારી રોજીને ફરામોશ કરશે, અને તને ભૂખે મારશે ?

વિશ્વનું ભરણ પોષણ કરે છે તેથીજ તે માલેક **વિશ્વંભર** કહેવાય છે. અને તેથીજ જણાય છે કે, તે પ્રભુ આ વિશ્વના ભરણ પોષણ માટે કાળજીમંદ છે. હે નિમાજી ! તું હજીએ ત્હારા કે ત્હારાં બચ્ચાં બળદ ને બોકરાંના ખોરાકની શોધમાં ના ફીકર રાખ ! ત્હારી હાજત ઈશ્વર જાણે છે. તું તો તે ઈશ્વરના રાજયની શોધમાં જ રહે, સઘળું તેની સાથેજ તને મળશે."

આ બોધ સાંભળીને પાછાં ઓજારો નાંખી દઈ ચોવડાં જોમથી તે ખેડુત બંદગી કરવા લાગ્યો. બંદગી કીધા બાદ જેવો ઉઠી ઉભો થયો, કે તેની નજરે એક ફિરસ્તો દેખાઇને અલોપ થઇ ગયો.

થોડાજ વારમાં તે ઝુંપડી આગળ હીરા મોતીના હારો ગળામાં વિંટાળેલા, અને ઠાઠમાઠથી આવી ઉભેલા એક ઘોડેસ્વારને પેલા ખેડુતે દીઠો; જેણે ખેડુતને નમન કરી કહ્યું:-"હે ગ્વાળ! મેં તને બોલાવ્યો છતાં તું જ્યારે મ્હારે મહેલે આવ્યોજ નહીં, ત્યારે હું પોતે થઇને આવ્યો છું; હું પાદશાહ અકબર છું. જ્યારે તમે મ્હને મળવા નજ આવ્યા ત્યારે તમારી નિસ્વાર્થ ભકિત જોઈ અલ્લા પ્રસન્ન થયા છે. આ સઘળું દ્રવ્ય ત્હારે માટે ને ત્હારાં બચ્ચાંને માટે સાત પેઢી સૂધી નભે એટલું તેણેજ ખુદ મ્હારી જોડે મોકલાવ્યું છે અને હું લાવ્યો છું. તું આ સર્વ રાખ, અને ત્હારી ખુદાઇ બંદગીમાં હરદમ મશગુલ રહે. જેણે મ્હને આ આપ્યું છે, તેણેજ ત્હારે હિસ્સેનું મ્હારી જોડે મોકલાવ્યું છે. હું જેનાથી પાદશાહી પામ્યો છું તેનાજ આશીર્વાદ ત્હારા ઉપર ઉતર્યા છે." આમ કહી પોતાના સિપાઇઓ પાસે ઉંચકાવી આણેલી સોનાના સિક્કાથી ભરેલી સઘળી થેલીઓ તથા સર્વ ઝવેરાત ઉતારી આપ્યાં.

"ભાઇ વિરાફ!" નસર પૂછવા લાગ્યો:—"શું ત્યારે નફો કરવા સારૂ ઇશ્વરની ભક્તિ કરવી જોઇએ? શું લાભ ને પ્રાપ્તિ કરવા સારૂ ખુદાતાલાને ફુસલાવવા ખાતર બંદગીની જરૂર છે? જો સ્વાર્થ સાધવા સારૂ બંદગી કરવાની જરૂર હોય તો તે હું નહીં માનતો."

વિરાફ:—હે ભૂલેલા ભાઇ! સ્વાર્થ સાધવા સારૂ નહીં, પણ નિસ્વાર્થ ભક્તિની જરૂર છે.

હે ભાઇ નસર! ખુદાની બંદગી ખાલી જતી નથી. એટલા માટેજ આપણે વોહુક્ષથ્ર ગાથામાં ભણયે છિયે કે:—

> યે વહ્યો વંઘહેઉશ દઝદે યસ્યા હોઇ વારાઇ
> રાદત, અહુરો ક્ષથ્રા મઝદાઓ અત અહ્માઇ
> અકાત અષ્યો, યે હોઇ નોઇત વિદાઇતિ
> અપેમે અંઘહેઉશ ઉર્વએસે (વોહુક્ષથ્ર ગાથા.)

જે મનુષ્ય પરમાત્માને ખુશી કરવા સારૂ તેને સર્વસ્વ અર્પણ કરીને આરાધે છે, તે શખ્સને પરમાત્મા પોતાનાં સર્વ બળથી સારાંનાં કરતાં પણ વધારે સારૂં અર્પી તેના હક્કમાં બહુ સારૂંજ કરે છે. વળી જે કોઈ તેની ભકિત કરતું નથી તે મનુષ્યના રૂવાનને દુન્યાંને આખર દહાડે, એટલે કયામતમાં, ખરાબના કરતાં પણ વધુ ખરાબ હાલતમાં મેલશે, જેથી તેને બહુજ વેદના ને પીડાકારી હમણાનાં કરતાં વિશેષ ભોગવવી પડશે માટે હે નસર! જે ધર્મમાં ખુદાએ આપણને પેદા કર્યો તેજ ધર્મમાં રહીને તે ધર્મમાં ફરમાવેલી રાહ ઉપર ચાલશે તો બેઉ જેહાનનાં સુખ મેળવશે; પણ જો અધર્મિ રહીશ તો તું દુઃખ સિવાય બીજો નફો પામીશ નહીં.

धर्म्म एव हतो हन्ति धर्म्मो रक्षति रक्षितः ।
तस्माद्धर्मो न हन्तव्यो मा नोधर्मो हतोवधीत्ः ॥

જો એક મનુષ્ય પોતાના ધર્મનોજ નાશ કરે છે, તો ધર્મ પણ તેને ખડાખાસ્તા કરે છે. અને જે માણસ પોતાના ધર્મનું રક્ષણ કરે છે, તેની રક્ષા તેનો ધર્મજ કરે છે. એટલા માટે પોતાના ધર્મનો નાશ કરવો નહીં. ધર્મહત થયાથી તો આપણોજ નાશ થાય છે.

ખુદાની બંદગી કરવી એજ તે માલેકે મખલુકને ઓળખવાનો સહેલામાં સહેલો માર્ગ છે. તે સાહેબ માત્ર ભકિતને વશ થાય છે, માટે ભકિત વડે તેને પોતાનો કરી લઇ, સઘળો ભાર તેના ઉપર નાંખી દઇ, નચિંત જીવે આપણે રહેવું જોઇએ. સર્વવેત્તા, સર્વ વ્યાપક, સર્વજ્ઞ, સર્વ શકિતમાન, અને પરમકૃપાળુ પ્રભુને શરણે જો કોઇ બંદો જાય, તો પછી તેને કોઈ જાતનો ભય રહેતોજ નથી. તેમ છતાં ઇશ્વરની કૃપા ઉપરજ આશા રાખવી, તે પણ હદસરની હોવી જોઇએ. ફેનીલન કહે છે કે, જે કોઇ માત્ર મોટી મોટી સ્વાર્થી આશાઓ બાંધીને પોતાની ફરજગુજારીનો ફાળો આપે તે છેવટે પસ્તાયા વગર રહેતો નથી.

દેલા ગર ખેરદમંદી ઓ હુશિયાર,
        બેકુન બંદગીએ હકતાલા અખ્તીઆર.
અગર શૂક્રે હક તા બ રૂઝે સુમાર,
        ગુઝારી ન બાશદ યકી અઝ હઝાર.

હે ડાહ્યા ભાઇ! તમે હુશ્યાર છો તો ખુદાની ભક્તિ કરવાનુંજ અખત્યાર કરજો. જો તમે જીંદગીના છેલ્લા દિવસ સૂધી પણ બંદગી કરો તોપણ તે બારે હકતાલાએ તમને જે જે નવાજેશો બખશેલી છે, તેનો હજારમા ભાગે પણ તમે તેનો ઉપકાર વાળી શકશો નહીં.

શહેનશાહ કોન્સટનટાઇનના રાજ અમલમાં તેને ત્યાં કેટલાક ખ્રિસ્તી ધર્મ પાળનારા નોકરો હોવાથી તેણે જાહેરનામું કાઢયું કે; "ખ્રિસ્તી ધર્મ પાળવો હોય તો નોકરી ઉપરથી બરતરફ થવું, અગર જો નોકરી કરવી હોય તો ખ્રિસ્તી ધર્મ તજી દેવો." કેટલાક અધર્મી ખ્રિસ્તીઓએ પેટને લીધે ધર્મ તજી દઇને નોકરી પટ કરી, ને કેટલાક ધર્મીષ્ટ હતા તેમણે તો રાજીનામા આપ્યાં. કોન્સ્ટનટાઇને આ ઉપરથી રાજીનામા આપનારાઓનેજ નોકરી ઉપર કાયમ રાખ્યા ને ધર્મભ્રષ્ટ થનારાઓને બરતરફ કરી કહ્યું કે; "તમારા દીવ્ય ધણીને તજી દેવાને તમે તૈયાર થઈ ગયા તો કોઇ દહાડો વખત આવે તમે મને પણ તજી દેવાને ચૂકો નહીં! જાવ! તે માલેકના નામનું નિત્ય રટણ કરો, તેનું નામ લેવાથીજ તમે સુખી થશો!"

નામ કહત સુખ હોત હૈં, નામ કહત દુઃખ જાત;
નામ કહત સુખ જાત દુરિ, નામ કહત દુઃખ ખાત.
નામ કહત વૈકુંઠ સુખ, નામ કહત અઘખાન;
તુલસી તાતે ઉર સમુઝિ, કરહુ નામ પહિચાન.

ખુદાતાલાનું ફરમાન છે કે; "હે આદમીઓ! તમે મ્હારા ઉપર વિશ્વાસ રાખીને મ્હારા નામથી ગમે તે તમે શુભ માગશો તે હું તમને આપીશ. તમે જો મ્હારા વચનોનો તમારા હૃદયમાં વાસ રાખશો, તો તમારી મરજીમાં આવે તે સારૂં માગશો તે હું તમને આપીશ. મ્હને તો સઘળાં અંતઃકરણ ખુલ્લાં દેખાય છે, અને સઘળાં જીગરોની ઇચ્છા મને તો માલુમજ છે. પાપી હોય તે પણ જો પશ્ચાતાપી અંતઃકરણના નિસાસા અને શોકમય ગમગીનીઓથી માગતો આવે તો તેની ઇચ્છાનો પણ હું તિરસ્કાર કરતો નથી. તમારી ચિંતાઓ મ્હારા ઉપર નાંખી દો, કાંકે તમારે માટે મનેજ કાળજી છે."

નસરઃ-"ભાઇ પ્યારા! એવું કહેતાં ખુદાને કોણે સાંભળ્યા? એ તો ક્રાઇસ્ટ જેવા મહાન્ વિદ્વાને જોડી કાઢેલું તમે કહો છો. એ તો બુદ્ધિશાળી પુરૂષો પોતાની ચતુરાઇથી માણસોને બોધ દેવાને એવી એવી રચના કરી ગયા છે. તમારૂં સમજાવ્યું હું નહીં માનતો."

વિરાફઃ-હે ભાઇ! ક્રાઇસ્ટ શું કે જરાથુસ્ત્ર શું, કૃષ્ણ શું કે રામ શું, બુદ્ધ શું કે મોઝીઝ શું, એ સર્વ આપણાં જેવાં મનુષ્ય તો હતાંજ, પરંતુ તેમના શરીર અહુરમઝદનો અનુભવ થાય એવી લાયકાતવાળાં હોવાથી, તેમના શરીરમાં અહુરમઝદની શકિતઓ અને ડહાપણો એટલાં બધાં આવી ગયાં હતાં, કે તેઓનાં ફરમાનો જાતે જોનારાઓનેજ અનુભવમાં આવ્યાં હતાં, અને જયારે એ બધાઓ ખુદાની બંદગી કરવી સજાવાર કહી ગયા છે, ત્યારે શું તું નસર થઇને એવું ગુમાન લઇ જાય છે, કે તેમની બુદ્ધિ, તેમના જ્ઞાન અને તેમનાં ડહાપણ કરતાં તું કાંઇ વધારે છે? હું તો એટલુંજ માગું છું કે;

જુઝ અઝ બંદગી પીરાએ મન મબાદ!
જુઝ અઝ રાસ્ત અંદીશેએ મન મબાદ!

પાક પરવરદેગારની એબાદતના ધંધા સિવાય મ્હારો તો બીજો કોઈ ધંધોજ ના હોતો! સત્ય સિવાય મ્હને ત્હારી માફક બીજો કોઈ ખ્યાલજ ના હોતો.

સબક ૩ જો.

ભક્ત આધીન ભગવાન.

" Farewell! Farewell! but this I tell
To thee, thou wedding-guest,
He prayeth well who loveth well
Both man, and bird, and beast."

Coleridge.

વિરાફ:—ભાઇ નસર તું ખુદા વીશે અને તેની ખુદાવંદી વીશે શંકાશીલ રહીને તેની બંદગીથી વિમુખ રહે છે, એ જોઇને મ્હને એક ભાઇ લેખે ત્હારા વીશે બહુ દયા આવે છે. પ્રેમનો ભંડાર તે મહાન ભાન (Inteligence) જે છેક હિમાલય-ની તળેટીની દરેક રજકણુમાં પણ વસે છે, તે મહાશક્તિ જે એટલાંટિક મહા-સાગરના છેક છેક ઉંડાં તળિયાંમાં રહેલી રજે રજમાં પણ રમી રહેલી છે, તે અનદિઠ અપારપણું પ્રાધો પ્રાધ કોશ દૂર તમામ સૃષ્ટિમાં સમાઇ રહીને એક નહીં કલ્પી શકાય એવા ગંજાવર કદના પ્રકાશનો ડહાપણથી ભરપૂર ગોળો, જેમાંથી આ બધાં પ્રકાશનાં કિરણો છૂટી રહી જગતો ને જગતો બનેલી છે, તેને વીશે તું લગાર દરરોજ કલાક અરધો કલાક ધ્યાનમાં બેસીને પોતે ને પોતે મનન કરશે તો તું સચ્ચાઇને જોશે, અને તેના તે પ્રકાશને જોઇ તે પ્રકાશ તે તુંજ છે, તે મહાન પ્રકાશનું તું એક કિરણ છે, એમ તને દેખાશે. આપણી ચામડાંની બનેલી આ આંખોએ નજરમાં નહીં આવે એવી, તથા જેને અડકીને સ્પર્શ કરી ન શકાય એવી અનદીઠ, સર્વ વ્યાપી, ચૈતન્યમય કંઇક ચોક્કસ સત્ય વસ્તુ છે, તે પૂર્ણ પ્રેમમય છે, પૂર્ણ જ્ઞાનમય છે, તથા અનંત શક્તિવાળી છે. સંપૂર્ણ સુખ, સંપૂર્ણ જ્ઞાન, સંપૂર્ણ બળ અને સંપૂર્ણ સત્ય જે એકમાં એકત્ર થઇને રહેલાં છે તે મહાન શક્તિ તેજ અહુરમઝદ છે, અને તેને વીશે તું જેટલો વખત તકરારમાં ગુમાવે છે તેટલો વખત તેની બંદગીમાં ગુજારે તો કેવું સારૂં! ત્હારા જેવા શિખેલા ભણેલા કેટલાક વિદ્વાનો પરમેશ્વરની હસતીના સંબંધમાં તર્કવિતર્ક કરીને ખોટી વઢવાઢ કરે છે, પણ જાણજે ભાઇ, કે પરમેશ્વર એ એક સત્ય સ્વરૂપ છે, તેને વાદવિવાદ કે તકરાર મારફતે ઓળખાવવા બેસવું એ ડહાપણ ભરેલું નથી. તેના વીશે પ્રશ્ન કરવા એ અતિ પ્રશ્ન કહેવાય એનું સ્વરૂપ કેવું છે એ નક્કી કરવાની જરૂરજ નથી. સત્યને કોઇ ચીજની મદદની બીલકુલ જરૂર નથી.

જનમ સબ ખોયો ખટપટમેં, પ્રભુકો ન રટયો અપને દીલમેં.—જનમ.
કહત કબીરા સુનો ભાઈ સાધો, પ્રભુ બસે અપને મનમેં.—જનમ.

જુબર્ટ કહે તેમ "સત્યના હાથમાં હથિયાર આપવાની કાંઇ પણ જરૂર નથી." ભાઇ નસર ! પૈસાની પુજા એ તો શેતાનની પૂજા છે ઉપલકિયા ને ઉપર ચોટિયા જ્ઞાન એ તો અસુરી જ્ઞાન છે. દીનદારી સિવાય એકલી દુન્યાદારી એ તો સ્વાર્થિ વેપાર છે. ત્હારો જીવ જે છે તે એક દમની હિમાયતમાં છે, અને દુન્યા જે છે તે એક બુજબુદ એટલેજે આતશ છે. માટે દીનને દુન્યાં સાફ ના વેચ યુસુફને જેમણે વેચ્યો તેઓ તેનો કેવો બુરો નતીજો પામ્યા, તે ઉપર વિચાર કર કુરાનમાં કહ્યું છે કે; "ઓ આદમના બેટા ! મેં શું ત્હારૂં વચન નહીં લીધું હતું કે, તું શેતાનની પુજા રખે કરતો ?"

દાયમ હમે બા બા હમે કસ દર હમે કાર,
મદાર નેહોફતે ચશ્મે દેલ જાને બ યાર.

કંઇ નહીં ભાઈ! તું દરેક જગાએ, સર્વ માણસો સાથે, બધાં કામોમાં મશગુલ રહે, પણ ત્હારાં દીલની આંખ અને ત્હારૂં ધ્યાન ધક તો એકલા એક ત્હારા યાર એટલે ખુદા સાથેજ લાગેલું રાખ ! હે ભાઇ ! જો તમે તમારા મહાન બાપ દાદારની ડાકે બચ્ચાંની પેઠેમ વળગી રહેશો તો, જેમ ઘણા વખત પહેલાં, મેમરીના મેહાનોમાં એટલે અસલના બાવા આદમના ઘરમાં ખુદાના હુકમથી ફરેસ્તાઓ તેની બંદગીના અવાજો સાંભળતાંને વાર આવતા હતા તેમ તમારા પોતાના ઘરમાં પણ આવશે

"મોટા ભાઇ વિરાફ !" નસર કહેવા લાગ્યોઃ—"શું ત્યારે આંધળાં યકીનથી બધું માની લઉં ત્યારેજ હું તમારી નજરમાં ઠીક લાગું ? કેમ ? શાથી ? એમ કાં ? એવા સવાલો પૂછી ખાત્રી કીધા શિવાય બસ માનીજ બેસવાનો આ જમાનો નથી ભાઇ રોમન કેથલિક ધર્મના મંત્રોમાં સુધારા વધારા કરનારી સીનાની કેઠરાઇન કહો ! કે ધર્મના પાખંડો ઉઘાડાં પાડનારા સ્કોટલંડના ધર્મ સુધારક જોન નોકસ કહો, તેઓએ પોતાની માન્યતા ઉપર ચુસ્ત શ્રદ્ધા ને યકીન હોવાથી તેમને પોતાનું મત ખરેખરૂં લાગ્યું ત્યારેજ તેઓ પોપ જેવા પોપની પણ સામે માથું ઉંચકવાને ડર્યાં નો'તાં માટે પેગંબર જરથોસ્ત બંદગી કરવા ફરમાવી ગયા માટેજ મ્હારે બંદગી કરવી જોઇએ, એ હું સાફ ના પાડું છું. કાળાં માથાંનો માનવી શું નહીં કરી શકતો, તેનો આપ પ્રથમ વિચાર કરો."

"સોક્રેટીસે કહ્યું છે તેમ," વિરાફ બોલ્યો; "જે માણસ વગર અભિમાને પોતાને સંપૂર્ણ કરવાનો ભરે પ્રયાસ ને પ્રયત્ન કરે છે તેજ સર્વમાં શ્રેષ્ટ છે, અને જે માણસ નિરાભિમાની રહી પોતાને સંપૂર્ણ કે પરિપૂર્ણ સમજે છે તે સૌથી સુખ્યારો છે; પરંતુ અહંકારથી પોતાને સર્વજ્ઞ માની બેઠેલો શખ્સ જરૂરજ દુઃખ ભોગવીને મરે છે. હે નસર ! ત્હારૂં હું–પદ છોડશે નહીં ત્યાં સુધી તને અહુરમઝદની ઓળખ થશે નહીં; અને તેની ઓળખ થશે નહીં ત્યાં સૂધી તને બંદગીનો

રસ લાગશે નહીં. નેબુચદનઝર એકવાર બેબીલોનના રાજાની દરબારમાં આવીને ગરૂરી કરતો પૂછવા લાગ્યો કે; "આ મહાન બેબીલોન, શું મ્હારા એકલાના બળ અને શકિતથી આપ નામદારને માટે મેં પોતે નથી બાંધ્યું?" જેવું તેણે આ વચન ઉચ્ચાર્યું, કે તુર્તંજ તેને માણસોના વસવાટથી દૂર હાંકી કાઢવામાં આવ્યો હતો, અને તેણે બળદો માફક ઘાસ ખાઇને જીંદગી પૂરી કરી હતી. મરતે દહાડે ગરૂડ પક્ષીના પીંછા જેવા તેના સઘળા બાલ દવથી ભિંજાઇને સફેદ થએલા, તથા પક્ષીઓનાં નખ જેવાં તેનાં નખ થઇ ગયાં હતાં. માટે હે ભાઇ! નેબુચેદ જેવું હું-પણું છે.ડીને આંધળાં યકીનથી તો આંધળાં યકીનથી પણ તેની બંદગી કર, ને તેને મોટો સ્વીકાર. ખરાં યકીન ને દિલદારીથી તથા જાંનફેશાની અને પાક નીયતથી કીધેલી બંદગી, ખરાબ માણસની તથા વહેમી અને ધાસ્તી ભરેલા વિચારોની સામે થવાને, આપણે માટે એક મજબુત હથિયાર થઇ પડે છે વિશાપ વિપત્તિના વખતમાં ખરા દિલની ભકિત આપણામાં એક જાતનું શૂર ઉત્પન્ન કરી હિંમત ને સધિયારો આપે છે. જેથી આપણી સામે ઉત્પન્ન થએલી મુશકેલીઓને ઘણે ભાગે દૂર કરવાને આપણે શકિતવાન થઇએ છિયે. અશો જરથોસ્ત પેગંબરને મારી નાખવાને માટે જ્યારે તમામ દુષ્ટ શકિતઓ ને દેવ દરૂજે મનસુબો કરીને આવ્યા હતા ત્યારે તે સત્યવાદી સદ્ગુરૂએ તે વેળાએ જે ઉપાયો કામે લગાડયા હતા, તેમાંનો સૌથી પહેલો ઈલાજ એજ હતો, કે તેવણ "યથા અહૂ વૈર્યો" ના એજમતી ને બરકતી કલામ મોટે સાદે ગાઈને ભણ્યા હતા, તેમ તું પણ ભણ એ નસર, નાસ્તિક નહિં થા!

વીસાંસ્તચ ક્ષમાઓ નામેનીશ પરસ્તસ્ચ
પઇરિ-વારસ્ચ વીસેન્તે, પઇરિ મઘન્ય ઓ યાત
કુજત, વરેન્યયાતચ દ્રવાંઘયાત, ઝીઝીયૂશતચ
કયધાત વીસ્પો-મહરકાઅતચ પઇરિ દ્રવતત યત
અંગ્રાત મૈન્યઓત; માનયેન અહે
યથ હઝંઘ્રેમ નરામ ઓયુમ નરેમ ઐવ્યાક્ષયોઇત.

(હોરમઝદ યશ્ત.)

જે પ્રમાણે એક માણસની ઉપર ચોકસી રાખી તેનું રક્ષણ બીજાં એક હજાર માણસો કરે, તેજ પ્રમાણે પરમાત્માના નામ માત્ર લેવાથી ગુપ્ત દુષ્ટ શકિતઓ તથા ગીલાન જેવા દુષ્ટ લોકોના લોકોથી ત્હારો બચાવ થશે પરમેશ્વરનું નામ માત્ર ઉચ્ચારવાથી તને નુકશાન પહોંચાડનારા પાપી મુઈઓની સામે તે નામ ઢાલ રૂપે થઇ પડશે. તમામ મરકીવાળી મોત નિપજાવનારી શકિતઓ જેને અગ્રેમૈન્યુશની સત્તા કહેવામાં આવે છે, તેની સામે પણ તને ધૈર્ય રાખવા, હિંમત આપવા, તને ટેકો આપી ત્હારો બચાવ કરવાને માત્ર ખુદાની બંદગી અને ખુદાનું નામજ બસ છે. પૂરતું છે તે મુબારક નામ, દુઃખ દહોને કે સંકટ વિકટને દફે કરવાને!

નસરઃ—ભાઈ! ભાઇ! તમે મારી કુટીને મ્હારી પાસે બંદગી કરાવવાજ માગો છો, અને ખુદાનું માત્ર નામ લીધાથી પણ માનવી જાતનું સાર્થક થવાનું જણાવો છો તો તે હું કેમ માનું? એવું એવું હું કાંઇ માનતો નથી.

વિશફઃ—એટલાજ માટે હે ભાઇ ત્હારી શંકાનો અંધ કવિ મીલ્ટન જવાબ આપી ગયા છે કે; "સત્ય ઉપર હુમલો કરી શકાશે પરંતુ તેને નુકશાન તો કહિયે કરી શકાશે નહીં. ગેરવાજબી જબરદસ્તીથી તેને ઘેરી શકાશે ખરૂં, પણ તેને કેદ પકડી શકાશે નહીં." નામની બરકતને લીધે તો વેપારીના નામનું માત્ર એક પાટિયું હજારો રૂપ્યે વેચાય છે. નામ લીધાના ગુણથી તો કુંપનીનાં માત્ર ગુડવીલની મોટી કિમ્મતો અપાય છે. નામની માત્ર શાખ ઉપરથી તો લાખોની ધીરધાર ચાલે છે. નામ માત્રના વિશ્વાસથી તો આખું જગત્ ચાલે છે.

ચિત્ત ભાવ બિનુ ચરશિયા, સેહેજ પુકારે રામ;
વાકો પદ પય પિબત બહુ, એસો પરતાપ હરિ નામ.

ખુદાનું માત્ર નામ લેનારનો કેટલો બધો દરજ્જો કહેલો છે, કે કુવામાંથી કોશ ખેંચનારો કોશિયો જ્યારે ખુદાની કૃપાથી કુવામાંથી થાળાં સૂધી કોશ જેવો આવે છે, કે બળદ હાંકનારને તે વાતની જાણ કરતી વેળાએ "આવે એ એ રામા!" કરીને ખુદાનું નામ, ચિત્તમા રાખ્યા વગર કે ભાવ રાખ્યા વગર પોકારે છે, તો ઉભારમાંથી તે કોશિયાના પગ ધોવાયેલું જે પાણી વહે છે તે પાણી પીવા પણ સૌને બહુજ ભાવે છે, પછી તે કોશિયાનો પગ કોહેલો સડેલો કે કોઢ નિકળેલો કાં નહીં હોય તેની પણ કોઈ તપાસ કરતું નથી. ખુદાનું માત્ર નામ લેવાનો પ્રતાપ એટલો બધો છે

સબક ૪ થો.

શ્રદ્ધામાંજ વસે ખુદા.

He that shuts Love out, in turn shall be
Shut out from Love, and on her threshold lie,
Howling in outer darkness.— *Tennyson.*

ખુદા તો ભાવનો ભૂખ્યો છે. પ્રભુ તો પ્રેમનો તરસ્યો છે. શ્રદ્ધા બસ શ્રદ્ધા અને આંધળાં યકીનની પણ પોતાના તરફની ફીદાગીરી અને વિશ્વાસ ઉપરજ તે મોહી પડે છે. પોતાનો ભકત કોઇ પણ રીત વાપરીને તેના ઉપર ભરોસો રાખે છે તેને તે માગ્યું આપે છે, પરંતુ અશ્રદ્ધા અને અવિશ્વાસથી તે પ્રસન્ન થતા નથી.

એક જંગલી પ્રદેશમાં મહાદેવનું દેહરૂં હતું. ત્યાં મહાદેવની સેવા ચાકરી અને પુજા કરવાને એક બ્રાહ્મણ ૧૨ વર્ષથી નિત્ય જતો, અને પોતાને પુત્રની

અને ધનની પ્રાપ્તિ થાય એવી નિત ઉઠીને પ્રાર્થના કરતો. પરંતુ સાંજને છેડે જ્યારે દેહરાંમાં ઘંટ વગાડી બારણું ઢાંકીને શેહેર ઘેરે જતો ત્યારે તૂટેલે દિલે બડબડતો કે; "એ પથ્થરની મૂર્તિ શું આપવાની!" આવી તેની ઓછી યકીનદારી યાને અશ્રદ્ધાનું કાંઇ પણ ફળ મળ્યું નહીં. દેહરાં આગળ થઇને એક કઠિયારો જંગલમાંથી લાકડાં વાઢીને હરરોજ માથે ભારો મૂકી પસાર થતો હતો, તેણે એક સાંજે પેલા બ્રાહ્મણને રોકીને પૂછ્યું:–"અલ્યા બામણા! નિત રોજ તું આ દેહરીમાં ભરાઇને શું કરે છે?" બ્રાહ્મણ કહે:–"ભાઇ! મહાદેવની **સેવા ચાકરી** કરૂં છું. મહાદેવની **સેવા ચાકરી** કર્યે તો મહાદેવ છોકરાં આપે, ધન દોલત આપે, ને બધુંએ આપે!" કઠિયારાને આ વાતની શ્રદ્ધા લાગવાથી જંગલમાંથી આવતાં બરાબર ભારો ભોંયે મૂકી એક લાકડી લઇને દેહરાંમાં ભરાઈ મહાદેવને ખૂબ મારવા ને બડફાટવા લાગ્યો. તેના મનમાં કે છોકરાં જેમ મસ્તીખોર થાય તેની **સેવા ચાકરી** (!) કરવી એટલે મારવાં, બડફાટવાં, તેવીજ કાંઈ **સેવા ચાકરી** મહાદેવની કરવાની હશે! કેટલેક મહિને તેને ત્યાં પુત્રની વૃદ્ધિ થઈ, અને જંગલમાં ઉગેલાં ચંદનના ઝાડોના ભારા ઉંચકી લાવતાં, આગળ કરતાં ભારાની કિમ્મત ચોવડી મળવા લાગી. એટલે પછી તો ઘણા ઉત્સાહ ને ઘણી શ્રદ્ધાથી દેવની **સેવા ચાકરી** કરવા લાગ્યો વર્ષો પસાર થાય તેમ તેમ તેની ઝુંપડીમાં તો બચ્ચાં બાળાંની રેલછેલ થઇ ગઇ, અને પૈસો પણ ખૂબ કમાવા લાગ્યો. એક દહાડાના સમયે તે મહાદેવને બડફાટતો હતો એવામાં બ્રાહ્મણ આવી લાગ્યો. તેણે આ પ્રમાણે દેવને અપમાન કરતાં જોઇ ક્રોધે ભરાઇ કઠિયારાને ધમકાવ્યો કે; "કેમ રે અલ્યા છેક ફાટો કે? દેવને કેમ બડફાટયા?" કઠિયારો કહે:—"બામણા! દેવની **સેવા ચાકરી** કરવા તેંજ મ્હને કહ્યું હતુંને! હું ત્હારો પાડ માનું છું, કે તેં મ્હને આ ઉત્તમ રસ્તો બતાવ્યો, અને દેવની સેવા ચાકરી કરી હું નિત ઉઠીને માંગતો કે; 'મ્હને દીકરા આપ! દોલત આપ!' અને દેવે મ્હારી અરજ સાંભળી, મ્હારી **સેવા ચાકરીથી** ખુશી થઇ મ્હને ધન દોલતે ને બચ્ચાં છોકરાંએ નેહાલ કીધો, એમાં મેં શું ખોટું કર્યું?" બ્રાહ્મણે તુર્તજ દેવના ચરણે માથું મૂકી રોઇ દીધું કે; બાર વર્ષ **સાચી** સેવા ચાકરી કરી પણ શ્રદ્ધા વગર કીધી, વિશ્વાસ ને યકીન વગર કીધી તેનું મ્હને કાંઇ ફળ ન મળ્યું, અને આ દુબળે **ખોટી** સેવા ચાકરી કરી પણ વિશ્વાસ, યકીન, અને શ્રધ્ધાથી કીધી તેનું તેં ફળ આપ્યું.

તુલસી દેવલ રામકે, લાગે લાખ કરોર:
કાક અભાગે હગિ ભરે, મહિમા ભયઉ ન થોર.

લાખો ને કરોડો રૂપિયા ખરચીને પ્રભુના માટે દેવલ બંધાવ્યું હોય, પરન્તુ અભાગ્યો કાગડો તે દેવલ ઉપર બેસીને અઘી મૂતરી ઉઠે તો પણ દેવનો મહિમા અને દેવની મહેર લહેર કાંઇ ઓછી થતી નથીજ!

ભાઈ નસર! આપણા જરથોસ્તી શાસ્ત્રોમાં તો સકામ ભક્તિ તેમજ નિષ્કામ ભકિત બન્નેને કબુલ રાખેલી છે. માટે તું શ્રદ્ધાથી સ્વાર્થ માટે ભકિત કરશે તેનું દુન્યાઇ ફળ તેટલા પૂરતુંજ મળશે, પરંતુ સ્વાર્થ રહિત નિસ્વાર્થ ભકિત કરીશ તો આ જેહાનનું સુખ અને તે જેહાનનું શ્રેય બન્ને આપોઆપ મળશે. અહુરમઝદની યકીન રાખીને બંદગી કરવી એજ મનને શુદ્ધ કરનારૂં સર્વોત્તમ સાધન છે. વગર સ્વાર્થે ભકિત કરવાથી અધમમાં અધમ પાપી પણ શુદ્ધ થઇ મુકિત પામે છે. માટે જેઓ પાપ વૃત્તિના હોય, જેઓ બંદગીનું મોટપ પોતે સમજવા માંગતાજ ન હોય, તેમણે બીજા ભકતને ભકિત કરતાં કે બીજા કોઈ બંદાને બંદગી કરતાં ખત્રો નાંખવો નહીં, એ પણ તેમને માટે કાંઇક પુન્ય ગણાશે

એક જુલમગાર પાદશાહે એક ખુદાના લાલથી જાણવા ઈચ્છયું, કે "મ્હારે માટે બંદગીઓમાં કઇ બંદગી ઉત્તમ છે, કે જેથી હું પરમાત્માને ખુશાલ કરી શકું?" પેલા ફકીરે ઉત્તર દીધો; "ત્હારે માટે તો છેક બપોર સૂધી સુઇ રહેવું એજ ભકિત સર્વથી મોટી છે. કાંકે તેટલો વખત તું ત્હારી દુઃખી પ્રજાને દુઃખ નહીં દઈ શકશે! એટલીજ બંદગી ત્હારે સારૂ ઘણી મોટી થઈ પડશે. એટલો વખત તો ત્હારાથી દુઃખી થએલાં કરારે શાંતિમાં રહેશે!"

"જાલેમીરા ખુફતે દીદમ નીમ રોઝ; ગોફતમ ઇં ફેતનસ્ત ખાબશ બુર્દે બેહ.
આં કે ખાબશ બેહતર અઝ બીદારી અસ્ત; આં ચુનાં બદ ઝીંદગાંની મુર્દે બેહ."

(સાઆદી)

મેં એક દુઃખના દેનાર દુષ્ટને બપોર વેર ઉંઘેલો દીઠો ત્યારે હું બોલ્યો કે; આ કજીયાખોરો ફીતનેબંગીઝ ઉંઘમાંજ પડેલો ભલો! એનું ઉંઘવું જાગવા કરતાં બેહતર છે. તે તો મુવેલોજ ભલો. ભલેને, યુનિવર્સિટીના ઉંચા અભ્યાસથી એમ. એ; કે બી. એ. થયા હો, અને તે જાતનાં શિક્ષણથી ખુદા અને તેની બંદગી વીશે વસવસો થયો હો, તોપણ અભણ દેખાતા ખુદા-પરસ્તોની વચમાં માથું મારી તેમને પણ વગર યકીનના તું કરીશ મા વડો કુલપતિ અબ્રાહામ, અબ્રાહામનો પુત્ર ઇસાક, અને ઇસાકનો પુત્ર જેકબ વાંચી લખી પણ જાણતા નો'તા સાદી ત્રિરાશી પણ નો'તા કરી શકતા. બાઈબલમાં કહેલા મનુષ્યોના મૂળ વડવાઓ પણ અભણ હતા, પરંતુ તેઓ ઇશ્વર ભક્તિથી હાલના ગ્રેજયુએટો કરતાં લાખ દરજ્જે આગળ વધી ગયા હતા.

જળ વડે જેમ અંગ શુદ્ધ થાય છે; સત્ય વડે જેમ મન શુદ્ધ થાય છે, વિદ્યા અને તપ એ બેનો જોગ મળવાથી જેમ આત્મા શુદ્ધ થાય છે, અને જ્ઞાને કરીને જેમ બુદ્ધિ શુદ્ધ અને નિર્મળ થાય છે, તેમ ભક્તિએ કરીને દુઃખના લાગેલા ડાઘ, પાપનાં પડછાયાં, અને મનોવિકાર જરૂર જરૂર દૂર થાય છે.

સબક ૫ મો.

પાપનો પસ્તાવો કરી ફેર પાછો !

"In the morning this is a golden key to open the heart for God's service, and in the evening it is an iron lock to guard the heart against sin"—*Secker*.

નસર:—ભાઇ વિરાફ ! ત્યારે તમારા કહેવા મુજબ તો પાપમાંથી છૂટકારો પામવાને સારૂજ બંદગી કરવાની જરૂર છે; તો કર્મનું બંધારણ કેમ રહે ? બંદગી કર્યે તો પાપ નષ્ટ થાય એ હું નથી માનતો.

વિરાફ:—હે નસર ! બંદગી કરતાં જે બંદો પોતાના પાપોનો પસ્તાવો કરતો જાય છે, ગુન્હાની માફી માંગતો જાય છે, અને તે ગુન્હા નહીં કરવાની કબુલત જેમ જેમ ખુદાતાલાને આપતો જાય છે, તેમ તેમ તેણે પાપ કે ગુન્હા કીધાજ નથી એવું દૃઢ કરતો જાય છે. તે બંદો બંદગી કર્યાં કાધાથી એવી સ્થિતિ પ્રાપ્ત કરે છે, કે પાછું તે જાતનું પાપ કરેજ નહીં. જેને ખુદા ઉપર દૃઢ શ્રદ્ધા ને યકીન ચોંટે તે ઇશ્વર ઉપર મજબુત આધાર રાખતો થઈ પડે છે; પરંતુ તેવી દ્રઢ યકીનદારી ન હોતાં હજી વસવસો રાખતો હોય તેની બંદગી તેનાં પાપ કર્મ કાપી નહીં શકે. પાપોની તોજેશ પૂરી કરવા સારૂ બંદગી તો અવશ્યની છે.

એક વાણિયા અને મિયાંભાઇ વચ્ચે શરત પડી. વાણિયો કહે કે, મ્હારો રામજ ખરો છે ! મિયાંભાઇ કહે: "મ્હારો રહેમાનજ ખરો છે."

"જો ત્હારો રામ ખરો હોય તો જોઉં, આ ઝાડ ઉપર ચઢીને રામ નામ લઈને કૂદકો મારને ! ત્હારો બચાવ રામ કરે છે ખરો કે, તે હું જોઇ લઇશ !" લોક લોક ભેગું મળ્યું. વાણિયો તો ઝાડે ચઢયો ને રામનું નામ લેઇને આંધળાં યકીનથી, આંખ મિચીને, કૂદકો મારી ભોંયે પડયો, અને સાજો સમો ઉભો થઇને મૂછો મરડીને મિયાંભાઇને કહેવા લાગ્યો;

"હવે ત્હારા રહેમાનનો તો પ્રતાપ બતાવ, જોઉં !" મિયાંને ખેઝાલત લાગી. તેણે વિચાર્યું કે, "એનો રામ તો બળવાન ને તેજસ્વી દેખાય છે ખરો, કેમકે એનો હાથ કે પગ કંઇ ભાંગ્યો નહીં, મગર કોણ જાણે મ્હારા રહેમાનમાં એટલું પાણી નહીંએ હોય, તો પછી મ્હારાં તો પાંસળી નકામી ભાંગશે !" આવું ડામાડોળ ઇમાન રાખીને ઝાડે ચઢયો, અને મનમાં રામનાં નામની મોટાઇનો વસવસો રાખી, બહારથી મોટેથી લોક સાંભળે તેમ રેહમાનનું નામ બોલી, ઝાડ ઉપરથી ભૂસ્કો માર્યો એટલે મિયાંભાઇના બન્ને હાથ પગ ભાંગી ગયા. કારણકે તેનું દૃઢ એક ઇમાન નો'તું પરંતુ મિયાંજી એવુંજ ગુમાન લઇ ગયા કે રામનાજ

નામમાં કરાંમત છે, રેહમાનના નામમાં કંઇ કરામત કે બરકત નથી. ત્યારે વાણિયો કહેઃ—"હે મિયાંજી! શા માટે અમથા કૂટાઇ મરો છો! રામ ને રહેમાન તો સૌ એક ને એકજ પણ તમારાં યકીન ડામાડોળ તેને રામ શું કરે, તે રહેમાને શું કરે ?

"સાચું હરિનું નામ, ભાઇ સાચું હરિનું નામ;
ખોટી કાયા, ખોટી માયા. ખોટાં ધન સુખ ધામ—ભાઇ.
સાચ તજીને ખોટાં માટે, ભટકે તું શું કામ ?
ઠાળા આવ્યા, ઠાળા જાવું, અંતે ઠાળું ઠામ—ભાઇ.
પ્રભુ ભજન ભવસાગર તારે, પણ તેનું નહિં ભાન,
ઘડી પલકનો નહિં ભરૂસો, કાં ન રટિ લે રામ!—ભાઇ."

સંસાર વહેવાર નિભાવવાની તમને સ્પૃહા હોવાથી તમે ભકિત કે જ્ઞાનના ખરેખરા અધિકારી થતા નથી. ભકિત જ્ઞાનના ખરેખરા અધિકારીને તો પોતાના વહેવાર બગડો કે સમરો તેની સ્પૃહા હોતીજ નથી. સંસાર વહેવારને સાધવા ઉપર તેનું નિશાન તો ટાંકેલું હોતુંજ નથી. પરમેશ્વરનું અખંડ ચિંતન કરવું, અને તે માલેકનેજ અંતરમાં તથા બહાર જોવા, એજ તમારો મૂખ્ય આશય અને કર્તવ્ય રાખો ભાઇ. અને આ કર્તવ્ય તથા આશય સિદ્ધ કરતાં તમારો વહેવાર બગડે કે સુધરે તેના ઉપર એ ભાઇ! તમારી નજર રાખશો જ ના. તમારી દ્રષ્ટિ તો પરમાત્માના સ્વરૂપ સાથે અખંડ સંલગ્ન થઇ રહેવી જોઇએ તમારાં આવાં વર્તનથી તમારો સંસાર વહેવાર તે માલેક કદિ બગાડશેજ નહીં. પરમાત્મા પોતે થઈનેજ તેનું નિવારણુ કરશે.

આદમીઓની રૂચિ જુદી જુદી હોવાથી તેમણે પોત પોતાની રૂચિ પ્રમાણે ખુદાની પાસે જવાના જુદા જુદા માર્ગ પસંદ કરેલા છે. કોઇ સાંખ્ય, કોઇ યોગ, કોઈ શૈવ, કોઇ વૈષ્ણવ કોઈ મુસલમાન, કોઇ જરથોસ્તી, કોઇ ક્રિસ્ટી, એ પ્રમાણે અનેક માર્ગો છે, તેમાંના કોઇ એક માર્ગને એક માણસ શ્રેષ્ઠ કહે છે, તો કોઈ બીજાને પસંદ કરવા લાયક જણાવે છે. કોઇને સરળ માર્ગ પસંદ પડે છે, તો કોઇને કડક ને કઠણુ માર્ગ પસંદ પડે છે; પણુ જમીન ઉપર પડેલું પાણી જેમ અનેક માર્ગે થઇને આખરે સમુદ્રમાંજ જાય છે, તેમ ગમે તે માર્ગ પસંદ કરે, તો પણુ આખરે સર્વને એકઠા મળવાનું મધ્યબિંદુ તો પરમેશ્વરજ છે. તેના સિવાય બીજી ગાત છેજ નહીં.

આપણું મન આખો દહાડો અહુરાનાજ વિચારો કર્યા કરે એવું કરવું એ આપણા પોતાનાજ હાથમાં છે. બીજો કોઇ આપણે માથે હાથ મૂકીને અહુરાનાં દર્શન કરાવે એમ માની વગર ભક્તિએ અયાસી પડી રહેવું મિથ્યા છે. હે નસર! આત્મા વડેજ આત્માનો ઉદ્ધાર કર. ત્હારાજ પ્રયત્નથી ત્હારાં મનને પાપ મુકત

કરીને શુદ્ધ વિચારો કરતું બનાવ. નસાઇ જેવું તો એ છે, કે જે કામને તું કઠિન માની બેઠો છે, તે કામ તું પોતે પાર પાડવા માગે તો નહીં પાર પડવાનું, ને બીજો તે કામ હાથ ધરશે તો પાર પાડી આપશે, એવું તું સમજતો થઇ ગયો છે; પરંતુ ત્હારૂં કામ ત્હારેજ હાથે જેટલું પાર પાડી શકાશે એટલું બીજાથી કદિ પાર પાડી શકાવાનું નહીં. ત્હારીજ બંદગી તને જરૂર કામ લાગશે.

કાનકો કામ ન નાક કરે, અરૂ નાકકો કામ ન કાનતેં હોઇ;
આંખકો કામ ન જીભ કરે, અરૂ જીભકો કામ ન આંખતેં હોઇ.
હાતકો કામ ન પાંઉં કરે, અરૂ પાંઉંકો કામ ન હાતતેં હોઇ;
ગ્યાન ન ઔર વિષે રસ ઇંદ્રિય, કયોં કરકે વહ ચેતન હોઇ?

ભાઈ નસર! આપણી પોતાની શ્રદ્ધાથી કરેલી ભકિતજ આપણને કામ લાગશે, ને પાપ મુકત કરશે, શ્રદ્ધા યાને યકીન વગરનું બધું ખોટું છે. એબલે જે શ્રદ્ધાથી યજ્ઞ કર્યો, નોહાએ જે શ્રદ્ધાથી આર્ક (કમાન) ઉભી કીધી, અબ્રાહામે જે શ્રદ્ધાથી પોતાના ઘરનો ત્યાગ કર્યો, તે શ્રદ્ધા એક યા બીજી પુરાવાવાળી માન્યતામાં યકીન હોવાથીજ તેમને ધાર્યું તે પાર પાડયું હતું. ગમે એવાં દુઃખ કે વિટંબણાને તેઓએ પોતાના યકીનથીજ હલકાં ગણ્યાં, ને જે સત્ય તેમને સત્ય લાગ્યું તેજ તેમણે કર્યું. હર રોજ હાવન ગેહમાં ભણુતી વેળાએ મ્હને તો, "અમવન્તેમ, વેરેથ્રાજનેમ, વિત્બએષંઘહેમ, વીસ્પ ત્બએષાઓ તઉર્વયન્તેમ, વીસ્પ ત્બએષાઓ તિતરેન્તેમ;—પરમેશ્વરની ભકિતથી હિંમત આવે છે, કેમકે તે ફત્તેહ આપનારી, દ્વેષને દૂર કરનારી, તમામ ખાના ખરાબીઓને તોડનારી, તમામ આફતોને ટાળનારી મ્હને તો માલુમ પડી છે. ક્રાઇસ્ટે પોતાના આખાં બાઇબલનો સાર એક વકીલને એટલોજ કહ્યો હતો કેઃ—" ત્હારા ઇશ્વર પ્રભુ ઉપર ત્હારાં સઘળાં અંતઃકરણથી, ત્હારા અખંડ આત્માથી, ત્હારાં સઘળાં મનથી, તું પ્રીતિ રાખજે. આ આજ્ઞા સૌથી પહેલી ને વળી મોટી છે; અને બીજી પણ તેના જેવડીજ મોટી છે તે એ છે કે; તું ત્હારા પાડોશીને પોતાની માફકજ ચ્હાજે અને તેને પણ સારો માર્ગ બતાવજે!" ભાઇ! આ બે આજ્ઞા ઉપર સઘળા ધર્મ અને પેગંબરોનો આધાર છે. માટેજ હું તને બંદગી કરવાનો સારો માર્ગ બતાવવાની મ્હારી ફરજ સમજું છું. જો ત્હારૂં દિલ પાક હોય, અને પ્રેમ ભકિત ને રાસ્ત બંદગી મજબુત હશે તો ત્હારો કોઈ પણ પાસો અવળો પડશે નહીં, ને પડશે તો જણાશે નહીં, ને જણાશે તો તું ખમી લેશે. મોટાં તુફાન પછી આપણે એકદમ સંધું શાંત પડી ગએલું વારંવાર અનુભવ્યે છિયે. રાતના ગભરાટોને આપણી સહવારો આનંદમાં ફેરવી દે છે. માટે

ચુનાન રવ કે પૂરસદત રૂએ શુમાર;
ન પીચી સર અઝ શર્મે પરવરદેગાર.

હે ભાઇ! તું આપણી બંદગીના રૂડા માર્ગે ચાલ્યો જા, કે જે દહાડે કેઆં-

મતનો વખત આવશે, અને "તેં ખુદાને યાદ કર્યો કેમ નહીં?" એમ સવાલ કરવામાં આવશે ત્યારે તને બેજાલત લાગીને શરમથી ત્હારૂં મોઢું નીચું કરવું તને નહીં પડે!

નસર—"ભાઇ વિરાફ! જેઓ બંદગી નથી કરતાં તેઓ કાંઇ ભૂખ્યાં સુતાં નથી. સૂર્યનો પ્રકાશ મેળવવાને પણ નાલાયક એવા પાપી મનુષ્યો કેટલાં બધાં પડેલાં છે, તોએ સૂર્ય તો તેમના ઘરમાં તડકો ને પ્રકાશ બન્ને નાંખે છેજ. ત્યારે બંદગીથી વધુ શું થવાનું છે?" નહીં ભાઇ, નહીં. એમાં ત્હારી સમજ ફેર થાય છે. વિરાફ બોલ્યો:—

ખુદાવંદે રૂઝી બ હક મુશ્તગેલ;
પરાગંદે રૂઝી પરાગંદે દેલ.

રોજી અને દોલતના સાહેબો તો હમેશાં હકતાલાની યાદમાંજ ગુંથાયલા રહે, અને પરાગંદે રોજીવાળા યાને વગર પુંજીવાળાઓજ હમેશાં દુઃખી ને પરાગંદે દીલથી રહે છે. આ દુન્યાંની દૌલતને જેમ ઉંઘમાં લોકો સારી કે માઠી વસ્તુ લેખે જૂએ છે, પણ જાગ્યા પછી કાંઈ વસ્તુ રહેતી નથી, તેવીજ આ દુન્યાની દૌલત છે. જેના વડે સર્વ સાચાં સુખની પ્રાપ્તિ થાય છે, તથા પારમાર્થિક મુકિત અને મીનોઇ સુખ પણ પ્રાપ્ત થાય છે તે ધર્મ અને ભકિતથીજ થાય છે, દૌલતથી નહીં. માણુસ જેમ જેમ સુધરતું જાય છે, તેમ તેમ તેની ધર્મભાવના અને ઇશ્વર ઉપરનો પ્રેમ અને વિશ્વાસ પણ સુધરતો જાય છે. ભાઇ નસર! તું ખુદાતાલાના ભેદના ઉંડાણમાં હમણા ઉતરી શકતો નથી, માટે એ ગુહ્ય ને ગુપ્ત વાતમાં વાદવિવાદ કરવાનું છોડી દઇ આજથીજ જરા જરા બંદગી કરવા લાગ!

જેહાં દાર તા ઇન જેહાન આફરીદ;
કિસીદે દરે રાઝેશ કસ ન દીદ.

આ જગત્ જ્યારથી તે માલેકે પાકે ઉત્પન્ન કર્યું છે ત્યારથી આજ વેર તે સાહેબના ભેદ ભરમોના છુપા દરવાજાની કુંચી કોઈને હાથ લાગી નથી. એ તો એવું છે કે; માણુસને જેમ જેમ પોતાના આત્મા ઉપર શ્રદ્ધા વધતી જાય છે અને ભકિત વડે પોતાને તુચ્છ જીવરૂપે માનતો જ્યારે માણુસ બંધ પડે છે ત્યારેજ તે પોતાને વધારે ને વધારે ઉચ્ચ સામર્થવાળો માનતો થાય છે, અને તેમ તેમ તેના શરીરનું પણ ઉચ્ચ બંધારણ થતું જાય છે. ખુદાના નામની એવી બરકત છે.

રામ નામ તો રત્ન હે, જીવ જતન કર રાખ;
જબ પરેગી સકટી; તબ રાખે રઘુનાથ.

પ્રથમમાં તો ભાવ રાખોને ભકિત કીધાથી, તેમજ કુદ્રતનો આદરભાવ પૂર્વક અભ્યાસ કરવાથી, મનુષ્ય જીવનને અંગે રહેલાં સુખનાં સાધનોમાં એટલો બધો

વધારો કરી શકાય છે, કે છેવટે આપોઆપ તે અહુરાનું તેને જ્ઞાન થઇ જાય છે. ત્હારા દિલમાં ભાવ રાખીને જો તું અહુરા નામનો જપ કરશે, તો ત્હારાં સર્વ દુઃખો નાશ પામશે, અને પછી ધીમે ધીમે જો તું દ્રઢ યકીનદારીથી તેને ભજવા માંડશે તો જરૂરજ પાપ મુકત થઇને ખુદાના ખોળામાં માથું મૂકવાને તું ભાગ્યશાળી થઇશ. તું હાલ તો કથીર જેવો છે, પણ ભકિતભાવથી તપ જપ કરશે તો કંચન જેવો થઇશ. જે અહુરા અગ્નિમાં છે, જે જળમાં છે, જે આખા જગત્‌માં પ્રસરી રહેલો છે, જે ઓસડમાં છે, જે વનસ્પતિમાં છે, તે અહુરાને તું વારંવાર નમસ્કાર કર! ભાઇ, ત્હારૂં અંતઃકરણ પણ ત્હારા ઈશ્વર રૂપજ છે. માણસ પાપી કર્મ કરવા દોરાય ત્યારે એ ઇશ્વર પાછું વાળીને ઠપકો આપે છે, કેમકે માણસનું દરેક પાપ એ "અંતઃકરણ–ઇશ્વર" જૂએ છે ને જાણે છે. એટલા માટે તે અહુરાની પ્રાર્થના કરવાથી માણસની વૃત્તિઓ જરૂરજ શાંત અને પવિત્ર થશે. ભાઇ! ફકત "દુઃખે સંભારે રામ" એમ સંકટ સમયેજ અહુરાને યાદ કરવો એ ડહાપણ ભરેલું નથી. સુખના દિવસોમાં પણ તે માલેકનો આભાર માનવાનું માણસે ચુકવું જોઇતું નથી. ભાઇ નસર! હમણા તું અજ્ઞાન છું, માટે એકદમજ અહુરા વીશે ખરૂં નરૂં કરવા નહિ બેસ. ફરીથી કહું છું કે;

તૂ રાઝે જેહાં ચા તવાની મઅ્લૂઈ;
કે ઉ ઝૂદ પીચદ ઝે અ્લૂઇયન્દ રૂઇ.

હમણા ને હમણાજ તું બનતાં સુધી ખલકતની કુદ્રતનો ભેદ શોધવાની માથાઝીક ના કર; કારણ કે, વગર અધિકારે ખાલેકે મખલુકનો ગુપ્ત ભેદ શોધનારાથી તો તે સાહેબ પોતાનું મોઢું તુર્તજ ફેરવી નાંખે છે. માટે તું ભ્રાંતિમાં ને ભ્રાંતિમાં ત્હારૂં જીવન બરબાદ નહીં કર.

"ચશ્મેકે દિયેસેં જૈસેં, છોટોઉ બડોસો લાગે,
દૂસરો નિહારે બડો, છોટો સોઇ લગતુ હૈ,
કાંચહીકી ધરનીમાંય, નીર સમ ભાસ પરે,
નીરમાંય દૂઢૂં કઢૂં, કાંચ જૈસો જગતુ હૈ.
નૈયાકે ચલેસેં તીર, તરૂવરહિ ચલિત લાગે,
બાદરકે દૌરેં માનૌં, ચંદ્રમાહિ ભગતુ હૈ,
જૈસે ઇંદ્રજાલ વારે, પાંખતેં પંખેરૂ ભાંખે,
તૈસેં બ્રહ્મ ચેતનમાંય, ભાસત હૈ જગતુ હૈ."

અંતર્ગોળ ઉપનેત્ર જેવી આંખે ચશ્મા ચઢાવ્યાથી નાનો પદાર્થ ભ્રાંતિથી મોટો દેખાય છે. બહિર્ગોળ ઉપનેત્ર જેવી આંખે ચશ્મા લગાડયાથી મોટો પદાર્થ ભ્રાંતિથી નાનો દેખાય છે, બિલોરી કાચની ભૂમિમાં જળની ભ્રાંતિથી જળ દેખાય છે. વહાણ કે રેલવેગાડી ચાલે છે ત્યારે આસપાસનાં ઝાડો ચાલતાં હોય એવું ભ્રાંતિથી માલુમ

પડે છે. વાદળાંના દોડવાથી ચંદ્રમા ચાલતો હોય ને તારાઓ દોડતા હોય એવું ભ્રાંતિથી ભાસે છે. તથા ઇંદ્રજાળથી જેવી રીતે, પાંખનું પક્ષી દેખાય છે તેવીજ રીતે બ્રહ્મ ચેતનને વિષે જગત્માં આપણી ભ્રાંતિ થાય છે. આ મર્મ જાણી લે ભાઈ જાણી લે !

સબક ૬ ઠો.

અહુરમઝદની આરાધના મારફતે બંદગીનું ફળ.

"Heaven is the magazine wherein God puts
Both good and evil; prayer's the Key that shuts
And opens this great treasure; 'tis a key
Whose words are *Faith*, and *Hope*, and *Charity*."

નસર:—ભાઇ વિરાફ ! તમારા પાંચ સબકોથી મ્હારા વિચારમાં અલબત્ત કેટલોક ફેર પડયો છે, પરંતુ આપણા લોકો એક ખુદાને મૂકી ખોરશેદ, મેહેર, માહબોખતાર, આતશ, પાણી, હવા, વિગેરેની નિયાએશો ને યશ્તો ભણવાથી શું સાર્થક કરવા માંગે છે ? તે ભણવાથી ખુદાની શું બંદગી થાય ? પાણી કે આતશ પાસેથી માંગવાથી તે શું આપી શકે ? પથ્થરથી બનેલા સેતારાઓ અને ચંદ્રમા પાસે મુરાદ ચ્હાવાથી શું મળે ? જો એકલા એક ખુદાની બંદગી આપણી પાસે કાંઇ હોય, ને તે કરવામાં આવે તો સમજ્યા, ઠીકજ છે, પરંતુ તેશતર તીરને નામે સેતારાની બંદગી કરવી એ શું વાહિયાત વિચાર નથી ?

વિરાફ:—ભાઇ નસર ! તને કંઇક અસર થઇ, તેમ કંઇક કસર પણ રહી. અજ્ઞાનોનો ભકિતભાવ વહેમમાં રહેલો છે, પરંતુ જ્ઞાનીઓની ભકિત તો પવિત્રાઈમાં રહેલી છે. પરમેશ્વર કાંઇ ભકિત કરવાની જુદી જુદી રૂઢીઓને જોતા નથી, પરંતુ મનુષ્યના મનના ભાવ અને પ્રેમને જૂએ છે. ઉંચામાં ઉચ્ચ ધર્મની પવિત્ર મીલકત ધરાવનારાની ઢોંગી ભકિત તરફ તે આડી નજરે પણ જોતા નથી, પરંતુ જો એક મૂર્તિપુજક પણ હોય, ને તેની ભકિત સાચાં હૈયાંની હોય તો તે બંદગી પ્રભુને બહુ પ્રિય છે. આજના જમાનામાં તો સુધરેલા સમયનું એજ સુત્ર થઇ પડયું છે કે, જેનું કાંઇ પણ ફળ પ્રત્યક્ષ તુર્તાતુર્ત દેખાય એવું રોજ ઉઠીને કાંઇ ને કાંઇ કર્યા કરવું.

એક યોગી તપ કરવા બેઠો હતો, તે ૧૨ વર્ષ પૂરાં કીધા પછી ઉઠયો, અને પાણી પીવા માટે એક કુવાની પાસે ગયો. પાસે દોરડી ન હોવાથી આમ તેમ શોધવાને આભરો ગાભરો પડવા લાગ્યો, પણ રસી કાંઇ તેને હાથ લાગી નહીં. તેજ સમયે એક તરસું હરણ તે કુવાની પાળે આવી લાગ્યું. કુવો ઉંડો જોઇ તે નાચાર થયું, આકાશ તરફ ઉંચે ખુદા તરફ ડોળા ફાડીને જોતું સ્તબ્ધ ઉભું ઉભું તે બસ ડોળા ચઢાવી ઉભુંજ રહ્યું, પણ પેલા તપેશ્રીની માફક બીજી દોડાદોડી નો'તું કરતું ઘણી વારે ખુદાની દયા તેના ઉપર ઉતરી, અને કુવાના પાણીની ધારા સરસર

કરતી ઉંચે ચઢી આવી, અને તે વાચા વગરનાં મૂગાં પ્રાણીનાં ઉંઘાડેલાં મોઢામાં પડવા લાગી. તરસ છિપાવ્યા પછી પાછું ઉંચે આકાશ તરફ ઘણીક વાર જોઇ જોઇને ત્યાંથી તે ચાલ્યું ગયું. આ કૌતક દેખી પેલા યોગી હતા તેમને પોતાની ભકિતનું અભિમાન થવાથી ઇશ્વર ઉપર તપી જવા લાગ્યા, અને અશ્રદ્ધાથી બકવા લાગ્યા કે; "આ કેવો અન્યાય! બાર બાર વર્ષ હે પ્રભુ! ત્હારી સેવા ચાકરી કરી કરીને મૂઓ છતાં મ્હને તરસો રાખ્યો, અને આ જંગલી જેવાં હરણાંની તરસ ભાંગી તો ભાંગી, પણ વળી પાણી પણ પોતાની મેળે તેના મોઢાંમાં કેમ રેડાયું? આ કેવો ગેર ઇનસાફ!"

એટલામાં આકાશવાણી થઈ રહી કેઃ—"ત્હારો યોગી તરીકે મ્હારા ઉપરજ જો દૃઢ વિશ્વાસ હોત તો તું રસીને ઢુંડવા ન જાત, પરંતુ મ્હનેજ શોધતો મ્હારી આશા ઉપર ઉભો રહેત! તથાપિ મ્હને શોધવાને બદલે તું તો રસી શોધવા પડયો, અને હરણું તો બાપડું બીજું બાબોચ્યું શોધવા ન જતાં મ્હારા તરફજ મ્હોં વકાસીને વિશ્વાસે ઉભું રહ્યું, ને તેનું માગ્યું તેને મળ્યું!"

ભુખેકો હર ભોજન દેત હે, પ્યાસેકુ પાણી;
ઉનકી દરઘા ચુંઘ કહે, "મેં નેકી કર જાણી."

હે નસર! આતશ કે પાણી એ સર્વ તને જડ વસ્તુ જણાય છે; અને તેની આરાધના કરવી તને મિથ્યા જણાય છે, પરંતુ તે અગ્નિ કે જળના સમુહના મવક્કલ ફરેસ્તાઓ તો રાત ને દહાડો તેમની આસપાસ હોય છેજ. તું જો ગેબી શકિતઓને માનનારો હોય, આ જડ જગત્ ઉપરાંત અનદીઠ મીનોઇ જગનો અને શકિતઓની હયાતી માનનારો થાય તો હું તને માત્ર આવાં અર્દ્વિશૂરની આરાધનાના કેવા કેવા ફાયદા છે તે આપણા અવસ્તાના પુસ્તકમાંથી તને કહી સંભળાઉં છું.

આવાં અર્દ્વીસૂર નદી જે મુરાદ બર લાવનારી ને મુશકેલીની આસાન કરનારી ગંગા જમના જેવી મહા પવિત્ર નદી ઇરાન દેશમાં પુજ્ય ગણાતી હતી, તેની મારફતે ભલા પાદશાહો ભલી મુરાદ માગતા હતા, ને તે મુરાદ સફળ થતી હતી; પરન્તુ બુરા, દુષ્ટ, ત્રણ મોઢાંના (એક મોઢું પોતાનું ને બે મોઢાં જેના ખભા ઉપર રહેલાં સર્પ રૂપી દર્દોના મોઢાં) ઝુહાક પાદશાહે બાબીલોનમાં સો ઘોડા, હજાર બળદ, અને દશ હજાર મેઢાં બોકરાંનું બળિદાન એ પાક નદીને આપીને, આટલા બધા ભોગ ધરાવીને શું માગ્યું? "ઓ ખુબીવાળી, ઘણોજ ફાયદો કરનારી, નિર્મળ અર્દ્વીસૂર! તું મને મ્હારી માત્ર આ એકજ મુરાદ બક્ષ, કે સાતે કેશ્વરોને (સાતે ખંડોને) હું મનુષ્ય વગરના ઉજડ વેરાન કરી શકું!" નિર્મળ અર્દ્વીસૂરે નાપાક ઝુહાકની આ દુષ્ટ માગણી, બુરી ઇચ્છા, અને અવર બંદગી કબુલ રાખી નો'તી. આ તો ખુદાતાલાની ઇચ્છા વિરૂદ્ધની માગણી કહેવાય. આ તો એકદમ પરમેશ્વરપણું છિનવી લેવાની મુરાદ થઈ!

બે તર્સ અઝ ખુદાયે જેહાન આફરીન;
કે તખ્ત આફરીદો કોલાહો નગીનં.

હે ઝોહાક! આ સૃષ્ટિને ઉત્પન્ન કરનારા પાક પરવરદેગારની કુદ્રતથી ડરીને ચાલ, કેમકે ત્હારૂં આ તખ્ત અને તાજ તથા નગીના સર્વ કાંઇ તેણેજ ત્હારે માટે સરજેલાં છે શુભ મુરાદજ પાર પડશે, અશુભ મુરાદ વ્યર્થ જશે.

જીંદગી ખાસ અઝ બરાએ બંદગીસ્ત;
જીંદગી બીબંદગી શરમંદગીસ્ત.

આપણું જીવવું ખાસ બંદગી કરવા થકીજ છે, કેમકે બંદગી વગરની જીંદગી એ તો મોટી શરમીંદગી છે. ભાઇ નસર! વિશ્વાસ રાખીને હવે સાંભળ.

માટીનો બનેલો માનવી પણ બંદગીને લીધે ખુદાઇ જીંદગી ગુજારી શકે એમ કહેવામાં હું ઉતાવળો કહેવાઇશ નહીં. એક ફકીરને જેમ બંદગીની જરૂર છે, તેમજ એક પાદશાહ, એક પહેલવાન, કે એક પેગમ્બરને પણ બંદગીની અગત્ય જણાઇ છે. અને તે બંદગી, એક નહીં વર્ણવી શકાય એવી શકિતની હોવી જોઇએ. જો અલંકારિક લખાણનો અનર્થ નહીં થતો હોય, તો ખુદ ખુદાતાલાએ આ પૃથ્વિ કે સર્વ સૃષ્ટિ પેદા કરતી વેળાએ, એક અનદીઠ સ્વશકિત, જેનું વર્ણન નહીં આપી શકાય એવી શકિત, જે પરમાત્મા પરબ્રહ્મની પોતાની સાથેનીજ પોતાનામાં હૈયાતી ભોગવનારી હતી, તે શકિત પાસે કાંઈક માગી લીધું, અને આ સૃષ્ટિ રચનાનું પેદા થવાનું કારણ બન્યું. પરંતુ ઇનશાનમાં તેટલી સ્વશકિતની સમજના અંધારાંને લીધે, જે એક ઉજ્જવળ શકિતના છાયામાં રહી તેની બંદગી કરવાની છે, તે માત્ર એક ખુદાની છે. સેંટ પૉલનું કહેવું છે કે, જે માણસે પ્રભુની નજીક આવવું હોય તેણે એટલું તો યકીન રાખવુંજ જોઇએ, કે તે સાહેબની શોધમાં જે માણસ ખંતથી મચ્યો રહે છે તેને તે જરૂર બદલો આપે છેજ. એવું એવું માનીનેજ બંદગી કર; ઓ ભાઇ! જેથી ત્હારા ખ્યાલમાંએ નહીં હોય એવું નવનવું સુખ તું ભોગવીશ આપણા પાક પેગમ્બર સાહેબે પણ બંદગીમાંજ શાંતિનું સુખ સમાયલું જાહેર કર્યું છે. સર્વ ધર્મોપદેશકોએ ઇશ્વરની ભકિતમાંજ શાંતિ અને સુખ સમાયલાં જાહેર કરેલાં છે. તેમણે બંદગીના ત્રણ પ્રકારો પાડેલા છે. ૧–હુમતેથી બંદગી કરવાની રૂઢી. ૨–હુખ્તેથી ભકિત ભાવ બતાવવાની રીત. ૩–હુઅરેશ્તથી ભકિત કરવાનો માર્ગ. એ ત્રણે પ્રકારની બંદગી કરનારો સર્વોત્તમ ભકત ગણાય, તોપણ જેનાથી ત્રણે માર્ગે બંદગી નહીંજ થઇ શકતી હોય તેણે નિદાન બંદગીના સાધારણ થતા અર્થમાં પણ બંદગીવાળી જીંદગી અખત્યાર કરવાની જરૂર છે. ઇશ્વર અને તેની પેદાયશ વીશે સારૂં વિચારો, સૌનું સારૂં ઇચ્છો, અને કુલ જેહાનનું ભલું ચિંતો, તે પણ એક પ્રકારની બંદગીજ છે. પરંતુ માણસનું મન, નિર્મળતાથી સર્વનું ભલું ઇચ્છવા જેવું પોતાનું અંતઃકરણ સ્વચ્છ રાખવાને, તથા પોતાના અંતઃકરણને સમાર્ગે

ચાલતું કરવાને, રેતીમાંથી તેલ કાઢવાના કામ કરતાં પણ વિશેષ ગણવામાં રોકાયલું રહે છે. બન્યન કહે છે કે, બંદગીમાં તો વગર દિલે માત્ર મોઢેથી શબ્દ ઉચ્ચારવા કરતાં, શબ્દ વગરનું અંતઃકરણ વધારે સરસ છે. વળી ઈશ્વર અને તેની પેદાયશ માટે સારૂં બોલવાનું કામ, જેને આજનો જમાનો બંદગીજ ગણે છે, તે કામ બંદગી જેવું છે ખરૂં, પરંતુ તે રૂડું બોલવું એટલે મોઢે મીઠું બોલીને અંતર્યામ મેળું રાખવું એ કેવળ અઘટિત છે. રીચટરના કહેવા પ્રમાણે, સાચી બંદગીથી આપણું દિલ ચોખ્ખું થઈ હલકું પડે છે, અને આપણે પોતાનેજ સધ્યારો અને હિંમત આપીએ છિયે. પાછળ આવતી આપદા, વિપત્તિ, કે આફત સામે ટકી રહેવાને એક ઢાલ બરાબરની તેમાં હિંમત આવે છે. તો જોકે થનાર તે થવાનુંજ, પરંતુ જે થવાનું તે ભુંડું થવાનું છે એવો આપણામાંથી ખ્યાલજ નિકળી જાય છે. વળી ઇશ્વર અને તેની પેદાયશ માટે સારાં કામો કરવાં એ પણ એક જાતની બંદગી ગણવામાં આવે છે. ખરાં અંતઃકરણવાળો એક સિપાહ બચ્ચો જોકે રણભૂમિમાં હજારોનાં ગળાં કાપી લોહીની નદી વહેવડાવે છે, તોપણ તે તેનો ધર્મ અને તેનું કર્તવ્ય હોવાથી તે કામને બંદગી જેવુંજ ગણવામાં આવે છે. ભગવદ્‌ગીતામાં જ્યારે અરજુન પોતાના સગાંસ્નેહિઓ સાથે યુદ્ધ કરવાની આંચકી કરે છે, ત્યારે શ્રી ભગવાન તે યોદ્ધાને પોતાનો ધર્મ બજાવવા સારૂ લડાઇ લડવા ફરમાવે છે. એ પ્રમાણે આપણા પોતાના ધર્મ અથવા કર્તવ્ય, (તે યથાયોગ્ય કરવાના કામને) ભક્તિજ ગણવા કહેવામાં આવ્યું છે. તેમ છતાં, બંદગીની સંજ્ઞામાં સુકૃત્યને મેળવવાની ભૂલ બતાવવામાં આવે છે. લોર્ડ એસ્લીએ એડજહીલની લડાઇ વખ્તે પહેલો બાર છોડયો ત્યારે પ્રથમ એક ટુંક બંદગી કરી હતી કે, “ઓ ખુદા! તું જાણે છે કે, આજ રોજ હું કેટલો બધો રોકાઈ જઈશ! તેથી જો હું તુંને ભૂલી જાઉં, તોપણ તું મને નાભુલી જઇશ!” ટુંકમાં ભક્તિ સર્વદા શુભ ઇચ્છાવાળી જોઇએ.

જૂઓ કે ઘાતકી અધર્મી તુરાની અફ્રાસીઆબે પણ હંગે અફ્રાસીઆબ નામના ગુફામાં, પોતાનાં ક્રૂર કામો પાર પાડવાનાં ભોંયરાંમાં, સો ઘોડા, હજાર બળદ, અને દશ હજાર ન્હાનાં ગોસ્પંદો કહેતાં બકરાં મેઢાંનો ભોગ આપી અરદ્વીસૂર પાસે એવું વરદાન માગ્યું હતું કે; “ઓ ખુબીવાળી, ઘણોજ ફાયદો આપનારી નિર્મળ અરદ્વીસૂર! તું મ્હારી એટલીજ મુરાદ પાર પાડ, કે વોઉરૂકશ દરિયાની વચ્ચો વચ્ચમાં જે બુલંદ ખોરેહ છે તે હું લઈ લઉં! જે ખોરેહ ઇરાન દેશના મુલકોમાં જન્મેલા તથા આયંદે જન્મનારા લોકોનું છે, તથા જે ખોરેહ અશો પેગમ્બર જરથોસ્તનું છે, તે પણ હું લઇ જાઉં!” અર્થાત્ સઘળા ઈરાનીઓની કીર્તિ, જાહોજલાલી, તથા તેમના અશો ખોરેહને લીધે પ્રાપ્ત થએલા તેમના સર્વ સદ્‌ગુણો, જેને લઇને ઇરાનીઓ મશહૂર છે, તે સઘળું હુંજ છિનવી લઉં, અને તેમને બેઇજત ને બેઆબુ કરૂં!” પરન્તુ તેની આ દુષ્ટ માગણી અરદ્વીસૂરે મંજુર રાખી નો'તી. ખુદાની કુદરતથી જે

કોઇ એવી બેહુદી માગણી કરીને પોતાની ઇંદ્રિયોની વાસના તૃપ્ત કરવા માગે તે ખુવારજ થાય. શુભ માગો તો શુભ મળે, અશુભ માગો તો અશુભજ.

धर्मार्थौ यः परित्यज्य स्यादिन्द्रियवशानुगः ।
श्रीप्राण धनदारेभ्यः क्षिप्रं सपरिहीयते ॥

જે મનુષ્ય ધર્મ અને અર્થનો ત્યાગ કરીને પોતાની સ્વાર્થી ઇન્દ્રિયોની વાસનાને આધીન થાય છે તે લક્ષ્મીથી, પ્રાણથી, ધનથી, અને સ્રીથી પણ જલદીથી છૂટો પડી જાય છે. માટે હે ભાઇ, દુષ્ટ માગણીવાળી બંદગી તું કરીશજ ના.

એક ભાષણ કર્તા સારા ઉપદેશો થકી અંતઃકરણ પૂર્વક સારૂં ભાષણ કરતો હશે તો તે ભાષણને પણ બંદગી ગણવામાં આવે છે. એક ખેડુત ઉંધાડાં ખેતરમાં ચત્તોપાટ પડીને કોઇવાર ચંદ્રના ચાંદરણાની વખાણ કરતો, તો કોઈવાર ચંદ્ર ઉપર વાદળાંઓનું પડ લેપાવાથી અંધારૂં નિહાળતો; અને તુર્તજ વરસાદના ઝીણા છાંટામાં ભિંજાઈ જવા બાદ, થોડી વારમાં પાછું પોતાના શરીર ઉપર ચાંદરણાને ઓઢતો જોઇ, મનમાં જે એક ઉંડી અજાયબીની હાયનો શ્વાસ મૂગો મૂગો, પડયો પડયો કાઢે છે, તેને બંદગી ગણે છે. ફેનેલોન જણાવે છે કે, હે ભાઇ ! ત્હારૂં દરેક કામ કરવા પહેલાં પ્રભુને યાદ કરીને તેની બંદગી કર; અને બંદગી એવી નિષ્ઠાથી કર, કે તે સાહેબ તે કામનો સારો છેડો લાવે. જેથી કરીને સેંટપોલના કહેવા પ્રમાણે, તે સાહેબને તું ત્હારી અરજ, તથા શુકરગુજારી, જો બંદગીની સાથે સાથે કરશે, તો તે દયાળુ ઈશ્વર તને જરૂર સહાય થશે.

આમ છતાં બંદગીની ખરી સંજ્ઞા તો ઉપલા દાખલાઓથી પણજૂદીજ કહેલી છે. બંદગી તે શું, અને તે કોણની કરવી જોઇએ ? પ્રથમ એકલા એક ખુદાનું, પછી તેનાં મહાકૃત્યોનું, અને પછી તે મહાકૃત્યો ઉપરથી ઉપજતા ઉપકારના ઉભરાઓનું ધ્યાન કરીને, મનન પૂર્વક જે એકની સ્તુતિ કરી, આપણે તેનામાં અને તે આપણામાં ભેળાઇ જાય એવી ભક્તિ કરવી, તેજ ખરી બંદગી છે. પણ આપણું મન તે કામ માટે મજબુત જોઇએ. પ્રથમ તો ખુદાના અસ્તિત્વ વીશે આપણું યકીન પથ્થર જેવું દૃઢ જોઈએ. પછી ખુદા—તેની કુદ્રત—તથા બંદગી કરનારનું પોતા વીશેનું જ્ઞાન અને અનુભવ અવશ્ય જોઇએ. ભાઈ ! તેનો કાંઇક ખ્યાલ આપણે કર્યે. ૧ લું—આપણે પોતે, આ જગત્, સઘળી સૃષ્ટિઓ, અને ઇશ્વર એ સૌ ફકત એકજ ચીજ છે; અને આપણે ખુદાથી જૂદા નથી, તેમ ખુદા આપણાથી જૂદા નથી, એવી જાતનું ઉંચા પ્રકારનાં જ્ઞાનનું પ્રાપ્ત થવું. ૨ જું—આ જગત્, સૂર્ય, ચંદ્ર, ગ્રહો, મા બાપ એ સર્વ કાંઈજ નથી; એ તો આપણા મનના ચાળા છે, એવી જાતનું પ્રૌઢ જ્ઞાનનું સંપાદન થવું. આપણે કલ્પના કરી તેથી આ સર્વ ખેલ વસ્તુત: ખરો ખોટો લાગે છે. મનની વાસનાથી જોવાનું જોઇએ છિયે, સાંભળવાનું સાંભળ્યે છિયે, સુંઘવાનું સુંઘીએ છિયે, અને એક ચીજનો સ્પર્ષ થવાથી લાગણી થાય છે, એ વીશેના સંગીન જ્ઞાનનું હાંસલ

થવું. ૩ જું—એ વાસના જે દહાડે નાબુદ થાય છે, તે દહાડે ખરૂં શું અને ખોટું શું તે આપો આપ જણાઇ જાય છે, જેથી ખુદામાં તમે અને તમારામાં ખુદા તો સાકર અને દૂધના મિશ્રણની માફક મળી જશે, એવી જાતનું યકીન થવું. એ વાસના પેદા કરનાર એક મહાન શકિત છે તેને ખુદા ગણો, જેણે નહીંનું હા કરી મેલ્યું છે, જેણે એક ઝીણાંમાં ઝીણી રજકણ—અણુ—કે પરમાણુમાં આખી દુન્યાંની દુન્યાં વાસનાને લીધે પેદા કરેલી જાણો; જે સિદ્ધાંતને લીધે જગત્ એક નહીં, એક લાખ નહીં, એક પ્રાધ નહીં પણ ગણત્રિજ નહીં થાય એટલાં જગતો વાસનાથી પેદા કરેલાં છે એમ માનો; હજારો સૂર્યો, લાખો ચંદ્ર અને અગણિત તારાઓ વાસનાને લીધેજ અસ્તિત્વ પામેલાં છે એમ ભાન લાવો, અને એવાં અગાધ જ્ઞાન, ઉંચા એલ્મ, અને મોટી બુદ્ધિ પ્રાપ્ત થયા વિના ઇશ્વરનું સ્વરૂપ ખરેખરૂં દેખાવું કઠણ છે. અને તે વિચારમાં ગોથાં ખાઇ એક જણ કહેશે કે, એક રજકણ લાખો કે કરોડો વર્ષે એક પાદશાહ કે એક પીર કે એક પેગંબર કે એક ફરેસ્તો પણ બની શકે છે. જયારે બીજો કહેશે કે, જે કપડાંને દરજી આજે સિવે છે, તેજ કપડું એક દહાડે દરજી થઇને પેલા દરજીને કપડાંની હાલતમાં સિવશે; જે હથોડાએ લુહાર લોઢું ટીપે છે, તેજ હથોડો એક દિન તે લુહારને ટીપશે. જે કપડાંને ધોબી પથ્થર ઉપર પછાડીને ધુવે છે, તેજ કપડાં એક વખત તેજ ધોબીને પથ્થર ઉપર ઝીંકશે. અને તેનો ભેદ પૂછશો તો એવુંજ કહેવામાં આવશે કે, ધુળની એક રજ (અણુ) પણ કાળયોગે આદમીનો અવતાર લઇ શકશે, અને એક મનુષ્ય અવતાર હશે તે પણ એક રજકણ થઇ શકશે ઇશ્વરનાજ વિચારમાં ગોથાં ખાતો ત્રીજો શખ્સ વળી કહેવા લાગ્યો. પાણીનું એક ટીપું લો! રેતીનો એક કાંકરો લ્યો! તેમાં અગણિત શહેરો, નગરો, દરિયાઓ અને પ્રજાઓ વસે છે; અને વાસનાથી તેમાં બજારો તથા હાટો મંડાયલાં છે. એ સૌ તે રેતીના કાંકરામાં વાસો કરનારી એક જાતની પ્રજાની વાસનાઓ ફળી વળવાથી તેઓને ખરેખરાંજ લાગે છે. આપણને તેમ બનવું અશકય લાગે છે, એટલુંજ નહીં, પણ હસવા સરખું લાગે છે. જેની જેવી કલ્પના તેવું તેને દેખાય એ વાસનાનું મુળરૂપ છે. તુસ પહેલવાને અદ્રીસૂરની આરાધના કરી લડાઇના મેદાનમાં દુશમનોની સામે લડતી વખ્તે પોતાનાજ ઘોડાઓને માટે જોર, શરીરની મજબુતી, અદેખાઓને જેર કરવાનું, દુશમનોને મારી નાખવાનું, સામે લડનારા વેરીઓને નીચે તોડી પાડવાનું કૌવત એ સઘળું માંગતાં તેણે આરાધના કીધી, કે "ઓ અરદ્રીશૂર! વએસકના બહાદુર બેટાઓને, કંગદેઝ નામના કિલ્લાના ક્ષથોસુક નામના સર્વથી ઉંચા દરવાજા આગળ, હું જેર કરનારો થાઉં, તેમજ તુરાન દેશના લોકોને પચાસથી સો ગણા, સોથી હજાર ગણા, હજારથી દશ હજાર ગણા, તથા દશ હજારથી અગણિત ગણાઓને હું મારી નાખું એવો વર તું મને આપ!" હવે પેલી ગમ વએસકના બાહદુર બેટાઓએ તેજ પાક કંગદેઝના

કિલ્લાના તેજ ક્ષત્રે સુક દરવાજા આગળ સો ઘોડા, હજાર બળદ, અને દશ હજાર ન્હાનાં ગોસ્પંદોથી અરદ્વીસૂરને આરાધીને તેણી પાસે એટલીજ મુરાદ ચાહી કે, "અમે જોરાવર તુસ પહેલવાનને માર મારીને જેર કરનારા થઇએ, તથા ઇરાની મુલકોના પચાસથી સો ગણા, સોથી હજાર ગણા, હજારથી દશ હજાર ગણા અને દશ હજારથી અગણિત ગણા લોકોને અમો મારી નાખ્યે!" પરંતુ એ બન્નેની ખોટી માગણી તે ખુદાએ શાથી કબુલ રાખી નો'તી? ભંગીને ભુખ ભાંગનીજ. જે સર્વદા સમાહિત મનનો તથા વિવેકી હોય છે, તેનીજ ઇન્દ્રિયો સારથિના સારા ઘોડા પ્રમાણે વશીભૂત થાય છે, સ્વાર્થિઓની નહીંજ. નર–ફરેસ્તા કે સ્ત્રી–ફરેસ્તાની આપણે જે આરાધના કરતા હોઇએ તે ફરેસ્તાને સર્વ ફરેસ્તા કરતાં મોટો કહેવો, તેને લઘુતા આપવીજ નહીં, પણ તેની સેવા કર્યા કરવાથી જરૂર લાભ થાય છે. માટે હે ભાઇ! તું નાસ્તિક વિચાર નહીં કર, કાંકે આપણુ સર્વ રજની ખાક છિયે.

હઝાર ખીશ કે બીગાંને અઝ ખુદા બાશદ;
ફેદાએ યક તને બીગાંને કારાના બાશદ.

એક હજાર સગાં વ્હાલાં હોય ને તેઓ જો નાસ્તિક વિચારનાં હોય તેમને તો જે કોઇ સગો વ્હાલો નહીં છતાં આસ્તિક એટલે ખુદાનો દોસ્ત હોય તેના ઉપરથી તે બધાં સગાં વ્હાલાંને ઓવારી નાંખવાં જોઇએ.–સંગેમરમરનો એક પત્થરો પડેલો છે, ત્યાં દશ શિલ્પશાસ્ત્રિઓ ઉભેલા છે. મનમાં તેઓ કલ્પના કરે છે તે જૂઓ. એક જણ ધારે છે કે, એ ટુકડામાંથી એક મનુષ્યની મૂર્તિ સારી કોતરાશે. નીચલા ભાગોમાંથી પગો કોતરાશે, અને ઉપરનો ભાગ સાંકડો છે તેમાંથી માથું કોતરાશે. બીજો વિચાર કરે છે કે, એમાંથી એક પેટી કોતરાશે. ત્રીજો કલ્પના ચલાવે છે કે, એમાંથી પ્રિયા પ્રિતમનું સૈયામાં સુતેલું એક જોડું સુંદર રીતે ઘડાશે. ચોથો એવી વાસના કરે છે કે, એમાંથી એક હોજ કે કુંડ ઉત્તમ બનાવાશે. એ પ્રમાણે જેણે માણસ કોતરવાની કલ્પના ચલાવી હોય તેને પેલા પત્થરામાં આબેહુબ માણસનો ચિતાર દેખાય છે. જેણે પેટી ધારી તેને પેટી, અને જેણે પ્રિયા પ્રિતમનું જોડું ધાર્યું તેને તે સૌ આબેહુબ દેખાશે. એ મુજબ દશ કોતરનારાઓ જુદાં જુદાં હજારો હજાર રૂપો કોતરવાનું તે પથ્થરમાં જોઇને કલ્પે છે; તા જો કે પથ્થર તો જેમ ને તેમ પડેલો છે, તો પણ તેમાં વાસનાથી કરીને આકૃતિઓ તો તરેહવાર કોતરાઇ ચુકી છે; અને સર્વને કોતરવાનું તે પણ જુદું જુદુંજ સુઝ પડયું છે. પત્થરો તો માત્ર એકજ છે, પરંતુ તેમાં જુદી જુદી જાતની મૂર્તિઓ નહીં કોતરેલી છતાં કલ્પના અને વાસનાથી કોતરાઈ ગઇ; તેજ પ્રમાણે જુદાં જુદાં જગતોમાં જૂદા જૂદા આકારો તે કલ્પના અને વાસનાનું મૂળ છે. એમ સમજાવવામાં આવે છે. વળી મીઠાઇગરને ત્યાં ખાંડના શીરામાંથી રમકડાં પાડે છે તે જૂઓ. શીરો તો એકજ છે, તોએ તેમાંથીજ હાથી થાય છે, ઘોડા નિકળે છે, ખુરશી બને છે, મકાઇ બુઠા

અને તરેહવાર વસ્તુઓ બનાવવામાં આવે છે, તોપણ શીરો તો એકજ છે. આકૃતિ જૂદી કલ્પવામાં જૂદાપણું આવ્યું. તેજ પ્રમાણે જગત્‌માં જે જે કાંઇ દેખાય છે તે તે માત્ર એકજ ઇશ્વરઆત્મામાં ભિન્નભિન્ન અનુમાન થયલાં દેખાય છે, તો જોકે ઈશ્વર રૂપી શીલા, અને ઇશ્વરરૂપી શીરો તો એકજ છે; માત્ર વાસનાથી તરેહવાર રમકડાં પડેલાં આપણે જોઇએ છે. વળી તે સર્વ જૂદાં નહીં છતાં, જૂદાં હયાત નહીં છતાં આપણને દેખાય છે. તેવોજ આ ખોટો, ખ્યાલી, અને સ્વપ્ના જેવો સંસાર છે. વળી માટી કે મીણના પ્રતળાં જૂઓ. માટીના બનેલા એકજ ગારમાંથી હજારો પુતળાં બનાવી શકાય છે. કુંભાર પણ કાદવના એકજ લોચામાંથી તરેહવાર વાસણો બનાવી કાઢે છે. અને હવે સર્વનો સામટો સરવાળો કાઢશો તો મૂળમાં તો એકજ પથ્થર—ખાંડનો એકજ શીરો—માટીનો એકજ ગાર—અને ધુળનો એકજ લોચો છે. પરંતુ વાસનાથી કરીને તેઓને બહુ રૂપો જૂદે જૂદે પ્રકારે અપાયાં છે. તેજ પ્રમાણે મૂળ તો માત્ર **એકજ ખુદા છે**, અને વાસનાએ કરીને આપણે તેને આપણાથી જુદો માન્યે છિયે, અને તેને જોઈ શકતાં નથી, કેમકે જે જોવાની વસ્તુ તેજ આપણે પોતે છિયે, તો વળી જે જોવાની વસ્તુ તેજ જોનાર કેમ હોય ? માટેજ **એમ બ્રોઝે** બંદગીનું લક્ષણ એવું કહ્યું છે, કે ખુદાની બંદગી, એ આપણા આત્માની પાંખની બરાબર છે, જે પાંખો વડે આપણો આત્મા આકાશ ઉપર ઉડે છે. બંદગી એક જાતની એવી સમાધિ છે, કે જે સમાધિ ચઢાવતાંજ આપણે પ્રભુને જોઇ શકયે છિયે, એવું પણ આપણને સમજાવવામાં આવ્યું છે. અને એ સિદ્ધાંતો લક્ષમાં લઈ કોઇ તો એવું પણ સમજાવે છે કે, વાસનાનો ઉપલો ભેદ કાઢી નાંખવાને આજે સોસિઅલીસ્ટો, એનાર્કીસ્ટો, નિહીલીસ્ટો વગેરે મન મોજીલાઓ એક ઉમદા નેમ રાખી, સર્વને પાછાં એકજ પંકિત ઉપર **એક** કરવાનો દાવો કરે છે, તેમાં તેમની નેમ જેટલે દરજ્જે ઉમદા છે તેટલોજ તેમનો નેમ પાર પાડવાનો માર્ગ પણ જો ઉમદા હોત, તો તેઓ આ જમાનામાં પેગંબરોની પંકિત ઉપર હોત. **સોક્રેટીસ** એવી વળણ તરફ મત આપતાં કહે છે કે, આપણી બંદગી માત્ર આપણ પોતાનેજ માટે નહીં હોવી જોઇએ; પરંતુ સામાન્ય તમામ દુન્યાંની પેદાશને માટે હોવી જોઇએ. કેમકે આપણું ભલું શેમાં સમાયલું છે, તે તો આપણા કરતાં આપણો ખુદા વધારે સારી રીતે સમજે છે. ઉપર જણાવેલા "ઇસ્ટો" થી ઉલટુંજ, સર્વને એક ખુદામાં ભેળી નાંખવાના વાંધા વગરના માર્ગો પાક પેગંબરોએ બહાર પાડી એમજ સમજાવ્યું છે, કે જ્યાં સૂધી આપણું અજ્ઞાનપણું દૂર થાય નહીં ત્યાં સૂધી તો આપણે ખુદાથી જુદા અને ખુદા આપણાથી જુદાજ છે, અને તે જુદાપણાનું અજ્ઞાન દૂર કરવા માટેજ બંદગીનો માર્ગ ઉત્તમ છે. એક જરથોસ્તનું—એક બુદ્ધનું—એક ક્રાઇસ્ટનું એક મહમુદનું—એક વસિષ્ઠ કે વિશ્વામિત્રનું કામ, રૂપમાં જુદું, પણ હેતુ, ક્રમ, અને કર્મમાં તો **એકજ** હતું. ભાઈ, તે **એકનેજ** ભજો ! તે એકના અનેકનીજ ભકિત

કરો ! તે એકના એકનીજ સ્તુતિ કરો ! અવસ્તામાં આપણુને સમજાવવામાં આવ્યું છે કે, અરદ્વીસૂરને વિક્રનવાજ નામના ટોળાએએ આરાધવા માંડી, કાંકે જોરાવર અને ફત્તેહમંદ પાદશાહ ફ્રેરેદુને જ્યારે વિક્રનવાજને ગીધ પક્ષિના આકારમાં ઉંચે ઉડાડી દીધો હતો. તે વિક્રનવાજ પોતાને ઘેર પહોંચવાને માટે ૩ દહાડા અને ૩ રાત સુધી ઉડયાજ કીધો; અર્થાત, નાસ્યાજ કીધો. ત્રીજી રાતને છેડે તેણે અરદ્વી-સૂરની આરાધના કરીને એટલીજ મુરાદ માગી કે; " અગર જો પરવરદેગારની પેદા કરેલી જમીન તરફ તથા મ્હારા પોતાના મુકામ તરફ હું જીવતો સહી સલામત પહોંચીશ, તો ત્હારે માટે પવિત્ર કીધેલી, અને બરાબર ગાળેલી હોમને લગતી (શોમરસની) જીવામને લગતી ભેટોમાંની હજારો ભેટો ત્હારા રંઘહ નામના ઘાટ ઉપર હું લાવીશ ! દુઃખના અને મહા સંકટના વખતમાં ખરાં દિલથી દુઃખી થઇને આર્જવ કરેલી બંદગી તેણીએ માન્ય રાખી, અને તે સુશોભિત, ઘણી હિંમત આપનારી ખુબસુરત દેખાવની, ઉંચે વેદથી વસ્ત્રાલંકાર પહેરેલી, સીધાં કદવાળી, સુંદર તાજ સાથની કન્યાના રૂપમાં તે રાહ ચુકેલા ગભરાયલા વિક્રનવાજની આગળ આગળ ચાલવા લાગી. તેણીએ તે વિક્રનવાજની બન્ને બાજુ પકડીને આંખના પલકારામાં તેના ઘર આગળજ આબાદ, વગર જખમ થયે, તંદોરસ્તી ભરેલો જલદીથી લઇ જઇ મુકયો હતો. માટે તું ખાત્રીથી જાણજે વ્હાલા ભાઇ, કે;

હરકે પરહીઝા એલ્મો બેહોદ ફરૂખ્ત;
ખરમની ગીરદ કર્દો પાક બેસુખ્ત.

જેણે પોતાની પહરેઝગારી તથા એલ્મ તથા પવિત્રાઇ વેચી તેણે અનાજની ખળી એકઠી કરીને પછી બાળી મૂકી, તેવું થાય છે, માટે એ માર્ગેથી ફર પાછો !

સબક ૭ મો.

કલ્પના ચલાવી ફેરવો-મનની માળા.

" Father of light and life! thou Good Supreme!
O teach me what is good! teach me Thyself!
Save me from folly, vanity, and vice,
From every low pursuit! and feed my soul
With knowledge, conscious peace, and virtue pure,
Sacred, substantial never fading bliss. (Thomson)

વળી કોઇ શાસ્ત્રિ કહેશે કે, જે મા-બાપ આજે અહિંયાં આપણા ઉપર મા-બાપપણું ભોગવે છે, તેજ મા-બાપના આપણે કદપિ પૂર્વ જન્મમાં માબાપ

હોઇશું; જે મટ્ટી આપણા પગ હેઠળ આજે અહિંયાં કચડાય છે, તેમાંજ કદાપિ આપણે આપણા પૂર્વના રૂસ્તમ અને શોહરાબ પહેલવાંનોને, કિંવા નોશેરવાન અને શાપુર જેવા પાદશાહોને કચડતા હોઇશું, અથવા ભવિષ્યમાં મહાઋષિ કે મહામુનિ થનારાઓને કદાપિ કચડતા હુઇશું; અથવા એવી રજકણો પગે દાબતા હુઇશું, કે જે રજકણો લાખો યોનિયોમાં જન્મ લઇને રાજા પાદશાહ કે પીર પેગંબરોના દરજ્જા લેશે. વાસ્તે ઓ **નસર** ! એવી વિલક્ષણ ભ્રાંતિની પેદાશને પેદા કરવાવાળા ખાવિંદનેજ તું ભજ ! વળી કોઇ શાસ્ત્ર તે સાહેબને નમવાના પ્રયોજન લેખે આપણને એવું જણાવશે કે, કંઇ કંઇ જપ જાપ અને તપ તાપ કરતાં કરતાં એક રજકણ, એક અણુ, કે એક પરમાણુ (*atom*)માંથી લાખો લાખ જન્મ પછી અને કરોડો કરોડ હાડમારી પછી, આપણે **આદમી** જેટલી ઉંચી પદ્વિએ પહોંચવા પામ્યા છિયે તે માટે, તથા હવે પછી ફીરેસ્તાઈ પદ્વિઓએ ચઢવાને પાર પડવા માટે, અને તે પરમાત્મામાં પાછા મળી જવા માટે, તે સાહેબના ઉપકાર અર્થે તથા આજીજી અર્થે, તે તમારા ઉપરીને નમો ! **હરમીસ** પણ એવું કહેતો આવ્યો છે, કે ખુદાતાલાની આગળ કાંઈ પણ નજર કરવા લાયક ખાસ ચીજ જો આપણ આદમીઓ પાસે હોય, તો તે એકલી બંદગીજ છે. ઇંડાં વગર મરઘી પેદા થતી નથી, અને મરઘી વગર ઇંડું પેદા થતું નથી; અર્થાત, માય છે તે બચ્ચાંને જન્મ આપે, અને તેજ બચ્ચાં માયને જન્મ આપે, એવા અદ્ભુત ચમત્કારનો જેમ વિચાર કરેલો થતો નથી, તેવોજ આ સંસારનો મિથ્યા વાસનાનો ખેલ રચવા માટે તેના ચમત્કારિક કર્તાને ભજો ! જે ઈશ્વરે દરિયામાં પ્રાધોપ્રાધ ટન પાણી ભરેલું છે છતાં, તેજ દરિયામાં મુસાફરી કરનારા ઘણીવાર પાણીનીજ તરસે મરી જાય, અને તેવાજ પાણીના પૂર્ણ ભંડારમાં એક નાની સરખી આગબોટ ઉપર લાગેલી આગ બુજવી શકાતી નથી; એવા વર્ણવી નહીં શકાય તેવા ચમત્કારિક કાયદાઓ ચલવનાર, અણુ-હદ શકિત ધરાવનાર ધણીની બંદગી કરો ! એક વર્ષના ન્હાના બાળકને તેની માતાના ખોળામાં રમતું છોડી, તેના પિતાની લાડકવાયી ચૂમી લેવાનું બંધ કરી, એકદમ તે બાળકને એક જંગલમાં એકલવાયું રહેવા દઈ, તેના માતપિતાને મારી નાંખી, તે મુવેલી માતાના મુવેલા ખોળા ઉપર રમતું, અને મુવેલી ધાવણ ધાવતું છોડી મેલવાનો કાયદો ચલવનાર સાહેબને તાજુબીથી ભજ ! ઓ **નસર** ! કે જે સાહેબ એક વરસના બાળકને છોડી, બીજી ગમથી એક સો વરસના, પળે પળ ગુનાહ અને પાપો કરનારાને રોજી રજકે, માનપાને, અને દૂધપૂતે ભરપૂર કરવાનો વિચિત્ર પણ ભેદી નિગમ ચલાવવાનો કાયદો રાખનાર, નિયમિત કે અનિયમિત એવા બારે હકતાલાને ઓ ભલા, તું પૂર્ણ એતેકાદથી ભજ ! તેનેજ ભજવાથી તે તને શાંતિનું સુખ આપશે. માંગ અને મળશે. શોધ અને જડશે. ઠોક અને ઉઘડશે. એ વેણો પવિત્ર યકીન વધારનારાંજ છે. માંગે ને બધાંને જ મળતું નથી ! એમ

કાં ? પણ વાત ત્યાં છે, કે માંગવા માંગવામાં ફેર છે. સેંટ જેમ્સ કહે છે કે, તમે માંગો છો અને મળતું નથી, તેનું કારણ એજ કે, તમે માંગો છો તે અયોગ્ય માંગો છો. જે માંગો તે યકીનથી માગો, ડગમગપણે ના માંગો.

નસરઃ—"પણ ત્યારે ઈશ્વર પાસે માગવું ? કે પાણીઅને આતશ પાસે માંગવું ?"

વિરાફઃ—સાંભળ. જામાસ્પે સામેથી બળવાન લશકરને આવતાં જ્યારે દીઠું હતું ત્યારે ગભરાઈને આવાં અરદ્વીસૂર મારફતે માગ્યું હતું તે. "જેમ બીજા સર્વ ઈરાની-ઓએ આગલા વખતમાં ફતેહો મેળવીને દૈત્યોને પુજનારા દુષ્ટ માણસોને સજા કરી હતી, તેવી ફતેહ મ્હને આ દુષ્ટ લોકોને જેર કરવા માટે તું આપ !" તેની ભલી મુરાદ બર આવી હતીને ! તેમજ પોઉરધાક્તિના દીકરા અષવઝંદઘહે, તથા સાયુ-ઝદ્રિના બે બેટાઓ અષવઝદંઘહે અને શ્રિતએ તેણીની આરાધના મારફતે માગ્યુ હતું કે; "તુરાની લોકોના દાનુ તાએફાવાળાઓના જે ત્રણ સરદારો નામે કર અસબન, વર અસબન, અને દૂરએકત છે, તેમને આ મહા જગયુદ્ધમાં હરાવવાને અમે શકિતવાન થઈએ !" ભલી મુરાદ હતી તેથી તે પ્રાપ્ત થઈ હતી નેં !

> રે નસ્ર યોં રહિ ભવ બિખે, ભગવત પથ તૂં લીન;
> જિમિ કુપાર મધિ ધાર નિત, યમુના ખેલત મીન.

ઓ નસર ! તું સંસાર સમુદ્રમાં વસીને અહુરાની પેદા કરેલી અદ્‌ભુત શકિતઓ અને પેદાશોની શેતાયશના માર્ગમાં એવી રીતે લીન રહેજે, કે જેમ સમુદ્રમાં જમનાજીની ધારા વહે છે તોપણ તે ધારામાંનાં માછલાં તેજ ધારામાં રમે છે, પણ મૃત્યુની બીકથી ખારાં જળમાં જતાં નથી. તેમજ હે નસર ! સંસારમાં રહીને અહુરાની રચેલી ઉત્તમ પેદાશો અને તેના ઉપર મવક્કલ કરેલા ફરેસ્તાઓની આરાધનાના માર્ગમાંજ હાલ તો તું ખેલ્યા કર ! પછીની વાત પછી.

હે ભાઇ ! ખુદાને જો તું એવાં એક ચિત્તથી પુજે, કે જેવાં ચિત્તથી એક કનકવો ચકાવનાર, પોતાના કનકવાના ચકવા ઉપર, તેની ગોળાંટ ઉપર, તેના ઉપર સામેવાળાની ભેળવાયલી જાળ ઉપર, જે દ્રઢતાથી ધ્યાન રાખી ચકાવતાં તેની આસ-પાસ શું શું થાય છે, તે તે કાંઇ જોતો કે જાણતો નથી, તેમ તું પણ ઉંચે આકાશ તરફ એક ચિત્ત રાખી ત્હારા કનકવા રૂપી ખુદા ઉપર ધ્યાન લગાડ. અને સંભાળ રાખ, કે તે કનકવાને બાંધેલી ત્હારા મનમાંની દોરી તૂટી ન જાય, કિંવા બીજો કોઇ દેવ દરૂજ ત્હારા મન રૂપી કનકવામાં પોતાની જાળ નાંખી ત્હારો તાર તોડી ન નાંખે. અને તેટલા માટે ત્હારો તાર મજબુત માંજો પાયલો બનાવજે; પછી માંગ અને મળશેજ. ચિતળ કે બાંગડી પ્હેરાવનારના જેવાં ધ્યાનથી તું ઇશ્વરને જો. ચિતળ પહેરનારી ગમે એવી રડે, તેણીની નાની આંખ્યોમાંથી ગમે એટલાં આંસુ ટપકે, તેણીના કોમળ નાજુક હાથ ગમે એવા લાલ લોહી જેવા થઇ જાય, તોપણ તે તરફ નજર નહીં કરતાં તે એટલીજ ચીજ ઉપર નજર રાખે છે, કે રખેને આ નાજુક ચિતળ

ભાંગી જાય ! કેમકે ન્હાનું જેટલું ચિતળ મગ્ન મોટા હાથના પોંચામાંથી સાંકડા હાથોમાં ઘાલવાનું કામ જેવું બિકટ, અને પૂર્ણ ધ્યાનવાળું છે, અને તેથી તે ચિતળવાળો જેમ ધીમે ધીમે તે ચિતળ પોંચામાંથી ઉતારે છે, તેજ પ્રમાણે આ સંસારરૂપી પોંચામાંથી મન રૂપી ચિતળને ધીરે ધીરે ધ્યાન ધરીને ઘાલવું, અને પછી ચિતળ પહેરાયા બાદ, જે પ્રમાણે રડતી નાજનીન હસતી રમતી દેખાય છે, અને ખુરશી ખુશાલીમાં આવી પોતાના હાથની શોભા જૂએ છે, તેમ ત્હારો આત્મા ઐશ્વર્યાત્મામાં પરોવાઇ જવાથી તને નેહાત ખુશાલી ઉપજશે. ચિતળ જે વખ્તે ઘણોજ જોર આપે છે તે વખ્તે એક સોહવાસન સ્ત્રી એટલી બધી આકળી ગાભરી થઇ જાય છે, કે તેણી ઘડીભર ચિતળ વગરના રાંડેલા હાથે રહેવાનું પસંદ કરે છે, પરંતુ ચિતળ પહેર્યાં બાદ તે પોતાના આગલા વિચાર માટે ધિક્કાર કરે છે, તેજ પ્રમાણે ખુદાઇ રસ્તો ઘણો બિકટ છે, પરંતુ એક વાર તેમાં મન પરોવાયા પછી તેની મજા, તેનું સુખ, તેની શાંતિ, એ સૌ ઓરજ જાતનાં જણાશે, કે જેવાં સુખના નમુનાનું કાંઇ પણ સુખ અને આનંદ આ સંસારમાં અનુભવમાં આવતુંજ નથી. એવી મનની શુદ્ધિ આ જન્મમાં નહીં, તો બીજા જન્મમાં પણ થશે, એમ જાણીને ખંતથી મંડયા રહેવું. મન તો મારી શકાતું નથી, અને પાપો થતાંજ જાય છે, એટલે બંદગી શા થકી કરવી ? અને તેવી કરેલી બંદગીની કે પુન્યની અસર તો કંઈ થવાની નથી ! એવું એવું બીલકુલ મનમાં લાવવું નહીં, કેમકે પાપ પુન્યનું તોલ હમેશાં દાદારની દરઘાહમાં તો થાય છે. ત્યારે મણભર પાપમાં શેરભર પણ પુન્ય થાય તો એક શેર પાપ જે ઓછું થયું તે ખરૂં ! તેટલી તેની સજા જે ઓછી થઇ તે સહી ! કારણ કે, તમે કોઈ પણ કામ કરશો તેનો ઝોંબદલો તો થવાનોજ. હજારો પાપ કરીને એક પણ સવાબનું કામ કરશો તો વ્યર્થ જવાનું નથી, તેનો પણ બદલો તમને મુજરે મળશે. એ કારણસર મનને તમે એકુની સાથે ચોંટાડી દેવાના રોજરોજ પ્રયત્ન કરો. પહેલાં તો તમારા સપાટામાંથી એ મન નાસી નાસી જશે, પરંતુ તમે કાચબાવાળું કરો, કે જે કાચબો પોતાનું આખું અંગ કોટલાંમાં રાખી પોતાને એકુમાં સંકોચાવી દે છે. પછી જેમ મેથ્યુ હેનરી કહે છે તેમ, તમે બંદગીને સવારની કુંચી બનાવો, અને સાંજની ચાળણી બનાવો. એટલે કે, સહવારનું પહોર છે તે જાણે એક તાળું છે, તેને બંદગી રૂપી ચાવીથી ઉંઘાડો ! અર્થાત, ખુદાતાલાની બંદગી શરૂ કરો, અને સાંજે તો જેમ ચાળણીમાંથી હરેક વસ્તુ ચાળી નાંખવામાં આવે છે તેમ બંદગી રૂપી ચાળણીમાંથી દુર્ગુણ રૂપી સર્વ કચરો ચાળી નાંખી સુખે ઉંઘાવ ! તેમ થવા સારૂ થોડું થોડું પણ કાંઇ રોજરોજ મનના સ્થિરપણા માટે કર્યાં જાવ. મન, ચિત્ત, વાસના, ધ્યાન, એ સર્વ દ્રઢ થયાં, કે ખુદાનો પ્રકાશ રૂબરૂ તમને દેખાશે.

નસર:—પણ શું ખુદાનો પ્રકાશ પાણીના જથ્થામાંજ ભરેલો છે ? અરદ્વિશૂરની

આરાધનાનું તે વળી ફળ કેવું હોય ?

વિરાફ:—સાંભળો ભાઇ; ગોશ્તફ્રીઆંને પણ રંઘહના ઘાટ ઉપર અરદ્દીશૂરની આરાધના કરી એવી ઇચ્છા જણાવી હતી કે; "ખરાબ અક્કલવાળા દોજખી અખ્ત જાદુગરને જેર કરનારો હું થાઉં! તે અક્કલવાળા, પરંતુ આડે માર્ગે દુષ્ટ રીતે અક્કલને વાપરનારા અખ્ત જાદુગરે અદાવત અને અદેખાઇથી મ્હને ૯૯ પ્રશ્નો કર્યા છે, તેના પ્રત્યુત્તર આપવાને મને બુદ્ધિ બક્ષ!" ગોશ્તફ્રીઆનને એ અખ્ત જાદુગરે જુદા જુદા અઘરા ૯૯ સવાલો પૂછીને તેના જવાબ માગ્યા હતા, જે જવાબો જો તે ગોશ્તફ્રીઆન ન આપે તો જીવ જાનનો સોદો હતો. આથી આવા કટોકટીના, બેઆબ્રુ થવાના, મુશકેલ પ્રસંગે આવાં અરદ્દીશૂરે તેની દ્રઢ ભાવના પાર પાડી હતી. અર્થાત, તમે જો પરમેશ્વર પાસે તેની મહાન કુદ્રત મારફતે મુરાદ માગો, જો ભલી હોય તોજ મંજુર થાય, બીજાંને દુઃખ દેવાની દુવા ફળિભુત થતી નથી.

સબક ૮ મો.

દિવસની બંદગી રાત્રે, અને રાતની બંદગી દિસે ફળ આપે.

"When prayer mounts upon the wing of fervour to God, then answers come down like lightning from God."—W. Secker,

अनसूयः कृतज्ञश्च कलयाणा निच सेवते।
सुखानि धर्म्ममर्थंच स्वर्गंच लभते नर॥

જે અસૂયા વગરનો અને થએલા ઉપકારોની પિછાન કરનારો કૃતજ્ઞ છે, તથા સારાં કર્મ કરે છે, તે સુખ, ધર્મ, અર્થ, અને સ્વર્ગ બધુંજ મેળવે છે.

દાદાર અહુરમઝદે એકવાર આવાં અરદ્દીસૂર નામની ગંગા જમના જેવી પવિત્ર નદીને ફરમાવ્યું હતું કે; "આકાશ ઉપરના તારાઓ આગળથી થઇને તું પૃથ્વિ ઉપર જા; ત્યાં સારી ઇઝતવાળી, પરણવાને લાયક કન્યાઓ ત્હારી સોડેથી પાદશાહી મુકામ તથા તંદોરસ્તી ભર્યો જોરાવર પતિ માંગતી આવશે. તેમજ કષ્ટાતી વ્યાતી જનતી જવાન સ્ત્રીઓ ત્હારી પાસેથી આસાનોથી અને દુઃખારો થયા વિના છોકરાં જનવાનું માગતીઓ આવશે; તો તેમની ભલી ઉમેદો હે અરદ્દીસૂર! તું તેમને મ્હારા તરફથી જરૂર બખશજે!"

એક રાજા મોટો ઇશ્વર ભાવિક અને ઇશ્વર ભકતો યોગીરાજા હતો. તેના જેવોજ ભાવિક પોતાના પુત્રને કરવાની ઇચ્છાથી, બીજા રાજાએ ઘણી મીનતજારીથી તે રાજા પાસે તે પુત્રને ખાસ મોકલી આપ્યો. પેલા રાજાએ તે પુત્રને કહ્યું કે; "હું તને મ્હારો ચેલો કયારે કરૂં, કે આ થાળ પાણીથી તગાતગ કોરેકોર ભરીને મૂકું છું; એ થાળમાં હવે જો પાણીનું એક ટીપું નાંખીશ તો તે પણ ઢોળાઇ જશે,

એટલી આ થાળ ભરેલી છે. એ ત્હારા માથા ઉપર ચઢાવી, આજ સાંજે મ્હારાં આખાં નગરમાં ફરી આવવું, મગર તેમાંથી પાણીનું એક ટીપું પણ નહીં ઘોળાય તો હું ત્હારો શુરૂ, ને તું મ્હારો ચેલો !" પુત્રે તેમ કબુલ કર્યું. બીજી ગમથી રાજાએ નગરમાં દુહાઇ ફેરવી, કે આજની રાત સર્વ લોકોએ તહેવારના જેવી રાત પાળવી. રસ્તે શેરીએ કે ચકલે ચોટે બધે નાચરંગ, ગાનતાન, ખાણીપીણી અને દીવા રોશનીનો ઠાઠ મચાવવો, એટલે ટુંકમાં મોટો મહિમા કરી દેવો. તે પ્રમાણે પેલા રાજપુત્રે સાંજને સમયે મહારાજની રૂબરૂ પેલી થાળ ધીરે ધીરે-ધીમે ધીમે, ધ્યાન ધરીને માથા ઉપર એવી તો સફાઇથી ચઢાવી, કે એક પણ ટીપું ઘોળાયું નહીં. એટલુંજ નહીં, પણ આખા શહેરમાં જયાં ગમે ત્યાં તે છોકરો ભટકી ભટકી થાળ સહિત મહારાજના મહેલમાં પાછો ફર્યો. રાજાએ તેની થાળમાં પાણીનું એક ટીપું નાંખી જેયું, તો તે ટીપું પણ બહાર ઘોળાયા વિના ન રહ્યું ! જયારે તે રાજપુત્રને મહારાજાએ સવાલ કર્યો કે; " નગરમાં તેં શું શું જેયું ? કાંઇ નાચરંગ કે ગાનતાન કે દીવા રોશની કાંઇપણ જેયાં સાંભળ્યાં કે કેમ ?" રાજપુત્રે કહ્યું; " હું કાંઇએ જાણતો નથી; મેં તો નાચરંગ જેયાં નથી, લાઇટ પણ નિહાળી નથી, કે ગાનતાન પણ કાંઇ સાંભળ્યું નથી. હું તો જયાં ચલાયું ત્યાં ધ્યાનમાં ને ધ્યાનમાં ચાલ્યાજ કર્યો. કાંકે મ્હારૂં તો બધું ધક ધ્યાન આ થાળ ઉપર ચોંટી બેઠું હતું, કે રખેને એકાદું ટીપું ઘોળાય ! રખે પાણી છળકાય ! અને ત્હારા કોઇ બાતમીદારો તે જુએ, એવી બીકથી મ્હારૂં સર્વ ધ્યાન થાળ ઉપર હતું, તેથી નગરમાં શું શું બન્યું તે હું જાણતો નથી !" એટલાથીજ મહારાજા પોકારી ઉઠયા; " જા ! બેટા ! તું એજ પ્રમાણે પ્રભુ ઉપર ધ્યાન રાખ, તું તેને જલદી પહોંચશે !" મતલબ કે, એટલું બધું ચિત્ત ખુદા ઉપર રોકીને તમે માંગો તો તમને તે જરૂર મળશે, શોધો તો તે જડશે, અને તેના દરવાજા ઠોકશો તો તે ઉઘડી જશે ! પરંતુ તેમાં પણ વચગાળેનો તોર એક ફીલસુફે શોધી કાઢી કહેલું છે કે; " વગર ધ્યાને બંદગી કરવી એ ઢોંગ છે, અને વગર બંદગીએ ધ્યાન ધરવું એ ખોટી જાતનો ગર્વ છે." ખાણું ખાતી વેળાએ હોજરી ઉપર જેમ એક ખાધરો, અને દડાદાવ રમતાં દડો ઝીલવા ઉપર જેમ એક ક્રીકેટીઅર પોતાની નજર દ્રઢ રાખે છે, તેવીજ દ્રઢ નજર તે કીરતાર ઉપર રાખી બંદગી કરો, અને તમે માંગો તે જરૂર મળશેજ. એવી મનની બંદગી વગર, મહેનત બરબાદ જશે. એકસો ને એક વરસ વેર કાં નહીં તમે માળા ફેરવી ફેરવીને તેના દાણાના મોઢાં ઘસી ઘસીને પહોળાં ચહોળાં કરી નાંખો, પણ તે સાહેબ તમને મળવાનો નથી, તે સાહેબ તો માત્ર એક ઘડી કે અર્ધી ઘડી, પણ ખરેખરાં નિર્મળ મનથી બંદગી કરનારનેજ મળવાનો.

मनका फेरत जनम गयो, गयो न मनका फेर,
करका मनका छोड कर, मनका मनका फेर.

માળા ફેરવતાં ફેરવતાં જન્મ ગયો, પરંતુ મનનું ચળવચળતો ગયું નહીં, એટલે કે મનની શાંતિ તો થઈ નહીં; માટે હાથમાંની માળા છોડી દે, અને મનની માળા ફેરવ. નસરુ-:"બંદગી તો એક ફરજગુજારી છે, એમ ગણી નિમી આપેલું બણુ-તણુ કલાક અધો કલાક, જ્યાંથી ત્યાંથી વગર ધ્યાને ભરડી જઇ કાશળ પતાવવામાં અથવા ફરજીઆતને વહેમની નજરથી માની લઇ બડબડાટ કરીને પરવારી જવામાં, બંદગીનો હેતુ ઉંધો વળશે. એક શાયર કહે છે કે,

ચું હર સાઅત અઝ તુ બજાઇ રવદ દેલ, બ તનહાઇ અંદર સફાઈ ન બીની;
વરત માલો જા હસ્તો ઝર ઓ તોજારત, ચું દેલ બા ખોદાઇસ્ત, ખેલવત નસીની

જો કદાંચિત તું એકલો ખુદાઇ દરઘામાં બંદગીમાં બેઠો હોય અને તે વેળાએ ત્હારૂં દિલ તથા ધ્યાન ઠેકાણે નહિ હોય, તો તેવી બંદગીથી કાંઇ પણ વળવાનું નથી; બલકે ધંધાધાપાનાં હરેક કોઇ સારાં કામમાં રોકાયલો છતાં, તે કામો કરતી વેળાએ જો ત્હારૂં ચિત્ત કીરતારમાંજ પરોવી દઇને તે સાહેબને યાદ કરતો હોય, પછી જો તું ખેતરમાં ખેતી કરતો હશે તો તે ખેતરજ ત્હારૂં એબાદતખાનું છે; જે કારખાનામાં તું કામ કરતો હશે તે કારખાનુંજ ત્હારી દરઘા છે. પાપીની બંદગી નકામી છે."

વિરાફઃ—"હું તો પાપી છું, મ્હારાથી તો એવા ગુન્હા થયા છે, કે ગમે એટલી બંદગીથી ધોવાવાના નથી," એવા એવા વિચાર કરીને બદગી નહીં કરવી, એ મોટી ભૂલ છે. ઘણા ગુન્હા થયા માટે તો ઉલટી ઘણી બંદગી કરવી જોઇએ; તેના વખતે સમુળી બંદગી કરવીજ નહીં અને હારી ખાવું, એ શર તા પા હેમકાઇ છે. એક શાયરનું કહેલું છે કેઃ—

બાઝ આ! બાઝ આ! હરાંચે હસ્તી બાઝ આ!
ગર કાફરો નાપાકો, બુતપરસ્તી બાઝ આ!
ઇન દરઘહે મન દરઘહે ના ઉમેદી નીસ્ત;
સદ બાર અગર તોબેહ શીકસ્તી, બાઝ આ!

કદાપિ તું કાફરી યકીનનો હોય, કદાપિ તું નાપાકી યકીનનો હોય, કદાપિ તું પુતળાં પુજક હોય, તોપણ તું પાપથી પશ્ચાતાપ અને પસ્તાવો કરી, ફર પાછો! ઈશ્વરની દરબારમાં નિરાશી કિંવા નાઉમેદી છેજ નહીં. કદાંચિત સો વાર તેં તોબા કરી'ને વળી ફરી ફરી ગુનાહ કીધા હોય, તોએ તું પાછો ફરી ફરીને તોબા કર અને ફર પાછો! ખુદા માફીનો બક્ષનાર છે. જેટલે દરજ્જે તમે બંદગીની ચાલુ કોશેશ કર્યા જશો, તેટલે દરજ્જે તમારા ગમે એટલા મોટામાં મોટા ગુનાહ હશે, તે પણ દિન ઉગે મોટા જથ્થામાં કપાતાજ જશે. વળી ઘણાઓ બંદગી કરી કરીને આખી જીંદગી દળિદ્રાવસ્થામાં ગુજારે, તો તેથી એમ નહિ માનવું, કે તે બંદગી નિષ્ફળ ગઇ. તેજ બંદગી તેને તેની ભવિષ્યની જીંદગીમાં કહો, કે હિંદુ શાસ્ત્ર

પ્રમાણે કહો, બીજા જન્મોજન્મમાં ઘણી કામ લાગશે. વાસ્તે "બંદગી કુન–બંદગી કુન બંદગી; જીંદગી બીબંદગી શરમીંદગીસ્ત." બંદગી કરો, બંદગી કરો, બસ બંદગી કરો; વગર બંદગીવાળી જીંદગી એક શરમીંદગીજ છે. એક જનને આમ લાગે, કે બંદગીના બદલા જેવું આગળ કે પાછળ કાંઈ છેજ નહીં. કદાપિ તેને એમ લાગે, કે ખુદાની હસ્તીજ નથી, માટે વગર હસ્તીવાળી કોઇ ચીજની બંદગી કરવાની જરૂર નથી, વાસ્તે તેણે બંદગી નહીં કરી. બીજા જનને લાગ્યું, કે બંદગીનો ફાયદો મળે છે, અને ખુદાની હસ્તી છેજ, સબબ બંદગીની જરૂર છે; તે કારણથી તેણે બંદગી કરી. હવે બીજું એમ માનો કે, ખુદાની હસ્તી નથી, એમ મુવા બાદ પેલા બંદગીખોરને જણાયું, તો તેથી પેલા બંદગી કરનારને કાંઇ ખોવાનુ રહ્યું નહીં. તે એટલો વાર તો ખરાબ વિચારો, વચનો, અને કામોથી છૂટયો હતો. હવે બીજી બાજુ તપાસો. ખુદાની તો હસ્તી છે, એમ જયારે પાછળથી જણાયું, ત્યારે બંદગી નહીં કરનારને તો પૂરેપૂરૂં ખોવાનું રહ્યું. "દુન્યાંકા તલબ કરનેવાલા રન્જુર–આકેબતકા ચાહનેવાલા મજદુર–મગર હય તાલેબે મઓલા મશરૂર" =આ દુન્યાંનીજ માયામાં લપટાઈ રહેલાઓ આખરે તો દુ:ખીજ છે, તેમ વળી પોતાનો શરંજામ માત્ર સારો ઇચ્છનારા તો મજુર જેવાજ છે, પરંતુ ખુદાતાલાનીજ તલબ કર્યા કરનારા તો હમેશાં આનંદી અને સુખીજ છે. એક કુંવારિકા પરણવા પહેલાં પહેલાં સોહવાસન થવાની આશામાંજ, પોતાનો ધણી નક્કી નહીં થયલો છતાં, હાથે ચીતળ ઘાલી સોહવાસન બને છે, તે ભવિષ્યના એટલાજ શુકનથી, કે તેણીનો કોઈ પણ દહાડો પરણવાનો વારો આવશેજ; કેમકે નહીં જણાયલો એવો તેણીનો કોઇ ધણી છેજ છે, અને વખત આવશે એટલે આપો આપ લગ્ન થશે. તે પ્રમાણે તેણીને મોડે વહેલે ધણી મળે છેજ. એ પ્રમાણે તમે પણ પ્રથમથીજ ખુદા જેવા એક છુપાયલા ધણીને માટે બંદગી રૂપી ચીતળ પહેરીને ફરશો, તો તમારી શોભા પેલી સુંદરાના જેવીજ સોહવાસન રૂપે પ્રગટશે. પરણ્યા વગર સોહવાસન થવાના આનંદમાં ચીતળ પહેરનારા થવા માટે સેંટ પોલે કહેલું છે કે; "તમારૂં શરીર અંગોળ કરીને સ્વચ્છ કરો છો, તેમ અંતઃકરણને પણ સાથે સાથેજ સ્વચ્છ કરીને પૂર્ણ એતેકાદથી તે સુરબ્બી ધણીની આગળ તમે જવા માંગશો, તો તે ખુશી સાથે તમારી મુલાકાત લેશે. જે કોઇ ખુદાની આગળ આવે તેણે પ્રથમ તો માનવુંજ જોઇએ કે, મ્હારા ધણી ઇશ્વરની હયાતિ છેજ. પછી જેઓ તેને ખંતથી શોધે છે તેઓને તે બક્ષનારો પણ તેવોજ છે. ટુંકમાં, આસ્થાથી, યકીનથી, શ્રદ્ધાથી ઇશ્વરના નામ ઉપરજ માત્ર કાંઇ પણ સારૂં કામ કરો, સારૂં બોલો, અને સારૂં વિચારો. તમારી બંદગી ફળની આશા વગર તેનેજ અર્પણ કરો, તમારી જીંદગી તેના ઉપરથી ઓવારી નાંખો, અને તેજ તમને તારશે. ભાઇ નસર ! તમે કહેશો કે, તે સાહેબ એક વાર દેખાય, તમને મળે, અને પોતાની હયાતિ સાબેત કરી દેખાડે તો પછી

હું તેને પુજીશ ! એ સિદ્ધાંત ઉપર ચાલવું એ તો વાંઝણીના છોકરાને પરણાવીને તેનો પરિવાર જોવાની ઇચ્છા રાખવા જેવું છે. હિમાલય પર્વતની હસ્તી છે, તેની તરેહવાર બલિહારી છે, પરંતુ તે જોવાની તમારી ઇચ્છા થાય, તો હિમાલય નજીક તમારેજ જવું જોઇએ, તે પર્વત ઉપર ચઢવાની વેદનાની તમારેજ વિપત્તિ વેઠવી જોઇએ; નહીં કે હિમાલયને તમારી આગળ તમે ઉંચકી મંગાવીનેજ તેની હયાતિ અને બલિહારી માનો ! તમારે પુરૂષાર્થ તો કરવોજ જોઈએ. પુરૂષાર્થ વિના દૈવનું ચલણુ ચાલતું નથી. જેના પ્રતાપથી તમે નવ માસ સૂધી એક અંધારી, ગંદીલી, ગલીચ, હવાના આવ જાવ વગરની કોટડીમાં જીવતા જાગતા રહી શકયા, અને તમે જન્મો તે આગમચ તમારા ઘટતા ખોરાકને માટે માતાના સ્તનો દૂધથી ભરી રાખ્યાં, તેવા પ્રતાપિને તમે બંદગીથી નહીં સંભારો તો કેમ સંભારશો ? દુન્યામાં જે જોશો તે ઉલટ સુલટ સિદ્ધાંત ઉપર ઇશ્વરે રચેલું જોશો, તેથી તેના તેવા કાયદાથી કંટાળી નાસ્તિક નહિ બનશો. બુતપરસ્તીમાં પણ જો એક ઈશ્વરનું સ્મરણ હોય તો તે બુતપરસ્તી પણ ખુદાપરસ્તીજ છે. આતશની પરસ્તેશમાં પણ જો એક ખુદાનું ભજન થતું હોય તો તે આતશપરસ્તી પણ ખુદાપરસ્તી છે. ઉંડાં જ્ઞાનથી એ સઘળું તપાસીને જૂઓ. દુબળાં, નરડાં, કોળી આદિલઇ હલકી મનોવૃત્તિ ધરાવનારી પ્રજાઓને ખુદાની મોટાઇ અને મહાબળનો ખ્યાલ આપવાને તરેહવાર કલ્પિત આકારના, વીશ પચીશ હાથ પગવાળા, પખાલ જેવાં માથાંવાળા અને તરબુચ જેવી આંખોવાળા, તથા પંખા જેવા મોટા કાનોનાં પુતળાં બનાવી ખુદાના બળનું ભાન કરાવ્યું, તેના ધાકનું માન બેસાડયું, ત્યારેજ એક દુબળો નરડો પાપનો કાંઇએ ડર રાખી કામો કરે જશે; બાકી ઇશ્વર નિરંજન, નિરાકાર, અને જ્યોતિસ્વરૂપે આખી જગતમાં સ્પુરી રહેલો એવો, મોદાં માથાં વગરનો ઇશ્વર, તેઓ માનવાના નહીંજ. તેની છાયાં અને છાપ તેવા અનંત અજ્ઞાનો ઉપર પડવાની નજ હતી તેવા અજ્ઞાનો તે સાહેબના ભેદને નહીં સમજે તો એટલું મહા મોટું પુતળું જોઇને તેઓ ઉદ્ગાર કાઢે કે; “ બાપરે ! આવી મોટી આંખોવાળો ઇશ્વર તો બધુંજ જોઇ શકવાનો ! આવડા મોટા કાનોવાળો તો સર્વ સાંભળી લેવાનો ! માટે ગમે એવા ખૂણામાં ખોટું કામ કરીશું તો તે જોવાનોજ જોવાનો ! ” એવી એવી બીકથી તેને પુતળાંનો ખ્યાલ થતો નથી પણ ખુદાનોજ ખ્યાલ થાય છે, અને પુતળાં તે પુજે છે ખરા, પણ ખુદાના ખ્યાલથીજ તે પુજે છે. અધ્યાત્મિક વિદ્યા વડે જોતાં તો તે પથ્થરો પણ ખુદાનુંજ અંગ છે. પત્થરો અને પોતે કાંઈ જુદાં નથી. “ રૂપ વગરનો તે ખુદા હોય ? આકાર વગરની તે કાંઇ ચીજ હોય ? ” એવા અજ્ઞાન અતિ પ્રશ્નો તેમને સહેજેજ ઉત્પન્ન થાય, એવા ઈરાદાથી આ ખેલ વ્યાસ જવા આગલા પંડિત શાસ્ત્રીઓએ રચેલ છે. નસરઃ–“ ખુદાતાલાને કોઇએ જોયો નથી, તેનું કાંઇએ રૂપ નથી; અને આ તો મહાદેવનું પુતળું, આ તો શંકરની મૂર્તિ, એમ ખુદાતાલાનો ગમે તે

આકાર માણસે વગર જૂએ કોતરી કયાંથી કાઢયો? વળી મૂર્તિ કોતરનારા પણ ખુદ જ્ઞાનીઓ કે યોગીઓ હોતા નથી, કે જેઓને ઇશ્વરની જરાએ છાંયા પડી ગઇ હોય. બલ્કે કેવળ અજ્ઞાન સલાટ લોકો મન ભાવતા પત્થરાની મન ભાવતી મૂર્તિ કોતરી કાઢે, તે તે વળી ઇશ્વરની આબેહુબ છબી કયાંથી હોય?

આવા મૂર્તિપુજકો ને નદીનાળાંને માનનારાઓની ઇચ્છાઓ અને ભકિત પણ નીચ માંગણીવાળીજ થઇ પડે!" વિરાફઃ—ભાઇ, અલંકારિક રીતે આ શંકાનું પણ આપણા ધર્મશાસ્ત્રમાં નિવારણ કરેલુંજ છે. આવાં અરદ્વીસૂર એવા દુષ્ટ માણસોને પોતાની આરાધના કરવા, પોતાને ઇજેલી ચાકની કરવા, પોતાની નીચ ઇચ્છાની નીચ માગણી કરવાની સાફ ના પાડે છે કે; " બીજાંઓને દુઃખ દેનારાઓએ, ગરમ મીજાજવાળાએ, ઠગાઇ કરનારે, હિંચકારાએ, નીચ માણસે, બદચાલની સ્ત્રીઓએ, અધર્મિ માણસે, કોહોડિયા માણસે, પોતાની દુષ્ટ ઇચ્છા જણાવી ઉમેદ પાર પાડવાની મ્હને ખાહેશ જણાવી હતીજ નહીં." તેમજ છતી આંખે આંધળા, છતે કાને બહેરા, બુરા, ઘાતકી, બખીલ, શેહવત પરસ્ત એટલે વિષયી ને હવસી માણસે કરેલી ઇચ્છા ને ઉમ્મેદ તેણી બરલાવતીજ નથી; પરંતુ જે ઇશ્વર પરસ્ત હુવોવના ખાંદાંનવાળાઓએ, નોદ-રના વંશવાળાઓએ, દ્રઢ ઇચ્છાથી બંદગી કીધી, તે હુવોવવાળાઓને દોલત ને સુખ પ્રાપ્ત થયાં. નોદર કુટુંબવાળા ગુસ્તાસ્પને ઇરાનની પાદશાહી સાથે, તેજી ઘોડા પણ માગ્યા મુજબ મળ્યા હતા. સલાટ લોકો મહાદેવ કે આકૃતિની મૂર્તિ ખુલ્લાં મેદાનમાં મોટા પત્થરાઓ નાખીને જ્યારે કોતરે છે ત્યારે કકડતા તાપથી તપી રહેલા પત્થરા ઉપર ખાસડાં સાથેજ બેસીને, મૂર્તિની છાતી ઉપર પગ મૂકીને કોતરે છે, પરન્તુ તેજ પત્થરાની તે મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા, કોઈ મહાત્મા, ઋષિ, કે પ્રવીણ બ્રાહ્મણોએ પોતાનો પ્રાણ તે પત્થરની મૂર્તિને અર્પણ કરવાની ક્રિયા કીધા પછી, મૂર્તિ પરથાયા પછી, તેના થાનકે ખાસડાં સાથે તે સલાટથી તેજ મૂર્તિની આગળ પણ જઈ શકાતું નથી. બલ્કે તેણે સાષ્ટાંગ નમસ્કાર તેજ મૂર્તિ સમક્ષ કરવા પડે છે. તેજ પ્રમાણે અશો મોબેદો સાધારણ આતશોની પ્રાણ પ્રતિષ્ઠાની ક્રિયા કરીને આતશબેહરામ પરથે છે, ત્યારે તે પુજવા લાયક થઈ પડે છે, અને તેની મારફતે ખુદાની બંદગી થઇ શકે છે. ખુદાવંદીને અનુભવવાના માર્ગો એવાજ છે. મિથ્યા માની લીધેલાં જીંદગીનાં ચિંતનનો ત્યાગ કરી, તમારી જીંદગીની જગોએ ખુદાવંદીને તમે જોતા થાવ ભાઇ. તમારાં સાધનો માત્ર આજ માર્ગ ભણી તમને દોરે છે. જપ તપ કરો, ભકિત કરો, યોગ કરો, ઇચ્છામાં આવે તે સાધન કરો, પરંતુ સર્વ ધર્મવાળાંનાં લક્ષ્ય સ્થાને (Goal) પહોંચવાના માર્ગો આવાજ છે.

સચ્ચાઇ હય કુવ્વત, તો સિદાકત મેરા ખંજર;
ઈમાન હય ઝુંડા મેરા, નેકી મેરા બખતર.
તૂટ જાઉંગી, કટ જાઉંગી, શિકવા ન કરૂંગી!
ઇમાન જાયેગા, તો મયેં સૌર બાર મરૂંગી.

સબક ૯ મો.

કુદ્રત ઉપરથી કર્તાની હસ્તી.

" He that cometh to God, must believe that He is, and that He is a rewarder of them that diligently seek him." *St. Paul.*

નસરઃ—ભાઇ વિરાફ! જે પરવરદેગાર બક્ષાયંદેહ, બક્ષાયશગરે, મેહેરબાન છે, ને ન્યામતનો બક્ષનાર, ગુન્હાની માફીનો આપનાર, આપણુ માણુસ જાત ઉપર દયા રાખનાર, ને વળી ન્યાય કરનારો કહો છે, તે પરવરદેગારની બંદગી કીધાથી શું તે દયા લાવે છે ને ઇનસાફ ઉંધો વાળે છે? શું બંદગી નહીં કરનારને તે ન્યાય નથી આપતો? અને કીનો કે ક્રોધ કરે છે? શું બંદગી નહીં કરનાર ઉપર તેની દયા નહીં ઉતારતાં તે નિર્દય થાય છે? શું પોતાની બંદગી કરાવવાને તે એટલો બધો તલબગાર છે? હું નહીં માનતો.

વિરાફઃ—નસર! નસર! તું આવા વાદવિવાદ કરીને અધર્મની સાથે વળી અજ્ઞાની પણુ નહીં થા. ધર્મ નથી અને વળી ખુદાની કરામત પણુ નથી, એમ માનનારા જે લોકો અશો અને ભકત લોકોનો ઉપહાસ કરે, અને ધર્મ તરફ અશ્રદ્ધા કરે કરાવે, તેઓનો ખચિત્તજ વિનાશ થાય છે. કુદ્રતમાં શકિત, ડહાપણુ, ભલાઈ, વિગેરે મહાન ગુણો જોઇને તે કુદ્રત રચનારની મોટાઇ વિષે તથા તેની હસ્તી વીશે આપણુને માનવુંજ પડે છે. રોબીનસન ક્રુઝો એક ટાપુ ઉપર ગયો, અને રેતી ઉપર કોઇ માણુસનાં પગલાં દીઠામાં આવ્યા ઉપરથીજ તે ટાપુ ઉપર માણુસ જાત વસે છે, એની તેણે ખાત્રી કરી હતી. અમેરિકાની શોધમાં જતાં કોલમ્બસને દીવો દેખાયો, ને તેણે જમીન નજીક આવ્યાનું અનુમાન દરિયામાંજ કર્યું હતું. ભાઇ! પ્રથમ તું ઇમાન લાવ, અને પછીજ તકરાર ચલાવ. ઇમાનદારી એ એક એવી રોશની છે, કે જે જન્નત, સ્વર્ગ અને બેહેસ્ત સુધીનો રસ્તો રોશન કરી આપે છે. યાદ રાખજે નસર! દાદાર અહુરમઝદનું પેટ તો દયાથીજ ભરેલું છે; પહેલાં તે દયા ખાય છે, અને પછીજ તે ન્યાયનું પાન કરે છે. તેનામાં દયા અને ન્યાય દૂધ સાકર પેઠે ભેળાયાં છે.

ધણી ધણીઆણીનું એક સુખવાસી જોડું ઘણાં વરસથી સુખચેનમાં રહેતું હતું. પ્રસંગે ધણીને પરદેશ રળવા જવાની જરૂર પડતાં તે બહાર પડયો, અને તેની પતિવ્રુતા સ્ત્રિ તેનાથી જૂદી પડી. તે સ્ત્રિને મનથી પોતાનો ધણી એજ ઇશ્વર હતો, તે કારણુથી તેની જૂદાઈમાં તેણીએ તેની કાંઈ છબી શોધી, પણુ હાથ ન આવ્યાથી પોતાના ધણીના પગમાંની પાવડીને દરરોજ ધોઇ ધાઈ સાફ કરી, પોતે અંગોળ કરી રહીને ભકિત ભાવથી પૂજવા લાગી. તે પાવડીને છાતી સરસી દાબીને, આંખસે લગાડીને, માથા ઉપર મૂકીને, પતિની ભકિત, યાદ, નિત કર્મમાં તેણી કરે જતી હતી. ૩-૪ દિવસ સૂધી તો પેલો તેણીનો ધણી પાસેના પડોશીને ત્યાં

પોતાની સ્ત્રીનું પતિવ્રત જોવાને ભરાઇ રહેલો હતો, તેણે સર્વ કાંઈ નજરે નજર દીઠું. દિલમાં તેને એટલા બધા આનંદની લાગણી લાગી રહી, કે પોતાની સ્ત્રી જોકે નથી તેની છબીને પુજતી, કે નથી તેના શરીરના કોઇ અંગને પુજતી, કે નથી તેના સ્વરૂપની કોઇ વસ્તુને પુજતી; બલ્કે પગની જુતીને તેણી પુજતી હતી છતાં, તેણીનો ભાવ એજ માત્ર પોતાના ધણીના દિલને આકર્ષણ કરનાર વસ્તુ હતી! તેજ પ્રમાણે સામે આતશ કે પથ્થર મૂકીને પરમેશ્વરનો ભાવ રાખી પુજા કરવાથી તે માલિક નાખુશ નથીજ થવાનો, પણ ઔર તે ખુશીજ રહેશે. પરંતુ મૂર્તિંપુજા અને ઇશ્વરજ્ઞાનનો ખરો ભેદ એક અજ્ઞાનીને સમજાવતાં, તે જેટલો પણ ખુદાને માનતો હોય તેટલો પણ છોડી દઇ ઘણીકવાર નાસ્તિક બને છે, જ્યારે કેટલાક વકુફ વગરનાને તેનો ખરો ભેદ એકવાર રામના બાણની માફક ચોંટી બેસે છે, તો તે ભાવિક આસ્તિક બની જાય છે. વાસ્તે લગાર આગળ વધીને કહો, કે તે સાહેબનાં ખરાં સ્વરૂપને બદલે બીજુંજ કાંઇ રૂપ ધારીને, અથવા તેનુંને તેનુંજ અમુક રૂપ ચિત્તમાં પરોવીને તેને માનો, અને પછી પુજો. જે માણસ યકીનથી તેને માનવા માટેજ પોતાના મનની શુદ્ધિ કરતો હોય, તેને આ બધું કહેલું ઉલટી અસર કરવાને પણ શકિતમાન થઈ પડે, એવા તેના ભેદો ઉંડા અને ભયંકર છે. **શેકશપીઅર** કહે છે કે; આપણ માનવીઓ, જેઓ આપણ પોતાથીજ અજાણ છિયે, તેઓ બંદગી વિના હાથે કરીને આપણે પોતાને માટેજ આફતોની માગણી કર્યે છિયે, અને તેવી માગણીઓ પેલો ડહાપણવાળો સાહેબ આપણાજ ભલાંને માટે કબુલ રાખતો નથી. ભાઇ! બંદગી વગર પણ જ્યારે તે સાહેબ ત્હારૂં ભલું ઇચ્છે છે, ત્યારે બંદગી કરતો રહે તો તને કેટલું બધું ભલું જોવાની ઉમેદ રહેશે! એટલા વાસ્તે ઈશ્વર શોધક **સેનેકા** કહી ગયો છે કે, બંદગીમાં તું શું શું માંગશે! પહેલાં તો ખુદાતાલા પાસે નિર્મળ અંતઃકરણ ઇચ્છજે. પછી તંદોરસ્ત મન, અને ત્યાર બાદ તંદોરસ્ત તનની તું માગણી કરજે. તું વિપત્તિમાં કે ચિંતામાં આવી પડયો હોય, ત્હારાથી ભયંકર પાપ થઇ ગયું હોય, તું ભીડમાં આવી ગયો હોય, તું એકલવાયો અને હાડમાર થઇ પડયો હોય, ત્યારે એક ખુણામાં બેસી બંદગીની એક નરમ હાય માર! તેની ભકિત કરવા સિવાય તને હિમ્મત આવવાની નથી.

નસર:—"તે સાહેબને ગાળ આપો, તેની નિંદા કરો, કે ગમે તેવું તેના માટે વાંકું બોલો તો તે ગુસ્સો કરતો નથી. તેની ખોટી ખોટી, મોટી મોટી તારીફો કરો તો તે ખુશી થતો નથી. રે ભલા! તે કાંઇ ત્હારી કે મ્હારી બંદગી ઉપર બેસી રહ્યો નથી. "તેને માનનારા આસ્તિકોનું તે પેટ ભરેજ છે. અને તેને નહીં માનનારા નાસ્તિકોને તે ભૂખ્યા સુવાડતો નથી. જેઓ માંસ મદિરાના આહારને નર્કમાં લઇ જનારો માર્ગ ગણી ગયલા, તેઓ પોતેજ નર્કમાં નહીં ગયા હશે, અને જેઓ માંસ મદીરા ખાઇ પી મસ્ત બનનારા તે સ્વર્ગમાં નહીં ગયા હશે, એવું કાંઇ હોય

શું ? ઇશ્વરને સવાબ ગમે છે અને પાપ નથી ગમતાં, તોપણ જે જે કરાવે છે તે તે તો તેજ કરાવે છે ! આ અસત્ય અને પેલું પણ અસત્ય, એવું મનાવનારો પણ તેજ છે ! પૂર્વ જન્મ કે પુનઃજન્મ કાંઇ છેજ નહીં."

વિરાફ:—"ઓ ભગવાન ! રે પ્રભુ ! આવાં ખોટાં ખરાંના વમળ ભર્યાં વિટંબણામાં નાંખનારી વાસનાને તેં કાં પેદા કરી ! એવા ભેદ ભરમોથી ભરેલા ઓ ભલા ! હમે તને બંદગી શિવાય કેમ અને કેવી રીતે ઓળખ્યે ? કીયે માર્ગે પુજ્યે, અને કિયે રસ્તે તુંને આવી મળ્યે ?" એવા એવા અંતર્યામી ઉદ્‌ગારો એ પણ ખરે ખરા બંદગીનાજ ઉભરા અને ભકિતનીજ હાયો છે ભાઈ ! જે છે તે બસ તુંજ છે. વસિષ્ટ મુનિ પ્રમાણે કોઈ પેદા થયું નથી, ને કોઇને તું પેદા કરતોએ નથી કોઇ જન્મતુંએ નથી ને મરતુંએ નથી. એ બધાં વાસના દેવીનાં પરાક્રમો છે; તેજ દેવીની મ્રોકાણે આપણ ખુદાથી જૂદા પડયા છિયે. "પેદા થયા" કહેતાં, અમે ત્હારાથી જૂદા થયા; તો તે જૂદાઇ પણ વાસનાનેજ આભારી છે. જીવ હંત્યા ન કરવા બદલ ત્હારાં ફુરમાનો કહેવાય છે, પરંતુ તું તો ઉલટો હમે હમ લાખો લાખ જીવોને અમારાં પેટાખાંનામાં ગુંગળાવી મારવાનું પાપ કરાવે છે ! પાણીના દર ગોટે ગોટ તું તો હજારો હજાર જીવડાઓનો ભક્ષ કરાવે છે ! એવાં ઉલટાં સુલટી કર્મોના ભેદના આભારથી અમે તુંને ને તુંનેજ યાદ કર્યે છિયે. એક પણ પંથવાળાનું એક પણ પ્રમાણ સિદ્ધ રહેતું નથી; બલકે તેને તોડવાને ઉલટા સુલટી વાતો તે પંથના પ્રેમાળુઓ પાસેજ તેં કરાવી છે. એ ત્હારી અદ્દ્‌ભુત શકિતમાં ગુંચવનારી ત્હારી ભેદી જાળ છે નેં છેજ. એવા મોટા માલિક ! હું તને નહીં કાં ભજું !

ભાઈ નસર ! ખુદાતાલાની બંદગીના સંબંધે કર્મનો વિષય આપણે ખાસ અભ્યાસમાં લાવવો જોઇએ છે. અને જેવું કરશો તેવું પામશો એવા અર્થનું જરથોસ્તી સિદ્ધાંત "અકેમ્ અકાઇ વંઘેહિમ અષિમ વંઘહુઓવે" જે અવસ્તા કલામોમાં પવિત્ર વચન છે, તેનું ભાન લાવવાને પૂનર્જન્મનું યકીન ખાસ મહત્વ ધરાવે છે. જરથોસ્તી ધર્મશાસ્ત્રમાં પુનઃજન્મ કે પૂર્વ જન્મ કાંઇ છેજ નહીં, એવું અવસ્તાના અભિયાસીઓ જણાવી દેવાની જે ઉતાવળ કરવા પડયા છે, તે તરફ લગાર વિશેષ વાદ વિવાદની જરૂર છે. એકવાર પૂર્વ અને પૂનઃજન્મનો વિચાર નકકી થયો, તો પછી ખુદાની બંદગી ઉપર જરા વ્હેલીજ આસ્થા વધશે. એકવાર પૂર્વ અને પૂનઃજન્મની શ્રદ્ધા આપણા જરથોસ્તીઓમાં પેસવા દો, અને પછી પહેલેથી આપણા ધર્મ અભ્યાસ ઉપર નવેસર અવલોકન કરવા દો, તો પછી કાંઇ જૂદોજ અર્થ અને માર્ગ આપણને સુઝ પડશે. જરથોસ્તીઓ આત્માની અમર્ગી તો માનેજ છે. આત્માની અમર્ગી તે શું, અને તે શા થકી હોવી જોઇએ, તેનો ખ્યાલ કરવાનું અને તે ઉપર ઉંડો વિચાર ચલાવવાનું છોડી બેઠાથી, પૂર્વ અને પૂનઃજન્મ વીશે આપણે અંધારામાં રહ્યે છિયે. પૂનઃજન્મનો શબ્દ અવસ્તામાં હોય તોજ તેને માનવું શું ?

તેનો સેદી અર્થ, ઉંડો અર્થ, બીજાં રૂપે અવસ્તામાં સમાયલો હોય તો તેને નહીં માનવું શું ? અવસ્તામાં તો ચોક્કસ ગણુત્રિનાજ અમુક હદમાંજ શબ્દો આવેલા છે. એક નિર્દોષને વગર પાપે, આ જન્મમાં, દુઃખ થતું આપણે જોઇએ છે. ખરૂં છે, કે આ ભવમાં તે સારી રીતે વર્ત્યો છે, પણ પેલા આગલા ભવમાં તેણે કરેલાં નઠારાં કામોનો બદલો મળવાનો રહેલો હશે તે કાં નહીં આ ભવમાં તેને મળતો હશે ? તેમ વળી એક પાપી દોષિતને આ ભવમાં અનેક ગુનાહ કરવા છતાં સુખ ભોગવતો જોઇએ છે, ત્યારે કાં નહીં પેલા ભવનાં તેનાં સવાબોનો બદલો તેને મળતો હશે ? સુખ દુઃખ સૌ કરણી પ્રમાણેજ છે, એવું તો “ અકેમ અકાઈ વંઘોહીમ અષિમ વંઘહુઓવે ” ભણીને આપણે કબુલાત આપી છે. ધારો કે એક પાપી માણસ આખી જીંદગીમાં ગુન્હાઓ કરીને સુખમાંજ મરી જાય, અને પૂનર્જન્મ નહીં હોય તો તેના ગુન્હાનો બદલો કયાં અને કેવી રીતે મળી શકશે ? કોઈ ત્યારે કહેશે કે, દોજખમાં તેને અસહ્ય વિપત્તિઓ ખમવી પડવાની એજ તેનો બદલો ! ત્યારે પાછો સવાલ ઉઠશે કે, એક બાળક એકજ વરસની ઉમ્મરમાં કે તેથી પણ ઓછી ઉમ્મરમાં જન્મથીજ દુઃખી દર્દિ જન્મીને, પીડા પામી પામીને મરી જાય છે, તેણે એક વરસમાં તે શું પાપો કર્યાં કે તેને કરણીનો આવો બદલો મળ્યો ? ના. તે બદલો તેને પૂર્વેના પાપોનો અહિં, આ જન્મમાં મળ્યો છે, એમજ સમજવાનું છે. પૂર્વેના પાપોનો બદલો જે અહિં, આ ભવમાં મળ્યો એજ બતાવે છે કે, આપણને તો આ દુનિયાંમાં કે બીજી કરોડો હયાત અને હવે પછી થનારી દુન્યાંઓમાં જન્મ મરણના એવા એવા લાખો લાખ ફેરા, મુકિત થતાં સૂધી ફરવાના છે. આપણે એકવાર જન્મ્યા ત્યારથી લાખો લાખ ફેરા સૂધી આપણો એકજ જન્મ કહો, તો તેજ જન્મના કૃત્યોનો બદલો પણ એજ ગણાશે. એના ઉંડાણમાં જઇ તેને શોધવા જશો, તો તમારૂં મન નિશ્ચિત થયા સિવાય તે શોધાવાનું નથી. અંધારૂં એ શી ચીજ છે ? તે કેવુંક છે ? એમ કહીને તમે અંધારાંને દીવો લઈ તેનું સ્વરૂપ જોવા જશો તો ઉલટીજ ક્રિયા થશે. અંધારાંનું ખરૂં સ્વરૂપ જોવા જતાં દીવાથી તો ઉલટું ઉજરડું થઈ જશે. માટે અંધારાંને જોવા માટે તેને તેનાં ખરાં સ્વરૂપમાંજ રહેવા દઈ તમે જોશો, યાને આત્માની અમરગીને તેનાં ખરાં સ્વરૂપમાં કહેતાં પૂનઃજન્મના સ્વરૂપમાં જોવા જશો, તોજ તમને તમારાં કૃત્યોનો ડર કે નિડર જરૂર લાગશે, અને ખુદાતાલા વીશે ખરો ખ્યાલ ત્યારેજ થશે; ત્યારેજ તમોને બંદગી કર્યા વિના ચાલવાનું નથી. સેંટ જોન કહે છે કે, ખુદા એ પણ ચૈતન્ય આત્મા છે, માટે તમે પણ જો આત્માને પરોવીને તેની બંદગી કરો તોજ તે આત્માને ખુશી કરી શકો. જ્યારથી આપણે પરમાત્માથી જૂદા પડયા ત્યારથીજ આપણે એક એવી મોટી ઉંઘમાં પડયા છિયે, કે લાખો લાખ ફેરા જન્મ મરણની ફેરા આંટીમાં ફરયેં છિયે તોએ, ઉંઘમાં આપણે એ સર્વ સ્વપ્નોજ જોઇએ છિયે. સંકલપથી રાતનો

સ્વપ્નો એક ક્ષણનો પણ નહીં હોવા છતાં વરસોનો લાંબો લાગે છે, અને જ્યારે જાગો છો ત્યારે જાણો છો કે, સર્વ થોડીક ક્ષણમાં બની ગયું. તેમજ વાસનાથી માત્ર એક ક્ષણનો આ ભવનો એક ફેરો લાખો લાખ જન્મ જેવો લાંબો લાગે છે. તમે રાત્રે બરાબર ૯ કલાકે ઉંઘમાં પડયા. સ્વપ્નો આવ્યો. અને તમે જૂઓ છો કે, તમારે પેટે છોકરાં થયાં છે, અને મોટો કબીલો થયો છે. તમારાં છોકરાંને ઘર છોકરાં અવતર્યાં. તમે હિંદુસ્થાનના રાજા થયા. ત્યાં ૫૦ વરસ રાજ્ય કરી બીજા દેશો જીત્યા; અને બીજાં ૨૫ વરસ જાહોજલાલી ભોગવી ૧૦૦ વરસની ઉમ્મરે તમો મરણ પામ્યા. તમે જાગી ઉઠયા તથા ઘડિયાળમાં જૂઓ છો તો હજી તો ૯ કલાક ને પાંચ મીનિટ ઉપર થઇ છે! તો પાંચ મીનિટમાં તમે જેમ ૭૫ વરસની કારકિર્દી જોઈ અને અનુભવી, તેજ મીસાલે તમારૂં આ જીવવું ૭૫–૮૦ વરસનું તમોને માત્ર વાસનાથીજ લાગે છે, બાકી એ તો થોડીક ક્ષણનુંજ જીવવું છે. એ બધું તમે એવા એક ચશ્મા વડે જોઇ શકો, કે જે ચશ્મો મનરૂપી આંખને બંધબેસ્તો આવે. એ સૌ ખુદાઈ જ્ઞાન તથા ખુદાઇ અનુભવથીજ જોવાનું છે. જે કોઈ કે ખુદાઈ જ્ઞાનમાં રસ્તે પડી ચુકે છે તેને તો એવાં એવાં કૃત્યો સુઝ પડે છે, કે અજ્ઞાનીઓ તો તેને ગાંડોજ ગણે છે. તે તો ખુદાઇ એશ્કમાં અને તેની બંદગીમાં વેળે ખાવાનું પણ ભૂલી જશે. આપો તો ખાશે, ને નહીં આપો તો તેની તેને તમા નથી. એવા માર્ગ ઉપર તદનજ લીન્ન અને તલ્લીન થઇ ગયલા ગમે એવા એક શ્રદ્ધાળુ બ્રાહ્મણ જેવાને પણ તમે અન્નને બદલે અખંતર આપો, કિંવા શીરાપૂરીને ઠેકાણે માંસ મદીરા આપો તો તે પણ વગર સ્વાદે અને વગર કમકમે ભક્ષ કરવાનો; કેમકે તેના મનને તે વાનાં કાંઇ જૂદાં અથવા ભેદાભેદવાળાં નથી. એ બધી સ્થિતિએ આવતાં સૂધી ત્હારે બંદગી કરવી જોઇએજ જોઇએ. ખુદાતાલાના ઉપકારેનો ઉભરો કાઢવાને આદમ જાતની પાસે બંદગી સિવાય બીજું હથિયાર શું છે? તે ઉપકારના બંદગી રૂપી ઉભરાના ફાયદા ઘણા છે. તે વીશે લોર્ડ ટેનીશન કહી ગયા છે કે; "આ દુનિયાં માને છે તે કરતાં પણ ઘણું વધારે કામ બંદગીથી થઈ શકે છે. વાસ્તે ઓ ભાઇ! એક વહેતા ઝરાની માફક રાત ને દહાડો તું ત્હારો બંદગીનો અવાજ કાઢયાજ કર! કેમકે મેંઢાં બકરાં જેઓ બિચારાં વગર વાચા અને વગર બુદ્ધિવાળાં અંધકાર મગજ લઈને ઉધરેલાં છે, તમના કરતાં તો તું સો દરજ્જે ચઢતો છે; છતાં તું ખુદાને પિછાનવા પછી જો બંદગીના જુસ્સાથી ત્હારા હાથો ઉંચા નહીં કરશે, અને ત્હારે ખાતર તથા ત્હારા ખેરખાહો ખાતર બંદગી નહીં કરશે, તો ત્હારામાં અને મેંઢાં બકરાંમાં કાંઇએ ફરક નથી." તે બિચારાં જો ત્હારી માફક ખુદાની હસ્તી પિછાનત તો ત્હારા કરતાં સો ઘણીવાર બૅઅઁ–મૅઅઁ કરીને પણ તે સાહેબને જરૂર યાદ કરત. અરે! અરે! એક મરઘો પણ સહવારના પહોરમાં "કૂકરે–કૂક" રૂપી બંદગી કરે છે. એક મરઘી પણ પાણીનો અકેકો ગોટ ગળતાં ગળતાં આકાશ તરફ ડોકું

ઉંચું કરીને તે સાહેબની ન્યામત માટે શુકરગુજારી કરે છે. એક પરવાંનો, એક મગતરૂં, તે સાહેબના ચેરાગરૂપી માત્ર નૂર ઉપર પોતાનો જાન આપતાં "ન્યામત! ન્યામત!" ના અવાજો પોકારી ગણગણરૂપી બંદગી કરે છે; તો રે નસર! જેણે હારેજ માટે દુનિયાંની આ બધી રેલછેલ કરી મેલી છે, તેને સારૂ, ત્હારા સાહેબને માટે બંદગીનો એક સોલ્લો, એક હાય, એક પોકાર, કે એક દમ તું નહીં ખેંચે વારૂં? તેના ને તેનાજ ખ્યાલમાં તું લોહીનું એક આંસુ નહીં ખેરવે? હું જો બુલબુલ પેદા પડયું હોત તો બુલબુલો જેવાં ગાયનો ગાય છે તેવાં હું ગાયા કરત. હું જો હંશ પેદા થયું હોત તો હંશોના જેવાં ગાયનો ગાત મગર હું તો બુદ્ધિ અને અક્કલવાળું પ્રાણી પેદા પડયું છું, માટે મ્હારી ફરજ તો ખુદાની સ્તુતિનાંજ ગાયનો ગાયા કરવાની છે. પહેલાં હું તને કહી આવ્યો, કે પ્રથમ બંદગી કરતાં મનને કાબુમાં લેવું જોઈએ; પરંતુ જે આદમીને એમ લાગે કે તેનું મન કેવળજ કાબુમાં રહી નહીં શકતું, તોએ તેણે ધીમે ધીમે ફરી ફરી યત્ન કરી તેને ઘેરવાની કોશેશ કર્યા કરવી. મગર તે એટલું બધું ચળિત જણાય, કે માત્ર લખાણ અથવા સમજાવટથી પ્રથમદર્શક કારણોને લીધે તું જરા જરામાં લોભાઈ જઇ ઘડીકમાં આ માર્ગ, અને ઘડીકમાં પેલો પંથ, એમ ફેરવાયા કરનારૂં તે તને જણાયા કરે, તો થિઓસોફી કે આત્મજ્ઞાન કે બ્રહ્મરસ કે આધ્યાત્મિક જ્ઞાન જેવા ઉંડા, ગુઢ અને ભેદી વિષયો ઉપર અલ્પ જ્ઞાને હળદનો ગાંઠિયો મળતાં હકીમ થઇ બેસવાનું ત્હારે માટે જોખમ ભરેલું છે. ઈશ્વરિ જ્ઞાન મોટા ભેદની વાત છે. લેણાના દેવા થઇ જવાનો સંભવ છે. ઉતાવળે એ વિષયમાં લાડવા ખાવાના નથી. ઘણી ધીરજ અને ક્રમે ક્રમે કામ કરવાનું છે. ભેદ સમજી જવાની શકિત નહીં આવે ત્યાં સૂધી એટલુંજ યકીન રાખવું કે; "ખુદાની હયાતી છે, અને બંદગી એજ મૂખ્ય માર્ગ તેને માટે છે." જ્ઞાન માર્ગ અને કર્મ માર્ગ કરતાં પહેલાં ભકિત માર્ગેજ ચાલ્યા જવું સલામતી ભરેલું ત્હારા જેવાઓને માટે તો ગણાયલું છે. એટલું સમજી પોતાનોજ ધર્મ સાચવીને ધીમે પગલે પગલાં ભરવાં. **બીશપ બેલી** કહે છે કે, જેમ જેમ ત્હારૂં કામકાજ વધતું જાય, તેમ તેમ ખુદાઇ આશીર્વાદ અને ત્હારાં સુભાગ્ય માટે ત્હારે વધારે ને વધારે બંદગી કરતાં રહેવું; એટલુંજ માની લઇને કે, તે સાહેબના આશિર્વાદ વગર ત્હારી આબાદી થઇ શકવાનીજ નથી. બંદગીમાં ગુમાવેલો વખત કદિયે હરકત કરતા નથી, પણ ઉલટું એક ભકતાની સફર કે વેપારવણજ કે કામધંધાને આગળ વધારનાર, વૃદ્ધિ કરનાર થઇ પડે છે; વાસ્તે ગમે એવી તને કોઇ એક કામની ઉતાવળ હોય, અથવા ગમે એવું ત્હારૂં કામકાજ મોટું હોય, તોપણ તું બંદગી કીધા વગર ત્હારો ઉંબર ઓળંગતો ના! બંદગી કીધા પછી બારણામાંથી પગ બહાર કાઢજે! ત્યારેજ, ત્યારેજ ત્હારૂં કામ સરંજામ પાર ઉતરશે.

સબક ૧૦ મો.

બાધાનું જગાડે કુતરાને, મરઘો જગાડે નિમાજીને.

" The gift of prayer is not always in our power. "

(Lessing.)

નસરઃ—" વિરાફ! ભાઈ! મ્હને હજી પણ બંદગીની જરૂરિયાતની શંકાજ રહે છે. "

વિરાફઃ—હાલ તો સર્વ સમજવાનો અધિકાર પ્રાપ્ત કર્યા વિના જે તે ભારી મત સ્વિકારવા કરતાં, સરળ અને સાદાં સિદ્ધાંતો અને ફરમાનો અને ફુતવાનેજ અનુસરીને ત્હારે ચાલવું ડહાપણ ભર્યું છે. મન ચંગા તો કથોટમેં ગંગા. તમારૂં મન જો કથરોટમાં રહેલાં પાણીને પણ ગંગા નદિના પાણી જેવું સમજવાનો અધિકાર પ્રાપ્ત કરે તો અર્થ પૂર્ણ સરશે. તેને માટે કુદ્રતની શકિતનું તમને સંપૂર્ણ જ્ઞાન થવું જોઈએ. જ્ઞાન થાય તેની સાથે સાથેજ અનુભવ પણ થવો જોઈએ. આટલા ભાગ હાઇડ્રોજન અને આટલા ભાગ ઓક્ષીજન મળે તો પાણી બને, એમ માત્ર પોથીનું જ્ઞાન મળે તેની સાથે તેનો જાતિ અનુભવ પણ થવો જોઇએ. ત્યારેજ તમારૂં મન નિશ્ચય ઉપર આવવા માંડશે. ત્યારેજ ખુદા વિશે ઉંચામાં ઉંચો ખ્યાલ આવશે. એ કાંઇ પાણીના ગોટની માફક ગળાઈ જતું નથી. અનુભવ સાથનું જ્ઞાન થવા સારૂ પ્રથમ ખુદાના નૂરી કેબલાઓ સૂર્ય—ચંદ્ર—આતશ—સેતારા—પાણી એ સર્વની સ્તુતિ ગાતાં ગાતાં ઈશ્વર ભજન કરવાથી તમારી અંતર દ્રષ્ટિ યાને અંદરની નજર ઉપર ચઢેલો કાટ હજી તો ઓગળવા માંડશે. આગળ વધવા પછી તો સૂર્ય, ચંદ્ર, અગ્નિ કે બીજી સર્વ મૂર્તિની તને જરૂરજ પડવાની નથી. બધી મૂર્તિઓને તું ફેંકીજ દેશે. બહારની નજરમાં અને અંદરની નજરમાં મોટો ફેર છે. એક માણસ જન્મથી આંધળો હશે, તેણે ઘોડા હાથી કે ઘરબાર કાંઈ દીઠાં ન હશે, તોપણ સ્વપ્નામાં તો માણસ, ઝાડપાન, જનાવરો આદિ સર્વ તે જૂએ છે. ત્યારે બહારની બે આંખ ઉપરાંત અંદરની બીજી આંખ હોવીજ જોઇએ, એવું દ્રષ્ટાંત પકડી, અંતર દ્રષ્ટિ જેવું કાંઇ હશે એવું માત્ર અનુમાન તો કરો! એ અંદરની આંખ ખોલવા સારૂ પ્રથમ તો બંદગીની અવશ્ય જરૂરજ છે. તમને તમારા સુક્ષ્મદેહનું જ્ઞાન થવાને અંદરની નજર આંધળી હોવી જોઇશે નહીં. અને તે અંદરની નજરના પડદાનું તાળું ખોલવાને બંદગીની કુંચી તમોને જરૂરજ કામ લાગશે. એક પુસ્તકમાં બંદગીનું લક્ષણ એવું જણાવે છે કે; આકાશ છે તે એક એવો કોઠાર છે, કે જેમાં ખુદા-તાલાએ સારાં અને માઠાંનો ભંડાર ભરેલો છે; અને બંદગી તે એક જાતની એવી કુંચી છે, કે જેથી તે ભંડારને ઉઘાડી તેમજ બંધ કરી શકાય છે. એ કુંચી ત્રણ નામે ઓળખાય છે. તે નામો યકીન—આશા—અને સખાવત (ખેરાત) છે.

જો ત્હારા મનમાં પાપ કરવાનો વિચાર આવે, તો પેલી બંદગીરૂપી કુંચી તું ફેરવજે, જેથી કરીને તાળું બંધ થતાંની સાથેજ તે પાપો અંદર બંધ થઇ પડશે. પરંતુ જો ત્હારા ઉપર ઇશ્વરિ આશિર્વાદ રેડાય એવું તું માંગતો હોય, તો તું તે દરવાજો પેલીજ કુંચીથી ઉઘાડજે, તાળું ઉઘડી જશે અને ત્હારા ઉપર આશિર્વાદ વરસશે.

કોસેટાનો જીવડો કોસેટાને પોતેજ બનાવી પોતેજ તેમાં ભરાઇને બંધાઇ જાય છે; તેમ સંસારરૂપી કોસેટો આપણે પોતેજ બાંધ્યો છે, અને તેમાં આપણે બંધાયલા છિયે, તેમાંથી છુટા થવાને બંદગીનીજ જરૂર છે. બહારની નજર અને અંદરની નજરનો જરા ખ્યાલ લાવવા સારૂ જૂઓ કે, તમે જગત્‌ને જોવાની વાસના કરી તેથી તમેં આંખ ઉઘાડતાંજ સર્વ ચીજોને જોઇ લો છો, પણ પાછી તમે આંખ બંધ કરી જૂઓ તો જગત્ દેખાતું બંધ પડશે. બીજા બોલોમાં જાણે જગત્‌ના દેખાવોનો નાશ થશે. વળી પાંપણો બંધ કરેલી છતાંએ એક શકિતથી તમને દુન્યાંનો ચિતાર તો દેખાયાજ કરશે. એનો આપણને ખ્યાલ કેમ આવશે? **જેરેમી ટેલર** તે બરાબર સમજાવે છે. આપણે ગુપ્તપણે ખુદા માટે જે જે ઉભરાના ઉદ્‌ગારો કાઢયે તે અટકાવવાને કોઇ પણ સમર્થ નથી. વાસ્તે દરેક જણે પોતાનું દેવળ અથવા આતશકદેહ પોતાની અંદરજ બાંધવું, પોતેજ ત્યાંના મોબેદ બનવું, અને પોતાના અંતઃકરણનેજ આહુતિ અથવા સુખડ વગેરેનો હદિયો બનાવવો; અને જે ભૂમિ ઉપર પોતે ફરે છે તેને યજ્ઞકુંડ અથવા આતશનું પાત્રું બનાવવું.

સ્ત્રિના ગર્ભમાં પાણીના એક ટીપાંમાંથી ગમે તો પેગંબર, પાદશાહ, કે ફકીરનો લોચો બંધાય, કે ગમે તો તે ઘર (સ્ત્રી)ના નાશ કરનારા જમનો પણ લોચો બંધાય. તેનો તમે ઉંડી નજરથી અભ્યાસ કરો. તમેજ કોઇ દુન્યાંના મહારાજા—પાદશાહ—કે મહામુનિ કિંવા મહારૂષિ લેખે જુના જમાનામાં મોટી મોટી યાદગારીઓ રાખી આવ્યા હશો. તમારાં પુતળાં કયાં કયાં મંડાયાં હશે, અને ઘણી ઘણી ગમ કદાપિ તમારી પુજાજ થતી હશે. કોઈવાર તમે વિષ્ણુ—બ્રહ્મા કે શીવના અવતારો લીધા હશે; તમે કદાપિ સીકંદર, તૈમુર, કે અકબર થયા હશો; તમે કદાપિ શેકસપીઅર—સોક્રેટીસ—કે સેનેકા થયા હશો, અને કદાપિ તમે તમોનેજ પુજય પુરૂષો દાખલ હઉણાં યાદ કરતા હશો. એ વિચારો આદમીઓમાંથી જેવા શુન્ય મારી ગયા, કે આપણામાંથી પૂર્વજન્મનો અને પૂનઃજન્મનો ડર ભાંગી જવા લાગ્યો. પૂનઃજન્મનો ડર ભાંગી ગયો કે પાપ વધવા લાગવાનાજ. દુન્યા જયારે બગડતીજ ચાલવાની ત્યારે ખુદા કોઈ પેગમ્બર—મહાત્મા—મુની રૂષિ—કે પીર સૈયદો—કિંવા સેન્ટોને કાળે કાળે કિંવા સાડી છસો જેટલાં વરસને આશરેના અંતરે દુન્યાંમાં પેદા કરતા રહે છે. ટુંકમાં, દુન્યાં પાપી થાય ત્યારે સુધારવાની જરૂર પડતી રહે એવો ક્રમ ચાલી આવ્યો છેજ. તેથી તો પેગંબરો આશરે ૬૩૦ વરસને

આંતરે પેદા થતા રહ્યા છે. સુધારો પછી બગાડો અને પાછો સુધારો એવી પદ્ધતિ ચાલુ રહી છે. જરથોસ્ત એક જમાનામાં—ક્રાઈસ્ટ બીજા જમાનામાં—મહમદ ત્રીજાજ જમાનામાં એમ ચોક્કસ વરસોને અંતરે આવી, ખુદાઇ જ્ઞાનમાં માણસોની આંખો ઉઘાડયાં ગયા છે. બિગાડા અને સુધારા તે ખુદાઈ જ્ઞાન અને ખુદાઇ માર્ગના સમજવાના છે. તે ઉપર ચોક્કસ નજર રાખી સાટમારી લડવાની છે. સાટમારીમાં ઘોડેસ્વારનો ઘોડો અને સ્વાર બેઉ, પાછળ આવતા હાથી ઉપર જેવી પળે પળ ચિંતાતુર નજર રાખી રહે છે, તેવીજ રીતે આપણી પાછળ લાગેલો સેતાન્યતનો હાથી, કહો કે દુષ્ટ વાસના તરફ, ક્ષણેક્ષણ આપણે નજર રાખી તે ખરાબ શક્તિ-રૂપી હાથીના હાથ ઉપર માર ખાઇને કચડાઈ જતાં સંભાળે લેવાની જરૂર છે. તેમાંથી બચશો તો તમારા આત્માનો ઉદ્ધાર થશે. તેવા થવા માટે તમારી ગેબી અંતરશકિત ઉપર તમારે વિશ્વાસ રાખવો પડશે. તમને તે કામમાં તમારાં શરીરની શકિત કાંઇ મદદ કરવાની નથી. એક રૂસ્તમ પહેલવાન અગરચે પહાડને લઈ આશમાન ઉપર ફેંકશે, મગર પક્ષીના એક પીછાં જેવાં નાજુક મનને તે કાબુમાં રાખી શકવાનો નથી. તેને માટે અંતર શક્તિની જરૂર છે. સેનેકા જેવા ઇશ્વર શોધકે પોતાના મિત્ર લુશીલ્યસ ઉપર લખેલાં પત્રો મધેના ૪૧ મા પત્રમાં લખ્યું હતું કે:—

"God is near you, is with you, is within you, a sacred Spirit dwells within us, the observer and guardian of all our evil and our good............there is no good man without God."

એટલે કે; પ્રભુ ત્હારી નજીક છે, ત્હારી સાથે છે, ત્હારી અંદર છે. જે એક પવિત્ર શકિત આપણામાં વસે છે, તે આપણાં સર્વ સારાં નરસાં કામોને જોનાર છે અને રક્ષા કરનાર છે............પ્રભુ સિવાય કોઇ પણ મનુષ્ય સારો માણસ હોઇ શકતો નથી. **નસરઃ**—"સંસારી માણસથી આવી કડક પ્રતિજ્ઞાઓ કેમ પાળી શકાય?"

વિરાફ:—ઉપર વર્ણવેલી જે અંતરશકિત છે તે **હઠયોગથી** ખીલવવાના કરતાં **રાજયોગથી** ખીલવવી બહુ લાભકારી છે. સંસારમાં રહીને, ઘરબારના ગ્રહસ્થ રહીને, બચ્ચાં છોકરાંમાં વસીને, નોકરી ધંધામાં ગુંટાઇને, એક આદમીએ જે સદ્ભોગ ભોગવવાના તે ભોગવીને, **રાજયોગથી** ખીલવવાની છે.

"મોરીદે એહલે તરીકત લેબાસે ઝાહેર નીસ્ત.
કમર બ ખીદમતે સુલતાન. બેબંદ ઓ સુરી બાશ!"

એટલે કે, લોકને દેખાડવા ફકીરી રૂપરંગનો પોશાક પહેર્યાથીજ કાંઈ દીન ધર્મના તરીકા પ્રમાણે વર્તન કરનારા અશો આદમીઓ આપણે ગણાઇશું નહીં; તો જો કે તું દરબારની નોકરીમાં કમર કસતો હોય તોપણ ખુદાની યાદ ના ભૂલતો. ત્યારેજ તું ઈશ્વર ભકતો યોગી થઇ શકશે. વોઇસ ઓફ ધી સાયલન્સમાંથી નીચલો

ફકરો પ્રગટ છે, તે ઉપર તું ધ્યાન આપ! "ભાઇ! તું એવું સમજતો ના, કે અઘોર વનમાં બેસવાથી, કે માણુસ જાતથી જૂદો પડી મગરૂર એકાંતવાસમાં રહેવાથી, કે જીંદગીનો નિર્વાહ મૂળ્યાં અને છોડવા ઉપર કર્યાથી, કે પહાડોની હાર ઉપરના બરફથી તરસ મટાડયાથી—એમ માનીશ નહીં, ઓ ભાઇ! કે એ સઘળું તને છેવટની મુકિત તરફ લઇ જશે. એવું વિચારીશ નહીં, કે હાડકાંને મરડવા મચડવાથી કે માંસને અને સ્નાયુઓને ચીરવાથી તું ત્હારા શાંત મહા આત્મામાં જઈ મળશે!" વાસનાએ ઉત્પન્ન કરેલાં શબ્દ–રસ–આદિ પાંચે પકવાનનો ત્યાગ કરવાનો, તે તો આગળ સમજાવ્યું છે તે ઉપર લક્ષ રાખીને, અંદર પેસવાની અવશ્ય જરૂર ઉપર રહેલો છે. તેમાં પણ એમજ માનવું કે, જે ધર્મમાં આપણે જન્મ લીધો છે, તેજ ધર્મ આપણને પોતાને માટે સર્વોત્તમ છે. એમજ માનીને ચાલવું. પારકી સ્ત્રી ઘણીએ સુંદર હોય પણ તે ત્યાજય છે; તેમ પરધર્મ ગમે એવો ખુબસુરત જણાતો હોય તે પણ કામનો નથી. કેમકે દરેક આદમીનો ધર્મ, તેના પોતાના ધર્મ લેખે ઉંચો ફીલસુફી ભરેલોજ છે. બીજા ધર્મોનો અભ્યાસ કરવો એ કાંઇ ગુન્હા ભરેલું નથી, મગર તે અભ્યાસ માત્ર સંશોધન અને જ્ઞાનના વધારા માટેજ હોવો જોઇએ; અને જે કાંઇ કરવું તે ખુદાઇ ઇચ્છા માટે કરવું, નહીં કે અમુક જાતનું વ્યર્થ ફળ પ્રાપ્ત કરવાને કરવું. સર્વ ધર્મનું મૂળ અને માર્ગ એક ખુદાને માનવાનો છે; તેનામાંજ આપણે છિયે; અને તે આપણામાં છે.

સબક ૧૧ મો.

મન અને ચિત્તથી ભજો કીરતારને!

" Know ye not that ye are the temple of God, and that the spirit of God dwelleth in you ? "

સેંટ પૉલનું પણ એજ મત છે. ગંગા અને જમના એ બે નદી રૂપે જૂદી જૂદી થઇ, તે તો આપણે નામ આપ્યાં માટે થઇ, દરિયામાં જ્યારે તે બન્ને મળી જાય, ત્યારે દરિયામાં તો તેઓને આપણે જુદિ જુદિઓ લેખે જોઇ શકનાર નથી. તે પ્રમાણે પાણીરૂપી સર્વ મનુષ્યને, નદીના જુદાં જુદાં નામરૂપ સર્વ ધર્મને પરમાત્મારૂપી દરિયાવમાં એકત્ર થઇ જવાનું છે. એટલા માટે તે એકજ મૂર્તિને પુજો, તે એકજ કેબલાને નમો, અને તે એકજ પુતળાંની પુજા કરો. તે બારે હકતાલાનીજ બંદગી કરો! તમે તમારા એક ઉપરીને કે તમારા શેઠને જેટલી ધાક અને જેટલાં માનથી નમો છો, તેટલીજ ધાક અને તેટલાંજ માનથી તેને નમો તો ઘણું છે. કેમકે, બરનાર્દના કહેવા પ્રમાણે, બંદગી એ એવો એક સદ્દગુણ છે, કે જે લોભ લાલચોને આપણી

આબળ આવવા દેતો નથી. માટે ચાલુ બંદગી તેનીજ કરો; તેજ તમને તારશે. અંત્તકાળ આવી પુગ્યો ત્યારે આવરા બાવરા બનીને ભક્તિ કરવા બેસી જાવ તે બનવાનું નથી. હમેશાં બંદગી કરી તૈયાર રહો. એકવાર ત્રણ પાદરીઓ પાના રમતા હતા. તેવામાં વાત નિકળી કે, જો મોતનો ફરેસ્તો યમરાજ હમણાજ આવી આપણને જણાવે કે, ઘડી પછી તમને હું મારી નાંખું છું, ત્યારે આપણે શું કરવા મંડી જવું ? એકે કહ્યું કે, "હું તો તૂર્તંજ દેવળમાં જઇ ભક્તિ કરવા મંડી જાઉં !" બીજો બોલ્યો; "ના. ના. હું તો દેવળ લગી ચાલવા જેટલો વખત પણ નહીં ગુમાવતાં, અહિં બેઠાં બેઠાંજ ભકિત કરવા મંડી જાઉં !" ત્યારે ત્રીજો ઘરડો પાદરી તો ઠંડે કલેજે બોલ્યો; "હું તો પાનાજ રમ્યા કરૂં !" કારણકે, એ પાદરી તો હરદમ બંદગી સૌ કરીને પરવારેલો, મરણને વાસ્તે હર પળે તૈયારજ હતો. એનો સાર એવોજ, કે હર પળે મરણને માટે આપણે તૈયાર રહી, હમેશાં ચાલુ બંદગીથી આપણે આપણી રોજે રોજની ફરજ અદા કરતા રહેવું. ઐન વખ્તે બંદગી કરવા બેસવાનું નથી. ખુદાની હયાતી માનીને સર્વદા સારાં સદ્દકર્મો કરે તેજ આસ્તિક છે; બાકી ખુદાની ગમે એવી હસ્તી માનવા છતાં ગુનાહ કરવાનું ચાલુજ રાખો તો તો ખરા નાસ્તિકજ કહેવાશો. આપણે મર્ણાધીન છિયે માટેજ સર્વદા શર્ણાધ્રીન રહેવું. બંદગીના મુખ્ય ભાગોમાં **મનની બંદગી** (Mental-prayer) અને **મોઢેની બંદગી** (Vocal-prayer) એવા બે પ્રકારો છે. **જેરેમી ટેલર**ના કહેવા મુજબ, જ્યારે આપણી ચૈતન્ય શકિત (Spirit) ભમ્યા કરતી હોય છે, ત્યારે મનની બંદગી એક જાતનાં થમ્ભ થઇ પડેલાં ઘડિયાળના જેવી થઇ પડે છે; કારણ કે, કમાન નીચે પડી ગયલી હોય છે; તેથી તેને પાછી કુંચી આપશો તો ઘડિયાળ બરાબર ચાલશે. પરંતુ મોઢેની બંદગીમાં તો જેમ જેમ શબ્દો નિકળ્યાજ જાય તેમ તેમ ચૈતન્ય શકિત તો ખૂબ ભમ્યા કરવાની; અને તેથી ઘડિયાળમાં ખોટા કલાક વાગ્યાજ કરવાના, અને કાંટા બરાબર કલાક ઉપર પણ ઠરી રહેવાના નહીં; કારણ કે અંદર કંઇ પણ બિગાડો થયલો હોવો જોઇએ; અને ઘડિયાળની ટકોરી વાગશે ખરી, પણ તે અમસ્થો ઘોંઘાટ કર્યાં કરનારીજ વાગશે. ખુદા સર્વવેત્તા અને સર્વસાક્ષી છે, એમ મનની બંદગીથી ગોયા આપણે કબુલ રાખ્યે છિયે, પણ મોઢેની બંદગીથી તો આપણે આપણી બંદગીની શાક્ષીમાં જાણે કે ફરેસ્તાઓને તેડું કર્યે છિયે. પહેલા પ્રકારની બંદગીમાં આપણો આત્મા ખુદાની અંદર ખુશાલી માને છે; અને બીજા પ્રકારમાં ફરેસ્તાઓ આપણામાં ખુશાલી માને છે. તે સાહેબ સાથની પ્રીતિનો ઉત્તમ ઉપાય મનની બંદગી છે, અને પ્રભુ સાથના સંસર્ગ માટે ઉત્તમ હથિયાર મોઢેની બંદગી છે. ગમે તેમ આ મત હોય, મગર બેઉ બંદગી ઉત્તમ છે. તોપણ લોકને જણાવવા સારૂજ મોટે બરાડા મારવા એ તો ઉલટીજ અસર કરશે.

"કાલીદે દરે દુઝખ અસ્ત આં નિમાઝ,
કે દર ચશ્મે મરદુમ્ ગુઝારી દરાઝ."

અર્થાત્, જે કોઈ બીજાં લોકોને બતાવવા સારૂજ મોટે મોટે બરાડા પાડીને જુઠી ઢોંગી બંદગી કરે છે, તે બંદગી તો દોજખના દરવાજાનું તાળું ઉઘાડવાની કુંચી સિવાય બીજાં કાંઇ કામમાં આવતી નથી. એવી બંદગીને તો પેલા મીઆંભાઈવાળી "**નકામી નીમાજ**"નું નામ આપવામાં આવેલું છે. એક મીઆંભાઇ પોતાની બીબીને કહેવા લાગ્યા કે; "હું વહેલો અલ્લાતાલાની નીમાજ ભણી લઉંછું, કેમકે મોચી હજી મ્હારા જોડા શીવી લાગ્યો નથી, તેને ઘેર જઈ આજે રમખાણ મચાવી જોડા લાવવા છે, જોડા! જોડા!" મીઆંભાઇ રાતા પીળા થઇ મોચી ઉપર કોપાયમાન થઈને જાણે કયારે મોચીનો ટોટો પીસે એવી ધામધૂમથી હાથ મોઢું ધોતાં ધોતાં મોચી અને મોચીના ઘર વીશે બડબડાટ કરવા લાગ્યા. પછી બડબડતા બડબડતા નીમાજ કરવા લાગ્યા. એટલામાં કોઇ માણસ મીઆંભાઇને બહારથી સાદ મારી પૂછવા લાગ્યો. બીબીએ ઘરમાંથીજ જવાબ દીધો કે, "**મીઆંજી ઘરમાં નથી, મોચીને ઘર ગયા છે!**" આ અવાજ સાંભળી મીઆંજી ગુસ્સામાં પોકારી ઉઠયા; "મોચી આવ્યો કે? મોચી છે કે? જોડા લાવ્યો કે?" પણ મોચીને બદલે તે તો મીઆંજીનો જાંની મિત્ર હતો, તે ઘરમાં આવી બીબીને કહેવા લાગ્યો કે; "આપ જુઠું બોલ્યાં, કે **મીઆંભાઈ મોચીને ઘેર ગયા છે; મીઆંજી તો નીમાજમાં બેઠેલા છે!**" બીબી બોલી; "મીઆંનું શરીર માત્ર ઘરમાં છે. પરંતુ મીઆંજી પોતે (એટલે મીઆંજીનું મન, મીઆંજીનો આત્મા) તો મોચીને ત્યાંજ ગયા છે!" કહેવાનો સાર એ, કે ધકધ્યાન તો બીજેજ ઠેકાણે હોય, અને ખુદાની બંદગી માત્ર દેખાવને ખાતર કરવી, એ તો જાણેકે ખુદાતાલાને જુઠી રીતે ફૂસલાવ્યા બરાબર છે. ટુંકમાં કહેતાં, ખુદાતાલાની સર્વોત્તમ ખુબીઓનો ખ્યાલ લાવી તેની ખુબી ઉપરથી ઉભરાઇ આવતા ઉભરાના જોશમાં એક ચિત્તે, ઓ ભાઇ, તું સાચી બંદગી કર! પાણી જેવા પ્રવાહી પદાર્થોજ નહીં, પણ અન્ન, ફળ, શાક, કે હાડકાં જેવા નક્કર પદાર્થ પણ, રે ભાઇ! ત્હારા પેટમાં જઇને પીગળી જાય છે, પરંતુ તું નજર કર, કે આદમ જાતનું પાણીનું એક બુંદ, સ્ત્રીના ગર્ભમાં પીગળી કે પાચન થઈ જતું નથી, અને તે પાણીનું ટીપુ નવ નવ માસ સુધી સ્ત્રીના પેટાંમાં સચવાઇને જળવાઇ રહે છે; અને પોખાય છે, તથા તેમાંથી પીર પેગંબર કે પાદશાહ પહેલવાન પેદા થાય છે, તો તે બુંદને પોષનાર શું આદમી છે? આદમીથી તો નક્કર વસ્તુ પણ જેરવી પચાવી શકાતી નથી, તો પાણીનું ટીપું સાચવનાર તે કિરતાર, તે માલેક, અને તે તે ને તે સિવાય બીજું કોણ છે? તેનો તું ખ્યાલ કર! અરે, તેજ ટીપાંનું બનેલું આદમી પેદા થયા પછી કેટલાક દિવસો આગમચથી તેની માતાની ધાવણમાં દૂધનો ખોરાક પણ તેજ તૈયાર રાખે છે, અને કરોડપતિ માતાના ધાવણનું

દૂધ કાંઈ સાકર નાંખેલું હોતું નથી, બલ્કે એક ગરીબ દુબળીની ધાવણના દૂધની બરાબરનુંજ તૈયાર કરી રાખે છે, તો એવા ત્હારા પાળક સાહેબનો તું આભારરૂપી ઉભરો બંદગીના આવાજથી કાઢીને સંતોષ નહીં મેળવે વારૂં ?

નસરઃ—એવા પછાડામાં તો ચડી જવાય, ને આ જન્મનું સુખ ના ભોગવાય.

વિરાફઃ—પ્રેય સુખ જે આ જગતનું તકલીદી સુખ છે, તે તો ખરેખર દોજખી સુખ છે, તેને તજી દઇ જે શ્રેય એટલે ખંડણુ ન થાય એવું મીનોઈ સુખ મેળવવાને તો ઇશ્વર ભકિત, એજ એકલો ઉપાય છે. પરંતુ અફસોસ છુટે છે કે, ત્હારા જેવા નાસ્તિકો પેદા પડવાથીજ તે બધું આપણા જરથોસ્તી ટોળામાંથી દહાડે દહાડે ઘટતું જાય છે. લગભગ ચાર્વાક મતના કેટલાક પારસીઓ અથવા મઝહકી મઝહબ પાળનારા ઘણાક પારસીઓ આજે આપણુને મળે છે, કે જેઓ એપીકયુરસની રૂઢીએ જેટલો વાર આ દુન્યામાં જીવવું તેટલો વાર અમન ચમનમાં જીવવું, એવુંજ લઈ બેઠા છે. કુટુંબના કુટુંબો મુસલમાન અને ક્રિસ્ટી થઈ જાય છે. જેના બાપદાદાઓએ જરથોસ્તી ટોળાની રાહબરી કરેલી, જેઓ જંદ અવસ્તાને પોતાનો હમેશનો ઉદ્દગાર કરી રાખતા, તેઓનાજ બેટાઓ ક્રિમેટોરિયમ કાઢી ક્રિસ્ચિઅનો થઇ જવા માગે છે દશ ઘડી પહેલાં જે ઘણી ચુસ્ત જરથોસ્તી, તે દશ ઘડી પછી મરતી વખતે ક્રિસ્ટિ બની ગયલો ગણાઇ, ક્રિસ્ટિઓના હાથ ઉપર ગુંટાઇ જાય છે; અને હવે પછી શું થશે, અને શું નહીં થશે, એજ વિચાર આપણુને અકળાવી નાંખે છે, કે રખેનેં મરહુમ મેક્ષમ્યુલર ખરો પડે, અને ન ધારેલી રીતે આપણો ટોળો રખેનેં ૫૦ નહીં ને ૧૦૦ વરસમાં કેવળજ ડુબી જાય! વાસ્તે કવિ ટોમસને કરેલી બંદગીને હવે તો યાદ કરો ભાઇ!

“ઓ પ્રકાશ અને પ્રાણના પિતા! ઓ સદ્ગુણી સર્વોપરી સાહેબ! જે કામ સારૂં હોય તેજ મ્હને શિખાડ! તું મ્હને ત્હારા વિષેનુંજ જ્ઞાન આપ! તું મ્હને મૂર્ખાઇ, હલકાઇ, અને નિચાઇથી બચાવ! દરેક દુષ્ટ કામોથી દૂર રાખ! અને મ્હારા આત્માનું, જ્ઞાનથી, સચેત શાંતિથી, તથા નિર્મળ સદ્ગુણથી પોષણ કર! તથા પવિત્ર અને અવિનાશી સુખથી અમને ભરપૂર રાખ!” ભાઈ! જો ક્રિસ્ચિઅન ધર્મવાળાઓનું તમને બધુંજ સારૂં લાગતું હોય, તો તેઓ જે ભકિતભાવથી બંદગી કરે છે તેની નકલ કાં કરતા નથી? ક્રાઇસ્ટને માનનારાઓએ તો બંદગી ઉપર બહુજ લક્ષ આપેલું છે. તેઓ માને છે કે, ક્રાઈસ્ટના નામ ઉપર તેના ચૈતન્યાત્માની સહાયતાથી ઇશ્વર આગળ આપણી ઇચ્છાઓ અર્પણ કરવી તે બંદગી છે; અને બંદગી કરતાં આપણા પાપોનો એકરાર, તથા તે કરીમે કારસાજે જે બક્ષેશો આપણા ઉપર કરેલી છે તે માટે શુકરગુજારી કરવી જોઇએ. પેદા કરનાર, અને આપણુ પેદા પડેલાઓ વચ્ચેના સંબંધ ઉપરથી કુદ્રતી રીતેજ બંદગીને આપણે ફરજ સમજયે છિયે. બંદગીથી આપણે તે કરીમે કારસાજ, જે સર્વ બનાવોનો બનાવનાર છે, તેના ઉપરજ આપણો બધો

આધાર છે, એમ આપણે કબુલ કર્યે છિયે. એટલા ઉપરથી ઇશ્વરની જૂદી જૂદી મહાન શક્તિઓ, જેને મૂર્તિપુજકો દેવતાઓ તરીકે માને છે તેઓ પણ, ઇશ્વરનું એહસાન દરેક માણસે માનવાની ફરજ છે, એમ સારી રીતે સમજે છે. જુના ગ્રીક તથા રોમન લખનારાઓએ પણ બંદગીની જરૂરિયાત વીશે માણસને ઘણા સુંદર બોધ કહેલા છે. જુનાં અને નવાં બેઉ ટેસ્ટેમેંટોમાં બંદગી વીશે એટલું બધું તો કહેલું છે, કે તેટલો બધો આગ્રહ તો થોડાંજ ધર્મ પુસ્તકો કરતાં હશે. ક્રિસ્ચીઅનો બંદગીમાં ફરજ માને છે, હક્ક ગણે છે, મોજ સમજે છે, અને લાભ પણ ગણે છે. હમેશાં બંદગી નહીં કરતો જણાતો સખ્શ ક્રિસ્ચીઅન છેજ નહીં, એમ તેઓ માને છે. આત્માના ઉદ્ધાર માટે બંદગીજ ઉત્તમ છે, એમ માનીનેજ ક્રાઇસ્ટે એનેન્યાસની ખાત્રી કરી આપતાં ઉદ્‌ગાર કાઢયો હતો કે, "જો! પેલો બંદગી કરે છે!" ફરેસ્તાઇ જીંદગી ગુજારવા સારૂ પહેલુંજ કર્તવ્ય યકીનદારીવાળી બંદગી છે, અને બાઇબલવાળાઓ ભણે છે કે, "O Lord, I beseech thee, deliver my soul!" બંદગીનું લક્ષણ ક્રિસ્ચીઅનો પ્રમાણે, "પોતાના દિલની ઇચ્છાઓ બર લાવવા માટે બંદગી કરેલી હોય છે. પણ જ્યાં સૂધી દિલમાં ધાર્મિક ઇચ્છાઓએ વાસો કર્યો નહીં હોય ત્યાં સૂધી ખરેખરી બંદગી થઈ શકતી નથી. તે આદમી ઘણીએ વાર ખુદાના નામ ઉપર ગુંટણ ઉપર પડયો હશે, ઘણીએ વાર હોઠ હલાવી તે સાહેબને માન આપ્યું હશે, તોએ તે તો ખુદાથી ઘણો દૂરજ રહેવાનો; અને તેથી પાપી અંતઃકરણથી બંદગી કરનારને ધર્મ શાસ્ત્રોએ ખુદાની નજરમાં ધૂતારો કહેલો છે; અને ખુદાનો ધિક્કાર પામેલો ગણેલો છે. એ ઉપરથી ક્રિસ્ચીઅન ધર્મ શાસ્રમાં કહેલું છે કે, "પેલા ધૂતારા બંદગીખોરો જેવા તમે ના થતા! કારણકે, તેઓ દેવળોમાં તથા મોહલ્લાના ખૂણામાં ઉભા રહીને, લોકો તેઓને બંદગી કરતાં જૂએ એવી રીતે બંદગી કરવાનું પસંદ કરે છે. અને તેઓને બદલો પણ તેવોજ મળે છે. મગર ખરેખરો ભકતો તો માણસને બદલે ખુદા જૂએ એવી રીતે બંદગી કરે છે." ઘણીખરી અભણ પ્રજામાં બંદગી તેને ગણવામાં આવે છે, કે જેમાં ઘણો બડબડાટ અને ઘણી બાંગો મારી મોટે મોટે લાંબું લાંબું ખુદાની તારીફમાં માત્ર મોઢેથી ભણવું! બાઇબલમાં પણ એવી જાતની મન વગરની મોઢાની બંદગીને ધિક્કારી કાઢેલી છે. "જ્યારે તમે બંદગી કરો ત્યારે લાંબા લાંબા ફોકટિયા પટપટારા નહીં કરો! કેમકે પેલાં અભણો તો એમ જાણે છે કે, ઘણું અને મોટે સાદે બોલવાથી ખુદા આપણી બંદગી સાંભળશે. તમે પણ તેવા ના થતા! કેમકે આપણો ઇશ્વર બાપ તો તમે તેની પાસે જે માંગવાના છો તે શું છે, તે પણ આગળથી જાણે છે." (જૂઓ Matth. VI 7, 8.)

ક્રિસ્ચીઅનોથી ઉલટુંજ, જેમ જરથોસ્તી શાસ્રોમાં કહ્યું છે તેમ, યહુદી લોકોમાં અસલ એમ મનાતું હતું, કે મોટે સાદે બુલંદ અવાજે બંદગી કર્યા વગર ઇશ્વરની

ભકિત થાયજ નહીં. ડેન્યલ અને ડેવીદે દહાડામાં ત્રણ વાર બંદગી કરવાનું ફરમાન આપેલું છે. જે પ્રમાણે મુસલમાનો, પોતાના પવિત્ર પેગંબરની કબરવાળી મક્કાની ભૂમિ જે દિશાએ જે દેશમાં આવેલી હોય, તે દિશા તરફ ફરીનેજ ગમે તે દેશમાં હોય તોપણ ભકિત કરે છે, તેજ પ્રમાણે અસલી યહુદીઓ તેમના દેવળમાંનું મૂખ્ય દેવળ, જે દિશાએ આવેલું હોય તે તરફ મોઢું કરીને ગમે એટલી દૂરની જગાએથી પણ બંદગી કરી લેતા. ડેવીદે કહેલું છે કે;

"Evening, and morning, and at noon, will I pray, and cry aloud; and He shall hear my voice."

મેહોમેદનો તો બંદગીનેજ બહેસ્તની કુંચી માને છે. વળી તેઓના પેગંબર સાહેબે તો કહેલું છે, કે પાદીઆબ કરવા એજ અરધી બંદગી કર્યા બરાબર છે. તે ઉપરથી મુસલમાન લોકોમાં બંદગી કરવા પહેલાં તરેહવાર રીતે પાદીઆબ કરવામાં આવે છે. તેઓ માને છે કે, ખુદાએ પેગંબર સાહેબને એવું ફરમાન આપ્યું હતું કે; "ત્હારા ચેલાઓને માથે દરરોજ ૫૦ વાર બંદગી કરવાની ફરજ નાંખજે!" મોઝીઝની સૂચનાથી બંદગી પાંચ વારની ઠરાવવામાં આવી હતી, અને તે કર્યા વગર ચાલે એમ ગણાતું નથી. પરોઢીઆમાં, બપોરે, બપોર પછી, સાંજે, અને રાત્રિના પહેલા પહોરે. એ બંદગીઓમાંની ૧ લી આદમે; ૨ જી અબ્રાહામે; ૩ જી જોનાહે; ૪ થી જીસસે; અને ૫ મી મોઝીઝે દાખલ કરેલી હતી. વળી મુસાફરો અને માંદાં માણસો માટે ટુંકી બંદગીઓ કરેલી હતી. બંદગી માટે તસબીર હાથમાં લેવાનું કારણ એવું જણાવવામાં આવે છે, કે બંદગી કેટલી થઈ અને કેટલી બાકી રહી તે જણાઈ આવે. ગ્રીક લોકોમાં પૂર્વ દિશા તરફ ફરીને બંદગી કરવાનો ચાલ છે. નસરઃ-જરથોસ્તી ધર્મમાં એવું સુંદર રીતે કયાં સમજાવ્યું છે?

વિરાફઃ—મેં તને જૂદિ જૂદિ પ્રજાની બંદગીની સામાન્ય રીતિઓ કહી છે. હવે હું જરથોસ્તીઓનીજ બંદગી ઉપર ખાસ થોડોક ભાગ રોકીશ. પરંતુ બંદગીના સામાન્ય વિષયનું જ્ઞાન થયા વગર તથા બંદગી શું ચીજ છે, તેથી ફાયદા કેટલા અને કેવા છે, આફત વખતે તે કેટલી બધી અકસીર દવા છે, તે વગેરે સમજાવવા સારૂજ તને મેં પ્રથમ સામાન્ય બંદગી ઉપર આટલું બધું કહ્યું, જે આશા છે કે વ્યર્થ નહીં જશે નસર!

બંદગી કુન બંદગી કુન બંદગી,
બંદગી બીબંદગી શરમીંદગી.

બંદગી કરો! બંદગી કરો! બંદગી કરો! વગર બંદગીની જીંદગી શરમીંદગી છે.

સબક ૧૨ મો.

Nor to thyself the task shall be
Without reward, for thou shalt learn
The wisdom early to discern
True beauty in utility.—Longfellow.

નસરઃ—પરમેશ્વરનું પેટ શાથી ભરાયલું છે?

વિશાફ઼ઃ—પરવરદેગાર પહેલાં દયા ખાય છે, પછી ન્યાયનું પાન કરે છે. જેઓને હૃદય નથી, જેઓમાં સાચું અંતઃકરણ વસતું નથી, તેઓ ચાલતાં ને હાલતાં "રામ–રામ! પ્રભુ–પ્રભુ!" એવા ઉદ્‌ગારો ખેંચવાની ઢોંગી તકલીફ઼ ઉઠાવે છે. શું તેઓ માટે નરકનો દરવાજો બંધ છે? અને સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં સમજો છો? નહીં–નહીં; પ્રભુની દરબારમાં દાખલ થવાના અધિકારી તો તેઓજ છે, જેમણે આ જગતનાં સુખોને પેલી દુનિયાંને ખાતર તર્ક કીધાં હશે; અને સંકટો વેળાએ પરમેશ્વરની ઇચ્છાને શરણે રહ્યાં હશે. તેઓજ તે પાક દરઘામાં દાખલ થવાને, "ખુદા–ખુદા! રામ રામ!" પોકારવાને લાયકનાં હોય છે.

નસરઃ—ભાઇ! શું માણસ ખુદામાં મળી જઇ શકશે? શું માણસ ખુદા થઇ શકશે? હું નહીં માનતો. રામનું નામ તો સૌ કોઇ લે છે, તો શું બધાજ ખુદા થઇ જાય?

વીરાફ઼ઃ—રામ રામ સબ કોઇ કહે; ઠગ, ઠાકોર, ઓર ચોર,
જીસ નામસે ધ્રુવ પ્રલ્હાદ તરે, ઓ કુછ નામ હે ઓર!
સ્વાસે સ્વાસ સ્મરણ કરએ, હે વિનતી અકબ્બરકી;
સ્વાર્થ કરના નામ સુમરનો, કોન જાને ફલકી?

ઠગ લોકો, ઠાકોર લોકો, અને ચોર લોકો જે **રામનું** નામ લે છે, તેજ **રામ**–નામ ધ્રુવ અને **પ્રલ્હાદ** લેતા હતા, પણ મતિ મતિમાંજ ફેર રહે છે. જેના જીગરમાં પ્રભુનું સ્થાન છે તેને તો આ જન્મ એજ મુક્તિનું ધામ છે. જેના જીગરમાં ડોળ ઘાલવા માટે **રામ** ઉચ્ચારણ થાય છે તેને દુઃખના સ્થાન પણ ત્યાંજ છે. જે કોઇને પરમાત્મા વીશે દેહસત છે, તેના પ્રત્યે તો તેના આશિર્વાદ ઉતર્યાજ જાય છે. જે તેના ઉપર બેઠા છે તેમને ચિંતા કરવાની જરૂરજ હોતી નથી, અને તેનુંજ રટણ ચિંતન રાત ને દહાડો કરવાથી તે ભક્તો પણ તેના સ્વરૂપનાજ થઈ જાય છે.

"જે જેનું ચિંતન કરે, તે તે મય થઇ જાય;
પ્રભુ ચિંતી પ્રભુમય થવું, કીટ ભ્રમરને ન્યાય."

જે કોઇ જેનું ચિંતન રાત ને દહાડો કર્યાજ કરે છે, તે તેજ વસ્તુના સ્વરૂ-

પનો થઇ જાય છે. જેમ એક કીડાને ઝાડ આગળથી ઉંચકી લાવીને, ભમરી કાદવનું ઘર બનાવી તેમાં તેને પૂરે છે, ને પછી પળે પળ ને ક્ષણે ક્ષણે આવી આવીને તે ભમરી પેલા કીડાને ડંશ માર્યો કરતી હોવાથી તે કીડો ચાલુ ને ચાલુ "હે પેલી આવી! હે પેલી આવી!" આમ વિમાસ્યા કરતો હોવાથી, છેવટે તે કીડો પણ ભમરીજ થઈને ઉડી જાય છે, તેમ "ખુદા! ખુદા!" કર્યો કરનારા ભક્તનું ધ્યાન ચિંતન ખુદાની યાદમાંજ ચાલુ ને ચાલુ હોય ત્યારે છેવટે તે પણ ખુદામય, પ્રભુમય, એકતાર ને એકરસ થઇ જાય છે. એટલા માટે હરદમ તે સાહેબ પાસે દયા કૃપા ને મહેરબાની માગવાનો આપણ તેનાં બચ્ચાંઓનો હક્ક હોવાથી આપણે તેની પ્રાર્થના કરવી કે; "આહુ અત પઇતી અદાહુ, મઝદા અહુરા, મઝદાઓચા બૂઇરિચા કેરેશ્વા; શઇતી તોઈ ફ્રપઇતી અહ્માત હ્યાત અઇબી, હ્યાત મીઝદેમ મવએથેમ ફ્રદદાથા દએનાબ્યો મઝદા અહુરા. અહ્યા હવો ને દાઇદી, અહ્માઈચા અહુયે મનખ્યાઇચા; તત અહ્યા યા તત ઉપા–જમ્યામા, તવચા હખેમા અષખ્યાચા વીસ્પાઇ યવે."

(હપ્તન યશ્ત)

ઓ પરવરદેગાર! અમો સર્વ ત્હારી પેદાશ છિયે. તું ખમાઉપણું, ઉંડું ડહાપણ, અને કામકાજમાં બરકત મૂક! હે સાહેબ! ત્હારી કૃપાથી જે ઉંચો બદલો અમારા જેવા સઘળા ધર્મચુસ્ત માણસોને તેં આપ્યો છે, તેવોજ બદલો ઓ અક્કલના ખાવીંદ! તું અમને પણ આપ. આ લોક તથા પેલાં ભુવનને માટે ત્હારી કૃપા ને બક્ષેશ અમારા ઉપર એવી તો ઉતાર, કે જેથી કરીને અમે હમેશ સૂધી ભકિતની મારફતે તને તથા ત્હારી ખુદાવંદીને પહોંચ્યે.

સબક ૧૩ મો.

પાપી છે તો ખુદાનોજ બંદો.

"Let us draw near with a true heart, in full assurance of faith, having our hearts sprinkled from an evil conscience, and our bodies washed with pure water."—St. Paul.

નસરઃ—ભાઇ વિરાફ! જેઓ સમજની ઉમ્મરમાં આવ્યા પછી બસ પાપ, પાપ, અને પાપજ કરતા રહ્યા હોય, પૈસાના લોભમાં ગુન્હાઓ કીધા, જુઠાં સાચાં કરી કીના કપટ અને કજયા કરતા રહ્યા, દારૂડિયા ને જુગારી બન્યા, પર સ્ત્રીઓના મોહમાં પડી કુકર્મો કર્યાં, એવી એવી બહકેલી ચલાવીને વ્યભિચારમાં લમ્પટ રહેલાં પુરૂષો કે સ્ત્રીઓ શું બંદગીના માર્ગ ઉપર ચઢી શકે? તેમની બંદગી રવા રહેશે? શું ઇશ્વર તેમના ઉપર દયા લાવી પોતાના ભક્ત લેખે સ્વીકારશે! હું નહીં માનતો.

વિશાફ઼:—નસર ભાઈ! તમે માનો ન માનો, પણ વ્યસની ને નાહવાળાં માણસો તો જ્યારે ઇશ્વરનાં વ્યસનમાં અને ખુદાના નાહમાં લાગે છે ત્યારે વગર વ્યસનના ને વગર નાહના ભકતો કરતાં પણ ચઢતા ભકતો થઈ શકે છે. ઘણીક વેળાએ વ્યસનથી પ્રભુનો જેવો છંદ ને ભકિતનો જેવો રંગ લાગે છે, તેવો તો વગર વ્યસનવાળાને પણ રંગ લાગેલો દીઠામાં આવતો નથી. જેઓ પહેલાં ધર્મ અને ખુદા તરફ બેપરવા રહી જ્યારે પાછળથી પોતાનાં અજ્ઞાન તિમિરથી દૂર થશે ત્યારે દુન્યામાં તેઓજ ચંદ્રમાની પેઠે ઝળઝળી રહેશે. આ "માણસે હજારો અપરાધ ને પાપો કર્યાં છે છતાં સુખી છે, તો મ્હને એક અપરાધ કરવાથી શું થવાનું છે?" આવો વિચાર કરીને જરા પણ પાપ કરવાનો વિચાર ત્હારે તો કરવોજ નહીં. કારણ કે ટીપે ટીપે સરોવર ભરાય છે. મેરી મેગ્ડેલીન હડહડતી કુકર્મી હતી, તેણી ક્રાઇસ્ટના સહવાસથી મહાન મીરાંબાઇ જેવી ભકતાણી થઇ જવા પામી હતી, અને તેણીના નામ ઉપરથી એક આશ્રમ–સ્થાન પણ સ્થાપવામાં આવ્યું હતું; જ્યાં કુકર્મનાં પ્રાયશ્ચિત સારૂ પુષ્કળ વેશિયાઓ જઈને પોતાનાં પાપો માફ કરાવી, ઇશ્વર પરાયણ સાધ્વિણીઓ થવા પામી હતીઓ. માટે ભકિત અને બંદગીની સાથે કરેલાં કામોથી જીવેલો એક કલાક પણ વગર ભકિત અને વગર બંદગીથી કાઢેલા આખા જન્મારા કરતાં મોટો ને સુંદર હોય છે. જો માણસો પ્રાર્થના કરશે તો સંતો અને શોશિયંતો તેમને મદદ કરશે; કેમકે જેનાથી ખુલ્લુ રંગનું આશમાન સર્વને માથે છત્ર કરીને અદ્ધર ઉભું છે, તે માલેકના નામથી ગમે તે તમે શુભ માગશો તે તમને તે સાહેબ આપશેજ. પાપ પીનારાઓને (Sin–eaters) પાયદસ્ત વખ્તે રાખવાનો ચાલ પશ્ચિમ દેશોમાં હતો; જેઓ મરનારનાં પાપો ગળી જઇને તેને દોજખમાં જતો બચાવતા હતા! એનો અર્થ, ભેદી અર્થ, ત્હારે સંતો અને શોશિયંતોનાં ગુપ્ત કાર્યમાંજ સમજવો જોઇશે. આપણા પડોશીઓની પ્રીતિ, કાર્ય, સહાય, યાને પરોપકારવૃતિમાં માણસજાતની ભૂલ અટકાવવાની, તેમની અગવડો દૂર કરવાની, અને તેમની દુ:ખજાળ ઓછી કરવાની બંદગી અને ઇચ્છા, અને આપણે આવ્યા તે વખ્તે દુનિયા જેવી હતી તેનાં કરતાં વધારે સારી અને સુખી મૂકી જવાની આગળ વધતી ઇચ્છા અને ભકિત એજ ખરૂં જીવન છે. આ ઇચ્છા અને આ ભકિત આપણું અને બીજાંઓનું ભલું કરે છે. માટે હે ભાઇ! તું હાલ મુમુક્ષુની પદવીએ પહોંચ્યો છે, તો હવે તને પણ થોડીજ સમજાવટમાં ખુદાનો રંગ જરૂર લાગશે. મેસીલને કહ્યું છે કે:–"હે બંદા! એમ કેમ બને! તને આ પતિત દુન્યામાં મોકલ્યો છે તે ઉપરથી તું એમ સમજતો ના, કે બેહેસ્ત, જીન્નત કે સ્વર્ગ ત્હારા નસીબમાંજ નથી. પૃથ્વી એ કાંઈ ત્હારૂં વતન કે ત્હારો સ્વદેશ નથી; અને જે સઘળું ઇશ્વર માટે નથી તેટલુંજ બરોબર ત્હારે માટે પણ નથી." માટે હે નસર! હું તો હવે તને મુમુક્ષુનાં પદને

પહોંચી ચૂકેલો માનું છું.

નસરઃ—મુમુક્ષુ એટલે શું ?

વિરાફઃ—જન્મ મૃત્યુ સંસાર તેં, કૈસેં છુટિ હૌં ચિંત;
સૌ મુમુક્ષુ કહિયેં સદા, યહી બિચારે ચિત્ત.

જન્મ-મરણરૂપી રેંટમાળ જેમાં લાગી રહી છે, એવા આ સંસારરૂપી કૂવામાંથી કયારે બહાર નિકળીશું ? એવી જેને તિવ્ર લાગણી થાય તેજ મુમુક્ષુ કહેવાય. "સંસાંર બંધનની નિવૃત્તિ થઇને બ્રહ્મની પ્રાપ્તિ રૂપી મોક્ષ કયારે થશે ?" એવી જે ઉત્કટ ઇચ્છા, તેને મુમુક્ષુતા કહીએ. એવી જે મુમુક્ષુતા જેને વિષે હોય તેને મુમુક્ષુ જાણવો. આ જીંદગીમાંજ જો તમો ભાઇ તમારે હાથે ભકિતનું સુખ નહીં મેળવી શકો તો આવતી ભવિષ્યની જીંદગીમાં તમે સુખી થઇ શકશો, એમ શા માટે માની શકશો ? હાલ કાંઇ ઇશ્વર આપણા ઉપર ભવિષ્ય કરતાં ઓછી કૃપા દ્રષ્ટિ રાખે છે ? શું તે હવે પછી વધારે દયા રાખશે ? અહિંજ જો તમે શાંતિનું કે ભકિતનું સુખ નહીં ભોગવો તો ત્યાં સુખ ભોગવવાની કાંઇ તમને જામીનગીરી છે ? તમારાં હમણાંનાજ જીવનનું સુખ તમારી ભકિત અને શાંતિ કોણ ચોરી લે છે ? તમેજ. હવે હું તમારી શંકાઓ દૂર કરવાના પૂરાવા કહું છું તે સાંભળો ભાઇ.

સબક ૧૪ મો.

નાહી કે છંહી, પુગે પહેલા પરમેશને ! કામ કંચનના ત્યાગથી.

In all things throughout the world, the men who look for the crooked, will see the crooked, and the men who look for the straight, will see the straight.—*Ruskin.*

"Nature always springs to the surface, and manages to show what she is. It is vain to stop or try to drive her back. She breaks through every obstacle, pushes foward, and at last makes for herself a way."—*Boileau.*

મનુષ્ય માત્ર આ દુનિયામાં જે કાંઈ કાર્ય કરી રહ્યાં છે તે છેવટનું પરમ સુખ પ્રાપ્ત કરવાને કરે છે. નઠારાંમાં નઠારૂં કાર્ય કરતો માનવી પણ એક મહાન સુખ સંપાદન કરવાનેજ તે કર્તવ્ય કરે છે. જે માણસ બસ પોતાનું ધ્યાન ઘણું અમુક કાર્યમાં મનનપૂર્વક સંપૂર્ણ રીતે પરોવે છે, તેની સબળ ઇચ્છા તેને ક્ષેમ તરફ વહેલી ઘસડી જાય છે. જુગારી જો પોતાનું તન, મન, ને ધન માત્ર જુગારનાજ વ્યસનમાં અર્પણ કરે છે, ચોર જો અહોનીશ ચોરીનાજ વ્યસનમાં તદ્રૂપ રહે છે, એક લુટારો જો બસ રાત ને દહાડો લુંટ ચલાવવામાંજ તદાકાર હોય.

છે, કોઈ પુરૂષ જો સ્ત્રીનીજ લમ્પટમાં તલ્લીન થઇ તેમાંજ મરી ચડી રહેલો હોય છે, પછી જો તેનું ચિત્ત બીજી દિશાએ વળે છે તો તે નવી લ્હેરમાં પણ તે ચડેલ ને મસ્ત થઈ તેમાં તદ્દરૂપ થઇ જાય છે. જેટલાં હદ્દ વિનાનાં પરિબળથી તે એક દુર્ગુણને વળગ્યો હોય છે તેટલાંજ જોમ ને જોરથી પોતાને નવા હાથ લાગેલા ગુણનાં વ્યસનમાં પણ તદાકાર થઇ જાય છે. એકજ દિશાએ સબળ ને દ્રઢ ઇચ્છાથી મંડયા રમ્યા રહેવાના સ્વભાવવાળાં મનુષ્ય, જે પણ કામમાં હાથ ઘાલે છે, તેમાં મનનપૂર્વક દ્રઢ ચોંટી જાય છે. એક દિશાથી બીજેજ નાકે દોડી જવાનો જ્યારે તેને ચટકો લાગે છે ત્યારે તે પ્રથમની દિશા તરફ પછું ફરીને જોતાએ નથી. એમ કરતાં જ્યારે તેને સુખનો અંત ઈશ્વર પરાયણ થવામાં જણાય છે ત્યરે તે ઇશ્વરનાજ વ્યસનમાં ગાંડો બની જાય છે. અને જયારે પ્રભુમાં લાન્ન થઇ પ્રભુ જોડે એક તાર થઇ જાય છે, ઈશ્વર જોડે જોગ જોડીને યોગ પકડે છે, ત્યારે તે એવો તો યોગી ને જોગનો બની જાય છે, કે પછી તેને ભગવાનનાં વ્યસન સિવાય બીજું એકે વ્યસન ગમતું નથી. કાંકે, સુખની ને શ્રેયની સિમા પરમેશ્વર સાથે તદાકાર થવામાંજ છેવટની આવીને અટકે છે પછીથી તે મનવાળો મનુષ્ય આમજ કહે છે કેઃ—

ડસ્યો કસ્યો હરિ ભ્રમિત મન,
હરિસું ધસ્યો અભિપાન;
ફસ્યો ચીબુક કુપથકિ પ્રિયા !
તાહી અભય દે દાન. —દયારામ

હે પ્રિયા ! ત્હારી વેણીરૂપ સાપનું ડસેલું. ભ્રકુટિરૂપ ભ્રમરનું ડસેલું, સિંહ જેવા સ્વરૂપથી કસેલું ને પીડેલું કુચરૂપ પર્વત ઉપર ચઢીને થાકી ગએલું મ્હારૂં મન રૂપી મૃગ તે ત્હારાં અમૃતનું પાન કરવાને ત્યાંથી ધસ્યું, પરંતુ થાકથી પીડાયલું હોવાથી વચમાં કૂપ કહેતાં હડપચીનો ખાડો કુદી ના શક્યું, અને માંહે ફસી પડયું છે તેને તું કાઢીને અભયદાન આપ ! હે પ્રભો ! ત્હારાં સ્વરૂપના મોહમાંજ હવે તો મ્હારૂં મન પીડાય છે, માટે હવે તો ત્હારૂંજ સુખ આપ ! આવાં સુખની પ્રાપ્તિ માટે, જે શખ્સો ઘણાજ અનીતિવાન હતા તેઓજ ઘણા મોટા ઈશ્વર ભક્તો થવા પામ્યા છે. જેઓ સ્ત્રી લંપટ હતા, તેઓજ ભગવાન ઉપર આસક્ત થઇ પ્રભુના પૂરા આશક થઇ ગયા છે. જેઓ એશ્કે મીજાજીમાં ઘણાજ તદ્દરૂપ હતા તેઓ પાછળથી એશ્કે હકીકીમાં તદાકાર થઈ ચૂકયા છે. તમે બિલ્વમંગળનું ચારિત્ર જૂઓ. તુલસીદાસ અને દયારામનું ચરિત્ર વાંચો. વાલ્મિક અને બીજા ભક્તોનાં વૃત્તાંતો તપાસો માત્ર એક ચટકાથી તેઓ કઇ દિશાથી કઇ દિશાએ એકદમ વળી ગયા છે તે જૂઓ. બિલ્વમંગળ એક ચિંતામણી નામની સ્ત્રીના છંદમાં એટલો તો ચડી મરી રહેલો હતો, કે પોતે જાતે બ્રાહ્મણ છતાં, પોતાના મરી ગએલા પ્યારા પિતાજીનું શ્રાધ હતું તેની ક્રિયા પણ પડતી નાખીને, એકદમ અંધારી ઘોર રાતે,

મારમારનો ઉપરથી વરસાદ પડતો હતો તેની પણ દરકાર વગર, નદીને પેલે પાર આવેલાં પ્યારી ચિંતામણીના મકાનમાં દાખલ થવા સારૂ, નદીમાં પાણીનું ભારે પૂર આવેલું છતાં, હોડીવાળા હોડી પણ ચલાવી શકતા નથી તોય, એક વાસ મારતાં સુવેલાં તરતાં મુડદાં ઉપર બેસીને પેલે પાર જાય છે! ચિંતામણીના દરવાજા બંધ જોઇને અડધી રાતે બારીએ લટકેલા સાપને દોરી સમજી બેધડક તેને પકડીને ચઢી જાય છે; અને પોતાની વિષય વાસના તૃપ્ત કરે છે! ચિંતામણી જેવી કંચની પણ તેને ટાણો મારી કહે છે કે; "આટલી બધી સબળ વાંચ્છા જો તું ઇશ્વરની લેહમાં લગાડે તો તું કેવું પરમ સુખ પ્રાપ્ત કરે!" અને અંતે જે પાપી આંખ્યો વડે તે સૌની ઉપર નજર બગાડતો હતો, તે આંખ્યોમાં સોયા ભોંકી આંધળો થઇ રામરામ કરતો ઈશ્વરની શોધમાં રાત દહાડો દિવાનાની માફક ભટકી ભટકીને છેવટે ભગવાનનાં સાક્ષાત દર્શન કરવાને ભાગ્યશાળી થાય છે! કાચબો જેમ પોતાનાં છુટાં મૂકેલાં અંગોને સંકોચી લે છે, તેમ જ્યારે માણસ પોતાની ઇંદ્રિયોને વિષયથી ખેંચી લે છે, ત્યારે તેની બુદ્ધિ પ્રતિષ્ટિત થાય છે. આ બધી એકાગ્ર ચિત્તની બલિહારી છે.

"કર્માદીકનું ત્યાંહાં લગી બળ હરી, જ્યાં લગી મનમાં આણે રે!
નહિ તો કરૂણાધી ઇશ્વર પદ, શાને વેદ વખાણે રે!
બ્રહ્મ શ્રાપ જોતાં વણ વાંકે, સહુ યાદવને લાગ્યો રે!
ઉદ્ધવ વજનાભ વંચાવ્યા, મને સંદેહ સહુ ભાગ્યો રે.
કરતુમ અકરતું અન્યથા કર્તુમ, સમર ઇશ કાહાવે રે;
સર્વેશ્વર સર્વાત્મા સ્વતંત્ર, તેમ કરે જેમ ભાવે રે.
સુખ થાવા સહુ દુઃખ જાવાનો, એજ ઉપાય એક સાચો રે;
મન ક્રમ વચને કૃષ્ણ ભજો દયા, અવર વિચાર સહુ કાચો રે!"

અજામેલ એક બ્રાહ્મણનો દીકરો હતો. પહેલાં તેને પૈસોજ મેળવવાનો છંદ હતો. આથી પોતાનો તે ચડસ પાર પાડવા સારૂ બ્રાહ્મણ છતાં કસાઈને ઘેર વટીક કપાએલાં બકરાં મેંઢાંનો હિસાબ રાખવાને નોકર રહ્યો. બસ પૈસાનેજ તેણે પરમેશ્વર માન્યો. બધું ધ્યાન ધક ને મનન ચિંતન પૈસામાં ને પૈસામાંજ. પાછળથી તેનો તે લખ લક્ષ છુટ્યો ત્યારે પોતે વાંઝિયો હોવાથી બસ એક પુત્ર પ્રાપ્તિ માટે તેની સબળ જિજ્ઞાસા થઇ રહી. રાત દિસ બસ પુત્ર પુત્ર માટે વેવળાં મારતો પૈસા જાય કે બધુંએ ભલે લુંટાઇ જાય, પણ પુત્ર જોઈએ! અંતે સાધુના આશીર્વાદથી પુત્ર જન્મ્યો. સાધુના કહ્યાથી તે પુત્રનું નામ નારાયણ રાખીને રાત ને દહાડો બસ "નારાયણ–નારાયણ!" કરીને પુત્રને લાડ લડાવતો. તેનું સર્વ દીલ બસ નારાયણમાંજ પેઠું. પછી નારાયણ કરતાં કરતાં સાધુ સંતનો છંદ લાગ્યો, તે પણ સજડ ઉંડો લાગ્યો, અને છેવટે પરમાત્મામાં તદાકાર એક તાર થઇ ગયો! ભાઇ નસર! રૂચિત બે પ્રકારની હોય છે. એક વિધ્ધ અને બીજી અવિધ્ધ વિધ્ધ રૂચિતનું વલણ

મુક્તિપદ મેળવવા તરફ હોય છે, અને અવિધ વૃત્તિનું વલણ સંસારની મજામાં અને તેનાં બંધનમાં હોય છે. જ્યારે જન્મ થાય છે ત્યારે આ બન્ને વૃત્તિ ત્રાજવાંની દાંડીની માફક સમતોલ હોય છે. ત્યાર પછી સંસારની મોહમાયા એક ગમનાં ત્રાજવાંની અંદર પોત પોતાની મોજમજા અને ઉપયોગ મૂકે છે, અને બીજાં ત્રાજવાંમાં આત્મા પોતાના આકર્ષણ મેલે છે. હવે જો મનુષ્યની બુદ્ધિ સંસારની મજાને પસંદ કરે તો સંસરની માયાથી ભરેલું ત્રાજવું ભારે થાય છે; પરંતુ જો તેજ બુદ્ધિ આત્મા તરફ ઢળી જાય તો તેને પરમેશ્વર તરફ ખેંચી જાય છે. પુરૂર્વા રાજાની કથા છે, કે તે પોતાની ઉર્વશી જેવી સુંદરા રાણીને ઘણાજ પ્રેમથી ચ્હાતો હતો. એકવાર કૈલાશ શિખર ઉપરના ગંધમાદન–નંદન વનમાં તે વિહાર કરતો હતો, એવામાં મંદાકિની નદીના કિનારા ઉપર રેતીમાં રમતી એક ઘણી સુંદર કુમારિકાને જોઇ તેના પ્યારમાં તે ઓટપોટ બની ગયો. તેના તરફ એકાગ્ર ચિત્તથી એવો તો જોતો રહ્યો, કે પાપણ પણ હાલે નહીં. આથી રાજા ઉપર કોપ કરીને ઉર્વશી પોતાના રાજાને ત્યજીને કયાં કેથે ગુમ થઇ ગઇ. ઉર્વશિ ગુમાવ્યાના દુઃખથી તે બેબાકળો થઈ ગાંડો ઘેલો થઇ ગયો, એવામાં તેને સંગમ મણિ મળી આવ્યો, અને ત્યારથી તેણે સ્ત્રી જાતિનું નામે ના લીધું, દર્શને ના લીધું, અને ઇશ્વર પરાયણ થઇ રહ્યો. એટલા માટે સ્ત્રી સાથે સંબંધ એ જોકે મહા અનર્થ છે, ગમે એવાં ઉંચ સ્થાનમાંથી સારા સજ્જનોને પણ સ્ત્રીએજ ભ્રષ્ટ કીધા છે, જ્ઞાનીઓને પણ અજ્ઞાનીઓની પેઠે સ્ત્રી ઉપર વાર તહેવારે મોહ થાય છે; પરંતુ જે મોહમાયા સ્ત્રી ઉપરથી ઉડીને ઇશ્વરિ માયા તરફ જ્યારે વળે છે ત્યારે તે ઉલટુંજ રૂપ પકડે છે. ઇશ્વરિ માયા ઘણી દુસ્તર છે. હરિ નારાયણે પોતાને મોઢે કહ્યું છે, કે **मम माया दुरत्यया ॥** મ્હારી માયા એવી છે, કે જે તરી શકાય એવી નથી. ઇશ્વરિ મોહમાયામાં ભલભલા મોટ મોટા મોહિત થઇ ગએલા છે. પરન્તુ સૃષ્ટિ સરજનારા બ્રહ્મદેવ, કૈલાશમાં વસનારા શ્રી શીવ શંકર અને નારદ મૂનિ જેવા દેવર્ષિ સરખા એને પણ કામી માયાએ ભુલાવો ખવાડયો છે; તો પછી સાધારણ પુરૂષોના શું આશરા ? પરંતુ

" જીત્યો જો હરિ અંત કહી દોખ દહિ લહિ મોખ;
જિમિ ગંજીફા આખરી, હતત બૂજ શબ્દ સોખ."

જેમ ગંજીફાની રમતમાં આખરે મરાય છે તેજ હાર્યો છતાં પણ જીત્યો ઠરે છે, અને સઘળી બૂજ્યો શોખ કરે છે, તેમ જે પુરૂષ અંત્ત કાળે પણ હરિ નામ લે છે તે હાર્યો છતાં પણ જીત્યોજ જાણવો. તેના નામથીજ દોષ માત્રને બાળી નાખીને મોક્ષ પામે. જ્યારે ચટકો લાગ્યો ત્યારેજ ભગિરથ રાજાએ પણ છેવટ ભાગે બહુ તપો કરીને કપિલ મૂનિના ક્રોધને લીધે બળી મૂએલાં પોતાના પૂર્વજોનો ઉદ્ધાર કરવા થંકી, ગંગા નદીને પોતાના

તપોબળથી સ્વર્ગમાંથી નીચે આણ્યાં હતાં. પિંગળા નામની એક અનીતિવાન સ્ત્રીને નિરાશા મળવાથી ચટકો લાગી ગયો, ને તેણી એકદમ ઇશ્વરની મહા મોટી ભક્તાણિ થવા પામી; તે ત્યાં સુધી, કે ગુરૂ દત્તાત્રયે પણ તેણીને પોતાના ૨૪ ગુરૂઓમાં એક ગુરૂ માની હતી! કશ્યપ મુનિ જેવા દક્ષ પ્રજાપતિ પોતાનો વિષય તૃપ્ત કરવા સારૂ અદિતિ, દિત, વિગેરે તેર તેર સ્ત્રીઓને પરણ્યા હતા, પરંતુ આખરે તો તેમને ઇશ્વરના રંગમાંજ ક્ષેમ જણાયું. કાલિદાસ પંડિત એક ગણિકાના એશ્કમાં એટલા બધા રહેતા હતા, કે ભોજરાજાની ભર દરબાર છોડીને પણ તે સ્ત્રીના સ્થાન ઉપર રાત બધી ભમતા હતા. છેવટ ભાગે તેમને પણ ચટકો લાગ્યાથી સંન્યાસ લઇ ઇશ્વર પરાયણ રહ્યા હતા.

સબક ૧૫ મો.

લોભીનો ગુરૂ દામ–કામીનો ગુરૂ કામ–સંતનો ગુરૂ રામ.

Love, when true, faithful, and well fixed is eminently the sanctifying element of human life:—without it, the soul cannot reach its fullest height or holiness. —Ruskin.

કવિ દયારામે એક માર્મિક વચન કહ્યું છે કે; અતિ તિયતેં ઇક નર ભયો, અતિ નરતેં ઇક નારિ; નારી સેવત હરિ મિલે, નર સેવત જમ દારિ.

બહુ બહુ સ્ત્રીઓ મળીને એક નર થયો છે, ને બહુ બહુ નર મળીને એક નારી થઇ છે તે નારીને સેવવાથી ઇશ્વર આપો આપ મળી જાય છે, પરંતુ પેલા નરને સેવતાં તો યમરાજાનું દ્વાર મળે છે. તે નર અને તે નારી તે કિયાં? તે નારી તે તુલસીની માળા. બહુ નર તે પેલી માળાના મણકા, જે વડે ભજન કરતાં પરવરદેગારનો મેલાપ થઇ જાય છે; ને તે નર જે સ્ત્રીનો ચૂડો જે બહુ ચૂડીઓ વડે થયો છે તે. ચૂડીઓ એટલે સ્ત્રી સમજવી. તેમને સેવીએ એટલે સ્ત્રીઓનોજ સંગ છેવટ સૂધી કર્યા કરીએ તો નર્કમાં જઈએ. એનો ૩ જો અર્થ આજના આપણા વિષયને લાગુ પડે છે. શ્રદ્ધા રાખીને નીચ પાસેથી પણ ઇશ્વરનું જ્ઞાન મેળવી લેવું. ચાંડાળ પાસેથી પણ ધર્મનું જ્ઞાન મેળવી લેવું. અને સંસારના ભોગને સારૂ તથા ઇશ્વરના યોગ સારૂ નિંદાએલાં કુળમાંથી પણ ગુરૂરૂપ ઉત્તમ સ્ત્રી ગ્રહણ કરી લેવી. સુરદાસ જેમ પ્રથમ વેશિયાના રસમાં મસ્ત હતો, પણ તેજ મસ્તીના અગ્નિ લગ્નિની લાહે જયારે પ્રભુ ઉપર લાગી ત્યારે એકદમ ઈશ્વર પરાયણ થઇ ગયો હતો, તેવાજ ચટકા ઘણા ઘણા દાસોને લાગ્યા છે. આપણા ચાણોદવાસી દયારામ કવિ પોતાના બાપા પરભુરામ અને માતા રતનબાઈ મરી ગયાં કેડે બહુ કુસંગમાં લપટાયા હતા. ફાંકડા લહેરીભાઇ થઇ કુછંદમાં ધૂમ પૈસે ઉડાવતા હતા. એક વખતે પોતાની

માસીએ ઠપકો દીધો, અને અનીતિવાન શબ્દ કહ્યાથી દયારામને એવો તો ચટકો લાગ્યો, કે તુરંજ કાશી જઇને ઈશ્વરની મસ્તીમાં પડયા, શ્રી કૃષ્ણની જાણે રાધિકાજ હોય નહીં શું, એવા શ્રી કૃષ્ણ નામ ઉપર ગાંડા બની ગયા. એક પ્રસંગે તેમણે ગાયું હતું કે;

રસિક રાય રાગી સુઘર,
નટબર નંદ કિશોર,
કામિનિ કંદ્દા કામ જિત,
બંધે શિર પર મોર.

શ્રી કૃષ્ણ ભગવાન તો સર્વ રસિયાં રંગીલાંઓના રાજા છે, પ્રીતિવંતા છે, ગાનતાન કળાવાળા છે, ચતુર છે, ઘણા કૃપાળા છે, રાજકુંવર છે, સદા કિશોર અવસ્થાવાળા છે, કામિનીઓ સાથે ક્રીડા કરીને સુખરંગના આપનારા છે, **તેમ છતાં પોતે કામ દેવને જીત્યો તે કેમ?** આવું આશ્ચર્યકારક પરાક્રમ, ૧૬૧૦૮ ગોપીઓના ભોગ છતાં, કોઇનાથી પણ થઇ શકે નહીં, પણ કૃષ્ણે તો તે પરાક્રમ કરી બજાવ્યું છે, એમ બતાવવા સારૂ મસ્તક ઉપર મોરનાં પીછાં ધર્યાં છે, તે જાણે કે તે પીછાનાં પરો બાંધ્યાં છે. ટુંકમાં, આવાં અવાં સ્ત્રી રસના પ્રેમરસમાં કાર્યો કર્યા છતાં જેઓ બ્રહ્મચારી રહી શકે તેજ એ પરો છોડવે. તુલસીદાસ પ્રારંભમાં બહુજ હવસી હતા. પોતાની સ્ત્રી મમતાદેવીની સોડમાંજ રાત દહાડો ભરાઇ રહેતા. ચકવા ચકવીનુંજ જાણે જોડું. મમતા દેવી જ્યાં જાય ત્યાં તેની પૂઠે પૂઠ રવડતા એક ઘડી પણ સ્ત્રી વગર તેમને ચાલતું નો'તું બસ કામ ને ધંધો એજ, કે મમતાદેવીની ફાંટમાં સારો દહાડો ને રાત ભરાઈ રહેવું! મમતાદેવીની માતા માંદાં પડયાં એટલે તેણીએ પિયર જવા માગ્યું તો તુલસીદાસે તેટલી વાર પણ સ્ત્રીનો સંગ છોડવા ના પાડી. જ્યારે ઉપરા ઉપરી બોલાવું આવ્યું ત્યારે પિયરે જવાની રજા તો આપી, પરંતુ જ્યારે એટલો વાર પણ નહીંજ રહેવાયું ત્યારે લાગલા તેણીની પૂઠેજ સાસરે ગયા! આથી મમતાદેવીને પિયરમાં લાજ લાગવાથી ગુસ્સાથી તુલસીદાસને મ્હેણું માર્યું; "કેવા નિર્લજ્જ છો! કેવા તમે જંગલી કૂતરા જેવા છો! સ્ત્રીનોજ છેડો પકડીને ફરનારને હજારો વાર ધિક્કાર છે! લોકો તમારી મશકરી કરે છે, ધિક્કાર નાખે છે, તોએ શું તમને લાજ લાગતી નથી? એના કરતાં તો ઝેર ખાઇને મરો તો સારૂં! સ્ત્રી ઉપર આટલા બધા આસકત છો તેટલા બધા જો તમે પરમાત્મા ઉપર એવડા આકુળ વ્યાકુળ થયા હો તો તમે કેવા મોટા ભકત થઇ જાવ!" આટલા ચટકાથીજ તુલસીદાસને વૈરાગ્ય આવ્યો, ને જેટલો રસ સ્ત્રી રંગના એશકમાં લેતા હતા, તેટલાજ જોશથી તે દિશાએથી એકદમ નિકળી જઇને ઇશ્વરના એશકમાં મસ્ત થયા હતા. ભગવાને સ્વમુખે એજ કહ્યું છે કે;

यतकरोषि यदश्नासि यज्जुहोषि ददासियत् ।
यतपस्यसि कौंतेय त्कुरुष्व मदर्पणम ॥

હે કૌન્તેય ! તું જે પણ કાંઈ કરે, તું જે કાંઇ ભોગો ભોગવે, તું જે કાંઇ પણ દાન કરે. તું જે પણ કાંઇ તપ કરે તે સર્વ સર્વ મ્હનેજ અર્પણ કરી દે આ સર્વ સૃષ્ટિ મ્હારાજ આત્માનું એક સ્વરૂપ હોવાથી હું એટલે આનંદજ છું. હુંજ સર્વસ્વ છું. માટે મ્હારામાં ત્હારો રંગ લગાડ ! મ્હારા વિષયનોજ ભોગ ભોગવ ! ત્હારો

"રંગ લાગ્યો કેવું ભાગ્ય જાગે, ટળી ગઇ બધી ભુખ તરસ મારી;
ચડયા સત્યરૂપના ચડલા ત્યાં, પડી કાચની બંગડી ટૂટી મારી.
ત્હારો સંગ આકાશમાં ખેંચી જતો, ઉડી દોર વિનાજ પતંગ મ્હારી;
જડી તેજની વરસવા લાગી હવે, દિસે ચાંદ સુરજ એક લ્હેર મ્હારી."

હેરા નામની ધર્માધ્યક્ષણિ ઉપર લીયેન્ડર એવો તો પ્યારમાં પડયો હતો, કે દર રાતે તેણીની મુલાકાત લેવા સારૂ દરિયો પણ તરીને તેણીને ત્યાં જતો ત્યારેજ ધરાતો. એક અંધારી રાત્રિએ તે દરિયામાં પડતાં બોલ્યો: "તેણી મળે, ભલેને મ્હારો જીવ જાય, હવે તો તે પ્રભુનાજ દર્શન મળો !" તેજ ક્ષણે તે લોર્ડનું નામ લઇ દરિયામાં પડયો ને ડુબી મૂવો ! તેની પ્યારી હેરોએ જેવી આ ખબર સાંભળી, કે તુર્તજ તેણી પણ તેજ દરિયામાં ડુબી મરતાં આવેશમાં આવીને બોલી; "હે પ્રભો ! માઇ લોર્ડ ! પ્યારા લીયેન્ડરની પેઠે મ્હને પણ પાપમાંથી મૂકિત આપી ત્હારી ગોદમાં લઇ લે !" આવી રીતે એકકે બીજાજીમાં તલઓર થએલાં બન્ને આશક માશુક એકકે હકીકીમાં તદાકાર થઇ ગયાં. મેરી મેગડેલીન અત્યંત વિષયી ને હવસી હતી. તેણીએ પ્રભુની માફી માગી પાછળથી પસ્તાવો કરીને ક્રાઇસ્ટની પૂઠે પૂઠ ફરી ઉત્તમ ભકતાણી થઇ ગઈ હતી. વડનગરો નાગર મનોહર સ્વામી પ્રથમ સ્ત્રી ઉપર આસકત હતો. વકીલના ધંધામાં ખોટી શાક્ષી અને ખોટા લેખો બનાવવામાં તે પાવરડો હતો. સ્ત્રી વ્યસનમાં તેણે બાપીકી ૨૦ હજારની પુંજી ગુમાવી દીધી. પાછળથી તેનો પોતાની સ્ત્રી ઉપરથી મન ઉતારો થતાંજ તેણીનો પણ ત્યાગ કર્યો. તે પછી તેણે સંન્યાસ લેવાનું કર્યું, પણ છ મહિને પણ તે સ્નાન સંધ્યા નો'તો કરતો, ને શિષ્યાણીઓના સહવાસ સમાગમમાંજ રહેવા લાગ્યો હતો. તેનું શરીર વાસે વાસ મારતું હતું. ૨ હજાર રૂપૈયાને ખાતર તેણે ખોટો દસ્તાવેજ પણ બનાવ્યો હતો લુચ્ચાઇ ઢોંગાઇમાં તે પૂરો હતો. અંતે તેને પોતાની ખોટે માર્ગે વાપરેલી હુશિયારીનો પસ્તાવો થવાથી ઇ. સ. ૧૮૨૩ માં સુરતના સેસન્સ જડજ મી૰ જોન્સ રૂબરૂ રજુ થઈ પોતાનાં ટોચે ચઢેલાં પાપોનો એકરાર કીધો, અને પછી ઇશ્વરના છંદમાં તલ્લીન થઇ આ લુચ્ચો પણ એક મોટો ભકત થઇ ગયો હતો. જો અતિ તપેલાં લોખંડ ઉપર પાણી રેડવામાં આવે છે તો તે પાણીનું નામ સરખુંએ રહેતું નથી, પરંતુ તેજ પાણી જ્યારે કમળ પત્ર ઉપર મૂકવામાં આવે છે ત્યારે મોતીના દાણા જેવું દીપ દીપ થાય છે, ને વળી તેજ પાણી જયારે સ્વાતિ નક્ષેત્રમાં સમુદ્ર અંદરની સીપમાં પડે છે ત્યારે

તેનું અમુલ્ય મોતી બંધાઇ જાય છે, પરંતુ તેજ નક્ષેત્રનું પાણીનું ટીપું સાપના મોંમાં જાય છે તો ત્યાં તે ઝેર બની જાય છે, તેમજ એકનો એક માણસ સ્ત્રીના વિષયમાં પડે છે તો નર્કનો અધિકારી થાય છે, ને ઈશ્વરના છંદમાં પડે છે તો સ્વર્ગનો અધિકારી બને છે. સ્ત્રીઓ પણ તપ જપ કરવાથી તાપસી થઈ શકે છે. ગંગા સરખી અધમ ગણિકાએ હવસી છંદ લમ્પટની બાજી છોડી તપ કર્યું, અને વેશ્યાપણાના વિકારો અને પુરૂષો સાથના વિળયછંદોનું ઝેર જ્યારે મારી નાખ્યું ત્યારે તેણી મોટી ભકતાણી થઈ શકી હતી. કથા પ્રમાણે મહાદેવજીએ તેણીને પોતાને માથે ચઢાવી ગંગા નદી તરીકે તેણીને વહેવરાવી તેણીના નામનું મોટપ એટલું બધું તો વધાર્યું છે, કે માત્ર એણીના નામનું સ્મરણ કરવાથી પણ લાખો પાપો ટળી જાય!

* અગર નાતવાની ફતદ ઝીરે પાએ;
ચુ ગીરંદ દસ્તશ બેખીઝદ ઝે જાએ.

અગર જો કોઇ અશકત માણુસ નીચે ભોંય પર તૂટી પડે, અને તેને જો કોઇ હાથ પકડીને મદદ કરે તો તે શખ્સ પાછો ઉભો કેમ ન થાય? તો હે પરમાત્મા!

મન આન નાતવાનમ ફતાદેહ અસીર;
ખુદાયા ઝે રહેમત મરા દસ્તગીર!

હું તો નાતવાન થઇ પડેલો અશકત, પાપના ઉંડા ગારમાં હેઠળ ગબડી ગએલો ત્હારો ગુલામ બંદો છું, તું મ્હારી ઉપર પણ દયા કર, અને મ્હને સહાય થા!

વાલિયો અથવા રૂતનો ભીલ બસ લૂંટો ચલાવવામાં એકાગ્રચિત્તથી મંડયો મચ્યો રહ્યો હતો. રાત ને દિન વટેમાર્ગુઓને લુંટતો ને તે લુંટારાના ધંધામાં તલબોર થઈ પ્રપંચમાંજ લક્ષ રાખી રહ્યો હતો. એકવાર તેણે નારદમૂનિને પણ લુંટવા માંડયા; એટલે નારદે તેને કહ્યું, કે આ ઘોર પાપો તું ત્હારાં વ્હાલાંઓ માટે કરે છે, પરંતુ ત્હારાં કર્મનો જવાબદાર તું એકલોજ થાય છે. ભીલે પોતાનાં સર્વ કુટુંબીઓને પોતાનાં પાપોનાં ભાગદાર થવા પૂછતાં સર્વે ના પાડવાથી તેને ચટકો લાગ્યો, એટલે લુંટની દિશાએથી ફરી જઈ રામ નામનો ઉંધો જપ, "મરા–મરા" બાર વર્ષ સુધી કીધા પછી, તે વાલ્મિકી રૂષિ લેખે પ્રખ્યાત થયો, ને આગમચથી રામાયણ બનાવી રાખ્યું હતું! એવાં દૃષ્ટાંતો પુષ્કળ છે, પરંતુ એટલા ઉપરથી સમજી શકાશે, કે એકતાર, એકાગ્ર ચિત્ત, અને અમુક દિશાએ તદરૂપ થઈ જઈ શકનારો જીવ જયારે ઇશ્વરની દિશાએ લાગી જાય છે ત્યારે તે ઇશ્વરમાંજ તદાકાર થઇ જાય છે.

સબક ૧૬ મો.

પરવારીને ભજશો ક્યારે ?

"The greater thy business is, by so much the more thou hast need to pray for God's goodspeed and blessing upon it, seeing it is certain nothing can prosper without his blessing. The time spent in prayer never hinders, but furthers and prospers, a man's journey and business: therefore, though thy haste be never so much, or thy business never so great, yet go not about it, nor out of thy doors, till thou hast prayed."—*Bishop Bayley.*

નસરઃ—ભાઇ વિશાફ઼! તમને તો કેટલીક નવરાસ મળે છે, એટલે તમે તો કેટલાક કલાકો બંદગી કરવામાં ગુજારી શકો; પણ મ્હારા જેવા નોકરિયાત, જંજાળી, સંસારી માણસને બે ત્રણ કલાક બંદગીમાં વ્યર્થ કરવા પાળવે નહીં; હું પણ રિટાયર થઇ, પેન્શનર થઇ ફુરસદ પ્રમાણે, ખુદાની મ્હને ઓળખ થવા બાદ, તમારા સમજાવ્યાથી બંદગી કરી શકું, પણ હાલ તો મ્હારાથી બનવા જેવું નથી. તે માલેક જ્યારે મ્હારી જંજાળો ને દુઃખો દૂર કરશે ત્યારેજ હું કાંઇ પણ કરી શકીશ!

વિશાફ઼ઃ—ભાઇ! ભાઈ! કાંઇ ફીકર નહીં, મ્હને ત્હારૂં એટલું પણ વચન જોઇતું હતું. જૂઓ ભાઇ, "મ્હારી આટલી ઉપાધિ મટે તો હું નિરાંતે ખુદાની બંદગીમાં જોડાઉં!" એમ બોલવું એ મિથ્યા આળસ, પ્રમાદ અને કર્મના નિયમોનું તમારૂં અજ્ઞાન સૂચવે છે. ભાઇ! તું હમણા નહીં તો ક્યારે ખુદાને પિછાની શકશે?

ને યાબદ બદૂ નીઝ અ દીશેહ રાહ;
કે ઊ બરતર અઝ નામો અઝ જાયગાહ.

તે કરીમો રહીમ માલેક પાકને ઓળખી શકવાને ત્હારી વિચાર શકિત કિંવા બુદ્ધિ ચાલી શકવાની નથી; કેમજે, તે સાહેબનું અમુક સ્થાન કે તમુક નામ કોઇને માલુમજ પડતું નથી. નિશાળે જઇને ૫–૬ કલાક ત્યાં ગોંધાઇ રહેવાનાં અને મહેતાજીની સેટી ખાવાનાં દુઃખમાંથી બચવા માટે ન્હાનાં બાળકો પોતાનાં માબાપને અજ્ઞાનતાથી કરગરીને કહે છે કે; "નિશાળે અમને નહીં મોકલો, અમારૂં એટલું દુઃખ ટાળો માયજી!" તથાપિ, એટલાં ન્હાનાં દુઃખ પછી નેજ બચ્ચાંને ભવિષ્યમાં મોટું સુખ મળનાર છે, એમ માબાપ સમજતાં હોવાથીજ તેઓ તેને નિશાળે પડતું દુઃખ વેઠવાજ દે છે, તેજ પ્રમાણે પરમેશ્વર આપણાં કહેવાતાં દુઃખો એકદમ ટાળી નાખવાની આપણી પ્રાર્થનાને સાંભળતાજ નથી જેમ બાળક પોતાનું દુઃખ ટાળવા માબાપની પ્રાર્થના કરનારાં છે તેમજ મોટાં આદમીઓ દુઃખ ટાળવાને પરમેશ્વની

પ્રાર્થના કરનારાં છે. ઘણી મહેનત પડે એવા કઠણુ અભ્યાસથી છોડવવાનું બાળકે મા બાપ પાસે માગવું, એ જેમ હસી કાઢવા જેવું ખોટું છે, તેજ પ્રમાણે નહીં સહન થાય એવાં દુઃખોને ટાળી નાખવાને પરમેશ્વરને કહેવું, એ પણ ખોટુંજ છે. કઠણ અભ્યાસમાં બાળકોને કેવી રીતે રસ પડતો થઇ સરળતા થાય એવી માગણી મા બાપને કરવી એ જેમ બાળકને માટે બસ છે, તેમજ માણસે પોતાના ઉપર આવી પડેલું દુઃખ સહન કરવાની શકિત પરમેશ્વરથી માગવી એજ તેને માટે બરહક છે. અભ્યાસના શ્રમથી અને મહેતાજીના ત્રાસથી ત્રાસી જનારાં બાળક જેમ આખી જીંદગીમાં મૂઢ અને મૂર્ખ રહી જાય છે, તેમજ બંદગીથી ત્રાસનારાંઓ બંદગીથી મળનારા દૈવી લાભથી અભાગ્યાંજ રહી જાય છે.

દાઇદી–મોઇ ચે ગાંમ્ તષો અપસ્થ્ય ઉર્વશઓસ્થ્યા
અમેરેતાતા હર્વતાતા સ્પેનિસ્તા મઇન્યૂ મઝદા
તેવીષી ઉતયૂઇતી મનંઘહા વોહૂ સેંઘહે.

[વોહુક્ષથ્ર ગાથા]

ઓ ઘણીજ સુખ શાન્તિ ને આબાદી ફેલાવનારા પરવરદેગાર! તું કે જેણે પ્રાણી, પાણી, તથા ઝાડ પાન સઘળું ઉત્પન્ન કીધું છે, તે તું મ્હારી નેક મનશ્નીને લઇને મ્હને દુઃખ દર્દથી મોકળો રાખ! અને બેહેસ્તની અમર્ગીનું સુખ આપ! મ્હને શકિતવાન, જોરાવર, તંદોરસ્ત બનાવી મ્હને ત્હારૂં ઇશ્વરિ જ્ઞાન મેળવવાનો માર્ગ દેખાડ! જેઓ અનુકૂળતા આવવાની મિથ્યા વાટ ન જોતાં આજ ઘડીથીજ તેને પિછાનવાનો પ્રયત્ન કરવાની શરૂવાત કરે છે તેઓજ ખરા બુદ્ધિમાન છે. ભાઇ! તમારાં દરેક કામને માટે વખત ઠરાવી આપો, અને દરેક કામ તેને માટે નિમેલે વખતે કરો; પછી તમને બંદગીની ફુરસદ પોતાની મેળે મળશે.

"It is better to walk in the dark with God,
Than walk alone in the light.
It is better to walk with Him by faith
Then walk alone by sight."

ભાઈ નસર! ઘણીક વેળાએ આમ પણ બને છે કે, અહુરમઝદનો જેના ઉપર પ્યાર હોય છે, તેને સુધારવા માટે, અથવા તો તેની ભકિતની પરિક્ષા કરવા માટે, તે માલેક તેને સંસારની અનેક જંજાળો માથે નાખીને કસોટી કરે છે. લોંગફેલો કહે તેમ, સંકટ સહન કરવાં અને ખુદાને દ્રઢ થતા જવું એ અહુરમઝદના કાયદાનાં રહસ્યનો એક ભાગ છે. જે પુરૂષો શાંત અને ધીરા વીરા હોય છે, તેઓને ભક્તિથી એવું સુખરૂપ શિક્ષણ મળે છે કે, તેમને માટે મઝદા એજ સથિયારો લેવાનું એક સાધન થઈ પડે છે. બંદગીમાંથી શાણુપણ વાપરીને સાર લેવામાં આવે તો તેથી આપણી રહેણી–કરણી કેળવાય છે, અને આપણામાં આત્મિક ઉન્નતિ વધારે

થાય છે. જંજાળ વેઠવાની તથા સહનશક્તિઓને દીપાવવાની, તથા બીજા કેટલાક ઉપયોગી ગુણોને તેજી આપવાની, નિરાશ થએલાં ઈનશાનોને સંકટના સમયમાંજ બંદગી એ તો બચાવની એક ઢાળ થઇ પડે છે. માટે જંજાળો કે દુઃખો આવી પડતાં ત્હારે ખુદા ઉપર અવિશ્વાસ કરીને બંદગીને તજવી જોઇતી નથી; કેમજે તેથી દુઃખ રૂપી રાતો પસાર થઇ જઇને સુખનો દહાડો ઉગ્યા વગર રહેવાનોજ નથી. જોવા સારૂ આંખ તો મૂર્ખને પણ ઇશ્વરે આપી છે. સાંભળવાને પણ એક ગધેડાના કાન માણસના કાન કરતાં મોટા સરજેલા છે. સુંઘવાને માટે એક કીડીને તીવ્ર નાક પરમાત્માએ આપ્યું છે. મૂઢને બળવાન હાથો ને મજબુત પગો બીજાં કરતાં સારા આપ્યા છે. પણ એ ઇંદ્રિયોનો ઉત્તમ ઉપયોગ જેઓ કરે છે તેમને માટેજ એ ઇંદ્રિયો ઉત્તમ થઈ પડે છે. બોસ્ટનમાં એક ભાષણ કર્તાએ વિજળીના પ્રયોગો સાથનું ભાષણ કર્યું. તેને એક નવાઇના રમણિય અખતરા તરીકે જોવાના નજરેજ બધા શ્રોતાજનોએ સાંભળ્યું; પણ ફ્રેન્કલીને તેજ ભાષણને ઉપયોગી બનવાના કાનથી સાંભળ્યું, અને વહેવારમાં મૂકવાની દ્રષ્ટિએ તેના પ્રયોગો દીઠા હતા. તેજ પ્રમાણે જો બંદગીમાં આપણી વૃત્તિ રસ સાથે જોડાય છે તો તેમાંજ તે પૂર્ણ એકાગ્ર થઇ શકે છે. જેમ દીવામાં અગ્નિ છે, અને અગ્નિમાં દીવો છે, તેમજ અશો નરો જે ઇશ્વરના ભકત ને બંદગીખોર છે, તેમને વિષે જાણી લેજો, કે મઝદા ઉપર મોહી પડેલા પુરૂષો મઝદામાંજ ઝળકતા માલુમ પડે છે. માટે અહુરાને અહુરાના ભકતોમાંજ જોઈ લેજો ભાઇ !

કવિત.

કાનનકો નાદ નાંય, જીભકો સવાદ નાંય;
બચનનકો વાદ નાંય, જૂગતી સોં જો કહે;
નૈનકો દિખાવ નાંય, નાકકો સુંધાવ નાંય,
કરકો ગહાવ નાંય, પાવનકો રોક હૈ,
મન કરી જાન્યો નાંય, દૂસરો પ્રમાન્યો નાંય,
બુદ્ધિ અનુમાન્યો નાંય, પ્રકટ કર જો કહે,
અસત પ્રપંચ સત્ય, કૈસેં પહિચાંને આપ,
આપ સુખ જાને દૂજો, માને બિન કો કહૈ.

એક બ્રહ્મ અદ્વૈત હૈ, તાકી ઉપમા કોન ?
બિન ઉપમા સમઝે નહીં, અરૂ કહાવે તૌન.
જો લક્ષણ આકાશકો, સોહી બ્રહ્મકો જાન;
વો જડ વે ચૈતન્ય હૈ, યહી ભેદ હિય આન !

આત્મા છે તે કાનનો શબ્દ નથી, જીભનો સ્વાદ નથી, વચનનો વાદ નથી, ત્યારે

કઇ રીતે કહી શકાય ? આંખે દેખાય એવોએ નથી, નાકે સુંઘાય એવોએ નથી, હાથમાં લઈ શકાય કે પગની પણ ત્યાં ગતિ ચાલે તેવો પણ નથી, અને મન વડે જાણી શકયે તેવો પણ નથી. આમ છે ત્યારે તે અસત્ય રૂપ છે, સત્ય રૂપ છે, કે પ્રપંચ રૂપ છે, તેને હે ભાઇ ! તમે કેવી રીતે સમજી શકશો ? કેમકે તે તો પોતાને પોતાથીજ જણાય તેમ છે. અનુભવગમ્ય છે; તેથી અનુભવ થયા વિના બીજો કોઇ આદમી " એજ આત્મા છે " એમ કેમ માને ? એક અહુરમઝદ જયારે એક અદ્વૈતજ છે ત્યારે તેને બીજાનો અભાવ હોવાથી તેને કોની ઉપમા આપી હું તમને સમજાવી શકું ? એટલા માટે હે નસર ! આપણી અંત્તર દ્રષ્ટિની આગળ જે પડદો છે તે ખસેડવાનું સાધન આપણું પોતાનું શાસ્ત્ર અને અશો પેગમ્બરો તથા સત્પુરૂષોનાં વચનમાં શ્રદ્ધા રાખવી એજ બસ છે; અને તે શ્રદ્ધાને લઇનેજ તું મઝદાને ભજવાનું કર !

કોઈ એક નગરમાં ચાર પાંચ ચોરોની ટોળી રહેતી હતી. તેઓ પાંચ પંદર દહાડે આસપાસ ચોરી કરી લાવી ગુજરાન ચલાવતા. એ ટોળીમાંનો એક નગપ્પા નામનો ચોર એકવાર નગરમાં ફરવા નિકળ્યો. રસ્તામાં એક ભજનમંડળી ભજનો કરતી હતી, તેથી ગાયન સાંભળવા તે અંદર પેઠો. ગાયનની મધુરતાનો તેને ચડસ લાગ્યાથી વારંવાર ભજન મંડળમાં જાતો. પછી તો ભજનમાં સામેલ થવા લાગ્યો. એક દિવસે ભજન ગવાયું કે; " પારકા ધનની અથવા પારકી કોઇ પણ વસ્તુની ચોરી કરવી એ મહા પાપ છે ! " એ ભજન તેના મનમાં ખટકી બેઠું. ચોરી કરવા જવાનો સમો આવતાં તેના સોબતીઓ તેને બોલાવવા આવ્યા; પણ તેણે ના પાડી. આથી સોબતીઓ તેને મરડી મચરડીને પણ સાથે લઇ ગયા. નગરનો દરવાજો છોડીને થોડેક દૂર ગયા, એટલે તેને ઠોકર વાગવાથી નગપ્પા જોરથી પડી ગયો, ને પગના નળામાં એક મોટો કાંટો પેસી ગયો. રડતાં રડતાં તે કાંટો ખેંચી કાઢીને બોલ્યો; " ભજન કરવા માંડયું ત્યારેજ આ દુઃખમાં કાં પડયો ! જયારે ભજન ભકિત નહીં કરતાં, ચોરીઓ ને ખુનો કરતો ત્યારે તો કંઈ નડયું નહીં ! ભગવાનને ઘરનો આ કેવો અવળો ન્યાય ! " લોહી બહુ નિકળ્યું; ચલાયું નહીં; એટલે ચોર સોબતીઓથી છૂટો પડી તેને ઘરે ગયો. બીજે દહાડે લંગડાતો લંગડાતો ભજન મંડળમાં ગયો, ત્યાં કોઇ ગુણીજને દવા લગાડી પાટો બાંધવાથી પગની કળતર કમી થઇ. પેલા ચોરો એક સાહુકારનું ખૂન કરી ખુબ દૌલત ચોરી લાવ્યા હતા. પરન્તુ તે ખૂન પકડાયું ને દલ્લો પણ હાથ લાગ્યો. ખૂનીઓની આખી ટોળીને શૂળિની સજા થઈ. જો કે નગપ્પાને પણ પકડી લઇ ગયા હતા; પરન્તુ ભજન મંડળની સાક્ષી પડવાથી તેને વીશે ન્યાયધીશની ખાત્રી થઇ, કે તે ખૂન અને ચોરીમાં સામેલ નો'તો. આ વખ્તે ભજન મંડળીએ ગાયું કે; " નગપ્પાનું શૂળિએ મોત હતું તે ભજન કીર્તનમાં જોડાયાથી કાંટાએજ પતી ગયું ! "

ઇશ નામ તું ભજ લે ભાઇ, મગરૂરીમાં શું વળશે રે !
કાચી માટીનું મંદીર ત્હારૂં, એક પલકમાં ઢળશે રે !—ઇશ
બ્રાહ્મણ થઇને સ્નાન વિધિ કરી, નાક પકડી જપ જપશે રે !
પોથી પુસ્તક પુરાણ ભણશે, એથી પ્રભુ કેમ મળશે રે ?—ઇશ
જોગી થઇને જટા વધારી, આંગ ભભુતથી લિંપશે રે !
તુલસી માળા કંઠે ધરશે, એથી પ્રભુ કેમ મળશે રે ?—ઇશ
યજ્ઞ યાગ કરવે જંગલમાં, ગુફામાં જઇ રહેશે રે;
ઘી તલ ચોખા વ્યર્થ બાળશે એથી પ્રભુ કેમ મળશે રે !—ઇશ

સબક ૧૭ મો.

આસ્તિક થયલો નાસ્તિક–સાચો ભક્ત.

"Every created thing has its bounds; but grace has none. In true Godliness there is no excess. Those wells which are of God's digging can never be too full of water. He delights to see the trees of righteousness laden with the fruits of righteousness."

—*Secker.*

નસરઃ—"હે વ્હાલા ભાઇ ! જ્યારે તમે અહુરમઝદ એકલાનીજ બંદગી કરવા કહો છો ત્યારે ખુરશેદ, મેહેર, માહબોખતાર, આવાં અરદ્વીસૂર, પર્વત, તથા અગ્નિ વિગેરે જડ વસ્તુની નિયાએશ અને સ્તુતિ કરવાની શી જરૂર ? ખુરશેદ એ કાંઇ અહુરમઝદ નથી; ચંદ્ર એ કાંઇ મઝદા નથી. એ ભાવથી તો અહુરમઝદની એકતામાં ખલલ નડે ! તો પછી દ્વૈત જે બેપણું તે અદ્વૈત જે એકપણું, તેની સામે થઇને બીજાને કેમ ભજાય ?"

વિશાફઃ—ભાઇ ! તું હવે મ્હારા સબકની છેક પાસે પાસે આવતો જાય છે, એ જોઇને મ્હને આનંદ થાય છે, કે તું ટુંક વખતમાં હવે માર્ગે લાગશેજ. જુઓ ભાઇ, અહુરમઝદ સર્વત્ર છે. સોયની અણિનો એક કરોડમા ભાગ જેટલી તલમાત્ર પણ જગ્યા અહુરા વિનાની નથી. જ્યારે તે સર્વત્ર છે ત્યારે સુખને અનુભવવા ઇચ્છનાર જે મનુષ્યની વૃત્તિ છે, ત્યાં પણ શું તે નથી ? ત્યાં પણ તે છેજ. વૃત્તિની અંતરમાં, બહાર, મધ્યમાં સર્વત્ર તે ને તેજ છે. પરમેશ્વર જડ વસ્તુમાં તેમજ મીનોઇ આત્મિક વસ્તુ એ બેઉમાં ઓત પ્રોત ભાવથી હમેશાં રહીનેજ કામ કરે છે. જડ અને આત્મા જે નિયમથી ચાલે છે, તે તો ફક્ત અહુરમઝદની કાર્ય પદ્ધતિ છે. આ જગતમાં કોઇ પણ નિયમ અનદીઠ નથી; વિધાતા બધેજ કાર્ય કરી રહેલ છે. આખી આદમ જાતને અને દરેક માણસને સ્વભાવિક રીતે પોતાને જેમાં રસ પડે

તે વસ્તુમાં તેને એકાગ્રતા કરતાં આવડેજ છે. રસવાળી વસ્તુઓમાં એકાગ્રતા કરવાનું તે કોઈનું શિખવેલું શિખવાતું નથી. કારણ કે, એકાગ્રતા કરવી એ આદમીનો કુદ્રતી સ્વભાવજ છે. સર્વનેજ તે આપોઆપ આવડે છે. તું કહે છે કે, રાતે નિદ્રા, દિસે કામ, કઇ વખત લઇએ ખુદાનું નામ? તો કહું છું ભાઈ, કે જેમ આપણાં વહાલાં વ્યસનને ખાતર આપણે ઘણું ઘણું વેઠીએ, ઘણા ઘણા જોખમમાં રહીએ, અને ઘણો બિગાડ સહન કરીએ છતાં તે છંદનો કે તે નાદનો ત્યાગ કરવાનું આપણને ગમતુંજ નથી; તેમજ એક વાર જો તને બંદગીની લેહ લાગી, એક વાર ભકિતનો રંગ તને ચોંટયો તો પછી તે તને છોડવા ગમશેજ નહીં. માટે હે ભાઇ! તમારી આંખો ઉઘાડી રાખીને ચાલો. તમારી ચામડાંની આંખો તેમજ આત્મિક આંખો હમેશાં ઉઘાડી રાખીને ચાલો. અશો જરાથુસ્ત્રનો શત્રુ બેન્ડુ બહારથી તો જરથુસ્ત્રનો શત્રુ, અને એક ખુદાને બદલે મૂર્તિ પુજાને ચિવટાઇથી માનનારો હતો, પરન્તુ બાતેનમાં તો નાસ્તિક વિચારો કેમ તજવા, તેનું સાચું જ્ઞાન જરથુસ્ત્રથી જાણી લેવાની તેની નેમ હતી. રાવણ કાંઇ ખરેખરો રામચંદ્રજીનો શત્રુ અને નાસ્તિક નો'તો; પરંતુ વિરૂદ્ધ ભકિતથી તે પોતાને ત્યાં રામને આવેલા જોવા માગતો હોવાથીજ સીતાજીનું હરણ કરી ગયો હતો. એ બેન્ડુ અને એ રાવણ આડો રસ્તો લઇને પરોક્ષ જ્ઞાને કરીને પ્રત્યક્ષ સાચા અહુરાને, સાક્ષાત પ્રભુને જોવાની ખાહેશ રાખતા હતા. માટે હે ભાઇ! તમને જે સ્થિતિ હાલ પ્રાપ્ત થએલી છે તે સ્થિતિમાંથીજ થોડી થોડી અનુકૂળતા કાઢીને થોડો થોડો વખત ફાજલ પાડીને તે અનુકૂળતામાંજ બંદગીનો શુભ પ્રયત્ન સેવતાં તમને વધારે ને વધારે અવકાશ ને અનુકૂળતાનો સંભવ આવશે; અને ખુદા કોણ છે, તેની શકિત કેવી છે, તેનું દર્શન કેમ થાય, તેના ઉપાય બંદગીથીજ થશે. એક માણસ બીજાં માણસ ઉપર ઉપકાર કરે, ને તેને જોકે કાંઈ પણ બદલો, ઉપકાર, કે સ્તુતિ પસંદ ના હોય તોપણ ઉપકાર પામનારે તો તેનો ઉપકાર માનવો, તેની સ્તુતિ કરવી એ તેની પોતાની તો ફરજજ છે.

અઈ સુ ગઇ ગહિલે રહી, હરિગુન મનમનિ હોય;
મહૂરતમેં ખડવાંગલોં, બહીહૂ સહીસી હોય.

ત્હારો કેટલોક વખત ખુદાની બંદગી અને નિમાજ વગર ગયો તે તો ગયોજ, પણ જેટલો રહ્યો છે તેટલાને તો તું સંભાળી લે. ઈશ્વરગુણ રૂપી જે દોરો તેમાં ત્હારાં મન રૂપી મણીને પોઇને, જે પ્રમાણે માત્ર બેજ ઘડીમાં ખડ્વાંગ રાજા ખુદાને ભજીને ખુદાને મળ્યો હતો, અને મન-લગ્ન તે માલેક સાથે જેમ કર્યું હતું તેમ તું પણ ચેતી લેશે, તો વહી ગયેલો વખત પણ તું સફળ કરી લેશે ભાઇ. હે નસર! આપણી આંખોમાં તેજ છે; પણ જયોતિ એટલે સૂર્ય વિના એટલે અંધરે કાંઇ સુઝતું નથી, માટે સૂર્ય એજ જ્યોતિ છે, સઘળું દર્શાવનાર છે. સૂર્ય ન હોય તો ચંદ્ર જ્યોતિ, ચંદ્ર ન હોય તો નક્ષત્ર, તારા, દીવા, દેવતા, મણિ વિગેરે જ્યોતિ,

તે ન હોય તો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ એ જયોતિ. પણ જયારે જાગૃતના વહેવાર બંધ થાય છે, તે ઘોર ઉંઘમાં સ્વપ્ના આવે છે તેનું જાગ્રતમાં ભાન કરાવનાર આત્મજયોતિ અહુરાજ આપણા દિવા રૂપે છે; અને જેનું તેજ સૂર્યનારાયણ કરતાં પણ કરોડો ગણુ અધિક છે. તેજ જગજયોતિ છે. મન કે બુદ્ધિને પ્રકાશ કરનાર તેજ છે. એટલા સારૂ હું તો આમજ કહું કે; હે પરવરદેગાર! જગતમાં આજે કોઇ એવું નથી, કે જે તમારાં નામને ખોરાક આપીને તૃપ્ત કરે! તમારાં નામનો અહાર યાને ખોરાક તો પાપ છે, પણ તમારૂં નામ તૃપ્ત થાય એટલું પાપ તો કેથે પણ છે નહીં, પરંતુ મ્હારાં હૃદય રૂપી માત્ર એકજ ધામ છે ત્યાં તમારાં નામને મોકલો, ત્યાં જે પાપ ભરાઇ રહ્યું છે તે ધરાઇને ખાશે એટલું પડેલું છે, એટલે સદા મ્હારાં દિલમાં તમારૂં નામ રહે તેમ કરો!

આજ ન એસો કૃષ્ણ કો, તૃપ્ત કરે તુવ નામ;
અઘ અઘાય કે જિયેગોં, પઠઓ મો ઉરધામ.

માટે જો બુરા અને વિષયી વિચારો ત્હારી અંદર ઘુસી આવી તને રંજીદા કરતા હોય તો તે વેળાએ તું યઝદાં નામના આશ્રય હેઠળ પનાહ લઈ લે! વ્હાલા ભાઈ! ત્હારી ઇંદ્રિયો અને ત્હારો પ્રાણ પણ જેમાં સ્થિતિ કરે છે, એવા જે સર્વ અવિનાશી અહુરમઝદાને જે જાણે છે તેજ સર્વ જાણે છે, અને તેજ સર્વમાં પ્રવેશ કરે છે.

પ્રેમીને મળવા સદા, પ્રેમી આતુર હોય;
આશાતુર હૃદયને, શકે ન વર્ણવી કોય.

જરથોસ્ત સાહેબ ખુદા ઉપર આશક પડેલા હતા, અને તેઓ બંદગીની મારફતેજ બેહેસ્તમાં જવા આતુર હતા. તે સાહેબે દાદાર અહુરમઝદને પ્રશ્ન કર્યો હતો કે;

"કથા મઝદા રાન્યો-સ્કેરેતીમ ગામ ઈવિસોઈત,
યે-હીમ અશાઇ વાસ્ત્રવઇતીમ સ્તોઇ ઉસ્યાત ?"

(સ્પેન્તોમદ ગાથા.)

આ ખુશી ખુશાલી ઉપજાવનારી દુન્યાંને ઓ દાદગર! જે કોઇ હમેશાં આબાદીથી ભરપૂર જોવા ઈચ્છે, તે માણસ કેવા પ્રકારના પ્રેમથી પોતાની પસંદગી મેળવી શકે? ત્યારે અહુરમઝદે કોલ આપ્યો હતો કે;

"એરેઝેજીરા અષા પોઉરૂપુ હવરે-પિષ્યસૂ
આકારતેંગ મા નિષાંસ્યા દાયેમ દાહવા."

અશોઇથી ખાલેશ નિર્મળ જીંદગી ગુજારનારા, અને આત્મજ્ઞાનથી પ્રકાશિત થએલાઓ ખોરશેદપાયા નામના સ્વર્ગનાં ભરપૂર ઝળકાટવાળાં બેહેસ્તમાં જવા સારૂ આ દુન્યાનેજ સુંદર બનાવી શકે છે. ત્યારે પેગમ્બર સાહેબે પ્રાર્થના કરી કે,

"ઓ અહુરમઝદ બાપ! મ્હને પણ તે હાલતમાં મૂકીને તે ઉંચાં સુંદર ને ખુશનુમા બેહેસ્તમાં તું લઈ જા!" અર્થાત, જે માણસને રોગ થયો હોય તે રોગનો ઉપાય કરીને તેમાંથી મુકત થયા પછીજ તે સુખ ભોગવે છે. તેમ દરેક આદમી પણ બંદગી રૂપી ઓસડ વડે પોતાનાં પાપ કર્મનો નાશ કર્યા પછીજ સુખ ભોગવે છે. દુઃખ આપનારાં પાપ કર્મને ઉપદેશથી સમજ્યા પછી, કિયો માણુસ કુકર્મ કરવાની કોશીશ કરે? કોઇજ નહીં. એટલા માટે હે નસર! અહુરમઝદના નિમી આપેલા નિયમો તું હવે પાળવા માંડ.

એક ધર્મી પુરૂષ પોતાની પ્રાર્થના પૂરી કરીને હર હમેશ બોલતો કે; "અહો પ્રભુ! જે વિદ્યામાં ત્હારી પ્રસન્નતા હોય તે વિદ્યા મ્હને આપ!" લાંબે વખતે તે ધર્મીને એવો ગેબી અવાજ સંભળાયો હતો કે; "હે બંદા! મ્હારી પ્રસન્નતા ત્હારે માટે બંધ છે; કેમકે ત્હારૂં વધારે સારૂં થવું એ મ્હારા બાંધી દીધેલા નિયમના આધાર ઉપર છે. માટે તું જો મ્હારા નિયમ એટલે કુદ્રત ઉપર પ્રસન્ન રહેશે તો હું પણ ત્હારા ઉપર પ્રસન્ન રહીશ!" ભાઇ! શોક અને સંતાપના વખતમાં બંદગી અને ભકિત આપણને અત્યંત આશ્વાસન ને સધ્યારો આપે છે. ખુદાની બંદગીનો ઉદ્દેશ આદમીને બેહેસ્તમાં પહોંચાડવાનો નથી, પણ તેના અંતઃકરણમાંજ બેહેસ્ત લાવી મૂકવાનો છે. માટે જો તું દુષ્ટ વિચારમાં મગ્ન રહેશે તો તું ભકિતનો ઉદ્દેશ સફળ કરી શકશે નહીં. ભાઇ, તું ઉઘાડાં પાપ જેટલાંએ કરે છે, તે કરતાં હજાર ગણાં પાપ મનમાં અને વિચાર વડે કરે છે. તું હરદમ ત્હારા મનમાં દુષ્ટ વિચાર કર્યા કરે છે, જેથી છેવટે તું ત્હારા તે વિચારોને અમલમાં મૂકી દેવાને વાર લગાડશે નહીં. જે બંદગી કરનારાઓ હમેશાં પોતાના પવિત્ર વિચારોમાં રમ્યા કરશે તેમને નઠારા વિચાર રહેશેજ નહીં; કેમકે મન ઉપર વિચારોનો પટ જલદીથી બેસી જાય છે. માટે બંદગી કરતે કરતે મનને હમેશાં સારા અને પવિત્ર વિચારોમાંજ રોકાયલું રાખવાની લાલચ થયાં કરે છે. દુષ્ટ, નાસ્તિક, અને અપવિત્ર વિચારો મનમાં દાખલ થવા દેવાથી આખરે આપણે દુષ્ટ આચરણો કરવા પણ લાગી જઇએ છીએ. એ નબળા વિચારો અહુરાનું મુબારક ને બક્ષાવર નામ લેઆ કીધાથી પવિત્ર થઇ શકે છે.

સકળ સૃષ્ટિ પાલક કૃપા તું કરે!
છું હું દીન ત્હારો, તું ચિંતા હરે!
જગત્ ના ટકે ત્હારી ઇચ્છા વિના;
રે તુજની કૃપા વણ જીવે જીવ ના—સકળ.

ભાઇ! મહા મહેનત કરીને નિર્મળ અંતઃકરણ તેં કદાપિ કર્યું, પણ જો પરવરદેગારનું નામ ના લીધું તો પેલી સઘળી મહેનત ફોકટ; કાંઇએ ફળ ના મળે. સુધારેલું ખેતર હોય પણ તેમાં કાંઇએ વાવ્યા વિના કોઇ ચીજ ઉગતી નથી, ને ખેતર

ખેડયાનો શ્રમ વ્યર્થ જાય છે, તેમજ એ વિષે નિશ્ચે જાણજે ભાઈ. ખુદાનું નામ લેનારો, ધર્મનો ધાક માનનારો God fearing આદમી આ દુન્યાની તકલીફી લાલચોને કદી વશ ન થાય. તેવા ભક્તને તો ગમે એવી આગમાંથી પ્રભુ બચાવી લે છે, જેમ દોરાશરૂન જેવા રૂએ સલતનતના પાદશાહે પેગમ્બર જરાથુસ્ત્રને અગ્નિથી ધગધગતી ચિતામાં હોમાવ્યા ત્યારે ખુદાતાલાએ તે અગ્નિને હિમ જેવો શીતળ બનાવી દીધો હતો.

કહિ કષ્ટા કિય અમલ ઉર, કૃષ્ણ નામ નહિ ચેત;
ફલ ન કાહુ જ્યોં બોય બિન, ઉગે ન સુધર્યો ખેત.

એક નાસ્તિક શેઠને ત્યાં એક ધરમી જવાન નોકરીએ રહ્યો. રવીવારે પણ તે શેઠની દુકાન ઉઘાડી રાખવામાં આવતી. પેલા જવાને રવીવારે દેવળમાં જઈ ધાર્મિક તહેવાર પાળવા માટે રવીવારે કામ કરવાની ના પાડતાં શેઠે કહ્યું; "ત્યારે મ્હારે ત્યાં ત્હારૂં કામ નહીં!" પેલે તુર્ત રાજીનામું આપ્યું. એટલે શેઠે કહ્યું; "હું તો તમારૂં પરખું જોતો હતો. હું તમને નોકરીમાંથી છોડવા ખુશી નથી. હું રવીવારની નોકરીની ફરજમાંથી તમને મુક્ત કરૂં છું; અને તમારો પગાર આજથીજ બેવડો કરૂં છું!" આ શેઠ નાસ્તિક હતો તોપણ તે સમજતો હતો કે, ધર્મ પાળનાર માણસ ભરોસાદાર હોય છે. રવીવારે કામ કરનાર નોકર કરતાં ધર્મને ખાતર રવીવારે નોકરી નહીં કરનાર વધારે વિશ્વાસુ હોય છે. જે માણસ ખુદાને હાજર નાજર જાણશે તેજ જગતમાં ભરોસાપાત્ર થઈ પડશે.

બ હસ્તીશ બાયદ કે ખસ્તૂ શવી;
કે ગોફ્તારે બીકાર યકસૂ શવી.

વ્હાલા નસર! અહુરમઝદની હસ્તિનો હવે તો ત્હારે સ્વીકાર કરવોજ જોઈશે; અને હવે ત્હારૂં નાસ્તિક વાહિયાત બોલવાનું પણ ત્હારે તર્ક કરવુંજ જોઈશે.

સબક ૧૮ મો.

બંદગી–ખુદાની પસંદગી.

"Prayer ardent opens heaven, lets down a stream
Of glory on the consecrated hour
Of man, in audience with the Deity:
Who worships the great God, that instant joins
The first in heaven, and sets his foot on hell.—Young.

વિરાફ:— ભાઈ નસર! મેં આટલાં બધાં સિદ્ધાંતો તને દ્રષ્ટાંતો સાથે કહ્યાં તોપણ શું તને બંદગીનું મોટપ જણાતું નથી? તેજીને તો ટકોરો બસ છે. વડા ભાઈ તરીકે તું મ્હારામાં ગુણબુદ્ધિ લાવશે નહીં, હું ખરૂંજ કહું છું એવો ત્હારો અનુભવ થશે નહીં, તો તને અસર નજ થાય. કુરૂકના બનાવનારા પીટર ધી

હરમીટ માટે કહેવાય છે કે; તેની એકજ વાયજીની અસર એવી થઇ હતી, કે ૧૦૦૦૦ લોકોએ તેના વ્યાખ્યાનો સાંભળતાંજ પોતાના ગળામાં ક્રાઈસ્ટનો ક્રોસ ઘાલ્યો હતો! ત્યારે શું આટલી બધી મ્હારી વાયજીઓ તમને અસર કરતી નથી? જરથુસ્ત્રા પાકની પવિત્ર માથ્રવાણી તમારા ગળામાં શું નથીજ ઉતરતી? જો કોઈને પૈસાજ મેળવવા શિવાય બીજો ખ્યાલજ મનમાં હોતો નથી, તો તે પૈસો જરૂરજ મેળવી શકશે; તેમ જો કોઇને બંદગી કરવામાંજ દ્રઢભાવ લાગ્યો હોય તો તે જરૂર ખુદાનો જલવા, અને ઝળઝળાં આવે એવો તેનો પ્રકાશ જોઇ શકશે. જો કોઇના દિલમાં પેગમ્બરોના દર્શનની દ્રઢ ઈચ્છા હશે તો તે પેગમ્બરોને ખુલ્લી આંખે જોઈ શકશે જેમનો પ્રેમ પોતાનાં અશો ફરોહરો તરફ હશે તો તેઓ તેમને નિત ઉઠીને સ્વપ્નામાં પણ જોયાજ કરશે. માટે ઇશ્વર ઉપર પૂરેપૂરો ઇતબાર રાખીને ત્હારાં નિત્યનાં કાર્યક્રમ કર, તેના નામની બરકત તને જરૂર પહોંચશે. જરમનીમાં મી. ફ્રાન્કે એક ઓરફનેજ વગર પૈસે સ્થાપી હતી, અને તે ચલાવવા સારૂ પૈસો મેળવવા થકી દ્રઢ ભાવનાથીજ તે દરરોજ પ્રભુની પ્રાર્થના કરતો હતો, અને તેને જેટલા જોઇએ એટલા પૈસા ગુપ્ત મદદથી પૂરા પાડવામાં આવતા હતા. ભક્તિની આવી અસર થતી જાતે જોઇને તેનું ફળ મેળવવા મી. જ્યૉર્જ મૂલરે મન ઉપર લીધું હતું. તેણે પણ ઇંગ્લંડ જઇને બ્રિસ્ટલ શહેરમાં વગર પૈસે અનાથ આશ્રમ ઉઘાડયું, ઓરફનેજ સ્થાપી, અને પ્રભુ પ્રત્યે શ્રદ્ધા રાખી ભક્તિભાવ વધારી આ ખાતાંઓ ચલાવ્યાં, ને પૈસો તો આપમેળે કયાં કયાંથી ખેંચાઇ આવતો ગયો હતો. ખરેખર; નેક કામોનો બદલો ખુદા ફોકટ જવા દેતોજ નથી.

સબ સનમુખ જબ જાનિયે, જબે કૃષ્ણ સનમૂખ;
પેં વિમૂખ ત્રી હોત હે, અટકુબ દોખ સબ દૂર.

જ્યારે ઇશ્વરની સનમુખ આપણે હાજર થઈએ, અથવા આપણી સનમુખ ઈશ્વર થઇ જાય, યાને પરમેશ્વરને જ્યારે આપણે શરણે જઇએ ત્યારે સર્વ પદાર્થ, સર્વે ચીજ, સૌ સૌ આપણી આગળ આવીને ઉભાં રહે છે. તેને શરણે જવાથી માત્ર ત્રણ વસ્તુ આપણી આગળ ઉભી રહેતી નથી; તે અશુભ, પાપ, અને દુઃખ છે. હેલન, એકીલીસ, ને ઇન્યાસ જેવાઓને બંદગીનાં ફળ મળ્યાં હતાં. પેગમ્બર જરથોસ્તે બંદગીના તપોબળથી ગુસ્તાસ્પ પાદશાહને પવિત્ર કરેલો શરાબ પાઈ જીવતાં જીવત જીન્નત દેખાડયું, અસ્ફંદિયારને બંદગીથી પવિત્ર કરેલું દુધ પાઇ ત્રાંબાંની દેહવાળો રૂઇનતન કીધો, પેશોતનને બંદગીના બળથી શુદ્ધ કરેલું દાડમ ખવાડી અમર્ત કીધો, અને યઝદાંની પરસ્તેશ કરીને મેળવેલું સ્વર્ગ્ય ફુલ સુંઘાડીને જામાસ્પને ભવિષ્યનું જાણનાર બનાવી હકીમ કીધો; એ શું બંદગીનાં ફળ નથી નસર? વીદાયતી નદીને કિનારે પૂરતા એતેકાદથી ખુદાઇ બંદગી કરવાથીજ પેગમ્બર સાહેબ ઇશ્વરી જ્ઞાન પામ્યા હતા, અને તે જ્ઞાન ગાથાના માથ્રીક ગાયનોમાં ભાષણો રૂપે તેઓએ પૃથ્વી

ઉપર ફેલાવીને બંદગીનાં બળ અને ફળ વીશે આપણી ખાતર જમા કરી આપી છે. ગમે એવા કડક શત્રુઓ તરફની પીડાકારી આપણા પાક સદ્‌ગુરૂએ બંદગીનાજ બળે મારી હઠાવી છે.

કેમના મઝદા મવઈતે પાયૂમ દદાત, હ્યત મા દ્રેગ્વાઓ દીદરેષતા અએનંઘહે, અન્યેમ થ્વહ્માત આથસ્ચા મનંઘહસ્ચા; યયાઓ ષ્યઓથનાઇશ અષેમ થ્રઓશ્તા અહુરા. તામ્ મોઈ દાંસ્તવામ દએનયાઇ ફ્રાવઓચા. (ઉશ્તવદ ગાથા)

જ્યારે કોઇ દુષ્ટ માણસ કીનો લેવાને, દુ:ખ દેવાને, મ્હારી ઉપર ડોળા કકડાવે ત્યારે ઓ પરવરશીના કરનાર દાદાર બાપ! મ્હારો અને મ્હારાં વ્હાલાંઓનો ત્હારા શિવાય કીયો શખ્સ બચાવ કરશે? મ્હારા પ્યારા આતશને, મ્હારા મનનાં સુખોને, તથા જે ઘરબારને લગતાં સુખોથી મ્હારાં મનને શાન્તિ રહે છે તેમાં ખલલ કરનારાઓથી મ્હને ત્હારા શિવાય બીજો કોણ ઉગારશે? ઘરનાં સુખો તથા મનની મ્હારી શાન્તિથીજ ઓ ઇશ્વર! મ્હારૂં સત જળવાય છે. ધર્મ નીતિને ખાતરજ હે પરમેશ્વર! તે ઉત્તમ જ્ઞાન મને આપ! આ ઉત્તમમાં ઉત્તમ બંદગી કીધાથી અશો જરથોસ્તે જે માંગ્યું તે તેઓ સાહેબને મળ્યું હતું. અરે ભાઇ! નહીં કલ્પી શકાય એવાં કામો બંદગીના બળ વડે થઇ શકે છે. પણ મૂઢ માણસો ફળના ઉત્સુક થઇને ફળવાન ઝાડનેજ કાપી નાખે છે. જે કોઇ ફળ મેળવવાની ઇચ્છા રાખે તેણે તો કદી પણ ઝાડના મૂળનુંજ છેદન ના કરવું. એટલે કે, બંદગીનું ફળ મેળવવા સારૂ ધર્મના ઝાડને ઘા કરવાથી પહરેઝ રહેવું. મી. જૉન ગ્રીને લોકોને જ્યારે જાહેર કર્યું કે; "હું માત્ર પ્રભુનું નામ લેતો જઈશ, અને હું માત્ર પ્રભુની યાદ કરતો રહીશ, અને હું એકલો કૉવેનટ્રીનું દેવળ, કોઇ પણું બીજા માણસની મદદ વગર બાંધી શકીશ!" ત્યારે સર્વને આશ્ચર્ય થયું; પણ ઇ. સ. ૧૮૧૦ માં તેણેજ એ દેવળનો પાયો એકલાએ ખણ્યો, તેણેજ ચણ્યો, અને આઠ વર્ષના અંદર તો તેણે તમામ પથ્થરનું દેવળ એકલાએ, માત્ર બંદગીના હથિયાર વડે, પ્રભુની બંદગી કરતો જઇને બાંધી દીધું હતું! નસર! બંદગીનું ફળ તે આ. ટુંકમાં, જેઓ અંતરમાં શાંતિનું ભાન કરે છે, તેઓ બહાર પણ શાંતિનોજ અનુભવ કરે છે. જેઓ અંતરમાં તંદોરસ્તી, આરોગ્યતા, ઐશ્વર્ય, આનંદ, જ્ઞાન, અને ઉંચા સદ્‌ગુણોને જૂએ છે, તેઓ બહાર પણ તેમનોજ અનુભવ કરે છે. અંત્તરમાં પરમેશ્વરને જોનાર થોડાજ વખતમાં બહાર પણ સ્થૂળ આંખો વડે સ્થૂળ રૂપમાં પણ પરમેશ્વરને દેખે છે. ભકિતમાં કે સમાધિની અંદર કોઇપણ માણસના મનની સ્થિતિ એવી આનંદમય થાય છે, કે તે સ્થિતિમાંથી જાગૃત થવું એજ તેને મનથી ભારે દુ:ખ હોય છે. જેવી રીતે જીવતી માછલીને થોડોવાર પાણીની બહાર રાખ્યા પછી પાછી પાણીની અંદર મૂકીએ અને તેથી તેને જેવો આનંદ થાય છે, તેવોજ આનંદ એક ભકતને ભકિતમાં કે સમાધિની

ં'દર થાય છે. આપણે સઘળાજ જોકે બૃહસ્પતિ કે શુક્રાચાર્ય, સોલન કે સોલો-
ન જેવા શાણા થઇ શકીએ એમ નથી, આપણ બધાજ કાંઇ જરથોસ્ત કે અહીય
ેરાફ થઈ શકીએ એમે નથી, તોપણ અભ્યાસ વડે આપણે આપણી વિવેક બુદ્ધિ
ઢ અને વિશાળ કરી શકીએ, એવી સ્થિતિમાં તો છીએજ. ૧૫મી સદીની અર્ધવચમાં
ઈ ગએલા નેપલ્સના "ભલા રેને રાજા" પોતાની ઇનીશ્યલ કરતો હતો તે
નીશ્યલ જેવી સુંદર સહી આજ સૂધી કોઇએ કરી નથી; કેમકે પ્રથમ તે પ્રભુનું
ામ લેતો ને પછીજ હરેક દસ્તાવેજ ઉપર સહી કરતો. ઇસોયોના સેંટ થેસ્લા માટે
ે છે કે, તેણે આખું ક્રીસ્ટી શાસ્ત્ર પોતાને હાથે લખ્યું હતું, અને એક પણ
રફ છેકાયો ન હતો, તેમ એક પણ ડાઘો પાડયો ન હતો, પરંતુ તે લખતી
ખ્તે પ્રભુનું નામ ચાલુ લેયા કરતો હતો! સેંટ થીઓડાસ્યસે સોનેરી અક્ષરે પોતાને
ાથે ગોસ્પલો લખી કાઢયાં હતાં, તેમાં એક પણ ભૂલ કીધી કે જરા પણ ડાઘો
ડકો પાડયો ન હતો. તેના કારણમાં તેણે જણાવ્યું છે કે, એક હરફ પણ પ્રભુનું નામ
ીધા સિવાય તેણે લખ્યો નથી. માટે હે ભાઇ! તેં કદાપી કામ, ક્રોધ, અને લોભ
ત્યાદિ તજ્યાં તો ખરાં, પણ જો એક ટેક ધરીને પરવરદેગારની બંદગી નહીં કરી
ારે તું ત્હારે મનથી તો પુલ્યાં કર, પરંતુ મ્હારે મનથી તો કામ રહિત થયો તે
 જાણે એક હિજડો વધ્યો, અને ક્રોધ વગરનો થયો તે તો બીજાં ઝાડોમાં એક
ુ ઝાડ વધ્યું, અને લોભ તજ્યો તે તો તું એક અજગર વધ્યો; પરંતુ ભક્તિ
ીના ત્હારાં સઘળાં શ્રમ સાધન મિથ્યાજ છે.

> માર મન્યું લવ લોભ કિય, હરિ ન ભજે ધરી ટેક;
> મો મન ભયેં અધિક તું, કિલ કુજ અજગર એક.

સબક ૧૯ મો.

ઉત્તમ શું? દીનદારી કે દુન્યાદારી?

The measure of our love to God must be to love Him with-
ut measure. The creature may have the milk of our love, but
iod must have cream. Love to God must be above all other
hings, as the oil swims above the water."—*Watson.*

નસરૂ—ભાઇ વિરાફ! હું તો એમ સમજું છું કે, જે મનુષ્ય નીતિથી
ાલે, પોતાની ફરજો પ્રમાણિકપણે બજાવે, તથા ખુદાતાલાએ જે નેક બુદ્ધિ આપી
ાય તે પ્રમાણે જન-સેવા સત્યતાથી બજાવે, અને આપણા ધર્મમાં કહ્યા પ્રમાણે
ાનરની, ગવરની, અને કુનરનીનાં ફરમાનો મુજબ અમલ કરે, તે દાદાર અહુરમઝ-
ની હજારો હજાર, બંદગી કરવા બરાબર છે. બંદગી નહીં પણ કરે, અને ઉપર

કહેલી નીતિ રીતિથી ચાલે તો બંદગીની કાંઇજ જરૂર નથી. ખુદા તો સૌ સમજે છે. ગુરૂની પણ જરૂર નથી; આપણેજ આપણા ગુરૂ છીએ.

વિશારદ:—એ પ્રમાણે જે કોઇ વર્તી શકે તે તો ૩૪ મો ફરેસ્તોજ થઇ જાય. પરંતુ એ મહા ઉત્તમ ગુણો મેળવવા થકી અને એવી ઉચ્ચ લાયકાત પ્રાપ્ત કરવા સારૂ પણ બંદગીની જરૂર છે.

જ્યાં સુધી આનંદ સ્વરૂપ આત્માનો સંપૂર્ણ અનુભવ માણસને થયો નથી ત્યાં સુધી માયાનો પડદો ને માયાનું ઢાંકણુ આવરણ ખસેડી શકાતુંજ નથી. એક મઝહબ મઝહની ભકિત કીધાથી આત્માનું જ્ઞાન થઇ માયાની આવરણ શકિત નાશ પામે છે. એટલા માટે ગુરૂઓનાં ફરમાનો પ્રમાણે ચાલવાની તો જરૂરજ છે.

ખેલાફે પયમ્બર કસી રહે ગુઝીદ;
કે હરગીઝ બ મન્ઝેલ ન ખાહદ રસીદ.

જે કોઇ કે પોતાના પેગમ્બર કે ગુરૂનાં ફરમાનથી ઉલટો રસ્તો પકડે છે, તે કદિ પણ પોતાની ખાહેશ પાર પાડી શકતો નથી. તે શખ્સ બહેસ્ત પણ જોતો નથી, અને ખુદાના દીદારનાં કદીએ દર્શન પણ લઇ શકતો નથી.

જેમ ઇસ્લામમાં કહ્યું છે કે; લા ઈલાહા ઇલલ્લાહ=ભકિત કરવાને માટે પરવરદેગાર સિવાય બીજો કોઇ સાહેબ નથી, તેમ આપણામાં પણ કહ્યું છે કે; નીસ્ત હસતી બ જુઝ યઝદાં=ખુદા સિવાય બાકી બીજું કંઇજ છે નહીં. હે નસર !

બ્રહ્મ રૂપ તબહી હતો, હતો અજ્ઞ જબ ભાઇ,
જ્ઞાન ભયે કછુ ઔર નહિ, વહી બ્રહ્મતા આઇ.
ભૂલેકોં સમુઝાવહી, વેદ ઔર ગુરૂ લોગ,
કર્તાસેં કોઇ ઔર નહિ, ક્રિયા કર્મકા જોગ.

જ્યારે તું અજ્ઞાન હતો ત્યારે પણ તું બ્રહ્મજ હતો, અને હવે જ્યારે તને કાંઇક જ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે પણ તું બ્રહ્મ સ્વરૂપજ છે. તું બાળક હતો ત્યારે ત્હારામાં ખુદાઈ તત્વ નહોતું એમ કાંઇ નથી; અને હવે ત્હારામાં તે નવુંજ આવ્યું છે એમ પણ કાંઈ નથી. એ તો કંઠમણિ ન્યાયની પેઠે ભૂલાઈ ગએલાને તે બતાવવું તેના જેવું છે, કે ગળામાં ઓળવેલો હીરાનો હાર પીઠ ઉપર જઇ પડયાથી, હાર તો ગૂમાઈ ગયો નથી છતાં ગૂમાઇ ગયો હોય એવી રીતે જેમ શોધવામાં આવે છે, પણ કોઈ બતાવે છે કે, “પાછળ લટકેલો છે !” તેમ ભકિતનાં શાસ્ત્રો, જ્ઞાનના પાથો, તથા પેગમ્બરો અને ગુરૂઓ ભૂલેલાંને માર્ગ બતાવે છે. તેઓ કાંઇ નવું દેખાડતા નથી, માત્ર ભૂલ ભાંગે છે. કર્મ અને ક્રિયા કાંઇ કર્તાથી જુદાં નથી. સૂર્ય પૃથ્વીથી અતિ ગણો, કરોડો ગણો મોટો છતાં દૂર હોવાને લીધે ન્હાનો જણાય છે, તેવીજ રીતે સૃષ્ટિનો પેદા કરનારો અતિ ઘણો મોટો છતાં તેનું મોટાપણું આપણી નજરમાં આવતું નથી, તેથી આપણને તે ન્હાનો લાગે છે, પરંતુ ગુરૂઓ તેનું ખરૂં

સ્વરૂપ બતાવવા સારૂજ આપણને ભક્તિનું દૂરબીન આપી ગયા છે. જેમાં એકાગ્રતા કરવી હોય તે વસ્તુમાં કેવી રીતે રસ લાવવો, તે વસ્તુમાં પ્રીતિ કેમ પ્રકટાવવી, અને જે મોટા બાપે આપણને મનુષ્ય જન્મ આપી પોતાની સૃષ્ટિની સુંદરતા ભોગવવા મનુષ્ય લેખે આપણને પેદા કર્યાં તેનો ઉપકાર કેમ જાણવો, તે બંદગી ને ભક્તિથીજ શિખાય છે.

तृणं चाहं वरंमन्ये नरादनुपकारिणः ।
घासो भूत्वा पशुन्पाति भीरून्पाति रणांगणे ॥

ઉપકાર વિનાના પુરૂષ કરતાં હું ઘાસનાં તુચ્છ તૃણને ઉત્તમ માનું છું. કારણ કે તે ઘાસના તણખાં ખાઇને પશુઓ પોતાનું રક્ષણ કરે છે, અને રણમાં ભય પામીને ભૂલા પડેલા પુરૂષનો તે ઘાસ બચાવ કરે છે. ખુદાનો તો શું પણ એક ઇનસાનનો ઉપકારી થએલો માણસ પોતાનો પ્રાણ પણ અર્પણ કરવાની જ્યારે લાગણી બતાવે છે, તો જે માણસમાં ઈશ્વરે કરેલા મહા ઉપકાર માટે પ્રાણાર્પણ કરવા જેટલો જુસ્સો ના આવે, તે મનુષ્યજ ના કહેવાય. અમીહલ મોમનીન ઇમામ હુસેન કહેતા હતા કે;

"જો હું કોઇ શ્રદ્ધાળુ માણસની હાજતો પૂરી કરૂં, તો મશજીદમાં બેસીને ૭૦ વરસ સૂધી બંદગી કરૂં તેનું જે પુણ્ય થાય, તેના કરતાં પણ તે ઉપકાર વધારે છે." હે નસર ! તે અવિનાશી અહુરાને કોઇ જોઈ શકતો નથી, પરંતુ તે સાહેબ તો સર્વને જૂએ છે. કોઈ તેને બોલતાં સાંભળી શકતો નથી, પરંતુ તે સર્વને બોલતાં સાંભળે છે. કોઇ તેના મનનું મનન કરવાને સમર્થ થઇ શકતો નથી, પરંતુ તે સર્વના મનનું મનન કરે છે. કોઇ તેને જાણી શકતો નથી, પરંતુ તે સર્વને જાણે છે. હે ભાઇ ! આકાશ કે જળ કે ભૂમિ સૌ સૌ આ વિનાશી અહુરાથી ઓતપ્રોત ભાવથી વ્યાપ્ત થઇ રહેલું છે. એટલા માટે તે બાપની કુદ્રતની સામે જઇને નહીં, પણ તેના હમકાર રહીને કુદ્રતની સાથે મળીને કામ કરવાથીજ તને સુખ શાંતિ મળી શકશે. સીસેરો કહે તેમ;—સૃષ્ટિના વિસ્તારનું જેને જ્ઞાન મળ્યું હોય છે, જેને તે મહાન બાપની મહાન યોજનાઓનો ખ્યાલ થાય છે, તેને મનથી કઇ મુશીબત મોટી છે ? બંદગીખોર માણસનું મન હમેશાં એવું સાવધ રહે છે, કે ન ધારેલું તેમને કંઇ નડતુંજ નથી. માણસના જ્ઞાનમાં અને આટલાં એક ન્હાનાં જેટલાં જીવતરમાં એવું તે શું છે, કે જે તેને મોટું લાગવુંજ જોઇએ ? ત્યારે ક્વેકર વંશના નબીરાઓ કહે કે; "**તેઓને ખુદાજ બચાવે છે.**" અને કૃથ ખાંદાનીઓ કહે છે કે; "**વધારે ન્યામતનો બક્ષનારો ખુદાજ છે.**" એટલા ઉપરથી સ્ટીફન્સો કહે છે કે; "ત્યારે તો જેમાં તેમાં વચમાં ખુદાનેજ લાવીને પૂરો; અને તેનીજ પ્રાર્થના કરો !" ત્યારે હે નસરભાઇ ! તું ત્હારી કાયનાતનો અને ત્હારી હાજતોનો વિચાર કર, અને ત્હારાં સંબંધીઓ સાથે તું જે સંબંધ ધરાવે છે તેનો તું ખ્યાલ કર; પછી તને ત્હારાં જીવનની ફરજોનું જ્ઞાન

થશે, અને એક ચોક્કસ માર્ગે ચાલ્યો જવાનું તને સુઝ પડશે. ત્હારો વિશ્વાસ તે કરીમે કારસાજનો ઉપર મૂક! ત્હારે સારૂ હાલ તો એટલુંજ બસ છે કે, તું ઈતબાર રાખીને તેની બંદગી કર. કવિરાજ ટેનીસન કહે છે તેમ,

More things are wrought by prayer Than this world dreams of.
Wherefore let thy voice Rise like a fountain for me night and day.

તું તે ચાલુ ને ચાલુ વહ્યા જતા ઝરાની પેઠેમ રાત દિન તે મહાન સાહેબની ભક્તિ કરતો રહે, કેમકે આપણે સ્વપ્ને પણ નહીં જોવા પામ્યે એટલાં બધાં શુભ કાર્યો ભક્તિથીજ થાય છે.

અહ્યા મન્યેઉશ ત્વેમ અહી તા સ્પેન્તો, યે અહ્યાઇ ગામ રાન્યો સ્કેરેતીમ હેમ-તષત, અત હોઇ વાઆઇ રામાહ્યાઓ આર્મઇતીમ હ્યત હેમ વોહુ મઝ્દા હેમે-ફ્રશ્તા મનંઘહો.

(સ્પેન્તોપદ ગાથા.)

ભાવાર્થ=ઓ પરમ કૃપાળુ મોટા બાપ! આ સઘળી મીનોઇનો આબાદી કરનાર તુંજ છે, ઓ સાહેબ! તું શાદી રામશનીનો મ્હારા ઘરમાં વધારો કરનારો છે. તું દયાવંત દાદારે, બહમન અમશાસ્પંદની મારફતે અમે અમારાં સુખને સારૂ જે કાંઇ સલાહ ને મસ્લત ત્હારી સાથે કીધી ત્યારે, અમોને તું બાપે એટલોજ હુકમ ફરમાવ્યો, કે આ ખુશી ખુશાલી ઉત્પન્ન કરનારી જગતને બંધ બેસ્તા થવા સારૂ અમારે આર્મઇતિ કહેતાં ત્હારા તરફની નમ્રતા ને ત્હારા પ્રત્યેની સભ્યતાથીજ અમારે તો ચાલવું છે. પછી તો, એડજકોમ્બ વંશની મુદ્રા પ્રમાણે, "હે ખુદા! ત્હારી નેક નજરમાં જેમ આવે એમ ખરૂં!"

નસર:—બંદગીમાંજ કલાકો પસાર કરવા જઇએ તો પછી બચ્ચાં ભૂખે પણ મરે. માટે ઘડી બે ઘડી તેને યાદ કરીને કામ ધંધે વળગ્યે તો શું ખુદાતાલા કાંઇ ના કહે છે કે ભાઈ?

વિરાફ:— એક ઘડી, અડધી ઘડી, અડધી ઘડીમાંની પણ અડધી ઘડી તેની યાદ કરવાનું શરૂ કરશો, એટલેજ તમે જિજ્ઞાસુ થઇ માર્ગે લાગ્યા એવો મ્હને સંતોષ થશે. તમે ખાધ ખોરાકીની ફિકર પણ શા સારૂ રાખો છો? ખેતરોમાં ઉગતાં સુંદર ફુલોનો વિચાર કરો. તેઓ કેમ ઉગે છે? તેઓ કંઇ મહેનત કરતાં નથી. તેઓ કંઇ ચાક ઉપર ચઢતાં નથી. ખેતરનું ઘાસ જે આજે છે તે કાલે ભઠ્ઠીમાં જાય છે, તેનું પણ ભરણ પોષણ ઇશ્વર કરે છે, તો હે નિસાસ્યા ને અવિશ્વાસુ ભાઈ! શું તે ત્હારાંજ બચ્ચાંનું ભરણ પોષણ નહીં કરશે?

નસર:—હે ભાઇ! જ્યારે આપણે તે પ્રભુનાજ પુત્ર છિયે, જ્યારે આપણામાં તેનોજ અંશ છે, જ્યારે આપણામાં તે પોતેજ છે, ત્યારે પછી બંદો અને બંદગી કેવી? બંદો પોતા સિવાય બીજા કોની બંદગી કરે? જે પોતેજ કસ્તુરી પેદા કરવાની

શક્તિ ધરાવે છે, એવો જે કસ્તુરીમૃગ તે તો ફુલો કે પુષ્પોના સુવાસની સ્વપ્નમાં પણ કેમ ઇચ્છા કરે! તેને મનથી તો બધી સુગંધ વ્યર્થજ છે. માટે હું તો નીતિ, ફરજ, અને રાસ્તીનેજ માણસ માટે ઉત્તમ સમજું છું. સંસારી માણસે તો સારા ઉદ્યોગે ધન મેળવવું, ને શ્રમ લઇને કીર્ત મેળવવી. નામ ખુદાનું લેય, ને કામ શેતાનનાં કરે તે શા ખપનું? ગુણ અવગુણ કાંઇ છુપા રહે છે? સોનું તે સોનુંજ, દેવતામાં પણ નાખ્યાથી તે કોઇ દહાડો કથીર થવાનું છે? ઉલટું તે ઉજ્જવળજ થશે. નરકમાં નાખ્યાથી પણ સોનું તો સોનુંજ રહેવાનું.

વિરાફઃ—ભાઈ નસર! હું કબુલ કરૂં છું. એક સત્યજ માત્ર જો માણસ પકડી રાખે તો તે સત્ય–ભક્તિને હું શ્રેષ્ટ કહું. મોત અને ઇનસાફ, સત્ય અને પ્રમાણિકતા બહેસ્ત અને દોજખ, ભક્તિ અને જ્ઞાન, નીતિ અને ધર્મ, એ વાતોનો જે કોઇ વારંવાર વિચાર કર્યા કરે છે, તે તો પોતાના મોતને પણ ઘણું સારૂં સુધારીને રૈનકદાર કરે છે. એવા માણસની તે ચાલુ બંદગીજ છે. હું તો રોજ એવીજ પ્રાર્થના કરૂં છું કેઃ—

અત વે સ્તઓતા અઓજાઇ મઝદા આઓંઘહાચા યવત અષા તવાચા ઇસા-ઇચા દાતા અંઘહેઉશ અરેદત વોહુ મનંઘહા હઇથ્યા વરેશતાંમ ફ્રાત વસ્ના ફ્રેરષો-તમેમ. (સ્પેન્તોમદ ગાથા.)

ઓ પરવરદેગાર! જ્યાં સુધી અશોઇના માર્ગે હું શક્તિ ધરાઉં છું તથા તાકાત રાખું છું ત્યાં સુધી, જેમ હું પ્રથમથીજ ત્હારી ભક્તિનાં ભજનો ગાતો આવેલો છું તેમ ત્હારી કીર્તિ અને વડાઇનાં ગાયનો ગાનારા ભકત લેખે હું જાણીતો થઈશ. સત્યનાં રાસ્ત કામો કરનારાઓની આ ખાહેશ જે સર્વોત્તમ છે, તેને દુન્યાના પેદા કરનારા હે ખાવીંદ! તેમની નેક મનસ્ની તરફ નેગાહ કરીને તું પાર પાડ.

એક મુસલમીન બાદશાહને મકકે હજ કરવા જવાનો શોખ થયો. દરબારીઓ કહેઃ–"આપના શત્રુઓ ઘણા છે, માટે રાહમાં વિઘ્ન આવશે, તમારા જાનની ધાસ્તી રહેશે, ને રાજ્યમાં રાજાની ગેરહાજરી હોય તો ગડબડ ઘોંટાળો થઇ પડશે, માટે ચાલો, દૂરના એક ગુફામાં એક મોટો હાજી જેણે ૬૦ હજ કરી છે તેના પાસેથી એકાદી હજનું પુન્ય વેચાતું લઇશું તો ચાલશે." બાદશાહને આ વાત પસંદ પડવાથી પેલા ગુફામાં જઇ પેલા બુઢ્ઢા હાજી પાસેથી એક હજનું પુણ્ય વેચાતું માગ્યું. હાજી કહે; "હા હું મ્હારી ૬૦ હજનું પુણ્ય વેચવા ખુશી છું, પણ એકેક હજની કિંમત એકેક જગત્ પડશે!" બાદશાહ કહે; "આવડી મોટી કિંમત મ્હારાથી કેમ અપાય?" ત્યારે હાજી કહે; "ત્યારે તો મ્હારા મહેરબાન! આપે જેટલા જેટલા અદ્દલ ઇનસાફો આપેલા છે તે સર્વ ન્યાયનું પુણ્ય જો મ્હને આપી દો, તો હું મ્હારી સાઠે સાઠ હજનું પુણ્ય તમને વેચી દેવા તૈયાર છું. માલિક! આપને હજ કરવા જવાની કાંઈજ જરૂર નથી. પાદશાહ તો એક દાદીને વાજબી

દાદ આપે ને ખરો ન્યાય કરે તો તે એક ન્યાય એક હજની બરાબરની કિંમતનો છે!"

જેકબ એસ્તરની પેઠેમ એમોસ લોરેન્સ નામના એક ખેડુત પુત્રને બસ પૈસો ભેગો કરવાની ભારે કાંક્ષા લાગી હતી, પરંતુ તેનો નિયમ એ હતો, કે પ્રથમ નીતિ અને પછી દૌલત. આ ઉદ્દેશને લીધે તે પોતાની ખીસા-પોથીમાં પહેલું એજ વાક્ય લખી રાખતો હતો કે:—" એક ઇસમ બેહદ દૌલત સંપાદન કરે, અને તેની સાથે સાથેજ જો તે પોતાના આત્માને ખૂવાર કરે તો તેને કશો ફાયદો નથી." તેનો મુદ્રાલેખ એ હતો, કે "જે મલમની દાબડી બંધ રહે તેના કરતાં તેમાંનો મલમ ક્રાઈસ્ટના ભાંગી ગએલા અવયવો ઉપર ચોપડીને ફાયદો કરવામાં વપરાય તેજ મલમ દાબડીમાં સચવાયલો ભલો. પૈસો ભેગો થાય ને ધર્માદા કાર્યમાં વપરાય નહીં તે પૈસો નથી પણ મટ્ટી છે." વળી ભાઈ, કીર્તિ કરવા ઉપરજ હાય હાય કરવાની પણ જરૂર નથી. ડયુક ઓફ વેલીંગ્ટનના હજારો સરકારી લખાણોમાં કીર્તિ શબ્દ એકવાર પણ વપરાયલો કોઇના દીઠામાં આવ્યો નથી. કેમકે તેનો મુદ્રાલેખ "ધર્મ=ફરજ" એ હતો. આપણા માલેકને મળવા માટે તો તવંગરી કરતાં ફકીરી સારી છે; કીર્તિ કરતાં અપકીર્તિ ભલી છે; વૈભવ કરતાં વિપત્તિજ ઠીક છે.

" ફકીરી ખુદાકો પ્યારી હય; અમીરી કયા બીચારી હય!
ગદાકો ખુદાસે યારી હય; સદા એ સાથ હમારી હય!
એ કફની શાલસે હય આલા; એ મનકા લાલસે હય આલા!
એ મનભી દાલસે હય આલા; ખુસીમેં મૌજ હમારી હય!
પરા જો પાંઉમેં છાલા; વોહભી હય મોતીઓસે આલા,
હુતા સા હાથમેં પ્યાલા; ભી જામે જમસે ભારી હય!
નીશાનમ બેનીશાં ફકીરેંકા: મકાનમ લા મકાં ફકીરેંકા,
ખુદા હય ધમાં ફકીરેંકા; ઇસ્મે જેહાં સારી હય!
નીકર ગએ બાલ તો કયા પરવા? ઉખર ગએ ખાલ તો કયા પરવા?
હુવા કંગાલ તો કયા પરવા? ઇસમે મૌજ હમારી હય!"

સબક ૨૦ મો.

આ જન્મની ભક્તિ તે ભવિષ્ય-જન્મની શક્તિ.

" O ye immortal powers, that guard the just,
Watch round his couch, and soften his repose,
Banish his sorrows, and becalm his soul
With easy dreams! remember all his virtues,
And show mankind that goodness is your care."—*Addison*

નસરઃ—" ભાઇ વિરાફ ! બંદગી કીધાનું ફળ શું ? તે તો તમે કાંઇ સમજાવતાજ નથી; અને બંદગી નહીં કીધાથી ગેરલાભ શું ? તે પણ તમે સમજાવતા નથી. મ્હારા જેવા સંસારીને તે વાત તો પહેલી અગત્યની છે.

કબીરજી ખુદાના લાલ હતા. ગુરૂ નાનક ખુદાના લાડલા હતા. તેઓ ઉપર તો ભારે ભક્તિ છતાં પૂછી પૂછીને દુઃખો ને જફાકારી પડી હતી ! અશો જરથોસ્ત જેવા ખુદાના પ્યારા ઉપર, અને નરસિંહ મહેતા તથા તુકારામ ભક્ત ઉપરજ કાં બહુ વિપત્તિનાં વાદળો ગગડયાં ? ક્રાઈસ્ટ અને મહમદ ઉપર કાંઇ થોડી જફા પડી છે ?

અબલેહાં રાહમેં શરબત ઝે ગુલાબો કંદ અસ્ત;
કુતેદાના હમે અઝ ખૂને જીગર મી બીનમ !

ખુદા વીશેની દરકાર વગરના નાદાન લોકોને હમેશાં ગુલકંદ ખાઇને શરબત પીતા હું તો જોઉં છું, જયારે ખુદાપરસ્ત ડાહ્યા લોકોની ખોરાકી તો તેમનાં કલેજાંનાં લોહીથી થાય છે, એવુંજ હું તો જોઉં છું.

વિરાફઃ—ભાઈ નસર ! ખુદા પાસે પ્રાર્થના કરવામાં ગમે એ પીડા પડે, પણ ખુદા જેમાં આપણું સારૂં ધારતા હોય તેજ બરહક સમજવું જોઇએ. ખુદાનો કોપ અને અવકૃપા એકદમ માણુસના વૈભવોને પલકારામાં ગમ અને શોકની સ્થિતિમાં લાવી નાંખતાં વાર લગાડતાં નથી, તેમજ તેની કૃપા ભારેમાં ભારે આફતને ઉત્તમમાં ઉત્તમ સુખ શાંતિમાં બદલી નાખી હસતાં મોઢાં કરાવતાં પણ દેરી કરે નહીં તેની મરજીથીજ જે કાંઇ થવાનું તે થશે. મેથ્યુ હેનરીને તેનાં દરેક કામમાં ફતેહ મળવાનું કારણુ એજ હતું કે, ગમે એવી જરૂરના કામે જલદીથી મુસાફરી કરવાની હોય ત્યારે, ગમે ત્યારે વાયજી કે ભાષણુ કરવું હોય ત્યારે, પોતાનું પુસ્તક છપાવવા સારૂ આપતી વખ્તે, ગમે એવી મુશકેલી આવી પડી હોય ત્યારે, પહેલાં તે પ્રભુની ભક્તિ કીધા વગર કદિ પણ ઉતાવળ કરીંને કામ શરૂ કરતો નહતો. કોરનેલ્યસ વીન્ટર તો કોઇ ચોપડી વાંચતો હોય ત્યારે પણ દરેક પાનું ઉથલાવતી વખ્તે ખુદાની યાદ કરતો; જેથી તે જે કાંઇ વાંચતો તે તેને હમેશને માટે યાદ રહી જતું. બીશપ હેબર તો એટલે સૂધી ખુદાની યાદ કરતો કે, કોઇપણ સારૂં કામ શરૂ કરવા પહેલાં લેટીન ભાષામાં ખુદાની એકાદ જૂદીજ બંદગી જોડી કાઢતા, અને દરેક કાર્યમાં તેનું ફળ મેળવતો હતો. જેટલા મહાન ડોકટરો થયા છે, તેમાંના મોટે ભાગે બધાજ ડોકટરો દરેક ઓપરેશન વખતે ટુંક બંદગી, પોતાના ખાસ બંદગી કરવાના ઓરડામાં જઇને કરતા, અને બધાં વાઢકાપમાં ફતેહ પામતા. એક મહાન ડોકટરના બાપે તેને કહી રાંખ્યું હતું કે; Always pray for your patients."—દીકરા ! ત્હારાં દરદીઓ માટે તું હરહમેશ પહેલાં ખુદાની પ્રાર્થના કરજે ! શ્રી કૃષ્ણે કહ્યું હતું કે;

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याण कृत्कश्चित् दुर्गति तात गच्छति ॥

હે અર્જુન ! પ્રભુના નામથી પોતાનું શુભ કાર્ય શરૂ કરનાર કોઇપણ માઠી ગતિને પામતોજ નથી. હે તાત ! આ લોક કે પરલોકમાં તે ભકતનો કદિ પણ નાશ થતોજ નથી. લૅારેન્ઝો જેવા નાસ્તિકના પશ્ચાતાપનો અંત નાસિપાસી અને નિરાશામાંજ આવ્યો હતો, જ્યારે ગોટ્સનોઝ નામના એક આસ્તિક પેગમ્બર જન્મથીજ જોકે બહેરા ને મૂગા હતા તોપણ ખુદા ઉપર આખે આખો વિશ્વાસ રાખનારા હોવાથી તે માલિકે તેમને પોતાના ધર્મનાં સિદ્ધાંતો ઇસારતો કરીને સમજાવવાની પ્રેરણા કીધી હતી, અને તે પેગમ્બર ઈસારતોથીજ બધાં શિક્ષણો આપી ગયા હતા !

માટે ઓ ભાઇ ! સંસારી ખટપટોના વિચારો કર્યો કરવાનું તમારૂં કામજ નથી; તમારૂં કામ તો પ્રિય પ્રભુના વિચારો કરવાનુંજ રાખો. જેટલીવાર તમે એ વિચારો કરશો તેટલી વાર પરમેશ્વરથી તમે તમારી વૃત્તિઓને વિમુખ કરી શકશો નહીં. શું ઇશ્વર સંબંધી વિચારો કરતાં સંસારની ખટપટીના વિચારો કાંઇ ચઢિયાતા છે ? શું એ પ્રભુના વિચારો કરતાં સંસારના વિચારો સુખ આપનારા છે ? નહીંજ. કદાપિ તમારી પ્રાર્થનાનો પ્રભુ તરફથી તમને જવાબ નહીંએ મળે, ભકિતનું ફળ નહીં પણ જણાય, અને જે મુશકેલીમાં તમને રક્ષણ જોઇતું હોય તે નહીંએ મળે, અને તે મુશકેલીમાંથી જો તમે છુટી પણ ન શકો, તો તમારે જાણી લેવું, કે કાંઈ દૂરનાં ભલાંનેજ માટે તે મોટો બાપ તમારી માંગણીનો જવાબ આપતા નથી. તે મુશીબતો મૂગે મોઢે ખમવાથી તમારી મુકિતનો માર્ગ તે બાપ ખુલ્લોજ કરે છે. તમે પ્રથમ પરમેશ્વરનું પ્રભુત્વ ને પરમેશ્વરપણું તથા તેના ઇનશાફને શોધો તો તમને બધી વ્હાયેલી ચીજો જરૂર મળી આવશે. ધંધામાં પણ આળસ ન કરતાં ઉત્સાહ રાખી ધંધાની સાથે સાથે-ઇશ્વરની સેવા કરતાં કરતાં ધધો કરવો. ધંધો ને ધર્મ સાથે સાથે ચાલે છે. વળી ઘણાજ દુષ્ટ વેપારીઓ દેવળમાં બીજા કરતાં વધારે ધક્કા ખાય છે, ને પોતાના ધંધાને એબ લગાડે છે, એ એક મોટી ઠગાઇ ચાલે છે. આવા ખોટા ડોળઘાલુઓના ભકિતભાવનું ચલણ છેક વેર નભતું નથી. માટે ધંધાદારીની ખરી ભકિત તો એજ હોવી જોઇએ કે;

દઝદિ અહ્માકેમ્ તત આયપ્તેમ્ યસે થ્વા યાસામહિ, શૂર, ઉર્વંઇતિ દાતનામ્! સવંઘૂહામ્ ઈશ્તીમ્ અમેમ્ વેરેથ્રધ્નેમ્ચ, હવંઘહુમ્ અષવસ્તેમ્ચ, હઓસવંઘહેમ્ હુફ્રનીમ્ચ, મસ્તીમ્ સ્પાનો વઓઇધીમ્ચ વેરેથ્રધ્નેમ્ચ અહુરધાતેમ્ વનઇન્તીમ્ચ ઉપરતાતેમ, યામ અષહે વહિશ્તહે, પઇતિ-પરશ્તીમ્ચ માથ્રહે સ્પેન્તહે (મેહેર યશ્ત.)

હે શૂરા મેહેર ઇઝદ ! અમે કરેલી ત્હારી બંદગી પ્રમાણે અમારી આટલી મુરાદ બર લાવ, કે દોલત, હિમ્મત, દુશ્મનને મારવાનું કૌવત, મ્હારાં કુટુંબની આબાદી, પવિત્રાઇ, સારી કીર્તિ, મુવા બાદ મ્હારાં રવાનની સુખી હાલત, મ્હોટાઇ ડહાપણ, વિદ્યા, પરમાત્માની ઉત્પન્ન કરેલી સર્વ ફતેહમંદી, સર્વોત્તમ સચ્ચાઇની

ફતેહમંદ સરસાઇ, પવિત્ર મંત્રોની વાકેફગારી, એ બધું તું અમોને આપ!

જે અહુરા મેહેર ઇજદમાં છે, જે મઝદા આહઓખતારમાં છે, જે અગ્નિમાં છે. જે પાણીમાં છે, જે દરદમાં છે, દરદનાં ઓસડમાં છે, જે વનસ્પતિમાં છે, જે આખી પૃથ્વીમાં વ્યાપી રહેલા છે, તે અહુરાથી કાંઇજ છૂપું નથી, તેને વારંવાર નમસ્કાર કરો; અને જે કાંઇ થાય છે તે ખુદાની મરજીથી ઠીકજ થાય છે, સારૂંજ થાય છે, એવો ભાવ તમે રાખ્યા કરશો અને મનને પ્યારા અહુરમઝદમાંજ જો જોડેલું રાખશો તો ખચિત્તજ તમે નિર્ભય અને નચિંત જીંદગી ગાળી શકશો. ભાઈ! તેના વગર કોઇ ચીજ ખાલી પડેલી નથી. પ્રથમ-પુરૂષ હઝરત આદમે બહેસ્તમાં બેસીને જ્યારે ઘઉંનો દાણો ખાધો ને લુગડાં ઉતારી પાડયાં, અને અલ્લાતાલા આવી લાગે છે એમ જોઇને જ્યારે નાસવા લાગ્યા, અને છેવટે એક ઝાડની પાછળ સંતાવા કરતા હતા ત્યારે આકાશવાણી થઇ હતી કે; "હે આદમ! શું તું મ્હારાથી નાસીને છુપાય છે?" આદમ કહે; "અયે ખુદાવીંદ! હું ત્હારાથી કેમ નાસું? કયાં નાસું? એવી ત્હારાથી છુપી કોઇ જગાજ નથી, કે હું નાસી શકું, પણ મ્હને તો મ્હારાં પાપથી શરમ આવે છે, તેથી સંતાઉં છું!"

ભયો એહિ ધ્રુવ જાહિમેં, હરિકો અરૂ હરિ મોર;
લાગક સાગક અહં મમ, સહજ બલાવા ચોર.

જેના મનમાં એવું નિશ્ચય થયું છે, કે હું ખુદાનો પ્યારો છું, અને દાદાર અહુરમઝદ તો મ્હારાજ છે, તથા અહંતા ને મમતા, હું અને મ્હારૂં એ બે મોટા હરકત કરનારાઓજ જન્મ મરણના દુઃખના દેનારા છે, એવું યકીન જેમને થયું, તે ખુદાને જલદીજ તાબે થઈ રહેવાના, અને તેમનાં દુઃખો તેમણે પોતે થઇને મટાડવાં પડવાનાં નથી. અર્થાત, જે ચોર હશે તેજ તેમને વળાવા જેવા થઈ પડશે. ભાઇ નસર! ત્હારે પણ ભકિત અને જ્ઞાનથી માનસિક દુઃખ દૂર કરવું, અને શરીરનું દુઃખ તો પોતાની મેળેજ દૂર થશે. ભકિતવાળા માણસો પરમગતિનો અનુભવ કરીને પછી શોક કરતાજ નથી. સુગન્ધથી પવન, કુંપળોથી મૃગ, ફુલોથી ભમરો, ફળથી પક્ષી, છાયાથી તાપે તપેલા લોક, થડથી ગંધરાજ, એમ તે સાહેબેજ સર્વને કૃતાર્થ કર્યાં છે, તેજ સર્વને ઉપકાર કરવા સમર્થ છે, અને તેજ સાહેબ બીજાં વૃક્ષોની પણ આપત્તિ ટાળે છે.

નસરઃ—ભાઇજી! આપ કહો છો તેમ કાર્ય ધંધામાં લાગી જાઉં, અને સાથે બંદગી પણ કરતો જાઉં તોપણ શું મૃત્યુ કાંઇ મ્હને મૂકી દેવાનું હતું? મ્હારાં પાપ કાંઇ ટળવાનાં હતાં? કર્મ કાંઇ મ્હને મૂકવાનું હતું? ત્યારે બંદગીનું ફળ શું?

વિરાફઃ—હે નસર! બંદગીથી આપણે હમેશાં ઇશ્વર પાસે આપણાં પાપો અને અપરાધોની ક્ષમા માંગીએ છીએ, પણ આપણે પોતેજ જો બીજાંના અપરાધોની ક્ષમા

કરીએ નહીં, તો ઇશ્વરની ક્ષમા ઉપર આપણો શો હક્ક છે? ક્ષમા લેવી હોય તે ક્ષમા કરતાં શિખવું, અને દુઃખ સુખ સર્વ તે સાહેબનેજ અર્પણ કરતાં રહેવું ગ્રહસ્થ મનુષ્યે તો ખુદાપરસ્ત અને જ્ઞાની થવુંજ જોઇએ; અને જે કંઇ કર્મ કરવામાં આવે તે અહુરમઝદનેજ અર્પણ કરવું જોઇએ.

ભજન બિના દુઃખ નાં ટરે, બિકલ બને ન ભજન્ન;
કા કરિયે જ્યાં ત્યાં બન્યાં, તાતે તુમ ન પ્રસન્ન.

સઘળાં ધર્મશાસ્ત્રો અને સવાબી માણસો એમ કહે છે, કે પરવરદેગારની બંદગી કીધા વિના આફતો ટળેજ નહીં, અને સંકટોનાં આકુળવ્યાકુળ વખ્તે બંદગી તે થઇ શકતી નથી; અને કદાચિત્ત કાંઇ દુઃખે પાપે દુઃખનું માર્યું જદવા તદવા પ્રેમ વગરનું ક—મનનું ભણાયું તો ઠીકો ઠીક; એમ કર્યું તો અહુરમઝદ કાંઇ પ્રસન્ન થતા નથી; ત્યારે દુઃખીઓ કહેછે કે; "હે દાદગર દાદાર! અમે તે શું કયે? મા અમ અનાથ, દુઃખી, દર્દી, દરિદ્રી ઉપર કાંઇ કૃપા કરો, ને રહેમ નજરથી જૂઓ!

ધર્મ કર્મનો સાક્ષી જે ઈશ્વર, તે જો આપણાથી સંતોષ પામે તો આપણ ધર્મી માણસનો જન્મ સફળ થયો એમ સમજવું. જો ત્હારા અંતઃકરણમાં સત હશે તો દરેક પ્રાણી તને જીવતરનો નમુનો અને પવિત્ર ઉદ્દેશનું એક પુસ્તક જેવુ પુસ્તક લાગશે. પણ તે સાહેબને લાયકની બંદગી કોણ કરી જાણે છે? તે આપન કામોનાં પ્રમાણમાં તેની ભકિત કોણ કરી શકે છે? આ સંસારમાં નાના પ્રકારના કમે કરીને અને વિષય ભોગો ભોગવીને આખરે તો મનુષ્ય આ માની લીધેલાં સુખોથ કંટાળી જાય છે. વિષય ભોગનાં સુખો પ્રથમ દેખીતી રીતે તો અમૃત સમા લાગે છે ખરાં, પરંતુ આખરે તે ઝેર સમાન નિવડે છે. ઐહિક સુખથી મનુષ્ય કંટ ળ્યો એટલે તેનું લક્ષ સ્વર્ગનાં સુખ તરફજ ખેંચાય છે. પછી સ્વર્ગનો આનંદજ તે મોટો લાગે છે. આમ ક્રમે ક્રમે તે ઉપર ચઢયા પછી તેને સહજ જીજ્ઞાસા ઉત્પન થાય છે કે, **હું પોતે કોણ છું? કયાંથી આવ્યો છું? અને કયાં જવાનો છું** તે પોતા સંબંધીનો વિચાર કરવાના સવાલ ઉપર વિચાર કરવા લાગે છે. તે વિચા છે કે, આ ચોરાસી લાખ ફેરામાં ફકત કામ વાસના તૃપ્ત કરવા માટેજ આપ સપડાયાં છિયે કે શું? આવો વિચાર આવતાંજ તેને ભાન આવે છે કે, આપણે આ જગત્માં જે જન્મ થયો છે, તે કેવળ ખાવા પીવા અને એશ આરામ ભોગ વવા કે મોજ મજા મારવા માટે થયો નથી, પરંતુ એ કરતાં કાંઇ વધારે ઉત્ત વસ્તુ જાણવા માટે છે. આપણી આસપાસ જે લાખો અને કરોડો ભાઈબંધો વ છે, તેમના હક્ક સર્વ પ્રકારે આપણા ઉપર હોવાથી તેમના તરફ કાંઇ પણ બદલ વાળવા માટેનું કર્તવ્ય આપણે કરવાનું છે, એ બધું બંદગીથી સુઝે છે.

ચિત્ત ન રહ્યો થિર તહુ, કહા રટિઓ કીજે રામ;
બિમન જૈહૂ જાય સુર, ત્યો તેહૂ સિધ ઠામ.

જો કદાપિ ચિત્ત ઠેકાણે ન રહ્યું તોએ શું થયું ? પણ મઝહાનું નામ તો રટયાજ કરવું, ખુદાનું નામ તો લેયાજ જવું, તેથી કલ્યાણ થઇ સર્વ સિદ્ધિ થાયજ. મન વિના પણ ભોજન કર્યે તોએ ભૂખ તો મટયા વગર નજ રહે.

સબક ૨૧ મો.

બંદગીનું ફળ એજ ખુદાનું બળ.

" Such an instrument is prayer, which, if it be set upon God and fixed in heaven, will fetch earth up to heaven, change earthly thoughts into heavenly conceptions, turn flesh into spirit, metamorphose nature unto grace, and earth into heaven."—*Venatorius.*

"બંદગીનું બળ અને ફળ એવડું મોટું છે નસર," વિરાફ કહે કે; સાઇરેકયુસના મહાન ગણિત શાસ્ત્રિ આર્કિમીડીસે પોતાના હુન્નર વડે એક એવું યંત્ર બનાવવા માંડયું હતું કે, જો તે યંત્રને કેમ જોડવું એટલુંજ જો જાહેર કરીને તે મરણ પામ્યો હોત તો, આખાં જગતની ઉથલપાથલ થઇ ગઈ હોત. તે યંત્ર કીયું ? તે યંત્ર ઉપર કહ્યું તેમ બંદગીના યંત્રને જોડવાની જુક્તિ છે. ત્યારે જાણવું જોઇએ, કે બંદગીનું ફળ શરીર કરતાં જીવને ઘણું મળે છે. એડવર્ડસ ખાંદાંનીઓ બોલે છે કે; " ખુદા ! એજ અમારૂં બળ છે." અને ટેનન્ટ ખાંદાંનીઓ કહે છે કે; " ઇશ્વરજ અમારાં વહાણના સઢમાં પવન ભરી આપશે ! " જ્યારે રોક વંશવાળા કહે છે કે; " God is my rock." ખુદા એજ મ્હારો ગઢ ને આધારનો કિલ્લો છે ! " ત્યારે વળી લા પોર ટ્રેન્ચવંશના બહાદુરો કહેશે કે; " God for the trenches, whoever may oppose." અમારી સામે ગમે એવા શત્રુ ચઢી આવશે, પણ પ્રભુજ અમારી તો બચાવની ટ્રેન્ચીસો છે ! કેમકે બધુંજ જોનારી જેની આંખો છે, આ બધુંજ જેનું મુખ છે, સર્વત્ર પ્રસરી રહેલા જેના હાથ છે, અને સઘળેજ જેનાં પગલાં છે, તે માત્ર ખુદાએ આકાશ તથા પૃથ્વીને ઉત્પન્ન કરીને માણસોને હાથ અને પક્ષીઓને પાંખ લગાડી દીધી છે. તેજ ખુદાની તું ખાહેશ રાખ.

બ યઝદાન ગેરાયો બ યઝદાન કુશાય; કે દારંદેહ ઊ અસ્તો નીકી ફેઝાય.

તે માલિકનીજ તું તલબ કર્યા કર, અને તે મોટા બાપ આગળજ ત્હારાં દુઃખનું દિલ ખુલ્લું કરી દે; કેમજે તે બાપજ આ જગતનું રક્ષણ કરનારો અને ભલી ભલાઇનો બક્ષનારો છે. ભકત વિલ્બરફોર્સનું જીવન તમે તપાસો ભાઇ. બાળપણમાં તો તે તમારા જેવા નાસ્તિક વિચારોનો હતો. જુવાનીમાં તે ધર્મનું કે ખુદાનું નામે નો'તો જાણતો. તેણે કોઇ પરોપકારનું કામ પણ જવાનીમાં નો'તું કર્યું; તોપણ જ્યારે તેનામાં ખુદા વીશે ધાર્મિક જુસ્સો પેઠો ત્યારે તેનું મન જાગૃત થયું; અને તે

જુદીજ જાતનો માણુસ થયો. પાર્લામેંટના મેમ્બર લેખેનું તેણે રાજીનામું આપી જણાવ્યું હતું કેઃ-"રાજકીય બાબતો એવી ખરાબ છે, કે ધર્મી માણસોએ તો તેમાં ભાગ લેવોજ ન જોઈએ. ઇશ્વરના સેવક તરીકેજ ગ્રેટબ્રિટનના રાજકીય કામ-કાજમાં ભાગ લઈ શકાય છે." ભકત બનીને ધર્મી થયા પછી તેને પહેલવહેલું જણાયું કે; મ્હારા દેશની સ્થિતિ સારી કરી શકું એવી મ્હારામાં શકિત છે. તેણે ખુદાપરસ્ત અને ધર્મી થયા પછીજ ગુલામગીરીનો રીવાજ બંધ પાડવાની અને સંસારી સુધારા કરવાની બે વાત મન પર લીધી. તે ધર્મી થયો તેથીજ બન્ને બાબતોમાં ફતેહ પામ્યો. વિલ્બરફોર્સ ભકત બન્યો ના હોત, ધર્મી થયો ના હોત તો તે દુનિયામાં ઘણો જાણીતો પણ થયો ના હોત. તે ધર્મી હોવાથીજ તેના સુધારાના કારભારમાં ફતેહો મળી હતી તે ધર્મી થયો તે પહેલાં તે પોતે પણ સમજતો નો'તો, કે તેનામાં આટલી બધી મનની તીવ્ર શકિત છે. પ્રખ્યાત લુટારો ગાઇફોક્ષ અજાણપણે બાઇબલના સુત્રને વળગીને ચાલતો ને કહેતો કે; "તે ઇશ્વરનો મિત્ર છે ને શ્રીમંતોનો દુશમન છે!" એમ ઇશ્વરમાં તેનું મન પરોવાયાથીજ તે બધાંમાં ફાવ્યો હતો, જ્યારે શેદાદને ઉલટુંજ ફળ મળ્યું હતું. ખુદાતાલાના સરજેલા બેહેસ્તના બાગો જેવા ઘણાજ સુંદર બાગો બનાવી શેદાદે પ્રભુતા બતાવીને પ્રભુની હરીફાઇ કીધી હતી. જ્યારે લાખો ને કરોડોના ખરચે આ બાગો તૈયાર થયા ત્યારે બેહેસ્ત સંપૂર્ણ થયું, અને જેવો તે બાગમાં પહેલવહેલો પગ મૂકે છે, તેવીજ તેના શરીર ઉપર વિજળી પડી, ને તે તુર્તજ મરણ પામ્યો હતો! એથી ઉલટું, જ્યારે નરસિંહ મહેતાને માથે શ્રાદ્ધ કરવાનું દુઃખ આવી પડયું ત્યારે તે ને તે વિચારો થકી તેમને તેટલો વાર દુઃખજ થયું, પરંતુ જેવા તે તાંબડી લઇને શ્રાદ્ધ માટે દૂધ લેવા સારૂ રસ્તે ભગવાનનું ભજન કિર્તન કરતા ચાલ્યા, કે ભગવાનની છાપ તેમના મન ઉપર એવી સજડ બેસી ગઇ, કે શ્રાદ્ધ ને દૂધ કે તે મેળવવાનું દુઃખ, સૌ તુર્ત ભૂલી ગયા, અને નારાયણજ તેમના અંત્તરમાં વસી ગયાથી નારાયણેજ તે શ્રાદ્ધનું કાર્ય જાત પોતે પાર પાડી આપ્યું હતું.

જ્યારે જોન બન્યન અજ્ઞાન, નાસ્તિક, અને હલકો કંસારો હતો, ત્યારે શું તેને ખબર હતી, કે હું મોટો ઇશ્વર ભકત થઇ શકું એવી મ્હારામાં શકિત છે? આવો ઉચ્છંકળ માણસ પ્રખ્યાત થઇ શકે એમ કોઇ માનતુંજ નો'તું. ખુદા ઉપર દિલ લાગ્યા વગર કશાંથીએ દુન્યામાં નામદારી થતી નથી. ઘણા દુરાચારી માણસો બંદગી કરવાથી સુધર્યા છે, ને ડાહ્યા તથા ઉપયોગી શહેરી બન્યા છે. ભકિતથી માણસના આચરણમાં અદ્દભૂત ફેર પડી જાય છે. ભાઇ નસર! મનમાં સત્યની ભાવના દૃઢ થયાનો પરિણામ એવોજ હોય છે. કેમકે ઇશ્વર એવો દયાળુ છે, કે જે જે ખરાબીઓ સામે થવાની તમારામાં શકિત નહીં હશે તે તે ખરાબીઓને તે માલેક તમારી આગળ આવવા દેશેજ નહીં, અને જે ખરાબીઓ તમારી આગળ

આવી ઉભી રહીને ખડી થઈ જશે, તેમાંથી કેવી રીતે બચી જવું, તેનો તમને તેજ રાહબર રસ્તો બતાવશે. એટલા સારૂજ આપણે હુશ્તન યશ્તમાં ભણિયે છિયે કે;

હુનએમાચા ઝએમાચા મઝદા અહુરા, શ્ત્રહ્રી રફ્નહી દરેગાયૂ અએષાચા શ્વા એમવન્તસ્ચા બુયમા; રપોઇશ્ચા તૂ ને દરેગેમ્ચા ઉશ્તાચા, હાતામ હુદાસ્તેમા.

હે પરમેશ્વર ! ત્હારી યાદ, ત્હારી બંદગી, ને ત્હારી ભકિત કરવામાં અમોને જે આનંદ પ્રાપ્ત થાય છે, તેવા આનંદવાળી લાંબી જીંદગી ભોગવવાને અમે લાયક થઈએ એવું ઇચ્છિયે છિયે. અમારી નેક મુરાદ એજ છે, કે ત્હારી ભકિત કરવાનેજ અમે જન્મો જન્મ જીવ્યે, અને તે અમારી ઇચ્છા પાર પડે ! ત્હારી ઉપર પ્રેમ રાખનારા, અને ગમે એવી આફતમાં ત્હારા ભરોસા ઉપરજ હિમ્મત બાંધનારા અમે થઇએ છિયે. હે સર્વથી ઘણા ડહાપણવાળા, હસ્તી ધરાવનારા સાહેબ! તું અમોને લાંબાં વર્ષો સૂધી બંદગીથી ભરેલી આબાદીમાં ખુશ ખુશાલ રાખ !

એટલાજ સારૂ એક આર્બુથનોટ કહેશે કે; "ખુદાજ મ્હને નિભાવે છે." એક ફ્રેર સાહેબ કહેશે કે; "મ્હારી રાહત તો ખુદાજ છે." એક ઓકટરલોની કહેશે કે; "પ્રભુજ મ્હારો મદદગાર છે." જેનરલ જ્યોર્જ વોશીંગ્ટન દરેક લડાઇમાં જીતતો ત્યારે કહેતો કે; "હું પ્રભુના માત્ર નામથીજ જીત મેળવું છું." અને અમેરિકનો કહેતા કે; "અમે વોશીંગ્ટનના માત્ર નામથીજ જય મેળવ્યે છિયે!"

ઇ. સ. ૧૭૯૮માં અમેરિકામાં ભારે ગભરાટ થઈ રહ્યો, કે ફ્રાન્સ અમેરિકનો સામે લડાઈ જગાડવાને તૈયાર થાય છે. આ વખતે જેનરલ જ્યોર્જ વોશીંગ્ટન લડાઇઓથી પરવારીને ખુદાઇ એબાદતમાં એકાંત જીંદગી ગુજારતો હતો. તેણે હવે છેવટનો આરામ લેવા સારૂ પ્રવૃત્તિ છોડીને નિવૃત્તિ લીધી હતી. તે વેળાના અમેરિકન પ્રેસીડન્ટ એડમ્સે તેના ઉપર એક યાદગાર વિનંતિપત્ર લખ્યો કે;—"સાહેબ ! અમોને માત્ર આપના નામનીજ જરૂર છે, માટે તમારા નામનો ઉપયોગ અમોને કરવા દ્યો ! લાખો લશ્કર કરતાં પણ વોશીંગ્ટન એ નામમાં વિશેષ બળ અમે માન્યે છિયે. માટે લડાઇની સરદારી આપ લેનાર છો એટલી માત્ર આપના નામની છૂટ અમોને લેવા દો!" આ તેની ભકિત નીતિની નામના બળનીજ શકિત સમજી લ્યો ભાઈ. તમારો ભય તેનું નામ લીધાથીજ વાયુમાં ઉડી જશે. માટે તેના ઉપર નિર્ભય થઈને તમે આશાવાળા થાઓ. ખુદાતાલા તમારો લાંબો શ્વાસ સાંભળશે, અને તમારાં આસુનાં ટીપાંઓની ગણત્રી કરશેજ. અહુરાજ તમારૂં શર ઉંચું રાખશે. તે પિતા થઇને સર્વ પદાર્થને તમારાજ કરી મેલશે. ભાઇ! તું આતશને માનવા ના પાડે છે, પણ તે મહાન પિતાના પુત્ર લેખે આતશને સર્વ ધર્મવાળા શાક્ષીરૂપ સમજીને તેની મારફતેજ અહુરાની સેતાયશ કરતા હોવાથી, આતશને પુજ્ય ગણી પ્રાર્થના કરે છે, તેમાં ખોટું શું છે ?

ઇંગ્લંડ પહેલ વહેલાં જઇ આવેલા હિંદીઓને વરાળયંત્ર જોવા પછી જણાવ્યું

હતું કે; "ઇંગ્રેજ લોક બડા લુચ્ચા ને જાદુગર છે. આપણુ હિંદુ લોકો તો બેલ, ઘોડા, પાડા, હાથીને પકડીને તેમની પાસે મજુરી કરાવ્યે છિયે, પણ એ લોક તો આપણા અગ્નિ દેવતાને ગુલામ બનાવીને તે મોટા દેવ પાસે બધી મજુરી કરાવે છે! અરેરે! આ લોક આ રીતે આપણા પ્રભુના પુત્રને ભજતા હોવાથી કેવાં સારાં ફળ પ્રાપ્ત કરે છે!"

હરાં કસ કે દાનદ કે દાદાર હસ્ત;

ન બાશદ મગર પાક યઝદાન પરસ્ત.

કોઇપણ બંદો જો આમ સમજતા થાય, કે અહુરમઝદ સર્વમાં હયાતિ ભોગવેજ છે, તો તે બંદો સર્વમાં પાક યઝદાનનીજ બંદગી કરે છે એમ જાણવું. ભાઈ નસર! તમે વારંવાર ભકિત કરો, કેમકે તમે વારંવાર પાપ કરો છો, અને તમારાં પાપનો તુર્તોતુર્ત પશ્ચાતાપ કરવા થકી તમે બંદગીનેજ હથિયાર બનાવજો, કાંકે મોતના સાગરના મોજામાં તમે એકાએક ને અણુચિંત્યા ઘસડાઇ જશો. જે કાંઇ કરો, ભકિત કરો તો તે પણ સંપૂર્ણ, મન લગાડીને, દિલ ચોંટાડીને કરો, તમારી સઘળી શકિતઓને કામે લગાડીને તેને ભજો. તેના ઉપર આંધળો વિશ્વાસ રાખીને માણસ જાતથી તો ડરશોજ ના. રોમમાં એવી વાત ચાલતી સીઝરને કાને આવી હતી, કે તેને રસ્તે જતાં મારાઓ મારી નાંખનાર છે; ત્યારે તેણે સુલેહના વખતમાં પણ જે રક્ષકો પોતાની પાશબાની સારૂ રહેતા હતા તેઓને પણ સાથે નહીં રાખતાં વગર હથિયારે તે એકલો ઇશ્વરની યાદ ચાલતાં હાલતાં કરતો ને એકલોજ ફરવા લાગ્યો હતો! જેથી મારાઓ ઉલટા બીધા, કે એ કોઇ દૈત્ય છે, અને દેવદૂતોને એણે મંત્રો ભણીને સાધ્યા છે! ભાઇ! તું પણ તેના ઉપર વિશ્વાસ રાખીને બેધડક ત્હારૂં જીવન તેનીજ યાદમાં ગાળતો રહે, તે તને ફળ આપશે. તું એટલુંજ કહે કે; હે ખાલેકે મખ્લુક! તમામ વસ્તુના પેદા કરનાર, હે અલરેઝક રોઝી–દેહ દેહ! રજક રોજી ને રોટીના આપનાર, હે કુદ્રતવાળા કાદેર! હે જોરાવર કવી! હે આરંભ કે અંત વિનાના કરીમ! ઓ ન્યામતોના બક્ષનારા બક્ષાયંદેહ! ગુન્હાની માફી આપનારા બક્ષાએશગર, મેહેરબાન, જોરવાન, ઓ દાના! ઓ દાદાર! ઓ પાક પરવરદેગાર! ન્યાયી, ઇનશાફ કરનાર! ત્હારી અદલ બાદશાહી કાયમ દાયમ રહો! આદેલ પાદશાહી બીઝવાલ બાશદ! આવી ખુલ્લાં દિલની ભકિતથીજ તે સાહેબની મહેરબાની જીતી શકાશે. કેમકે સત્યથી ધર્મની રક્ષા થાય છે. યોગથી વિદ્યાનું રક્ષણ થાય છે. સાફસુફ કર્યાથી સઘળી વસ્તુ તેજસ્વી બને છે. પાક દામાન (શીલતા) રાખવાથી કુળનું રક્ષણ થાય છે. પરંતુ ભકિત કરવાથી તો આ અને પેલી બેઉ જગત્ જીતી શકાય છે. એક દિવસે સુલતાન સંઝરમાઝી રસ્તેથી જતા હતા, એવામાં એક દુરવેશ જે તેજ રસ્તેથી જતો હતો તેણે સુલતાનને "સલામ" કરીને કહ્યું; "અલ્લાની યાદનું ફળ

તને જરૂર મળશે! સલામ!" સુલતાન આ વખતે પરમેશ્વરની નિમાજ કરતા હોવાથી મોઢેથી "અલેકુમ સલામ" નહીં કીધી. દરવેશ મોટેથી બોલ્યોઃ—"ઓ સુલતાન! સલામ કરવી એ તો દીનની રાહે સુન્નત છે, અને તેનો પાછો જવાબ આપવો એ તો ફરજ છે." સુલતાન કહેઃ—"હું પ્રભુની યાદ કરી પાડ માનવામાં મશગુલ હોવાથી મ્હારાથી મોઢે બોલાયું નહીં, માફ કરજો દરવીશ!" દરવીશ કહે; "આપને જે પ્રભુએ દીધું છે તેના પ્રમાણસર આપે તેનો પાડ માનવાનો છે, નહીં કે સુલતાન મૂગો રહે ને ગરીબ રૈયતને જવાબ નહીં આપે! કાંકે ત્હારા આશિષોનું ફળ ત્હારી રૈયતને મળે છે, ને ત્હારી બંદગીનું ફળ તને મળે છે!"

અષાઅતચા હચા વંઘહેઉશ્ચા મનંઘહે, વંઘહેઉશ્ચા ક્ષથ્રાત, સ્તઓતાઈશ થ્રાત અહુરા સ્તઓતોઇબ્યો, અઇબી ઉખ્ધા થ્રાત ઉખ્ધોઇબ્યો, યસ્ના ક્રાત યસ્નોઈબ્યો. (હપ્તન યશ્ત.)

ઓ પરમાત્મા! તમારી અશોઇ, તમારી ભલી મનશ્ની, ને તમારી ઉત્તમ પાદશાહીને લીધે, બીજા બધાં કરતાં અમોને તમારીજ સ્તુતિ વધારે પસંદ છે તમારી કીર્તિનાં ગાયનો, બીજાં બધાં સુંદર ગીતો કરતાં વધારે ચઢિયાતાં લાગે છે. બીજા કોઇની પણ પુજા કે આરાધના કરતાં અમોને તમારીજ પુજા ને તમારીજ આરાધનામાં સબુરી, સંતોષ, ને સધિયારો મળે છે.

સબક ૨૨ મો.

"ઓછું પડવાથી" કીનો રાખે એવા અમારા ખુદા નથી.

"It is not truth nor philosophy to say that prayer alters nothing, that the laws of nature are fixed, and that entreaty cannot change them. The laws of nature *are fixed on purpose to be used for the granting of prayer.* Any man can use the laws of nature to grant the requests of his child. Does he say that God, who made those laws, cannot do as much with them as *he* can?"—*Beecher.*

નસરઃ—"ભાઇ વિરાફ! ત્યારે શું બંદગી નહીં કરનારા દોજખમાં જશે, અને બંદગી કરનારાજ બેહેસ્તમાં જશે એવું આપણા ધર્મે ફરમાન આપ્યું છે? હું નહીં માનતો. હિંદુઓ કહે છે કે, ગંગામાં ન્હાવાથી સ્વર્ગમાં જવાય છે. મક્કા શરીફની હજ કરવાથી જીન્નતમાં પહોંચાય છે એમ વળી મુસલમાનો માને છે. ત્યારે ખરૂં કિયું?"

વિરાફઃ—હે ભાઈ, એ તો સૌ સો પોતાની ધુન પ્રમાણે સારા રસ્તાનાં શિક્ષણો સમજે છે. અહુરા ઉપરના પ્રેમને લઈનેજ આપણે તે સાહેબના ફરમાનોનો સ્વીકાર

કરીને ધર્મનું આચરણ કરવાનું છે; નહીં કે દોજખની બિકને લઇને. આપણે જો ફક્ત બેહેસ્ત મળવાની આશાથી કે દોજખની ધાસ્તીને લીધેજ આપણી બંદગી કરીએ, તો તે એક જાતનો સ્વાર્થ ને મતલબ થઇ પડે. એવી ભક્તિ તો નફા ટોટાની ગણત્રિ કરીને કરેલા વેપાર સમાન છે. બેશક, દુષ્ટ કર્મ કરવાં તેના કરતાં આ જાતની માન્યતા પણ લાખ દરજ્જે સારી છે; મગર તેમાં અહુરમઝ્દ ઉપરની અખંડ પ્રીતિ નહીં કહેવાશે. એમ તો નાસ્તિક માણસો પણ ઘણાં સારાં કર્મ કરે છે, પરંતુ તેમનો ઇશ્વર ઉપરનો પ્રેમ હોતો નથી, તો તેમની ઈશ્વર વીશે શ્રદ્ધા બેસતીજ નથી. ગંગા-નેજ માનનારા ગંગાનાજ ગીતો ગાય છે. જમનાને માનનારા જમનાનાં ને અર્દ્વીસૂરને માનનારા અર્દ્વીસૂરનાંજ ગીતો ગાય છે. હિંદુઓ કહે છે કે;

गयायाः योजनं स्वर्गं प्रयागाद्धार्ध योजनम्।
श्री स्थलात्करमात्रं स्यात्यत्र प्राची सरस्वती ॥

ગયાજીથી સ્વર્ગ એકજ યોજન જેટલું દૂર છે. પ્રયાગથી સ્વર્ગ માત્ર અરધો યોજન જેટલુંજ વેગળું છે. પરંતુ શ્રીસ્થળ કહેતાં સિદ્ધપૂરમાં જે ઠેકાણે સરસ્વતિ નદી ઉગમણી દિશામાં વહે છે, ત્યાંથી તો માત્ર એક હાથજ દૂર સ્વર્ગ આવેલું છે. એમ સિદ્ધપૂરવાસીઓ ગાય છે. એ તો જેની જેવી માન્યતા. ક્રિશ્ચીઅનોએ બાઇબલને લેખ કહ્યો છે. નાનકપંથીઓ ગ્રંથજીને પાક ફરમાણ કહે છે. પારસીઓ ગાથાને પવિત્ર ગાયનો કહે છે. મુસલમીનો કુરાનને પવિત્ર વાંચન કહે છે; અને ઘંટના અવાજની માફક ઇજરાયલ ફરેસ્તાએ પેગમ્બર મહમદને કુરાન વાંચી સંભળાવ્યું હતું; એમ જણાવીને મર્મ ઉપર ખુદાઈ શ્રદ્ધા વધારે છે. એ તો જેની જેવી માન્યતા. નસરઃ—"ભાઈ વિરાફ! મને ત્યારે સમજાવશો, કે બંદગી કરતી વેળાએ પ્રત્યેક પંથવાળા અમુકજ દિશા તરફજ મોઢું ફેરવીને ભકિત ભણતર કરે છે, તે શા થકી?" વિરાફઃ—આપણા અસલી ઇરાનીઓ પૂર્વ તરફ ફરે છે, કેમકે તે બાજુથી સૂર્યોદય થાય છે. જ્યુસ લોકો જેરૂસલમની દિશા તરફ ફરે છે; તે એવા વિચારથી કે તે શાહોના શાહનું શહેર છે. અસલી ક્રીસ્ચયનો પૂર્વ તરફ ફરતા, તે એટલે સૂધી, કે ઇશ્વર સ્મરણની સેજ પણ પૂર્વ દિશા તરફજ રાખતા. ટુંકમાં, ભાકતભાવને લઈને ઇરાની લોકો પૂર્વ મોઢું કરીને તે તરફ સૂર્ય ઉગવાની દિશાને પોતાનો કેબલો હોવાનું માન આપે છે. યાહુદી લોકો પાદશાહોના પાદશાહનાં શહેર એટલે જેરૂસેલમ જે દિશાએ આવ્યું હોય તે દિશા તરફ ફરીને કેબલાની દિશા ગણે છે, મુસલમાનો મક્કા જે દિશાએ આવે તે દિશાએ મોઢું કરે છે. ક્રીશ્ચિયનો પૂર્વ દિશા તરફ ફરીને ઉભા રહે છે. કેટલાક મુસલમાનો તો મક્કાની દિશા બતા-વનારો "કેબ્લે-નૂમા" નામનો કમ્પાસ પોતાની સાથે હરહમેશ રાખે છે. પારસીઓ દક્ષિણ દિશા તરફ મોઢું કરીને તે દિશાને દાદારનાં સ્થાન લેખે માન આપે છે. વિદ્યાના વિલાસીઓ સરસ્વતીને, અને પૈસાના પુજારીઓ લક્ષ્મીને પણ દેવી માને છે. આવી રીતે

ધુન અપની અપની ગાતે હય!
રામ નામકી સુમરન કર લે! ધુન.
પાપી જગતમેં, કામ ક્રોધમેં,
છળ કપટ જબ બિસરા રામ;
જબ લીએ તબ દામ દામ સબ
સબ આખર કો પછતાતે હય! ધુન.

હે નસર! હવે તું ઇશ્વરના ઘરથી બહુ દૂર નહીં જા! જેમ ભ્રમર પુષ્પમાંથી મધજ ચુસી લે છે તે છતાં પુલોને તે કાંઇપણ નુકશાન કરતો નથી, તેમ ત્હારે પણ કોઇની માન્યતામાં ખલલ નાખવી જોઈતી નથી. અને જેમ દૂધ દોહનારો ગાયના વાછરડા માટે થોડું દૂધ રહેવા દઇનેજ ગાયને દોહે છે, તેમ તું પણ જેની તેની માન્યતાને અલગ રાખીને ત્હારૂં પોતાનું પરમ સાર્થક કરી લે! વાત કહું.

કાશીના રહેવાસીઓ કબીરજીની અનંત ભક્તિ વિષે સાંભળી સાંભળીને તેમના દ્વેષી થઇ પડયા; એટલુંજ નહીં, પણ ત્યાંની એક રૂપવંતી રામસાગરને ભંભેરવાથી તેણી કબીરજીની આગળ જઈને બોલી; "હે મહાત્મા! હું નાચ ગીત વિગેરે ખુશકારક પ્રયોગોથી આપને સંતોષ આપી આનંદ આપવાની ઇચ્છા કરૂં છું! હરેક શાદી રામસની વેળાએ રામસગરને બોલાવવામાં આવતી હોવાથી સવારના પહોરમાં રામસગરનું મોઢું જોવું શુકનવંતું ગણાય છે, માટે મ્હને ભક્તિનો રંગ લગાડશો તો તમારૂં શુભ થશે!" આવી મનોહર ને સુંદર કંઠની ખુબસુરત નટણીને જોઇને કબીરજી હસીને બોલ્યા; "હે બ્હેન! હું સુખ–ભોગ જાણતોજ નથી. હું સ્ત્રી પણ નથી અને પુરૂષ પણ નથી, ત્યારે મ્હારાથી તમારી મનોકામના કેવી રીતે પૂર્ણ થશે?" પેલી ખુશનુમા વેશ્યા ઘણી આજીજી સાથે કહેવા લાગી; "હું તમારી ઘણી આશા રાખીને આવી છું; મ્હને નિરાશ થઇને શું પાછું જવું પડશે? જૂઓ રામના હે મહાત્મન્! રામ એ શબ્દનાજ ઉચ્ચારમાં રસ ભરેલો છે. સીતાકાન્ત એટલે સીતાનો ધણી કહેતાં પણ રામ આવે ખરો, પરન્તુ રામને ઠેકાણે તમે સીતાકાંતનું ઉચ્ચારણ કરો તો ખરો અર્થ ના સરે, કિંવા રહસ્યવાળો રસે ના મળે. પરંતુ હે મહાત્મન્! હું તો રામસાગર છું! મ્હારાં નામમાં રામ અને સાગર જેવા ઇશ્વરી અવતારોના નામ સમાયલાં છે, માટે મ્હને પાછી નહીં ફેરવો! હું સદાની સોહવાસન કહેવાઉં છું, કેમકે મ્હને મરતાં સૂધી રંડાપો જેવું કાંઇ હોતુંજ નથી!"

કબીરજીએ નમ્રતાથી કહ્યું; "જો બ્હેન! મ્હારે ત્યાં તો ખુદ ભગવાન પોતેજ બિરાજે છે, તો તે અતિરાગી ને અતિભોગી છે; તેનીજ આગળ નાચી ગાઈને તમારી ભોગની તરસ છિપાવી લ્યો!" વેશ્યા ઘણી આનંદિત થઇ, કે તેનું કેવું મોટું નસીબ છે, કે ખુદ ઇશ્વરને તેણી નાચી ગાઇને ખુશી કરી શકશે!

તે દિવસથીજ તે વેશ્યા કબીરજીના ઘરમાં રહીને હરરોજ નાચ ગીત કરતી હતી. થોડા દિવસ પછી વેશ્યા મનમાં ને મનમાં કબીરજીને આપ મેળે ચ્હાવા લાગી. એક દહાડે રાતે સર્વ સુતા હતા, પરંતુ તે વેશ્યાની આંખમાં ઉંઘ આવી નહીં. તેનું ચિત્ત અસ્થિર થઇ પડ્યું. તે કોઇ રીતે પોતાના જીવને નચિંત કરી શકી નહીં. જે ઓરડામાં કબીરજી સુતા હતા તે ઓરડામાં મેનના આવેગથી ગઇ, તો કાળી અંધારી રાતે ત્યાં કબીરજીને બદલે પ્રકાશિત સ્થિતિમાં ભગવાનનીજ છબી તેણીની નજરે પડી! કેમકે દહાડો ને રાત તેણી ઇશ્વરનાંજ ભજન કરતી હોવાથી સ્વપ્ને પણ પ્રભુ ભગવાનનાંજ દેખતી હતી. અલૌકિક દર્શન થતાંજ તેણીની કામ વાસના કયાં ને કયાં જતી રહી! હૃદયમાંથી ઇશ્વર પ્રેમનાં આંસુ નિકળવા લાગ્યાં. આજે તો તેણીને સંસાર સઘળો અસાર જણાયો; જેથી તે વેશ્યા એકલી અંધારી રાતેજ કબીરજીનું ઘર છોડીને ભયાનક જંગલમાં ચાલી ગઈ! કબીરજીએ સવારે ઉઠીને જોયું તો વેશ્યા ઘરમાં નથી; તેણીનાં સુંદર ઘરેણાંગાંઠાં ને વસ્ત્રો વિગેરે જ્યાં ને ત્યાં પડેલાં દીઠાં. કબીરજીને તુર્ત જણાઇ ગયું, કે આટલે દિવસે વેશ્યાની સદ્ગતિજ થઇ ગઇ. તેણીને ઇશ્વરની લેહ લાગીજ ગઇ. માટે હે ભાઇ નસર! ત્હારા મનમાં વિચાર કર્યા વિના, ખુદાના બંદાઓ જે બંદગીખોરા અને ભક્તિવાળા છે, તેમના સાથે શા માટે તું વઢવાઢ કરે છે? વિચાર કર, કે ભકતને તો પરમેશ્વર પોતાનાં સ્વરૂપનુંજ દાન કરે છે, એટલે ભકતને આધીન ભગવાન રહે છે, અને જ્ઞાનીને તો માત્ર મુકિતજ આપે છે. ત્યારે જે બંદાઓ બંદગી કરીને અહુરાનાં સાક્ષાત દર્શન કરે છે તેમનેજ તું મોટા માન.

ગ્યાંનિ ભકતસોં કયોં લરત, બિના કિયે અનુમાન?
કૃષ્ણ આપ ફલ ભકિત કે, વાહિ મુકતકો દાન.

ભાઇ નસર! જેણે તમને તથા તમારી પહેલાં બીજા લોકોને પેદા કર્યા, તેનીજ તમે બંદગી કરો. તમે પણ કબીરજી જેવા ખુદાના લાલ ને ભકત થશો તો કાશીના લોકો જેમ તેઓને કાંઇએ કરી શકયા નથી, તેમ તમને પણ કોઈ હેરાન કરી શકનાર નથી.

તત થ્વા પેરેસા એરેશ-મોઇ વઓચા અહુરા; કે વેરેથ્રેમ-જા થ્વા પોઇ સેંગ્હા ચોઇ હેન્તી? (ઉશ્તવદ ગાથા)

ઓ પરવરદેગાર! હું તને માનપૂર્વક પૂછું છું, કે ત્હારા એજમતી અવસ્તાના કલામો, ત્હારાં પવિત્ર મંત્રો, જે આફત ને વિપત્તિની વખ્તે અમારી પાશબાની કરનારાં, અમને દુઃખોમાંથી ઉગારનારાં છે, તે પવિત્ર માથ્રોની બરકતે કરીને કીયો દુશમન તે બંદગીખોર ભકતને મારી શકવાનો છે? કોઇ એવો નથી, કે જે ત્હારા લાડલા દાસને હેરાન કરી શકશે! ભાઇ નસર! જયારે પણ કાંઇ કામ કરવામાં આવે છે ત્યારે તે કામનું કંઇ ને કંઇ કારણ તો રહેલું હોયજ હોય. ઉદ્દેશ વગરનું

કોઇ કામ હોતુંજ નથી. ઘટના બન્યાથી ત્હારે સમજવું જોઇએ કે એનું કંઇપણ કારણ છે. તેમજ બંદગી કરવામાં પણ માણસનો કંઇક ઉદ્દેશ તો રહેલો છેજ. જેમ એક પાદશાહ કંગાલ લોકો સાથે સંબંધ નહીં રાખે, તેમ શેતાન છે તે સત્યવાદી લોકો સાથે નાતું નથી રાખતો. નાસ્તિકને આસ્તિક મંડળ પસંદ નાજ પડે.

વાંમશ મદેહ આંકે બીન માજસ્ત;
વર ખુદ દેહનશ ઝે ફાકે બાઝસ્ત.
કુ ફરજે ખુદા ન મી ગુઝારદ;
અઝ કરઝે તુ નીઝ ગમ નદારદ.

જે કોઇ બંદગી નહીં કરતો હોય, ને તેનું મોઢું ફાકાથી ઉઘાડું હોય, એટલે ભૂખે મરતો હોય, તોએ તું તેને કાંઇ ધીરતો ના; કાંકે જે કોઇ ખુદાનાં કરજની ફરજ અદા નથી કરતો તે ત્હારાં કરજની કે ત્હારા કીધેલા ઉપકારની પણ કાંઇ દરકાર નહીંજ રાખવાનો. એક નિમાજી ભલું માણસ એક ખલીફાની આગળ બેઠેલો હતો, પણ ખલીફા તો કામમાં ગુંથયા હતા; જેથી નિમાજ પઢવાનું પણ તેઓ ભૂલી ગયા હતા. પેલો નિમાજી તો વખત થયો, કે લાગલો નિમાજ કરવા ઉઠીને ઉભો થયો; એટલે કોઇ ખુશામદિયો દરબારી બોલ્યો:—"ખલીફા પણ હમણાજ નિમાજ પઢવાને ઉઠશે, માટે તમે પણ જરા થોભી જાવ!" નિમાજી કહે:—"પ્રભુનો હુકમ બીજા કોઈના હુકમ માટે રોકી શકાતો નથી!" દરબારી કહે:—"એમ અપમાન કરશો તો ખતા ખાશો; એ વાત ખલીફા જાણશે તો ક્રોધ કરી તમને ખડાખાસ્તા કરી દેશે!" નિમાજી:—"માત્ર ખુદાનીજ પસંદગી થાય તો બસ છે; માણસની પસંદગી કે ખફગીનો ભય રાખવાની શી જરૂર છે?" આ બધી વાત ખલીફાએ સાંભળવાથી નિમાજીની પદવી વધારી ને પેલાની પદવી ઉતારી પાડી કહ્યું:—"ખુદાની ફરજ પહેલી ને ખલીફાની ફરજની તો કાંઈ કિંમતજ નથી." ભાઈ નસર! તું એવા ખ્યાલો ના કરતો બેસ, કે હિંદુ એમ કહે છે, ને મુસલમાન તેમ કહે છે. તું ત્હારાજ અહુરમઝ્દને નમતો રહે, તેમાંજ હિંદુના રામ ને મુસલમાનના રહેમાન સૌ આવી જાય છે.

હિંદુ કહે સો હમ બડે, ઔર મુસલમાંન કહે હમ;
એક મુગઝી દો ફાડ હે, કુણ જાદા કુણ કમ?
કુણ જાદા કુણ કમ, કભી કરનાં નહિ કજિયા;
એક બગત હો રામ, દૂજે રેહમાનસેં રજિયા;
કહે દીનદરવેશ, દોય સરિતા મિલ સિંધુ;
સબકા સાહેબ એક, એક મુસલમાન ઔર હિંદુ.

સબક ૨૩ મો.

બેન્દુને બંદગીથી માર્યો જરથુસ્તે.

O great eternity!
Our little life is but a gust,
That bends the branches of thy tree,
And trails its blossoms in the dust—*Longfellow.*

નસરઃ—"ભાઇ વિરાફ! જે માથ વડે જરાથુસ્ત્રે બેન્દુ શત્રુને આજેજ કર્યો, તેજ માથ્ર જયારે જરાથુસ્ત્ર ભણતા હતા ત્યારે તુરબરાત્રુટ તે પાકજાદને મારી શકયો, તો તે વેળાએ તે મંત્રો કામ કેમ ન લાગ્યાં? એમ કરતાં જો મંત્રો જાણનારા મંત્રોના અર્થ કે ભેદ ન જાણે તો તેની અસર કેમ કરી શકે? જોયા વગર, જાણ્યા વગર, અજાણપણે સુધરેલા કેળવાયલા લોકો બહેસ્ત અને દોજખ, ઈજદો અને અમશાસ્પંદો વિગેરેની આવી આવી તમારી વાતો એકદમ સાચી કેમ માને?"

વિરાફઃ—ભાઇ! લુકમાન કે ધનવંત્રી ગમે એવા કુશળ હતા, ગમે એવા દરદીને આરામ આપનારા હતા, પરન્તુ પોતે માંદા પડતા તો તેઓ બીજા વૈદોનીજ મદદ લેતા; અને જયારે તેમની અજલ આવી પહોંચી ત્યારે તેમની ઉત્તમમાં ઉત્તમ માત્રા પણ કાર્યસાધક થઇ પડી ન હતી. તમે અમેરિકા ગયા નથી, અમેરિકા ખંડ દીઠો નથી, છતાં આસપાસની હકીકતો ઉપરથી તમે તેની હસ્તી કબુલ કરો છો; મહાન મુસાફરોએ તેનાં રસિલાં વર્ણનો જાહેર કીધાથી તમે તેની પથવશતી માનો છો. જેમ અમેરિકા જવાનું સર્વને ફાવતું નથી, પરંતુ બીજા શ્રીમંત ભરોસેદારોના કહેવાથી સઘળાંએ વગર દીઠે માન્ય રાખ્યું, તેજ મુજબ મહાન પેગંબર સાહેબ બીજાઓ કરતાં પોતાની અશોઈથી વધારે શ્રીમંત હતા, બેહમન અમશાસ્પંદે મૂકેલી બુદ્ધિથી બીજાઓ કરતાં વધારે બુદ્ધિબળવાળા હતા, જેથી તેઓ બીજી જેહાંનોની પણ સફર કરી શકયા, અને બીજાં ભૂવનોની હસ્તી વીશે આપણને વાકેફ કર્યા, તો તે સાચું કેમ ન માનવું? બધાંથીજ કાંઇ અમેરિકા જવાતું નથી. બધાંથીજ કાંઈ મિનોઈ જેહાંનોની મુસાફરીઓ થતી નથી. માટે હે ભાઇ! નિર્જીવ તકરારો છોડી દ્યો. હવે તો અજ્ઞાન રૂપી ઉંઘમાંથી ઉઠો, જાગ્રત થાઓ, તમારા પાક પેગમ્બરનાં આપેલાં શિક્ષણોથી તમારા પેદા કરનાર અહુરમઝદને ઓળખો. સમજીને બંદગી કરશે તે તો જાણે સોનું ને સુગંધ સાથે મળ્યા બરાબર છે. કુરાન કાંઇ એકલું ભણી જવા ઉપરથીજ ભકિતભાવ કે નેક ખસલત થતી નથી; અવસ્તા એકલા ભણી જવાથીજ કાંઇ ફળ નથી, પણ તે પ્રમાણે અમલ કરવાથીજ નેકી ને ખુદાઇ પ્યાર ઉતરે છે. જાહેલ ને વગર એલમવાળો આબેદ કે ભકત તે તો ચ્હેલો ચાલ-

નારા પાચદળ જેવો છે; અને કાએલ શખ્સ એબાદત કરવામાં આળસુ હોય તે સુતેલો સુતેલો પણ જેવો જાણે ઘોડેસ્વાર છે. એક ગુન્હેગાર જે ખુદાતાલા પાસે પોતાના ગુન્હાની માફી માંગવાને ખરાં દીલથી હાથ ઉંચા કરે, તે અશો કહેવાતા ભકત, એક આબેદ, કે અશો કહેવાતા નર કરતાં વધુ ભલો છે, કે જે ગર્વ અને ગરૂરીથી માથું ઉંચું રાખે છે. એક મોટો ડોકટર એક દરદીને દવાઓનું પ્રિસ્ક્રીપ્શન લખી આપે છે. દરદી જાણતો નથી કે તેમાં કવીનાઇન નાખ્યું છે કે સોમળ, છતાં કંપાઉન્ડર પાસે તેજ પ્રિસ્ક્રીપ્શન લઈ જાય છે, અને જે દવા તે ભરી આપે તે આંખ મીંચીને સારૂં થવાની શ્રધ્ધા રાખીને યકીનથી પીએ છે તો અસર થાય છે, તેજ પ્રમાણે આપણાં ધર્મશાસ્રોના કલામો જે મહાન ડોકટર, આપણા પેગમ્બર સાહેબે આપણે માટે લખી રાખ્યા છે, તે પણ પ્રિસ્ક્રીપ્શન જેવાં મંત્રોજ છે, તેના ઉપર યકીન અને ઇમાન રાખી જો આપણે તેનો ઉપયોગ કર્યે તો તે માન્ત્રાઓ, તે મંત્રો, અને માથ્રની અસર પહોંચ્યા વગર નજ રહે ભાઇ. મનુષ્ય શરીર તો જેમ જેમ શુદ્ધ અને ઉંચા પ્રકારનું હોય છે તેમ તેમ તે શરીરમાં પરમાત્મા અધિક અધિક પ્રકાશથી પ્રકાશે છે. આ શરીર રૂપી ઘર, કે તમારાં ઇંટ ચુનાનાં ઘર રૂપી મીલકતને તો આ દુન્યામાં ઉધાઇ લાગે ને કાટ ચઢી ખવાઇ જાય, પણ પેલી દુન્યામાં તો ઉધઇ કે કાટ લાગતો નથી; માટે તમારી ભકિતમાં તલઓર રહી તમારૂં આ ખાકી શરીર છુટયા પછી વાસના–શરીર પણ બાકી ન રહે તેવી રીતે મીનોઇ જેહનમાં ત્યાંનું શરીર ધારણ કરીને ઘરબાર બાંધવાના વિશ્વાસમાં રહીને તમે કહો ભાઇ કે, "મ્હેરો સંપૂર્ણ વિશ્વાસ મેં ઇશ્વરમાંજ રાખ્યો છે તો પછી મને માણસ શું કરી શકનાર છે?" ઇસુ ક્રાઇસ્ટ કહેતા હતા કે, "પ્રભુએ મ્હને જે અનેક અધિકાર આપેલા છે, તેમાં પૃથ્વી ઉપરના લોકોનાં પાપની ક્ષમા આપવાનો અધિકાર સૌથી શ્રેષ્ટ છે." ભાઇ! તમે મહા પાપી હશો તોપણ તમારૂં શુદ્ધ ખરૂં સ્વરૂપ તો તદન પાપ વગરનુંજ છે; અને અસંખ્ય પાપીઓના પાપને પણ એક ક્ષણમાં ધોઈ નાંખવાને તે માલીક સમર્થ છે તો તેની યાચના તમે કાં ન કરો? બીજા ખાંદાંનવાળાઓમાં ન્હાનાં બાળકો પણ હરેક મુશકેલીમાં, "મદદ કર, ઓ ખુદા!" એટલા શબ્દ બોલીને શાંતિ પકડે છે. જેમ કુવામાંથી પાણી વાપર્યે વાપર્યે ને વધે છે, તેમ પ્રથમ જો કે બંદગીમાં થોડો રસ પેદા થયા છતાં પણ તે ચાલુ કર્યાથી તે દરરોજ ઘટવાને બદલે વધતોજ જશે. પહેલાં અડધી ઘડી ભકિત કરશો, અરે! અડધીમાંથી પણ અડધી ઘડી બંદગી કરશો, તો પાછળથી બંદગીનો નાદ વધ્યાજ કરશે. ભાઇ નસર! ખુદાજ પાપો માફ કરશે. જેટલી તું તેની યાદ કરશે તેનો તને તેટલોજ પૂરે-પૂરો બદલો આપવામાં આવશે. ત્હારા ઉપર દુઃખનું આવવું તે કાંઇ ત્હારાં પાપનુંજ ફળ નથી, પણ ઇશ્વરના અનુગ્રહનું તથા પુણ્યનું પણ ફળ છે. તું જો ખરા એતેકાદથી અહુરમઝદની આરાધના કરશે તો તે સાહેબ ત્હારી સર્વ આફતો નિવારી

દેશે. તું જો તેને ઢુંઢશે તો તે તને જરૂર મળશે. તેના ઉપર અવિચળ શ્રદ્ધા રાખશે તો તેનો શીતળ છાયો ત્હારી ઉપર જરૂરજ પડશે. માણસ માત્ર અંતે તો મુક્તિ મેળવશેજ. કોઇને પણ અંત સૂધી તો નરક ભોગવવું પડશેજ નહીં. બધાં શાસ્ત્ર ભણીને તું મોટો વિદ્વાન કાં ન થાય, તોપણ અહુરમઝદનું નામ લેવાનું જો તું ચૂકશે તો દોજખનો અધિકારી જરૂરજ થશે.

નામ લિયા તો સબ લિયા, સકલ બેદકા ભેદ;
બિના નામ નર્કે પડે, પઢ કર ચારો બેદ.

ચિત્રકાર એપેલસે સીકંદરના ઘોડાનું આબેહુબ ચિત્ર કાઢયું, પણ ઘોડાને હાંફતો હાંફતો ચિતારવામાં તેના મોંમાથી જે ફીણુ નિકળતું હતું તે આ ચિત્રકારથી ચિત્રી ન શકાવાથી નિરાશ થઇને હાથ નાખી પોતાની પીછી પેલાં પીકચર ઉપર મારી, અને બોલ્યો કેઃ—"હું પ્રભુની સહાયતા વડેજ કામ પાર પાડીશ!" આટલું પ્રભુનું નામ લેતાંમાંજ, શું ખુદાની કુદ્રત હતી, કે તે પીછી અનાયાસે રંગ ઉપર એવી તો આબાદ પડી, કે આપો આપ ઘોડાની આગળ આબાદ ફીણુ ફીણુ ચિત્રાઇ રહ્યું હતું! અર્થાત, "Prayer is not a substitute for appropriate human efforts, but a means of rendering it successful." ભાઇ; આપણે આપણો ઉદ્યોગ કીધા વગર માત્ર બંદગીનું ફળ માંગવાનું હોતું નથી, પરંતુ આપણો ઉદ્યોગ સફળ થવા માટે બંદગીનું સાધનજ ઉત્તમ જાણવું. ગરીબ માણસ અન્ન મેળવવા માટે જે કષ્ટ ખેંચે છે, તે જો ધર્મી થઇને, બંદગી કરીને, તેવો કલેશ ખમે તો પછીથી તેને કષ્ટ ખમવું પડેજ નહીં. માટે ઓ ભાઇ,

ચુ માઅલુમ શુદ હસ્તીએ કેરદેગાર,
ફીગર ખાતેરે ખીશ રંજ મદાર!

પરવરદેગાર છેજ, તેની હસતી છેજ, એમ જો ત્હારી ખાતર જમા એકવાર થાય તો પછી તું ખુદાતાલાનાં તુર્ત દર્શન લેવાની, કે તે અનદીઠને દેખવાની, કિંવા તેની હજુરમાં જઇ ઉભા રહેવાની ફીકર ને અંદેશો રાખીશજ મા! આપણો પરમાત્મા જે આપણો આ આત્મા, તે સર્વ ભૂતમાં છુપો છે, પ્રકાશ આપતો નથી, પણ સૂક્ષ્મદર્શી પેગમ્બરો, સંતો, શોશિયંતો, અને સાલેકો તો તેને તીક્ષ્ણ તથા સૂક્ષ્મ બુદ્ધિથી જૂએજ છે. આપણુ સર્વ પ્રાણી માત્રની જાતો જોકે જુદી જુદી છે, પરંતુ સર્વના ઘટમાં તો પરવરદેગાર અંતર્યામિ રૂપે સઘળે એકજ સમજી લેવો. લીલો, લાલ, ઉજળો, અને કાળો ઇત્યાદિ રંગના પદાર્થો તો જુદા જુદા છે, પણ તે સર્વ વસ્તુઓની છાયા તો એક ને એકજ કાળી પડે છે; રંગ વાર છાયો થતો નથી.

જાતી બરન બિચિત્ર પેં, સબ ઘટ ઈક ઘનસ્યામ;
હરિત અરૂન સિત પિત અસિત, જયેં સબ પરિછયેં સ્યામ.

સબક ૨૪ મો.

આસ્તિક અને નાસ્તિક વચ્ચે ફરક=એક ભેગું કરે ને બીજો ગુમાવે.

"Prayer is the application of want to Him who alone can relieve it, the voice of sin to Him who alone can pardon it. It is the urgency of poverty, the prostration of humility, the fervency of penitence, the confidence of trust. It is not eloquence, but earnestness; not figures of speech, but compunction of soul." —*H. More.*

નસરઃ—"ભાઇ વિરાફ! સારૂં કે નરસું જે કાંઇ માણુસ જાત પાસે કરાવે છે તે તો તે પરવરદેગારજ કરાવે છે, તો પછી પાપોનાં પ્રાયશ્ચિત કરવાની કે પાપોના અને દુઃખોના સાગરમાંથી ઉગરવા સારૂ તે પાપો અને દુઃખોના ઉત્પન્ન કરનારની બંદગીની જરૂરજ કયાં રહી? ધર્મ કે અધર્મ કરવાનું પ્રયોજન જ શું રહ્યું?"

વિરાફઃ—એમ નથી ભાઇ. જેમ આપણે રસ્તે ચાલતાં પગ તળે ધૂળની રજકણોને અને હજારો જીવજંતુને કચડતાં ચાલ્યે છિયે, તે વખ્તે આપણને લાગણી થતી નથી, કેમકે તેમને લાગણીનું જ્ઞાન થયું નથી એમ આપણે સમજ્યે છિયે. તેમજ વળી કરોડો અનદીઠ આત્માઓ, ફરેસ્તાઓ, અને પવિત્ર રૂહો આપણ મનુષ્યો ઉપરથી ચાલી જાય છે, તે વેળાએ આપણે પણ તેમના મનથી ધૂળની રજકણો ને જીવજંતુઓ જ છિયે માટે સાધારણ માણસથી ગુનાહ થાય તે તો નરસુંજ છે, પણ જ્ઞાન અને લાગણી ધરાવનારા એલમદારથી ગુન્હા થાય તો તે ઘણુંજ નરસ છે. કેમકે જ્ઞાન અને એલ્મ જે છે તે શેતાન સાથે લડાઇ કરવાનું હથિયાર છે, અને જ્યારે હથિયારવાળાને કદાપિ બંધવો કરીને લઇ જાય તો તેને વધારે શરમીંદગી પહોંચે છે. પ્રાણી પદાર્થના અણુએ અણુમાં પરમાત્મા તો વ્યાપી રહ્યા જ છે તે પ્રાણી પદાર્થનું સંરક્ષણ, પોષણ તથા સંહાર તે માલિકજ કરે છે. પરંતુ નાશ કે સંહાર એ આપણી દૃષ્ટિએજ માત્ર છે. ખરી રીતે નાશ અને સંહાર એ તો પ્રાણી પદાર્થની વધારે ઉંચી સ્થિતિ કરવા અર્થેજ હોય છે. કારણ કે, એક વસ્તુની વધારે ઉંચી સ્થિતિ કરવી હોય તો તેની જે સ્થિતિ હોય તેનો નાશ કર્યાં વિના થતી નથી. આથી ખુદાતાલાનો નાશ કરવાનો અધિકાર તું જેમ ધારે છે તેમ કાંઇ નઠારો નથી, પણ આપણો નાશ કરવામાં પણ તેની દયાજ સમજવી. પેદા કરીને પછી ઇનશાન કે પ્રાણીનું રક્ષણ કરવું અને પછી તેનો નાશ કરવો, એ કારોબાર તો તે માલિક પળે પળ કર્યોજ જવાનો. ત્હારાં શરીરમાં દરેક ઘડીએ ઘડી ત્હારાં શરીરના અસંખ્ય અણુઓનો તે નાશ કરે છે, અસંખ્ય નવાં નવાં અણુઓ તેજ ઉપજાવે છે, અને વળી અસંખ્યનું પોષણ પણ તેજ કર્યો જાય છે. આદમીના શરીરનાં અસંખ્ય જુનાં અણુઓનો નાશ થતો રહેતો ન હોય, અને

તેમની જગોએ નવાં નવાં શરીરો રચાતાં રહેતાં ન હોય, તો બાળકના શરીરની વૃદ્ધિ કદી પણ થાયજ નહીં. ટુંકમાં, ખુદાતાલાની નાશ કરવાની સત્તા એ તો જે તે પદાર્થની વૃદ્ધિ અને ઉંચી હાલત કરવા અર્થેજ છે. જેમ શરીરમાં થતો ચાલુ ને ચાલુ સંહાર એ કાંઈ ત્હારો સમુળો નાશ કરવા અર્થે નથી, પરંતુ ત્હારી ઉન્નતિને માટે છે, તેજ પ્રમાણે મરણ પ્રસંગે થતો મોટો સંહાર પણ ત્હારા છેવટના વિનાશને માટે નથી, મગર ત્હારાં પ્રગતિકરણ, ત્હારી આત્મિક વૃદ્ધિ અને ત્હારી ઉન્નતિને સારૂજ હોય છે. પાપ અને દળિદ્રતા એ બન્નેવ તો જોડિયા ભાઇઓ છે, માટે તે કદી છુટા પાડી શકાવાના નથી. પાપની પાછળ કંગાળિયત તો આવવાનીજ. માટે જે સારૂં છે તેનોજ વિચાર રાખો ભાઈ. જે ખોટું છે તે તમો ના જ કરશો વ્હાલા ભાઇ જેજે વસ્તુઓ સત્ય છે, જેજે વસ્તુઓ શુદ્ધ છે, જેજે વસ્તુઓ સુંદર છે, જેજે વસ્તુઓ સારીજ ગણાય છે, તેનુંજ તમે મનન કરો ભાઇ. ઘણીવાર તમને ગુન્હા કે પાપ કરવાનો માત્ર વિચાર થઈનેજ રહેશે, પરંતુ તે પાપ કે ગુન્હા તમે અમલમાં મૂકી શકતા પણ નથી. યાદે દેલ અગર ન બુઅદ ઝેકે ઝબાની સેહેલ અસ્ત. અગર જો ત્હારાથી ખુદાની યાદ ત્હારા દિલથી થઇ શકતી ન હોય તો જુબાનની વાતોથી પણ તેની યાદ કરવી સહેલી છે ભાઈ. જે માણસ અવિનાશી પરમેશ્વરને ન જાણતાં આ દુન્યામાંથી જતો રહે છે, તેને માટે તો અફસોસ કરી તેને દયાને લાયકનોજ સમજજો; અને જે અવિનાશી પરમેશ્વરને જાણીને આ જગત્‌માંથી ચાલ્યો જાય છે તેજ અદેખાઇ કરવા જેવો છે. કેમકે, આ જગત્‌માં ભક્તિ, દાન તથા સરળતા શિવાય બીજું એક પણ વશીકરણ ચઢિયાતું નથી. ચંદ્રમા વાંકો છે, છતાં પણ વૃદ્ધિની ઇચ્છાથી પોતાના અંગને રાત ને દહાડો ખુદા આગળ નમાવી નમાવીને પાતળું તથા ક્ષીણ કીધું છે માટેજ તે દીપે છે. પશુ પક્ષીઓ પણ પ્રેરણા બુદ્ધને લીધે તે માલેકની પ્રાર્થના દમે દમ હરદમ કરે છે, પણ માણસ તે વાત માનતો નથી.

ભાઇ નસર ! ત્હારે જાણવું જોઇએ કે જાનવરોને પણ આત્મા તો હોયજ છે હાલમાં ત્હારા જેવા કેટલાક લોકો એ વાત માનતા નથી; પરંતુ બુદ્ધ, કીંગસલે, અને વેસ્લી જેવા મહાન તત્વવેત્તાઓ અને મહાત્માઓ પણ માની ગયા છે કે, જાનવરોમાં પણ આત્મા તો છેજ છે, પક્ષીઓ પણ આત્મા ધરાવે છે, અને તેથી તેમની પ્રેરક ભક્તિ પરમેશ્વર સાંભળે છેજ. મહમદ પેગંબરે પોતાના અનુયાયીઓ આગળ કુરાન સંભળાવતાં સંભળાવતાં જ્યારે કુરાનનો છેલ્લો ફકરો સંભળાવી રહ્યા, ત્યારે તુર્તજ તેમનું માનીતું ઉંટ કેસ્વા, ગુંટણમંડિયે પડીને પેગમ્બરને નમ્યું હતું, જેથી બેહેસ્તમાં મૂગાં પ્રાણી તરીકે જો કોઇ પણ રહ્યું હોય તો તેજ ઉંટ છે, એમ મુસલમીનો માને છે. એટલુંજ નહીં, પણ ઝાડ પાન અને પત્થરની મૂર્તિ પણ આત્મા ધરાવે છે, અને તેમને પણ જે જાતની સૂક્ષ્મ બુદ્ધિ ઇશ્વરે આપી છે તે બુદ્ધિ વડે ઇશ્વરને ઓળખે છે. પ્રોફેસર બોઝે તો ફરીદપૂરમાં એક ખજુરીને પણ

પાંચે વખતની નિમાજ કરતી અનુભવસિદ્ધ પૂરવાર કરી છે. તા. ૧૫ અકટોબર ૧૯૨૦નાં બધાં વર્તમાન પત્રોમાં રંગુનથી આવેલા એક સરખા અહેવાલો ઉપરથી માલુમ પડયું છે કે; પત્થરની બુદ્ધની મૂર્તિને માણસની માફક પરસેવો થાય છે! હેનઝાડા પાસે થારાવાવ ખાતે પત્થરની બુદ્ધની એક મૂર્તિને માણસની માફક પરસેવો થાય છે, અને તે આમથી તેમ હીલે છે! સેંકડો લોકો આ સ્થળની મુલાકાતે આવે છે, અને આ મોજેજાની વિગત આપનાર સચિત્ર હેન્ડબીલો વહેંચવામાં આવેલાં હોવાથી લોકોમાં આ બનાવથી ઈશ્વરની ભકિત વીશે બહુ ધ્યાન ખેંચાયું છે. શું ત્યારે અક્કલમંદ ઈનશાનજ દાદાર અહુરમઝદની બંદગીનું બળ નહીં સમજે?

દ્વિજ દ્વિજસે લરિ ભકિત બિન, ખગ ખગસે જુત ભક્ત;
સકલ કતાંત કતાંત સમ, કં કં પ્રભુ નાસકત.

પરવરદેગારની બંદગી વગર દ્વિજ યાને બ્રાહ્મણ તે પણ દ્વિજ યાને પક્ષી જેવાં જનાવર જાણવાં. અને ખગ જે પક્ષી છે, તોપણ તે પરવરદેગારની બંદગીવાળાં છે તો તેમને ખગ કહેતાં સૂર્ય ચંદ્ર વિગેરે દેવતા જેવાં જાણવાં. જૂઓ કે, ભુશંડીજી કાગડો, શ્રી ગરૂડજી, અને જટાયુ વિગેરે દેવથી પણ મોટા કહેવાયા; તો પછી ઉપલી સરખામણીમાં નવાઈ શી હતી? સઘળાં સિદ્ધાંત જો ભકિત રહિત હોય તો તે કાળાં કાળ જેવાં કહેર ઉપજાવનારાંજ સમજવાં. જો પ્રભુ સાથે આસકિત ના હોય તો કું એટલે સુખ, તે બધાં કું એટલે અગ્નિ જેવાં થઇ પડે છે. માટે બંદગી વગરનાં સુખ તે સુખ નથી ભાઇ. પરંતુ જેવી રીતે પૂલ કે નાળાંની એક બાજુએથી પેસીને બીજી બાજુએથી પાણી નિકળી જાય છે, તેવી જ રીતે અધર્મી અને શંકા ઘાલ્યા કરતા સંસારી માણુસના અંતઃકરણમાં ભકિતની ધાર્મિક શિખામણો જરાએ અસર કર્યો વગર એક કાનેથી દાખલ થઈને બીજે કાનેથી નિકળીજ જવાની. કુમ અને કાશન નામના ઈરાનનાં બન્ને શહેરોમાં મશજીદો અને રોજા, એટલા તો ઉભાઇ જાય છે, કે "જેટલાં ઘર તેટલી મશીદ" એવું ત્યાં બોલાય છે, પરંતુ ત્યાંના લોક "પહીલા પોટોબા નંત્તર વિઠોબા" કરનારાં હોઇ પેટનીજ પૂજા કરવાનું કામ મોટું ગણતાં હોવાથી, તેઓ રોટી મેળવવાનાં પણ વેવળાં મારે છે. ચાકરી કરે તો ભાકરી મળે, પણ જેઓ પેટની ચાકરી આગળ પ્રભુની ચાકરી કરતાં નથી, તેઓ ઓછીજ ભાખરી મેળવે છે.

स्वस्मिन्नेव हि वर्त्तेते स्वर्गो नरक एव च ।

સ્વર્ગ અને નરક તમારા પોતાનામાંજ રહેલું છે, તમે ભકિત કે અભકિત વડે બેમાંથી ગમે તેને ખીલવો. ઇશ્વરનું વચન છે કે, જે સઘળાઓ તમે મહેનત કરો છો, અને જેમને શીર ઘણો બોજો છે તે સઘળાઓ મ્હારી પાસે આવો; એટલે હું તમને આરામ આપીશ! તમારાં અંતઃકરણને આકુળ વ્યાકુળ થવા દો નહીં; તમે મ્હારા ઉપર યકીન રાખો તો તમે દુઃખી ન જ થશો!

સબક ૨૫ મો.

બંદો કરે બંદગી, ને પાપી ફૂટે પેટ !

Wheresoever the search after truth begins, there life begins. Wheresoever that search ceases, there life ceases.

Ruskin.

નસરઃ—ભાઈ વિરાફ ! જેટલો વખત તમે મ્હને બંદગીનું વાસ્તવિકપણું સમજાવો છો તેટલો વખત તો મ્હારાં દિલમાં કંઈક ઝળઝળિયાં ને ગીળગીળિયાં છૂટે છે, પરન્તુ તમારીજ સમજાવેલી વાતો હું જયારે મ્હારી "ફ્રેન્ડલી યુનિયન"માં કે "પ્રેમ કલબ"માં કરૂં છું ત્યારે ત્યાંની સમજાવટથી મ્હારૂં મસ્તક પાછું ફરી જાય છે, અને નસીબ ખરૂં કે કર્મ ખરૂં ? ઉદ્યમ સાચો કે શકિત ? તેના ડગમગમાં મન મ્હારૂં ફરી જાય છે. એનું શું કારણ ?

વિરાફઃ—એનું કારણ, સત્સંગ ત્યજીને દુર્સંગ મળે એટલે આમજ થાય ભાઈ. માટેજ સંત સંઘ કરો. માટેજ સત્સંગ રાખો. આકાશમાં જેમ સૂર્ય ઉંચે ચઢતો જાય છે, તેમ જમીન ઉપર છાંયડો કમી જ થતો જાય છે તેજ માફક એક નેક માણસ ભકિતમાં જેમ જેમ ઉંચે દરજજે ચઢતો જાય છે, તેમ તેમ આ સંસારી ખટપટોનો શોખ કમતીજ રાખતો જાય છે. જેમ સુકાં લાકડાં ભેગું લીલું લાકડું પણ બળીને ભસ્મ થઇ જાય છે, તેમ પાપીના સંગથી પુણ્યશાળી પણ પાપીના જેટલી શીક્ષા પામે છે; વાસ્તે પુણ્યવાને પાપીનો સંગ નજ કરવો. જો દુર્ગંમ વિંધ્યાચળમાં રહેવું પડે, જો ખાધા પીધા વિના ભૂખે મરવું પડે, જો સાપોથી ઘેરાયલાં વેરાનમાં સુવું પડે, જો કૂવામાં પડવું પડે, અથવા ઉંડાં પાણીમાં પડવું પડે, તો તે પણ ઉત્તમ છે, પરન્તુ જયાં નાસ્તિક વિચારો ચાલતા હોય, જયાં અધર્મ શિખવાતો હોય, ખુદાની હસતી વીશે જયાં નકારો થતો હોય, જયાં બંદગીનું સોટપ ઉતારી પાડવામાં આવતું હોય, ત્યાં તો એક ઘડી પણ ઉભાં રહેવું નઠારૂં છે. બાઇબલમાં કહ્યું છે કે, મદારીનો વાંસલી વજાડવાનો અવાજ રખેને પોતાના કાનમાં પેસી જાય, ને રાગ ઉપર રખેને પોતાને વશ થવું પડે, એટલા માટે વાંસલીનો અવાજ લગાર પણ સંભળાતાં સાપ પોતાના કાનો બંધ કરી દે છે, તેજ પ્રમાણે નાસ્તિક અને અધર્મી વિચારો ને વાતો જયાં થતી હોય ત્યાંથી તો ત્હારા કાનમાં રૂના પુમરાં ખોસીને તું નાશીજ જાજે; કેમકે ખુદાની ખુદાવંદી અને તેની હસ્તી તર્કથી કે વાદવિવાદથી કે કશાંથી પણ એકાએક સમજાવી શકાતીજ નથી, પણ જેની સેવા ચાકરી, અને જેની ભકિત વીશે દાદાર અહુરમઝદની ખાત્રી થાય છે તેનાજ અંતઃકરણમાં તે પોતાનોં પ્રકાશ કરે છે. એટલા સારૂ બંદગી અને પરહેઝગારી વગરનો માણુસ તો હાથમાં મસાલ રાખે છે પણ તે પોતે તો આંધળોજ છે.

બી ફાએદે હરકે ઉમ્ર દરબાખ્ત;
ચીઝી ન ખરીદો ઝર બી અંદાખ્ત.

જેણે બંદગીના લાભ મેળવ્યા વગર ઉમ્મર પૂરી કરી તેણે તો જાણે કે કોઇ ચીજ ખરીદ નહીં કીધી, ને નાણું ધૂળમાં નાખી દીધું. ભાઇ નસર! પાખંડ મત માનનારા સર્વેંટસનું મોત કાલ્વીને ૧૫૫૩માં શા માટે આણ્યું? ત્હારી માફક માત્ર ધર્મ સંબંધી તકરારમાં મતભેદ પડયો તેથીજ સર્વેંટસે પોતાના નાસ્તિક પાખંડી વિચારો માત્ર જાહેર કીધા, ને પ્રભુ ભક્તિ ના પાડી. અને કાલ્વીનનુ મત એ હતું, કે જે પ્રભુએ નિર્માણ કરેલું છે તે કદિ ફરતું નથી. પ્રભુની ભક્તિ ને મહેરબાની અનિવાર્ય છે. પાપ કર્મ એજ સર્વ દુઃખનું મૂળ છે. ચોક્કસ છૂટકારો, તારણ, અને મુક્તિ ભક્તિથી છેજ છે. ભાઇ! સત્સંગ એજ આખર સૂધીનું તારણ છે. ભક્તિના આ વિચારોની વિરૂદ્ધ વિચાર જણાવતાં સર્વેંટસે વિના પ્રયોજને પ્રાણ ખોયો હતો. ત્યારે

હર હાલતમેં લાઝમ હય બંદેકો શુક્ર ગુજારે,
જો મૌલાકી મરઝી હો ઉસમે દમ કભી ન મારે

ખલીફા મામુનના વખ્તમાં એક શહેરમાં બે ભાઇઓ રહેતા હતા. તેમાંના એક ભાઇએ કોઇ ગુન્હો કર્યો, ને શિક્ષામાંથી બચી જવા સારૂ પરદેશ નાશી ગયો. મામુને બીજા ભાઇને ફરમાવ્યું કે; “ત્હારા નાશી ગએલા ભાઇને હાજર કર; નહીં તો તેને બદલે તું ફાંસીએ જા!” પેલો કહે; “હે ખલીફા! આપનો કોઈ અમલદાર મ્હને મારી નાખવા ચાહે ને આપ મ્હને છોડી મૂકવાની આજ્ઞા કરો તો તે અમલદાર મ્હને છોડી મૂકે કે નહીં?” મામુન કહેઃ—હા. “ત્યારે જે બાદશાહોનો બાદશાહ પરવરદેગાર, તેના પાસેથી મ્હને છોડી મૂકવાનો હું અભય પત્ર લાવ્યો છું, પાકો પરવાનો લાવ્યો છું, માટેમ્હને છોડી મૂકો!”” મામુન કહેઃ—“પણ તેની ખાત્રી શી?” ત્યારે તે બોલ્યોઃ—“પ્રભુની આજ્ઞા છે કે, નિમાજીને દુઃખ ના દેવું. હું નિમાજ કીધા શિવાય મ્હોં પર અન્ન પાણી મૂકતો નથી. અને વળી એકનો કરેલો અપરાધ બીજાને લાગુ પડતો નથી સાહેદત જોઇએ તો વાંચો કુરાન!” મામુને પોતાના ધર્મશાસ્ત્રના આધાર ઉપર તેને નિમાજી જાણી છોડી દીધો, અને તેનો છુટકારો ચાહ્યો.

જેહાંદાર ગર દાદગર બાશદી;
ઝે કુર્માને ઊ ક્ય ગુઝર બાશદી?

પરવરદેગારજ જ્યારે સાચા ન્યાયનો કરનારો છે ત્યારે તેના કુદ્રતિ નિયમો તોડી શકાશેજ કેમ? ધર્મ અને ખુદા તરફની ફરજ, બંદો અને બંદગી, મોત અને ન્યાય, સ્વર્ગ અને નરક, એનો જે વારંવાર વિચાર કરે છે તેને હાથે આપોઆપ જરૂર સારાંજ કામ થાય છે. ઓ ભાઇઓ! અરે દીનદારો! ઈમાનવાળાઓ! તમે

ખુદાનો ડર જરૂર રાખો, અને જેઓ બંદગી કરનારાઓ છે તેમના સાથે ને સાથે રહી, તેમની બંદગીમાં ખલલ ન કરો; તેમનું ઇમાન નહિ તોડો. દુઃખ છતાં, મનમાં વિકાર થવાનું પ્રત્યક્ષ કારણ હોવા છતાં પણ જે પોતાનાં ચિત્તને ઇશ્વર વીશે શાન્ત રાખી શકે છે, તેજ ખરા ધીર, અને વીર પુરૂષો ગણાય છે. મીકાયેલ, ગ્રેબ્રીયેલ, લામાયેલ, રાફાયેલ, ઝેચરાયેલ, એનાયેલ અને ઓટીફાયેલ એટલા ૭ સાત ફરેસ્તાઓ ખુદાના તખ્ત આગળ ઉભા રહે છે, તેઓ જન્મથીજ કાંઇ ફરેસ્તાઓ નહતા, પરંતુ આખા ભવના ભવ ખુદાનું ચિંતન ને ખુદાનાજ વિચારો કરી ભક્તિનેજ પકડી રહ્યાથી માણુસાઇ અવતારમાંથી ફરેસ્તાઇ અવતાર તેમણે ધારણ કર્યો છે. કેમકે સ્થુળ દેહ એ આપણે નથી, પરંતુ આપણો વિચાર એજ આપણે છીએ. તુર્કોના પાદશાહ સુલતાન સલાદીન જે ખુદાની ભકિત કરવામાં સદા રોકાયેલો રહેતો હતો, તે જ્યારે મરણ પામવા લાગ્યો ત્યારે ફરમાવી ગયો હતો કે; “ કાંઈ પણ ઠાઠમાઠ કે દમામદાર પાયદસ્ત ક્રિયા ન કરતાં એક ધર્મગુરૂએ એક ભાલા ઉપર મ્હારૂં પહેરન લટકાવીને એટલુંજ બોલતાં બોલતાં મ્હારાં રૂઆનની આગળ ચાલવું કે; “ પૂર્વ દેશોનો જીતનાર સલાદીન પાદશાહ પોતાના મબલગ ખજાનામાંથી, પોતાની જાહોજલાલીમાંથી, એક પહેરન અને ખુદાના નામ અને નિમાજ શિવાય બીજું કંઇ પણ પોતાની સાથે લઇ જતો નથી, તે જૂઓ લોકો! જનાજાની સાથે સાથે તો એની નિમાજ જ ચાલે છે ! ”

આપણા પાક સદ્‌ગુરૂ જરથોસ્તનાં અમૃત વચનરૂપી બંદગીની દીવાલમાં જડાયા વિના, હે નસર ! ત્હારાં મનરૂપી રસ્તા ઉપરનું રોડું ઠરીને સ્થિર બેસવા નહીંજ પામે. રસ્તા ઉપરનાં રોડાંને રસ્તે જતાં આવતાં સૌ કોઇ જેમ ઠોકર મારીને ગબડાવી દે છે, તેમ ત્હારૂં વગર શ્રદ્ધાનું મન પણ ઘણા ઘણા શહમારૂઓનાં તરેહવાર વચનો સાંભળી સાંભળીને રોડાંની માફક અહિં તહિં ગબડતુંજ રહે છે. માટે આપણા એક સદ્‌ગુરૂ પેગંબરનાં વચન રૂપી ભિંતમાંજ ત્હારૂં યકીનદાર મનરૂપી રોડું હવે વહેલો વહેલો જડી દે !

સુગુરૂ બાંનિ ભીંતિ જડે, બિન મન થિરત ન પાઇ:
ઇન ઉત અતિ રૂરકત ફિરે, મગરોરાકી નાંઇ.

મૃત્યુ આવી ઉભું રહે ત્યારે ગાયન જોડવા ને વળી તે રાગ કાઢીને ગાવા મેન્ટેસ્તેશ્યોને કોણે જોમ ને જોર આપ્યું હશે કે, “મ્હારા પ્રાણનો મુખ્ત્યાર હું પ્રભુને કરૂં છું, મ્હારા જીવનો હાથ પ્રભુના હાથમાં આપું છું, અને હે પરમેશ્વર! ત્હારી દયા માગું છું !” એવું ગીત તેણે મરતી વખતે ગાયું હતું ! તેનું કારણ એજ હતું કે, તેનો ઘણો વખત બંદગીમાંજ પસાર થયો હતો. તેનું વચન એજ હતું, કે ઇશ્વરની ભકિત કરવામાં રોકેલા વખતને લીધે મ્હારાં કામકાજોમાં તથા ધંધામાં જરાએ ખલલ કે હરકત આવી નહોતી. મેન્ટેસ્તેશ્યોની માફક માઝદીયશનાંનો

પણ સ્પેન્ટોમદ ગાથા ભણતી વખતે આમજ પ્રાર્થના કરે છે કે;

તએચા મઝદા થ્વહ્મી આહામ નિપાઓંઘહે મનો વોહૂ ઉશ્નસ્યા અષાઉનામ નેમસ્યા યા આર્મઇતિશ ઇઝાચા માંઝા ક્ષથા વઝ્દવહા અવેમીરા.

ઓ હાદાર ! નેક મનશ્નીથી કરેલી બંદગીવાળા લોકો, જેમની નેક ખસ્લત અને આબાદીને લીધે તેમના અશો થએલાં રૂવાનને ત્હારા આશ્રયમાં હું સોંપી દઉં છું. તેમનું સર્વસ્વ હું તનેજ અર્પણ કરી દઉં છું, કેમકે મ્હારી અધ્યાત્મિક ઉન્નતિ (Spiritual progress) થયા શિવાય મ્હારી આધિ ભૌતિક ઉન્નતિ (Mattirial progress) નકામી છે, અને જે ખુદાવીંદ પાક ઉપર વિશ્વાસ રાખે છે તે કહિયે પણ નિરાશ થવાનો નથી; કારણ કે એક નાની સરખી મીણબત્તી પોતાનો પ્રકાશ કેટલે બધે દૂર સુધી જેમ પ્રસારે છે, તેવીજ રીતે મ્હારી એક નાની સરખી પ્રાર્થના અને મ્હારૂં ન્હાનું જેટલું સત્કર્મ આ ખાકી જગતમાં સર્વત્ર દીપીજ રહે છે. માટે કે

બંદે ! મત કર પરવા કીસીકી, મત મંગ કીસીકે પાસ;
અપને સાહિબકો યાદ કર; તેરી પુરે પલકમેં આસ !

બંદા ! તું કહિયે કોઇની પરવા કરતો ના; બીજા કોઇ સોડથી યાચના ને આજીજી કરીને કંઇ માંગતો ના; આપણા ઇશ્વરનેજ યાદ કર, તેનીજ પાસે માંગ, એક સપાટામાં તે મોટો બાપ ત્હારી ઉમ્મેદ પાર પાડશે.

સબક ૨૬ મો.

ભકતનો પ્રેમ આત્મા ઉપર, અને અભકતનો પ્રેમ લાભ ઉપર.

"No man can hinder our private addresses to God: every man can build a chapel in his breast, himself the priest, his heart the sacrifice, and the earth he treads on the alter."—*J. Taylor.*

નસર—"ભાઈ વિરાફ ! બંદગી કદાપિ કર્યે, પણ બંદગીથી કાંઇ પેટ ભરાય ? પેટમાં ભમૂખ ઉઠે તો મનમાં પણ ભકિતનું ભડકું કેમ ઉઠે ? પેટ જ્યારે ખાવાનું માગે ત્યારે મન ભગવાનને કેમ ભજે ? શું ખુદાને અથવા ખુદાના પ્રકાશને કે તેના જલવાને તમે એક પણ વાર દીઠાથી તેના ઉપર બંદગીની ફીદાગીરીમાં ખેંચાયા છો ? આપણ સંસારી માણસો સંસારની ખટપટોમાં ધ્યાન નહીં આપીને ચોવીસે કલાક ખુદાની પ્રાર્થના કરતા કેમ બેસી રહો ? વળી જ્ઞાન કે જાણ થયા વગર પેગમ્મરના આપેલાં શાસ્ત્રોનાં વચનો દરરોજ એક ને એક "ઓમ ! એમ !" પટપટિયા કરતાં શું કંટાળો ન આવે ? જે આશમાની ને આકાશી ને અસ્તાઈ જબાંનોમાં આપણી બંદગીઓ છે, તેનો શું સાર છે, તે સમજ્યા વગર રોજનું

રોજ એક ને એક "ઓાઊ–ઓાઊ" બડબડયા કરવા કોને ગમે? વગર જાણ્યું "અહુરા—અહુરા" બકવાથી લાભ શો? ખુદા કયાં છે? કેવોક છે? તેની હસતીની જરૂર શાથી માનવી? એ ગુંચવાડા જ્યાં સૂધી મનમાં હોય ત્યાં સૂધી ભકિત કેમ થાય? જ્યાં સૂધી સંસારથી નિવૃત્તિ ને એકાંતવાસ નહિ મળે ત્યાં સૂધી મનન, ચિંતન કે ભકિત એક સંસારી માણસથી થાયજ નહિ."

વિશાફ઼:—ભાઇ નસર! નાસ્તિક અને અધર્મી આદમીના મનમાં ખુદાની હસતી, ખુદાનો ડર, અને ખુદાની બંદગી એ ત્રણ વાતો સિવાય બીજું સર્વ કાંઈ તો ભરેલુંજ હોય છે વઝ આતેશ નેયાબી મગર તીરેહ દુદ=અગ્નિના સોલ્લામાંથી કાળા ધુમાડા સિવાય બીજું કાંઇ જડવાનુંજ નથી ત્હારાં મનનાં ભૂતડાંને જ્યાં સૂધી તું આવા વાહિયાત વિચારોથી રોકેલું રાખશે નહીં ત્યાં સૂધી તને બંદગીની લ્હેર લાગશેજ નહીં. માઇકલ સ્કૉટ સાથે હળી ગએલ ભૂતથી રક્ષા પામવાનો માત્ર એકજ રસ્તો સ્કૉટ સમજતો હતો, અને તે એજ, કે તે ભૂતને હરદમ કામમાં રોકાયલો ને ગુંથાયલો રાખવો. એ ભૂતડું તે આપણું મન છે. હે ભાઇ! તું ખુદાને જોવા માંગે છે, પણ ખુદા કાંઇ જોવાની વસ્તુ હોય તો હું તને દેખાડું ને!

"ઔર વસ્તુ ચાહિયે તો દીપક પ્રકાશ કરે;
દીપકકે ચાહિવેકો દીપક ન ચાહિયે!
ઔર સબ દેખીવેકો આંખી સુખદેવ કહે;
આંખિનકોં દેખીવેકોં કાકોં અબ ગાહિએ.
સૂર્યકો પ્રકાશ પાય સબકો પ્રકાશ હોત,
સૂર્યકો પ્રકાશ જૈસે સ્વતઃ સહરાઇએ.
અગ્નિમાંય દાહ રૂ પ્રકાશ જૈસેં આપહિતેં,
તૈસેં સ્વ પ્રકાશ એક આતમસોં ચાહિએ!"

બીજી વસ્તુને દેખાડવાને દીવાની જરૂર પડે છે, પણ દીવાને દેખાડવાને કાંઇ દીવો જોઈતો નથી. તેમજ બીજી વસ્તુ જોવાને આંખની જરૂર પડે છે, પરંતુ તેજ આંખ્યોને જોવા સારૂ બીજી આંખોની જરૂર પડતી નથી. વળી સૂર્યનો પ્રકાશ પામીને બધી વસ્તુ પ્રકાશે છે, પણ સૂર્યનો પ્રકાશ કરવાને કોઇ બીજા સૂર્યની જરૂર પડતી નથી. અગ્નિમાં જે રીતે બાળવાનો અને પ્રકાશ પાડવાનો ગુણ રહેલો છે, તે ગુણ મેળવવાને તે અગ્નિને બીજા અગ્નિની જરૂર રહી નથી એજ રીતે આત્માને વિષે પ્રકાશ ખુદ આત્માનો પોતાનોજ રહેલો છે. આત્મા પોતેજ સ્વયં પ્રકાશ છે, તો બીજા આત્માની કયાં જરૂર રહેલી છે? જે અદ્વૈત્ય એવા અહુરમઝદ એકજ છે, આ સંસારમાં ભિન્ન ભિન્ન કાંઇ પણ નથી, આ જે સર્વ માયિક છે તે અજ્ઞાનતાથી સત્યરૂપે ભાસે છે, તો પછી પોતાના આત્મા સાથે સંબંધવાળા થવું, એજ જ્ઞાન પ્રાપ્ત કરવાનો ટુંકો માર્ગ કહેવાશે. અને વળી જ્યારે જ્ઞાન અને ભક્તિ એ બેઉ સાથે

હોય ત્યારે તો જાણે સોનું ને વળી સુગંધ સાથે મળ્યાં હોય તેના જેવો આનંદજ આનંદ થાય હે ભાઇ ! આ ખલકતમાં પહેલાં કંઇજ નહોતું. આ આપણી દુન્યાંની ઉત્પત્તિની પહેલાં, કેવળ એકજ અહુર્મઝ્દ વ્યાપી રહેલા હતા, માટે અજન્મા મહાન આત્મા ને પોતેજ છે તે સાહેબે આ સૃષ્ટિ અને આ જગત્ રચવાનો વિચાર કરીને, તેની રચના તે એકેજ કલ્પવાથી આ સર્વ ઉત્પન્ન થયું; તે માલિકે ઇચ્છા કરીને એક શુદ્ધ અવાજ કર્યો, જેને પહેલો અવાજ કહે છે, તે "પહેલા અવાજ" ના પહેલા ધ્વનિથી આ જગત્ આપો આપ રચાઇ ગયું છે. ઘણી ખરી બધી પ્રજાઓ અને મહાત્માઓ પ્રભુના ધ્વનિમાંથી જગત્ રચના રચાઇ એવું માની ગયા છે. હિંદુઓમાં ઔંઃ એવો ધ્વનિ પરમેશ્વરે પ્રથમ કાઢેલો માનવામાં આવે છે. એ ઔંઃ આપણા ધર્મના અષાઉમ અથવા અહુમને લગભગ મળતો છે.

અંગ્રેજી શબ્દ Amen ને સહેજ મળતો ઔંઃ શબ્દ છે. સાવીત્રી દેવીને, ઔંઃ ઉચ્ચાર વારંવાર ખુશાલીના પ્રસંગે પોકારતી કહી છે, જેનો અર્થ "તેવું થાવ" એવો થાય છે. બ્રાહ્મણો પોતાના પાઠો ને ભજનો શરૂ કરતાં ને પૂરાં કરતાં ઔં: અવાજ કાઢે છે. સાધુ સંતો એજ ધ્વનિ નાભી કમળમાથી પોકારે છે. 'ઔં મની પદ્મે હુમ" એવું વાક્ય ટીબેટ ને મોંગોલીઆમાં ઝોળીમાંનાં બચ્ચાંને બોલતાં શિખવે છે; ને મરતી વખતે ઘણે ભાગે એજ ઉચ્ચાર કરીને ત્યાંના રહીસો મરે છે, જેથી તેઓ સ્વર્ગમાં પહોંચતા માને છે. અહુરાના "અષાઉમ !" ધ્વનિ બહાર કાઢવાનાં મહા કાર્યને હસી ન નાખો ભાઈ ! ઔંઃ કે "અષાઉમ અહુરમઝ્દ" એ બડબડાટના શબ્દો નથી ભાઇ. આ અક્ષરોજ સર્વત્ર છે. એ ઔંકારનો સાદો અર્થ તો એજ છે કે, ભૂતકાળ, વર્ત્તમાન, અને ભવિષ્ય આ બધામાં ઔંકાર છે, જેથી બંદગી કરનારાઓ માટે મંત્રો કે માથવાણી રચી જનારા મહા સાલેકોએ જોડેલાં ભક્તિનાં ભજનોમાં અઊમનો અવાજ વારંવાર અજાણપણે ભકતોથી થયાજ કરે છે. આ પવિત્ર મંત્ર ઉચ્ચારતાં કંટાળો કે થાક લાગેજ નહીં. એ ખુદાઇ અવાજે શુદ્ધ રીતે ભણતાં ભણતાં આપણે તે કીરતારની નકલ કરતા થઇ પડયે છિયે, ને પછી તેવા થવા માંડયે છિયે. શાહનામામાં ફીરદુશી કહી ગયા છે કે;

દો ગેતી પદીદ આમદ અઝ કાફો નુન;
ચેરા નેહ બ ફર્માને ઊ દર ન ચૂન ?

કાફ અને નુન એ ઉચ્ચાર ખુદાતાલાએ ઉચ્ચારતાંજ આ અને પેલી જેહાંન ઉત્પન્ન થઇ ચૂકી છે, એવા તે નહીં માપ કરી શકાય તેવા મોટા હાકમના હુકમ વિષે ચુનોચેરા કરીને વખત ગુમાવવો વ્યર્થ છે ભાઇ. કાફ અને નુન એ બે અક્ષરથી અરબ્બી ભાષાનો કુન શબ્દ થાય છે. કુન=એટલે "થઇ જા !" અર્થાત; અહુરમઝદના પવિત્ર મુખ કમળમાંથી "કુન" એટલે થા ! એવો હુકમ નિકળતાંજ તુરત આ લોક અને પરલોક સર્વ ઉત્પન્ન થયાં. છેવટે વિચાર કરતાં તને જણાશે

કે, "આ જગત એ તો માત્ર માયાનો પસારો છે." એમ સમજીને તેને સંકોચતો સંકોચતો તું જો તેનાં મૂળ તરફ જાયા કરે તો અંતે પોતેજ એક ઇશ્વર રહે. દીવામાંથી કે સૂરજમાંથી કિરણો નિકળી ફેલાય છે, અને તેમાં કંઇ કંઈ રંગ ને ઢંગ ભાસે છે. તે બધાંનો વિચાર ન કરતાં એ કિરણો કયાંથી નિકળે છે એ જોતાં દીવાનું અને સૂરજનું જેમ જ્ઞાન થાય છે તેમ એક અહુરાજ સર્વમાં છુપો રહેલો જણાય છે. તે સર્વ વ્યાપી છે, અને સર્વ જીવોનો અંતર આત્મા તેજ છે. આપણાં કર્મનો મૂખી પણ તેજ છે. સર્વ જીવોમાં એનોજ વાસો છે. તે શાક્ષી છે, ચેતન છે, પણ નિર્ગુણ ને નિરાકાર છે. તેનું ને તેનું ધક ધ્યાન કીધાથી તું જ્યાં જોશે ત્યાં તને તેનુંજ સ્વરૂપ દેખાશે. સરદાર ડયુરેન્ડાર્ટી વ્હાલા બેલેર્માને એટલો તો ચાહતો હતો, તેણે બેલેર્માની સાત સાત વર્ષ વેર એવી તો સેવા ચાકરી કરી હતી કે, જ્યારે રોન્સેસવાલીસની લડાઈમાં તે માર્યો ગયો ત્યારે મરતાં મરતાં પોતાના પિત્રાઇ મોન્ટેસીનોસને મરતી વખતની એટલીજ ઇચ્છા જણાવીને મરણ પામ્યો હતો કે; "મ્હારૂં જીગર ચીરી કાઢીને બેલેર્માને સ્વાધીન કરવું. તેમાંથી "બેલેર્મા! બેલેર્મા!" એવાજ અવાજો હમેશાં નિકળશે!" અને બેલેર્માનું ધક ધ્યાન બસ ડયુરેન્ડાર્ટી ઉપરજ સદા કાળ ચોંટેલું હોવાથી તેને પણ "બેલેર્મા!—બેલેર્મા!" એવાજ અવાજો પોતાના આશકનાં જીગરમાંથી સંભળાયા હતા! એ પ્રમાણે હે ભાઈ! રામ તો તેનેજ મળે છે, કે જે હનુમાનની પેઠે હીરાના હારોને અને મોતીની માળાઓને ફેંકી દઇને કહે કે:—"જેમાં રામ નથી એવા આ હીરા મોતીના ઢગલાનાં ઈનામને હું શું કરૂં?" અને જ્યારે હનુમાનનું જીગર ચીરવામાં આવ્યું ત્યારે બધેબધ રામ શબ્દોજ દીઠામાં આવ્યા હતા!

देहेंद्रिय मनोबुद्धि प्रकृतिभ्यो विलक्षणम्।
तद्वृत्ति साक्षिणं विद्याद्दात्मानं राजवत्सदा॥

જેમ રાજા પોતાની રાજસભામાં બેઠેલા રાજદ્વારી પુરૂષોનો સાક્ષી તથા પ્રેરક હોવા છતાં તે દરબારીઓથી જૂદોજ છે, તેમ આત્મા પણ શરીર, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, અને પ્રકૃતિ, એ સઘળાંથી વિલક્ષણ અને જૂદોજ છે; તો હે ભાઇ તેને આ આંખોએ જોવાની આશા ન રાખ, ભક્તિ કરવાની તલબ કર, જેથી ત્હારી અંદરની મીંચાઇ રહેલી આંખો ઉઘડી જઈ પ્રગટ થશે. હે નસર! હવે એકાંતમાં ત્હારા પોતાના આત્મા સાથે સંબંધવાળો થઈ જા, તું પણ તે સત્યના પ્રકાશને પરખી લેશે.

સબક ૨૭ મો.

બંદગી રૂપી કીટ, જ્ઞાન રૂપ ભમરી થઇ જાય!

O, speed the moment on
When Wrong shall cease, and Liberty and Love

And Truth and Right throughout the world be known
As in their home above.—*Whittier*.

નસરઃ—"શું બધાજ બંદગી કરવાવાળા લોકો આમ ખુદા ઉપર દિવાના થઈ શકતા હશે? શું લોકોને દેખાડવા સારૂ ભકિત કરનારા ઢોંગી લોકોને આમ તે કાંઇ ઈશ્વરનો પ્રેમ ને વિશ્વાસ થતો હશે? આવી એરકે હકીકીમાં હું નહિ માનતો ભાઈ!"

વિરાફ઼ઃ—ભાઇ ખોટી અને ઢોંગી ભકિતમાંથી પણ ઘણાઓ સાચા ને જોરાવર ભકતો થઈ શકયા છે. જે **રતના** ભીલની ખોટી ભકિત હતી તેજ રૂષિ થયા, અને તેજ રૂષિ વાલ્મિકિના હાડકાંની માળામાંથી **રામ** નોજ ઉચ્ચાર સંભળાતો હતો! તેમજ છેવટ દહાડાઓ ઉપર તો અહુરાનો નાદ ત્હારામાંથી પણ નિકળશે, અને તેજ હું સાંભળીશ. માટે ઝટ તે દરજ્જે પહોંચવા સારૂ તું હરદમ અશો માણુસોની જોડે બેસવાનું કર; હમેશાં સાધુ ચરિતના માણુસોનીજ સંગત કર; વિવાહ અને મિત્રતા પણ સંતો, સદ્દગુણી અશો નરો જોડેજ કર; નાસ્તિક માણુસોની જોડે ફ઼રવાનું પણ હવે બંધ કર.

न पृथ्वी न जलं नाग्निर्न वायुर्धौर्नवा भवान् ।
एषां साक्षिणमात्मानं चिद्रूपं विद्धि मुक्तये ॥

ભાઇ! તું પૃથ્વી નથી, તું જલ નથી, તું પ્રકાશ નથી, તું વાયુ નથી, અને આકાશ પણ તું નથી. મુકત થવાને માટે એ સર્વનો સાક્ષી ચેતન રૂપ તું પોતાનેજ જાણ. Know thyself. સંસારનો ત્યાગ કરીને એકદમ ગોશ્નનશીન થવાથી, કે ધંધો ધાપો છોડી બેસીને સંસારથી વિરકત થવાથી પણ કાંઇ ત્હારાં ચિત્તને નચિંતાઇ કે શાંતિ મળવાની નથી. ત્હારી વૃત્તિ ચંચળ અને અસ્થિરજ છે તો ત્હારી શાંતિમાં જરા જરામાં ખલલ પાડવા માટે ન્હાની ન્હાની વાતો તો આ જગતમાં ઘણી ઘણી પડેલી છે. ત્હારા જેવા માણુસના મનમાં બેચેની ઉત્પન્ન કરવા માટે નજીવી વાતો પણ મહાભારત ચિંતા કરાવનારી થઇ પડે છે. જો ત્હારૂં મન શાંત ન હશે તો ગમે એવી શીતળ શાંતિવાળી ટેકરીઓએ બેસવાથી પણ તને કાંઇ ફાયદો થનાર નથી. કામકાજમાંથી ફારેગ થઈને એકાંત બેસવાનું પણ તું કરશે, તે વખતે પણ ત્હારો અંત્તર આત્મા તો ત્હારા મનનો જવાબ લેવાને તત્પર થઇ જશે. તોપણ બંદગી કરતી વેળાએ ત્હારાં મનને જો તેમાંજ સંપૂર્ણ જોડી રાખશે તો તે બંદગી ઘણીજ સહેલી ને સારી થઇ શકશે એટલુંજ નહીં, પણ વધારે ને વધારે ઉત્તમ પ્રકારે પ્રાર્થના કરવાનું ત્હારૂં બળ અને ત્હારૂં જોર વધતુંજ જશે; અને નિત ઉઠીને ત્હારી વૃદ્ધિજ થતી રહેશે હમણાથીજ ઇશ્વર કેણ? કેવો? અને શું છે? એવી ભાંજગડમાં પડવાનું તું માંડી વાળ, અને પાદિયાબ કુસ્તી કરીને થોડીક ઘડી યથા અષેમ ભણવા બેસીજ જા ભાઈ!

લ્હેર પૂછે દરિયાવ કો, મૂજકુ જલ દરશાવ !
તુમ તો જલકા જલ ભયા, તેરા લ્હેરી સ્વભાવ મિટાવ !

દરિયાના મોજાઓની લ્હેરીએ દરિયાને પ્રશ્ન કર્યો કે, તું મ્હને ત્હારાં પાણીને દેખાડ, અને હું જોઉં કે પાણી તે કેવુંક છે ! ત્યારે દરિયાએ ઉત્તર દીધો કે; "હે લ્હેરી ! તું પોતેજ પાણી છે, તું હાલ એટલુંજ કર, કે ત્હારી આ છલંગો મારીને તુફાન મચાવવાની ખટપટ છાંડી મેલ, અને પછી તું પોતે પાણી છેજ તે આપો આપ પાણી થઇનેજ રહેશે. સમુદ્રમાં જરાએ જગા એવી નથી, કે જ્યાં પાણી ન હોય. તેમજ આખી ખલ્કતમાં એવું એકે સ્થાન નથી, કે જ્યાં પરમાત્મા વસતો ન હોય. પરમેશ્વર પોતે પણ કહે છે કે;

अहं भवान्नचान्यस्त्वं त्वमेवाहं विचक्ष्वभो ।
ननौ पश्यंति कवयश्छिद्र जातु मनागपि ॥

હે જીવ ! હું છું તેજ તું પણ છે. મ્હારાથી તું કાંઇ જૂદો નથી. તું છે તેજ હું છું. એમ મ્હારૂં તથા ત્હારૂં એકરૂપણું વિચારી જો. હે જીવ ! જે જે જ્ઞાનવાન મહાપુરૂષો છે તે તે આપણ બન્નેમાં કોઈ સમયે જરા પણ ભેદ દેખતાજ નથી. જેઓ અજ્ઞાની છે તેવાજ લોકો આ હકીકત સમજી શકતા નથી. હે અજ્ઞાની ! જો કે મ્હને પોતાને ત્રણે લોકમાં કર્તવ્ય નથી, તેમ કાંઇ અપ્રાપ્ત પદાર્થ પ્રાપ્ત કરવાનુંએ પણ નથી; છતાં હું જેવો ઇશ્વર પણ ચાલુ કર્મ કર્યોજ જાઉં છું; માટે મ્હારા જેવી લાયકાત ત્હારામાં નથી એમ માની લઇને તેવી લાયકાત પ્રાપ્ત કરવી હોય તો તું રૂપી હુંની, અને હું રૂપી તું ત્હારીજ ભકિતને પકડ.

"મનવા ભજી લે હરી; વિચારો ભમતા દમતા બંધ કરી !—મનવા.
હરીને ભજ્યાથી ભવ દુઃખ ટળશે, જનમ ન આવે ફરી !—મનવા.
કુછંદ ફંદને અળગા કરીને, ખેલી લેને બાજી ખરી !—મનવા.
પુન્ય દાન ધરા ધર્મ કરીને, જાને તું ત્રિવેણી તરી !
બાપળિયા બહુ નામિ ભજીને, બેસી જા ઠેકાણે ઠરી !—મનવા"

ભાઇ નસર ! બંદગી માટે ગમે તો એકાંતનો ઉપયોગ કર. વળી આજે જે ક્રિયા જે સમયે કરે તે આવતી કાલે પણ તેજ વખતે કર; એક પળનો પણ ફેર પડવા નહીં દે, અને બનતાં સૂધી જે જગોએ બેસીને આજે બંદગી કીધી તેજ જગોએ કાલે પણ એકાંતે બંદગી કરવા બેસ, પછી તને ખરા વિચાર ઉત્પન્ન થશે, કે પાછી ભકિત કરૂં કે નહીં કરૂં ! ઈંગ્લાંડના રાજા વિલિયમ મરણ પામતાંજ મહારાણી વિકટોરિયાને જયારે રાણી પદ પ્રાપ્ત થયાની વધામણી પહોંચાડવામાં આવી, ત્યારે તેમની પહેલી માંગણી એ હતી કે; "મ્હને બે કલાક એકાંતમાં ગાળવા દો !" અને એકાંતે બેસવાથીજ તેમનામાં શુદ્ધ ને શુભ વિચારોના નિશ્ચયો થયા હતા. તોપણ હે ભાઇ ! એકાંતવાસ સુખકર નિવડે કિંવા દુઃખકર નિવડે તેનો

આધાર તો ત્હારી પોતાની જાતના ઉપરજ, અને ત્હારી કુદ્રતી પ્રકૃતિ ઉપરજ લટકેલો રહેશે. આંખ, કાન, નાક, જીભ, અને ચામડીનાં કોઇ પણ કામ હવે ત્હારે કરવાનાંજ નથી, એવું નચિંત મન રાખીને બંદગી કરવા બેસ. કેમકે ત્હારાં સંસારિક ચાલુ કામોની વ્યવસ્થા કીધા શિવાય ત્હારૂં ચિત્ત ચોંટવાનું નથી વ્યવસ્થા Order) એ પરમેશ્વરનો સપ્પર પહેલો નિયમ છે. સૃષ્ટિ રચનામાં ગેર વ્યવસ્થા હોતીજ નથી. સંસાર વહેવારમાં કે જાહેર કામોમાં વ્યવસ્થા જો ન રાખવામાં આવે તો કુદ્રતના કારોબારમાં પણ વિક્ષેપ આવે. માટે બંદગીને માટે પણ જગા, વખત, અને સ્થિતિને સારૂ વ્યવસ્થા કરી રાખવી સજાવાર છે. તે જગા કે વખત લોકોને બતાવી શકાય એવો ન રાખવો. બંદગી વખતની સ્થિતિ પણ લોકો નહીં જૂએ તેવીજ રાખવી. જે ધણી લોકોમાં પોતાને ભલો કહેવડાવવા સારૂ પોતાની ખાહેશ તથા શેહવતને તજીને ભકત થઇ બેસે તેણે તો હલાલની શેહવતને તથા વૈભવને તજ્યો ને હરામનો વૈભવ પકડયો એમ કહેવાય.

આબેદ કે ન અઝ બેહેરે ખુદા ગુશે નેશીનદ;
બીચારે દર આઇનએ તારીક ચે બીનદ?

જે આબેદ કે ખુદાને વાસ્તે એકાંતમાં નહીં બેસે, ને લોકોને દેખાડવા સારૂ ગોશેનશીન થાય, તે બિચારો અંધારી આરસીમાં તે વળી શું જોઇ શકવાનો હતો? જેની અંદર ખરે ખરા જ્ઞાનનો પ્રકાશ થયો છે તેજ માણસ ખરો ગુફેનશીન કહેવાય, બાકી તો બધા નામનાજ સાધુ સંતો સમજવા. જેના દિલમાં અહુરમઝદ વીશે સાચો પ્રેમ પેસી ગયો છે, તેને તો જીવતે કે મરતે તેનીજ યાદ આવવાની; અને જેનો જેવો પ્રેમ અને વિશ્વાસ તેવીજ તેની ભવિષ્યની જીંદગી પણ બંધાવાની. પ્રેયરને પટપટારો સમજનારા મીરેબોએ મરવાની કટોકટ ઘડીએ પોતાની ઇચ્છા જણાવી હતી કે; "મ્હને વધુ પ્રમાણમાં અફીણનો અર્ક પાવ, કે જેથી હું હમેશગીનો એટલે મરણ પછીના અનંત કાળનો જરા પણ ખ્યાલ નહીં કરી શકું, અને હવે પછી શું થશે તેનો વિચાર પણ હું નહીં કરી શકું!" આ દુન્યાની તેની માયાનો સજ્જડ બોધ તેનાં વચનો ઉપરથી થાય છે. તે વ્હેલો મુકિત પામે નહીં ખુદાઇ બરક્ક્ત ઉપર શ્રદ્ધા રાખનારા મહાન વકતા બર્કે ગુજરતો વખ્તે આગળ ઉભેલાં સર્વને આશીર્વાદ આપતાં કહી દીધું હતું:—God bless you! ભકત ઇરવીંગ તો મરતી વખ્તે આમ બોલ્યા હતા કે; "જીવતે કે મરતે હું તો પ્રભુનોજ છું!" આ વાકય તેને પ્રભુનો સાચો સેવક પૂરવાર કરતું હોવાથી તે પાછો જન્મ શા માટે લેશે? સર જે. રેનોલ્ડસ મરતી ઘડીએ બોલવા લાગ્યા હતા કે; "હું જાણું છું કે, પૃથ્વી ઉપરની સઘળી વસ્તુનો અંત તો છેજ, અને હવે તે અંત મ્હારો પણ આ રહ્યો, આવે છે!" એમ બોલી ગચકડું કાઢીને પ્રાણ મૂકી દીધો હતો. એ આવતે જન્મે તત્વવેત્તા તરીકે કાં નહીં ઉત્પન્ન થશે? હે ભાઇ નસર! ધર્મનાં

પવિત્ર મંત્રોના અર્થ જાણવાની કે શુદ્ધ ઉચ્ચાર કરવાની માથાફોડમાં પણ તું હાલ ના પડ. આપણા પેગમ્બર સાહેબનાં વચનો અને મંત્રો તે તો જેવાં જેવાં ડોકટરોનાં પ્રિસ્ક્રીપશન હોય છે તેવાંજ સમજી લેવાં. દરદી જાણતો નથી કે, ડોકટરે પ્રિસ્કીપશનમાં શી શી દવાઇઓ લખી, ને કમ્પાઉન્ડરે શીશીમાં શી શી દવાઈ ભરી આપી, પણ ડોકટર ઉપર એતેકાદ રાખીને સારૂં થવાની ઉમેદમાંજ દરદી તે ઓસડ પીયે છે, તેમજ આપણા મનોવિકાર દૂર કરનારા ડોકટર જરથોસ્ત સાહેબનાં આપેલાં મંત્રો યકીનદારીથી ભણવાથી આપણ મનોવિકારવાળાં દરદીઓને આરામજ થાય છે. અંધારે ખાવ તોએ ગોળ શાકર ગળ્યાંજ લાગે, ને મરચાં મરી તીખાંજ લાગે. તેમજ, વૈદનાં ઓસડ અને પેગમ્બરોનાં ગોઠવી આપેલાં મંત્રો તો અજાણપણે પણ લાભજ કરે.

તત અસ્તિ માંથ્રહે સ્પેન્તહે અમવસ્તેમેમ, તત વેરેથ્રવસ્તેમેમ, તત ખરેનંઘઉહસ્તેમેમ, તત યાસ્કેરેસ્તેમેમ, તત વારેથઘન્યોતેમેમ, દએવનામ મષ્યાનામ્ચ, તત વિસ્પહે અંઘહેઉશ અસ્તવતો મન અસ્તિ વીજઘમિશ્તેમ, તત વીસ્પહે અંઘહેઉશ અસ્તવતો અંઘહવામ અસ્તિ વીમરેઝિશ્તેમ. (હોરમઝદ યસ્ત)

મંત્રો, માથ્ર, અને પવિત્ર વાણીના કલામો દુ:ખમાં ઘણાજ હિમ્મત આપનારા, કામકાજમાં ઘણી ફતેહ આપનારા, ઘણાજ પ્રકાશિત ખોરેહથી હુમલાને હઠાવી સૌથી સરસ અસર ઉત્પન્ન કરનારા, શત્રુઓને ફતેહમંદ રીતે મારનારા, રોગી કે દર્દીને વહેલી તંદોરસ્તી આપનારા, દુષ્ટ શકિતઓ તથા દુષ્ટ શત્રુઓની ખરાબીઓને ભારે શિકસ્ત આપનારા, જ્યારે આપણું મન આકુળ વ્યાકુળ હોય ત્યારે મનને શાન્ત પાડનારા, આપણામાં વિકાર ઉત્પન્ન થયા હોય તે સર્વને સ્વચ્છ કરી નાખનારા હોય છે, માટે જ્યારે પણ કોઇ પણ જાતનાં દુ:ખ દર્દો આવી પડયાં હોય ત્યારે જેના તેના ધર્મના ધાર્મિક મંત્રો, માથ્રવાણી એક ચિત્તે ભણવાથી જરૂર શાન્તિ થયા વિના રહેતી નથી. માણસ એકજ સમયમાં બે વિષય પર મન આપી શકતો નથી. માટે જે વેળાએ બંદગી કર્યે તે વેળાએ સંસારી ખટપટોમાં મન પરોવવું નહીં. નેપોલ્યન એકજ કામ એક વેળાએ કરવાના નિયમવાળો નો'તો. તે "અશકય" કંઇજ નથી એમ કહેતો. જો કે એકાગ્રતા રાખવાથીજ દરેક માણસ એક કામ હાથમાં લઇ પાર પાડી શકે છે, તો પણ આ નિયમનો નેપોલ્યન એકલોજ અપવાદ હતો. ત્યારેજ તો ઘણાં કામ એકી વેળાએ માથે લેવાથી વોટરલુની લડાઇમાં તે માત થયો હતો

एक पत्र चरे ळ्र्म्मं न धर्म्मं ध्वजिको भवेत् ।
धर्म्मा "वाणिज्यका ह्येत ये धर्म्ममुपुभुंजते ॥

ધર્મ ધ્યાન એકલાએ કરવું. તોપણ ધર્મ કીધાથી પોષણ થાય એવા ઇરાદાથી જ ધર્મ ધ્યાન કરવાનું નથી. જેઓ ફલ મેળવવાની આશા રાખીને ધર્મ ધ્યાન

કરે તેઓ તો ધર્મનો વેપાર ચલાવનારા વેપારી છે. જે માણસો ધર્મને વેપાર ગણીને તેના યોગથી ફલ પ્રાપ્ત થવાનું માગે તેઓ તો હીન અને અધર્મી છે, અને તેમને તેમના ધર્મનું ફલ મળતું નથી.

કબીર ! મન નિશ્ચલ કરો, ગોવિંદ કે ગુન ગાય;
નિશ્ચલ બિના ન પાઇયે, કોટીક કરો ઉપાય.

પરમેશ્વરે રચેલી સૃષ્ટિની આ બધી સુંદરતા, અને અજબ સંજોગોની ગુંથણીઓના ગુણો ગાઇ, તેના વીશે લ્હેર લગાડીને સંસારિક ગુંચવણો ઉપરથી મનને ઉઠાડી લેવાની ટેવ પાડો, અને તેને બીજી ત્રીજી ગમ ભમતું અટકાવવાની માત્ર તમે ચાલુ ને ચાલુ કોશીશો કર્યા કરો. એ અભ્યાસ પાડયા વગર એ ભૂટડું મન શાંત થશે નહીંજ. તમારા મનને ભકિતનો રંગ ચઢાવ્યા વગર તે ઠેકાણે પડનારજ નથી.

સબક ૨૮ મો.

બંદગી-મેળવવાની કોશીશ કરશે: બીબંદગી-ગુમાવવામાં રોકાશે

"Let every man study his progress, and read his duty in his petitions. For the body of our prayer is the sum of our duty; and as we must ask of God whatsoever we need, so we must labour for all that we ask."

વિરાફ:—ભાઇ **નસર** ! બેયડં આંદાનના નબીરાઓની માફક તું આમજ હિમ્મત રાખ, કે ખુદા અમારી સાથે ને સાથેજ છે, જેથી અમોને કદિ પણ કોઇ માણસ હડકાતી કાઢશે નહીં, કે કોઇ રાજાથી દેશનિકાલ પણ કાઢી શકાશે નહીં

નસર:—આવા પરવરદેગારને આપણે કઈ બંદગીથી આપણો પોતાનોજ કરી શકીએ?

વિરાફ:—સગાં વ્હાલાં કે દોસ્ત આશનાવોનો પણ પ્રેમ ન મેળવતાં ઘણાકો ઘણા મુઝાય છે, પરંતુ તેઓ જાણતા નથી, કે પ્રેમ ન આપ્યાથીજ તેમને પ્રેમ મળતો નથી. માટે જીસસે કહ્યું છે તેમ હું તને શિખામણ આપું છું કે, તું ત્હારા દુશમનોને પણ ચાહ. જે તને શ્રાપ દે તેનુ તુ કલ્યાણ કર. જે તને ધિક્કારે તેનુંએ ભલું કર. ત્હારા ઉપર દ્વેષ રાખી તને જે હેરાન કરતો હોય તેનું પણ ભલું થવા માટે ઇશ્વરની પ્રાર્થના કર! એમ કીધાથીજ સ્વર્ગમાં રહેલો ત્હારો અન્નદાતા તને પોતાનું વ્હાલું બચ્ચું ગણશે; તો જોકે ભલા બુંડા બન્નેને માટે તે માલેક સૂર્ય ઉગાડે છે, અને જેઓ બંદગી કરે છે તેઓ માટે, તેમજ જેઓ બંદગી નથી કરતા તે બન્ને માટે વરસાદ તો વરસાવ્યોજ જાય છે.

બ યઝદાન ગેરાયદ હમી જાને મન;
કે આન દીદમ અઝ રજ દર્માને મન.

ભાઈ ! મ્હારો તો જીવ અને જાન તે પાક પરવરદેગાર તરફજ ઝઝુમી રહેલો છે, કેમજે મેં તો અનુભવસિદ્ધ ખાત્રી કરી છે, કે મ્હારાં સંકટોમાંથી અને મ્હારી મુશ્કેલીઓમાંથી મ્હારૂં તારણ કરનારો તે માલેકે પાકજ મ્હને તો જણાયો છે. ભાઈ ! તું ત્હારૂં કામ ધંધો યકીનદારીથી કર, પરંતુ ત્હારૂં સપ્પર પહેલું કામ ને ધંધો અહુરમઝ્દને ખુશનુદ કરવાનોજ સમજી લે. તેની પ્રસાદી જો તને મળશે તો ત્હારાં બધાં કામોમાં તને હાંસલજ થશે. દરેક કામ કરતી વેળાએ " બ નામે યઝદાન બખશા યઝગર દાદાર !" એટલું શરૂઆતમાં બોલજે, કે બેહદ દયાના સાહેબ અને બખશેશોના કરનારા યઝદાનના નામથી ! ત્યારેજ તું તમામ હસ્તી પરમાત્મામાં રહેલી જોશે, અને પરમાત્માને તમામ હસ્તીમાં રહેલો તું અનુભવશે. પછી ત્હારી તમામ મુશકેલીઓનો ગભરાટ તને લાગશેજ નહીં. એકજ ચિત્તે એકજ કામ એકજ વખ્તે સાધવાનો તું અભ્યાસ પાડ. પાસે એક પાઈ પણ જ્યારે નહતી ત્યારે ડા. ચાર્લ્સ કલીસે ખહીના રોગથી દુઃખી થતાંઓને ઉગારવાને સારૂ પરવરદેગારની માત્ર બંદગી કર્યા કીધી, અને બોસ્ટનમાં બંદગીના બળથી ક્ષય રોગના દર્દીઓ માટે એક મોટી હોસ્પીટલ ચલાવી હતી. જયારે પૈસા ખુટી પડતા ત્યારે તે એકાંતમાં જઈ બંદગી કરતો; અને ન ધારેલે ઠેકાણેથી નાણાંની મદદો એજગેબી આપો આપ ચાલી આવતી હતી. એટલા માટે બંદાને પેદા કરનાર બંદેનવાજ સાથે જો તું એકતાર થશે, મનુષ્ય અને ખુદા એ બન્નેમાં દયાળુ ભાવનું જોડાણ જો તું બંદગીથીજ મજબુત કરશે, તો ખુદાના આશિર્વાદ ત્હારાં દરેક કાર્યો ઉપર જરૂરજ ઉતરશે.

નેમો વોહુ, નેમો વહિશ્તેમ્, ઝરથુસ્ત્ર ગએથાબ્યો.

ઓ જરાથુસ્ત્ર ! દુન્યાના લોકોનાં ભલાંને માટે, ફાયદાને માટે, બંદગીજ સારી છે. બંદગી એજ સૌથી સરસ છે. લાભ અને સવાબ સમજીને સઘળા બંદગી કરનારાઓ સોળ કળાએ પૂર્ણ એવા પરવર બાપને શરણે જાય છે. તે સેવા કરવામાં નથી દામ બેસતું, કે નથી કાંઈ મહેનત લાગતી. પણ જે જીભે પરવરદેગારના જશ ગાયા છે તે જીભ જે કાંઇ બોલે છે તે સિદ્ધ થાય એવી તેનામાં શકિત આવે છે. પ્રભૂને જે શિરોમણિ માને છે તેનાજ ભાગ્યને ધન્ય છે. એવા ખુદાપરસ્ત ખુદાના લાલને, દાદારના બંદાને, ગમે એવાં સંકટમાં વિશ્વાસ રહે છે, કે આપણે માથે તે પરવરદેગાર છેજ, અહુરમઝદ જેવા સરદાર ધણીની છાયા છેજ છે. માટે હે ખુદાના બંદા ! સદા એવા ધણીની ભકિતનો લાભ ત્હારાં ઘરને આંગણે ધરી રાખ, અને તેના શિવાય કોઇ અકબરના અકબર પાદશાહની પણ તું ઉમેદ ના રાખ.

"એકકું છોડ દુજાકું ભજે, રસનાહિ કટે વોહી લબ્બડકી;
કલકે ગુનિયાં દુનિયાંકું ભજે, સિર બાંધત પોટ અતબ્બરકી.
શ્રીપતિ એક ગોવિંદ રટે, નહિ માનત શકકું જબ્બરકી,
જિનકુ હરિકી પરતીત નહિ, સો કરો મીલ આશ અકબ્બરકી."

નસરઃ—હું છુપાછુપ બંદગી કરવા જાઉં છું, પરંતુ તેમાં મ્હને તો વારંવાર મ્હારા સંસારની ચિંતા અને ધંધાની ફીકરજ યાદ આવે છે; મ્હારૂં ચિત્ત એક પણ વાર તેના ઉપર ચોંટાડેલું ચોંટતું નથી તેને શું કરૂં? એવો તે કોણ હશે!

વિરાફઃ—હે ભાઇ! બધા લોકો પોતાનાં મનની મારફતે જેનું મનન કરી શકતા નથી, પરંતુ બધાના મનની દરેક વાતો જે જાણે છે તેનેજ તમે અહુરા કરીને જાણો. કેટલાક લોકો નાશ થનારી અને હદથી બાંધી લીધેલી એવી વસ્તુઓ અથવા નાચીજ માણસોની પ્રાર્થના કરે છે, તેઓ અહુરમઝદને જાણતા જ નથી. અહુરાનાજ વિચારમાં તમારાં જીગરને ગુંથી લો, તેની ભક્તિમાં બધુંજ વિસરી જાવ, તે મઝદાનેજ તમારૂં સર્વ કાંઇ અર્પણ કરવાની ટેવ પાડો. તેને નમીને ચાલો, પછી તે માલિક તમારોજ થઇને રહેશે. તેનેજ આશરે જાવ. તેના છાયામાં શોક કે ગમ નથીજ. તેનો પગ પકડવાથી જ તમે પાપમાંથી ઉગરશો. તે બાપને તો દુન્યાંનાં બધાં બચ્ચાં વ્હાલાં છે. તેની મહેરની લહેરીઓના પવન તો ચાલુ ફુંકાતાજ રહે છે, તમે વખતસર તમારાં વહાણના સઢ ચઢાવી લ્યો. હું તો નમસ્કાર કરીને મ્હારા માનીતા મઝદાની સાથે મ્હારા આત્માનું સમાધાન કરૂં છું અને બોલું છું કે; "હે અનાદિ કાળથી હયાતિ ભોગવતા અહુરા! તમેજ સર્વમાં વ્યાપી રહેલા છો. તમારાથીજ આ સર્વ જગત્ ઉત્પન્ન થયું છે.

સાહેબ ભી તેરા, ઝીરત ભી તેરા હય;
કાબા ભી તેરા, કકુનીસ્ત ભી તેરા હય.
હાઝીર ગુનેહગાર, જીધર ભેજ દે તું;
દોઝખ ભી તેરા, બહીસ્ત ભી તેરા હય.

ઓ ખુદા! ભક્ત એ પણ ત્હારોજ બંદો છે, અને અભક્ત એ પણ ત્હારોજ ખાકસાર છે. તુંજ મક્કાનો માલિક અને તુંજ દહેરાંનો ધણી છે. હું ત્હારો પાપી બંદો હાજર છું, તું જ્યાં ત્હારી મરજીમાં આવે ત્યાં લઇ જા! કેમજે દોજખ ઉત્પન્ન કરનારો તુંજ છે, અને બેહેસ્ત બનાવનારો પણ તુંજ છે, એટલે બેઉ ઠેકાણે હું તો તનેજ દેખીશ.

યે સેવિશ્તો અહુરો મઝદાઓસ્ચા આર્મઇતિશ્ચા, અષેમ્ચા ફ્રાદત–ગએથેમ મનસ્ચા વોહુ ક્ષથ્રેમ્ચા, સ્રઓતા મોઇ મેરેઝદાતા મોઇ આદાઈ કહ્યાઇચીત પઇતી.=અમારૂં ભલું કરનારા ઓ પરવરદેગાર! ઓ ફાયદો કરનારી આર્મઈતી! ઓ દુન્યાની આબાદી કરનારા અષ! ઓ ભલાં મન અને ક્ષથ્ર! તમો બધા એક અને એકજ છો, તો મ્હારી અરજ બંદગી કબુલ કરીને મ્હારાથી જે કાંઈ કાર્ય થયાં છે તે દરેકને માટે મ્હને માફ કરો! આ રીતે તું ત્હારી બંદગીની શરૂઆત કરવા માંડ.

ધર્માધિકારી હ્યુથર પ્રાણ છોડતી વખતે પણ કહી ગયો કે; "આપણો પ્રભુ તેજ પરમાત્મા છે, જેની ભક્તિથીજ મુક્તિ મળે છે." આ તેના શબ્દો તેની છેવટની

મુકિતનીજ ઇચ્છા દર્શાવનારા હતા, તો તે તેવુંજ પામશે. બીશપ જ્યુને જીસસ ઉપર આવીજ અવિચળ શ્રદ્ધા બતાવી હતી. તે મરતાં મરતાં પણ બડબડયા હતા કે; "ક્રોસ ઉપર આપણા પ્રભુ જીસસ ક્રાઇસ્ટે કરેલાં પાપ નિવારણના પૂર્ણ પ્રાયશ્ચિત વિષે મ્હારી સંપૂર્ણ શ્રદ્ધા સાથે લઇનેજ હું મરૂં છું !" એનાં પાપો જરૂરજ કપાઇ ગયેલાં સમજવાં. એ પ્રમાણે એક જરથોસ્તી મરતી વખ્તે જો આમ ઓચરવાને શકિતવાન થશે કેઃ "મ્હારૂં સંપૂર્ણ યકીન જરથોસ્તમાંજ રહેલું છે," તો તે જરૂર પેગમ્બર સાહેબની હજુરમાંજ જશે. મરતી વખ્તે ભકિતભાવના આવા શબ્દો ઓચરવા માટે ચાલુ ધ્યાન તેના ઉપર જ રહેવું જોઇએ. ખુદાનું જ ધ્યાન ધરો તો ખુદાની જ ગોદમાં, પેગમ્બરનું ધ્યાન ધરો તો પેગમ્બરના જ ખોળામાં, અને અશો ફરોહરોમાં ધ્યાન ધરો તો પિત્ર ભુવનમાંજ તમારો વાસો થશે. મરતી વખ્તની છેવટની ઇચ્છા અને છેવટે ઉચ્ચારાયલા શબ્દો એ તે મરનારની આખી જીંદગીના કામો અને વાસનાના પડઘા જ છે.

સબક ૨૯ મો.

ભકત, ગુલામીની સાંકળને કાપે; અને અભકત તેને મજબુત બનાવે.

And, doubtless, unto thee is given
A life that bears immortal fruit,
In those great offices that suit
The full-grown energies of heaven.

Tennyson.

નસરઃ—"ત્યારે આખો ભવ બંદગીમાં ન ગુમાવતાં ઉદ્યોગોમાં પસાર કર્યે અને મરતી વેળાએ એક **અષેમ** કે એક **યથા** ભણ્યે તો બસ છે; વખત બરબાદ કરીને આતશબેહરામની કે આંવાં અરદ્વીસૂરની બંદગી કરવાની જરૂર જ નથી."

વિરાફઃ—સવારે ઘી ખાઇને સાંજે પહેલવાન બની જવાની તું આશા રાખીશજ નહીં ભાઇ. ત્હારી ભકિત, કે તેં કરેલી કે કરાવેલી ક્રિયા તુર્તો તુર્ત સિદ્ધ ન થાય અથવા તેમાં તને તુર્ત ને તુર્તજ જો સુખનું ભાન ન જણાય, તો આકુળ વ્યાકુળ થઈશ ના રસોઇ તૈયાર થયા પહેલાં જેમને તે તૈયાર કરવામાં ધૂમાડો ખાવો પડે છે, તેનાથી કંટાળીને સળગાવેલા ચૂલાને જેઓ હોલવી નાંખે છે, તેઓ સ્વાદિષ્ટ ભોજન જમી શકતા જ નથી, અને ભૂખનું દુઃખ પણ ટાળી શકતા નથી. જે ખમશે તેજ ખાશે. કેમકે તે સાહેબ "સેવિશ્ત નામ આહ્મિ" ઘણોજ ફાયદો કરનાર નામવાળો છે. મોતના પંજામાં સપડાઇ જઇને આપણ બધાંજ ચાલ્યાં જઇશું, મગર આપણામાંના જે બંધુઓ એકલા અહુરમઝદનોજ આશ્રય લઇશું, તેઓને તો તેજ પાક પાકીને સલામત બચાવી લેશે. કેમકે જયારે કોઇનોજ આશરો બાકી રહેલો જણાતો નથી, ત્યારે તેનીજ મદદ માંગવાને છેવટનો એકલો આધાર આપણને રહે છે

શરોશ ઇજદ અમારો કલ્યાણકારી થાવ! બેહરામ ઇજદ અમોને ફતેહમંદી આપનારો થાઓ! આવાં અરદ્વિસૂર અમારી મુશ્કેલીઓ દૂર કરો, ને મનની મુરાદ પાર પાડો! આતશબેહરામ સાહેબ! અમને સારાં ફરજંદોની વૃદ્ધિ કરો! મેહેર ઇજદ મેહેર કરીને અમારો ભલું કર્તા થાઓ! અહુરાને નમસ્કાર હોજો! હે ફરેસ્તાઓ! હે ઇજદો! હે અમશાસ્પંદો! તમને નમસ્કાર છે! તમેજ પ્રત્યક્ષ અહુરાંનાં દર્શન લો છો. તમનેજ હું પ્રત્યક્ષ તેના પ્રતિનિધિઓ કહું છું. ઉદાર દિલના ગુસ્તાસ્પે અરદ્વીસૂરના ફ્રઝદાનવ નામના ઓવારા પાસે તેણીની સોડે એવી ઉમ્મેદ કીધી હતી કે; "ખરાબ દીન ધર્મવાળા તાંથર્યવન્તને, નાસ્તિક પેષનને, તથા ભુંડા અરજાસ્પને આ દુનિયાંની લડાઇઓમાં હરાવીને શીકસ્ત આપનારો હું થઉં!" તો તે બંની મુરાદ તેણીએ પાર પાડી હતી. ટુંકમાં શ્રદ્ધા એજ આશા અને ભય વચ્ચે રહેલો પકડવા સરખો સુંદર માર્ગ છે. આતશની સેતાયશ કરીને પાદશાહ ગુસ્તાસ્પે અને પાદશાહ લોહરાસ્પે રાજપાટનાં સુખો મેળવ્યાં. આતશ ઉપર કુરબાની કરીને વહાડીયાજી, મોદીજી, બનાજી, દાદીશેઠ. દીનશાહજી પીટીટ, ખુરશેદજી દેશાઇ વિગેરેએ મધુર ફળ ચાખ્યાં. એવા એવા અનેક નરોએ આતશબેહરામ સાહેબની મારફતે કરેલી બંદગીનાં મીઠાં ફળો મેળવ્યાં છે, તે શું તું નથી જાણતો ભાઇ? આ રીતે એકાંત બેસીને મનના તુરંગોથી કેબલા મારફતે બંદગી કરવાથી જે આનંદ પ્રાપ્ત થાય છે, અને જે હિમ્મત આવી જાય છે, તે આનંદ ને હિમ્મતની આગળ બધું સો રદ્દ બાતલ છે. હે ભાઈ! આ ત્હારો મનુષ્ય દેહ એ આ દુન્યામાં સર્વથી ચઢતા પ્રકારનું સ્થાન છે. તો મનુષ્ય શરીરમાં આપણો અહુરમઝદ પૂર્ણપણે પોતાની સર્વ કળાથી પ્રકાશે છે; અને તેથીજ મનુષ્ય શરીર સર્વ શરીરોમાં શ્રેષ્ટ શરીર ગણાયું છે.

"God is never so far off as earth to be near,
He is within, our Spirit is The home he holds most dear."

જ્યાં એક ડગલું પણ આપણે મૂકી શકિયે એવી અહુરા વિનાની જરાએ જગા નથી, તો પછી તને તેના શિવાય બીજા કોનો ભરોસો ને ઇતબાર છે, કે જે તને આફતમાંથી બચાવી લેશે? જૂઓ, જે સાચા અશો બંદગીખોરા હોય તેઓને પીડનારા ગમે એવા નાસ્તિકો હોય, તેઓને પણ મોટો લાભ તો એ થાય છે, કે જ્યારે ભકતને પીડવામાં આવે ત્યારે ખુદાતાલાને પોતાનો પ્રતાપ દેખાડવો પડે છે, અને તે પ્રસંગે બંદગીખોરા ભકતનો યશ પ્રકાશી નિકળે છે, અને નાસ્તિક બંદાને પણ બંદેનવાજના દર્શન આપોઆપ થઈ જાય છે. મહાદેવ મળતા સાંઢિયા પૂજાય. વાસ્તે ભકતને પીડનારા નાસ્તિકો તો યશનો ભંડાર ઉઘાડનારી, અને તને દર્શન કરાવવા સારૂ તેના દરવાજાનું તાળું ઉઘાડનારી એક કુંચી જેવાજ છે. માટે હે ભાઈ!

પસ અએ બંદેહ ગાફીલ નિશસ્તન ચેરાસ્ત?
ગુશાદેહ ઝે હર સુએ બામે દુઆસ્ત.

શા માટે તું ગાફેલ બેસી રહે છે ? તું જો નેક નીયતથી બંદગી કરશે તો ત્હારી મુરાદ જરૂર પાર પડશે. કેમકે દુવાઓના દરવાજા તો દરેક બાજુથી ખુલ્લાજ છે. આપણો બંદગીમાં મશગુલ રહેનારો કેરસાસ્પ પહેલવાન, પેશ્યાનસાઇના મેદાનમાં કહો, કે દમાવંદ પર્વત આગળ જ્યાં ઝોહાક જુલમગારને સાંકળે બાંધેલો છે ત્યાં કહો, કે પોશ્તે ગુસ્તાસ્પાનના મથક આગળ કહો, ત્યાં તે ચિરંજીવી આજે પણ સુતેલો કહેવાય છે, તે ઉંઘમાંથી ઉઠીને ઝોહાકને જરૂરજ મારનાર છે. તેની પાશબાની આજે કોણ કરે છે ? આસમાની ખોરેહ તેનું સંરક્ષણ કરે છે, અશો લોકોનાં અગણિત ફરોહરો તેની પાશબાની કરે છે, અને અહુરાની આજ્ઞાથી સર્વ તત્વોએ તેને બચાવી રાખ્યો છે.

નસર:—" આવી રીતે હજારો વર્ષ સૂધી એક આદમી બંદગી કીધાથીજ જીવતો જાગતો ચીરંજીવી રહી શકે, એ હું નથી માનતો. આત્મજ્ઞાનના વિચારોથી એમ માનવું કે; " હું પણ ઇશ્વર રૂપજ છું ; " અને અહુરમઝદને કહેવું કે; " હે અહુરા ! હું તો દાસ છું, અને તમે તો દાતાર દાદાર છો, ત્યારે આ દુઃખી દાસનાં સર્વ દુઃખો હરી લો ! " મોઢે એવાં વચનો બોલતાં; ને ચાપલુશી ચલાવતાં તો બધાં-એને આવડે છે; પણ મન વડે, વાણી વડે, અને કર્મ વડે અહુરાનું રૂપ થવું ઘણું કઠણ છે. " **વિરાફ**:—ભાઇ ! મઝદ સાથે મઝદા રૂપ થવું તે શું, કે આપણે જાણે બાળક હોઇએ એવા ભાવથી સેવા કરીને અહુરમઝદને રાજી રાજી કરવા, તેમને સુખી કરવા પણ દુઃખી તો કરવાજ નહીં. તેને રાજી રાખવા પણ નારાજ કરવા નહીં. તેમજ પોતાનું ને પોતાનું દુઃખ ખુદાવીંદ આગળ રડયાજ કરવું નહીં. પોતાનોજ સ્વાર્થ સાધવાની બંદગી કરવાની નથી ભાઈ. ખુદા સર્વ સમજે છે. જે કાંઇ થયું, થાય છે, અને થશે તે સર્વ તેની મુનશફીથીજ. કેમકે આ સર્વ કાંઇ સાચું નથી, પણ તનોજ સ્વપ્નો છે.

" વએથાચ તતચ કથચ, આઇ અષાકીમ જરથુસ્ત્ર; મન ખ્રથ્વાચ ચિસતિચ યાઈશિ આ અંઘહુશ પઃઓઉરૂયો બવત, યથાચ અંઘહત અપેમેમ અંઘહુશ. "

" ઓ મ્હારા જરથોસ્ત ! " દાદાર હોરમઝદ કહે છે; " આ સર્વ જગતની ઉત્પત્તિ મેં મ્હારા સંકલ્પથી ને મ્હારાં ડહાપણથીજ કરેલી છે, અને આ દુન્યાંની ભ્રાંતિ આવી ને આવી મેં શરૂઆતથીજ ઉત્પન્ન કરી હતી, અને એજ ક્રમ પ્રમાણે તે સ્વપ્નો છેવટ સૂધી રહેશે " ત્યારે હે **નસર** ! હવે તો તું લગાર બંદગીમાં રગડોળા. જરા કષ્ટિ ભોગવ. કોઈએ વૈભવો ભોગવતાં ભોગવતાંજ તે માલિકની હથેલીમાં મુલાકાત કીધી નથી. જેઓ તેને મળ્યા છે તેઓએ લોહીનું પાણી કરીને, રડી રડીનેજ તે સાહેબને મેળવ્યા છે. મરતાં સૂધી બસ નઠારાં કામ કરીને અંત સમયે જેમણે તોબા તોબા કરી છે તો, તેમની તોબા કબુલ રખાઈજ નથી. તેમનાથી છેવટ ઘડીએ યથા અષેમ ભણાતીજ નથી. ધર્મી થઇને બંદગી કરવી હોય તો આજેજ કરવા બેસી જા. વળી આજે પણ સાંજે બંદગી કરવી હોય તો સવારમાંજ બેસી જા. મોત કંઇ એવું વચન આપતું નથી કે; " તેં

આટલું કામ કર્યું અને આટલું કામ કરવાનું બાકી છે માટે હું થોભી જાઉં !"

જીસસમાંજ ગર્ગુમી રહેલી એન બોલીન મરતી વખ્તે ધૈર્યતા અને શ્રદ્ધાથી હિંમત રાખીને બોલી શકી હતી કે; "હું મ્હારો આત્મા જીસસ ક્રાઇસ્ટનેજ ખોળે મૂકું છું." આ તેની ઇચ્છા તેને ક્રાઇસ્ટની નજીકજ રાખશે. પ્રભુનો આશક મહાન રૂસો મરતાં પહેલાં સ્વર્ગનો મહિમા જોઇ લઇને છેલ્લી પળે બોલી ઉઠયો હતો કે; "આહા ! આકાશ કેવું મનોહર અને ચોખ્ખું શુદ્ધ હવે મ્હને દેખાય છે ! મ્હને પૂર્ણ ઉમેદ છે, કે ત્યાં પરમાત્મા મ્હારો જરૂરજ આદર સત્કાર કરીને મ્હારો અંગીકાર કરશે !" આ તેની છેવટની શ્રદ્ધા, ઇચ્છા અને વાસના તેને પ્રભુના ચરણ આગળજ રાખશે, તે ફરી જન્મ ધારણ નહીં કરે. અશોઈના આશક ડોકટર પેસન મરતી વખ્તે ખાટલે પડયાં પડયાં પણ બોલી ઉઠયા હતા કે; "લડાઇ લડી ચૂકાઇ, અને હમેશની જીત મળી. હું પવિત્રતાના સાગરમાં ન્હાવા જાઉં છું, અને દયા તથા પરોપકારવૃત્તિ, સુખ અને શાંતિના અનંતકાળની હમેશગીના ધામે હું હવે આ ચાલ્યો !" લડાઇ લડીને જય મેળવ્યાનો અર્થ એ છે કે, આ જીંદગીમાં ભલાં ભુંડાં, પાપ પુણ્યના કામોની લડાઇમાં પુણ્યાઇના ભાગે પોતે જીત મેળવ્યાનો સંતોષ લીધેલો હોવાથી, તેમણે પુનઃજન્મ લેવાનું હવે પોતાને માટે રહ્યુંજ નથી, એવો આ ઉપરથી ચોખ્ખો એકરાર કરેલો સમજવો.

"તુફાંમે હય જબ જહાઝ ચક્કર ખાતા,
જબ કાફેલા વાદીમેં હય સર તક રાતા,
અસબાબકા આસરા હય જબ ઉઠ જાતા,
વ્હાં તેરે સિવા કોઇ નહીં યાદ આતા!"

હે ખુદા ! જ્યારે વહાણ તુફાનમાં સપડાય છે, જ્યારે મુસાફરોનો કાફલો વાદી એટલે ખિણમાં રસ્તો ભૂલી જઇ ભટકે છે, અને જ્યારે બચવાની કાંઇ પણ બારી રહેતી નથી, ત્યારે ત્હારા વગર બીજું કોઈએ તેમને તો યાદ આવતુંજ નથી.

સબક ૩૦ મો.

ભક્તિ, અંગ્રેમૈન્યુસ સામે લડવા ઉભી રહે; અને નાસ્તિકતા નાસવા માંડે.

Religious service is to be entirely with rejoicing,—...only brightness of heart can please the Gods.—*Ruskin.*

નસરઃ—ભાઇ વિરાફ ! તમે તો માત્ર એકજ અહુરમઝદની આરાધના કરવા કહો છો, ત્યારે આપણામાં અશો ફરોહરોની આરાધના કરે છે તે શું હાળી ને બરબાદ છે ?

વિરાફઃ—નહીં ભાઈ નહીં. અશો ફરોહરોની ક્રિયા તરફ ગર્ગુમી રહેલાંઓ

જાણે છે કે; તે સઘળાંને ખુદાની તરફ પાછું ફરવું છે, અને ત્યાં અશો ફરોહરોની યારી ઘણી મળે છે. અશોફરોહરો જીવતાંઓ માટે પોતપોતાનાં ભુવનો ઉપર પણ ત્યાં કરેલા પોતાના ગુરૂ—અશરઆની મારફતે આપણા ઉપર આશીર્વાદો ઉતારે છે, અને અઠીભીડીના સમા ઉપર તેમનાં પુણ્યો પણ આડાં પડીને પોતાનાં વ્હાલાંઓને આ જેહાનમાં પણ મદદ કરે છે. જેઓનો એવી રીતનો નિશ્ચય હોય છે કે, અમે અહુરમઝદનાં સ્વરૂપને જાણતાં નથી, તેમણેજ અહુરાને જાણ્યા છે, પિછાન્યા છે. અને જેમનો એવો આડમ્બર થયો છે કે, અમે મઝદાના સ્વરૂપને જાણ્યું છે, તમણે તેને જાણ્યો નથી, પિછાન્યો નથી. ઉત્તમ જ્ઞાનવાનનો વિશ્વાસ એવો હોય છે કે, હું ખુદાના સ્વરૂપને જાણતો નથી ને અશોફરોહરોનો દોરેલો તેની આગળ દોરાઉં છું. જે માણસ જેવો જોઇએ તેવો જ્ઞાનવાન નથી તે દમ્ભી પુરૂષ એવું માને છે કે, હું અહુરમઝદના સ્વરૂપને જાણું છું, તેથી મુઆંની ક્રિયા કરવાની જરૂર નથી, તે તો ઘણા હડસેલા ખાય છે. આપણા ઈરાનના બાદશાહ સાઈરસ પોતાની ધર્મક્રિયાને એવી રીતે માન આપતા, કે પોતે તો દરરોજ ક્રિયા બંદગી કરતા, પણ અશો મોબેદો અને નેક નેયત દશતુરો પાસે પણ મુઆંઓની ક્રિયાઓ કરાવતા હતા. અને પાદશાહનું જોઇને પ્રજાએ તેની નકલ કીધાથી ઈરાનમાં અશો આત્માઓની આરાધના પૂર જોમથી થતી હતી. પ્રજામાં આવી દીનદારી ફેલાવાથી સાઇરસ એટલા થકીજ આનંદ પામતો હતો કે, જે પ્રજા પોતાનાં મુવાંઓ ઉપર દીલગીરી બતાવે છે, અને જે પ્રજા ખુદાનો ડર રાખતી થઈ છે, તે પ્રજા પોતાના પાદશાહના હુકમનો પણ ડર રાખતી થશે. અશો લોકોનાં ભલાં, ગાલેબ, તથા દુનિયાંની આબાદી કરનારાં ફરોહરો જમીનની પહોળાઇ જેટલા, નદીની લંબાઇ જેટલા, અને સૂર્યની ઉંચાઇ જેટલા અશોઇના ઉપાયો પોતાની સાથે લઇને આપણાં મુકામમાં આવે છે. વધારે ભલાં માણસોની મુરાદ બર લાવવા થકી, દુષ્ટ માણસોની સામે થવા થકી, દૌલત અને કીર્તિના વધારાને માટે, હે નસર! ત્હારાં આ મુકામમાં ત્હારાં વ્હાલાંઓનાં અશો ફરોહરો જરૂરજ આવે છે. જમ્યાનૂઇથ અષાઉનામ્ વંઘઉહીશ, સૂરાઓ સ્પેન્તાઓ ફ્રવષયો, અષોઇશ બએષજ હચિમ્નાઓ ઝેમ—ફ્રથંઘહ દાનુ—દ્રાજંઘહ, હવરે—બરે ઝંઘહ; ઇરતેએ વંઘહંઘહામ્, પઇતિશતાતેએ આતરનામ, ફ્રષ—વક્ષ્યાઇ સ્યાંમ્ચ ખરેનંઘહામ્ચ.

ફ્રશેકની વંશના ધર્મી લોકો પોતાનાં ન્યાગાનોની આરાધના કરતાં બોલે છે કે; "આકાશ ઉપરથી હમારાં વ્હાલાંઓ તરફથી અમારા ઉપર મદદો ઉતરી આવે છે." ભાઇ નસર! દિલ્લીના પાદશાહ અકબરની દરબારમાં બીરબલ જેવા મહા જ્ઞાની પુરૂષથી પણ એકદમ તો કાંઇ જઈ શકાયું નો'તું. પ્રથમ તો પાદશાહના સિપાઈઓ અને જમાદારોને રાજી રાખવા પડયા હતા. પછી મોટા અમલદારોની સ્તુતિ કરવી પડી હતી. બાદ, અરકાને દૌલત જેવા વજીરોને સાધવા પડયા એમ બાદશાહની છેક આગળના

સત્તાધીશોને પ્રસન્ન કીધા ત્યારેજ, તેઓની મારફતેજ, બાદશાહની દરઘામાં તેનાથી જઈ શકાયું હતું. ગામના એક હાકમને કે એક રાજાને મળવું હોય તો દરેક માણસે તેના હાથ હેઠળના માણસોને પ્રથમ સાધવા પડે છે, એકદમ કાંઈ મુલાકાત થતી નથી. તેજ માફક દાદારની દરઘામાં પહોંચવા માટે અશો આત્માઓ, ઈઝદો, અને અમશાસ્પંદોને પ્રસન્ન કરી તેમની મારફતે રફતે રફતે અહુરમઝદના તખ્ત સુધી આપણને પહોંચવાનું હોય છે. માટે ગુજર પામેલાં અશો ફરોહરો જેઓ આત્મિક ઉન્નતિમાં આગળ વધલાં છે, તેમને આરાધીને આંવાં અરદીશૂર ઉપર મવક્કલ થએલા આત્મિક ફરેસ્તાને, આતશ ઉપર મુકર કરેલા મવક્કલ ફરેસ્તાને, ખોરશેદ ઈજદને, મહાઓખતાર વિગેરે નૂરો તથા ફરેસ્તાઓને આરાધીને તેમની મારફત લઈનેજ આપણે ક્રમે ક્રમે પરમાત્માના દર્શન કરવાનાં હોય છે.

જો એવું મનમાં લાવો કે મેં તો અહુરમઝદને સુંદર રૂપથી જાણ્યો છે ત્યારે અશો ફરાહરોની આરાધના શા સારૂ કરૂં? તો ખચિત્તજ તમે તે માલિકના સ્વરૂપને ઘણુંજ થોડું જાણ્યું એમ કહેવાશે. છેલ્લી મહાન જર્મન લડાઇમાં બ્રિટિશ લશકરીઓની સામે એક અબળાનો છાયો દેખાયા કરતો હતો. કંઇક હજારો ગોળીઓ તેને લાગી હશે, પણ એ લશકરોની વચ્ચમાં તેણી આવ્યા કીધેલી જણાઈ, તે વેળાએ એક સોલ્જર બોલ્યો:—"તમે અચરજ શું થાવ છો? એ તો મ્હારી મરી ગયલી માતાનું રૂહ છે, જે મ્હને મરતો બચાવવાને સારૂ, મ્હારી આડે આવીને ઉભી રહ્યા કરે છે!" આ વાત પ્રથમ તો કોઇએ માની નહીં, પણ કર્મ સંજોગે જ્યારે તેજ સોલ્જરને ગોળી લાગવાથી છેવટે તે ઠાર થયો, ત્યાર પછી પેલી ઓરતનું રૂહ દેખાતું બંધ પડયું, અને સોલ્જરોની ખાત્રી થઈ. માટે મીનોઇનો વાસો છેજ છે, યાને આપણાં અશો નેઓગાનો આપણી ઉપર સર્વદા નજર રાખે છે. અને તેમની યાદ ખાલી જતી નથી

"તે આવ્યો ફ્રેરેતાઓ ફ્રેરેન્વઇન્તિ અષઓનામ્ વંઘઉહિવ્યો સૂરાવ્યો સ્પેન્તાવ્યો ફ્રવષિવ્યો થખતયાત્ પરો અંઘહુયાત્ ઉઝગેરેવ્યાત્ પરો બાઝુવે." (ફ્રરવરદીન યશ્ત.)

આફતમાં આવેલું કુટુંબ પોતાનાં ગુજરેલાં અશો વ્હાલાંઓનાં ભલાં, શૂરાં ફરોહરો જે દુનિયાંની આબાદી કરવામાં ભાગીદાર હોય છે, તે ફરોહરોને ખરાં અંતઃકરણથી તથા આજોજીથી ઉંચા હાથ કરીને યકીનદારીથી આરાધે તો જરૂરજ તેમની વિપત્તિઓ, આફતો, ને મુશકેલીઓ દૂર થાય

નસરઃ—" હું તો આમ માનું છું, ને ઘણા અનુભવીઓ પણ માને છે, કે આગલા જન્મમાં એક મનુષ્ય, પોતાનાં તે જન્મનાં દીકરા દીકરી, મા—બાપ, કે સ્ત્રી પુત્રાદિ જેમને મૂકીને એકવાર તે દેહ છોડી આવ્યો; પછી તેને અને તેઓને આ જન્મમાં કાંઈએ માયા, જોડાણ, કે સંબંધ બીલકુલ રહ્યો નથી, અને ગયા જન્મનું આ જન્મે તેને કાંઇએ ભાનજ થતું નથી; તેજ પ્રમાણે આ જગતમાંથી જેઓ મુઆં

તેઓનો આપણી સાથે કાંઇએ સંબંધ રહેતો નથી. તેમને જેમ આપણે દેખી શકતાં નથી, તેમ તેઓ આપણને પણ દેખી શકતાંજ નથી."

વિરાફ:—આમ તો છેકજ નથી ભાઈ. હજારો પાપ કરનાર મનુષ્ય અશો થઇ ગએલાં ફ્રોહરોની યાદ પણ ન કરે, તો તેની મતિ શુદ્ધ થવાનો શી રીતે સંભવ આવે? જેણે હજારો પાપો કર્યાં છે, તેને તો ક્રમે ક્રમે આરાધના કીધા સિવાય અહુરમઝદને પહોંચવાનો અધિકારજ નથી, ક્રિયા માર્ગ કરવાનો પણ તે અધિકારી નથી, એમ કહી પાપી મનુષ્યને અશોફ્રોહરોની આરાધના કરતાં પણ જેઓ ખાળે છે, તેઓ તે પાપી મનુષ્યની મતિને નિર્મળ થવાના સર્વ સંભવો નષ્ટ કરી નાંખે છે. સાચાં સ્વરૂપ પ્રતિ વળવાને સારૂ; સ્વ સ્વરૂપનું ચિંતન કરવાને સારૂ, અશોઓની આરાધના કરવાના પહેલાં પગથિયાંથી પણ કોઈનાં યકીન ડામાડોળ કરવાં નજ જોઇએ.

ગુજરેલાંની યાદને માટે ભણવામાં આવે છે કે; "મ્હારી નેક મનશ્ની, નેક ગવશ્ની, તથા નેક કુનશ્નીથી કીધેલી આ ખશ્નુમન, એટલે આ ક્રિયાઓની ખુશ્નુદી, મ્હારાં વ્હાલાં અશોફ્રોહરોને પહોંચો! આ ક્રિયાનું કામ સરંજામ પાર પડો! અશો ફ્રોહરોની આરાધનાનું કાર્ય ફતેહમંદ થાવ! ભલી માઝદયસ્નની દીનનો પ્રતાપ હફ્તે કેશવર જમીનમાં પણ જારી થાઓ! આ શહેરના લોકોને સુખ હાંસલ થાઓ! તથા તેમનાં રૂવાન ખુશાલ થાવ! આ ક્રિયાઓની ખુશાલી મ્હારાં તે પ્યારાં અશોફ્રોહરોને પહોંચો! એ ક્રિયાઓ પરવરદેગારની હઝુર કબુલ મંઝુર રહો! અમને મનનાં સુખ અને જીવની શાન્તિ પ્રાપ્ત થાવ! મ્હારાં માબાપનું બેહેસ્તી રૂવાન આ જગાએ યાદ હોજો! જરથોસ્ત સપેતમાનનું અશો ફ્રોહર તથા તેનું બેહેસ્તી રવાન આ જગોએ યાદ હોજો! પેગમ્બર જરથોસ્તના દીકરા એસદવાસ્તરનું બેહેસ્તી રવાન આ ઠેકાણે યાદ થજો! લોહરાસ્પ પાદશાહના બેટા પાદશાહ ગુસ્તાસ્પનો આત્મા આ જગો પર યાદ થજો! જામાસ્પ હકુમ, અર્દાએવિરાફ અર્દાફ્રવંશ, આદરબાદ મારેસ્પંદ, મોબેદ શાપુર, મોબેદ શેહેરીયાર, મોબેદ હોરમઝદીઆર, એરવદ રામિ-યાર, મોબેદ નેરિયોસંગ ધવલ, એ બધા મહાત્માઓનાં બેહેસ્તી રૂવાનોના નામ આ જગાએ હરદમ યાદ થતાં રહેજો! સઘળાં અશો ફ્રોહરો આ ઠેકાણે યાદ થતાં રહેજો! આ ક્રિયાનું કામ કરાવનાર દીનશાહ ઇરાનીને સવાબનો હિસ્સો પહોંચો! મા, બાપ, વડાવા, ફ્રરઝંદો, સગાંવ્હાલાં ઇત્યાદિનાં રૂવાનો આ જગો પર યાદ થતાં રહેજો! આ ક્રિયાની ખસ્નુમનનું કામ અશો ફ્રોહરોને પહોંચો! ઇરાની મહેરવાનનું બેહેસ્તી રવાન આ જગાએ યાદ હોજો! આ ક્રિયાનું કામ ઇરાની દીનશાહના કહેવાથી ચાલુ થયું છે; માટે પુણ્યાઇનો ભાગ તેમને પહોંચો! તમામ ભૂવનોના સર્વ ભલાઓનાં સવાબમાં આ ક્રિયાનું કામ કરાવનાર ભાગ્યો થાવ! આજનો રૂવા-નની ક્રિયાઓનો દહાડો તે ક્રિયા કરાવનારને જય જયકાર થાવ!" આવી ઉત્તમ દુવાઓથી ભરપૂર ક્રિયાઓ શું તે કરાવનારના હૃદયમાં ટાઢક નથી પમાડતી? શું

ાવી આરાધનામાં એક દુઃખી માણુસ શાંતિ નથી મેળવતું? નહીં કેમ? હૈયે નેહ, ાટે ટાઢક, ને જીવને શાંતિ મળે, એજ તે ક્રિયાનું ફળ સમજી લો તો બસ છે. ાઇ નસર! જો તને ગામના ફોજદાર સાથે સારૂં હશે ને તેની આંહેધરી તને ળી હશે, તો તેની કુમક ઉપર તું ધરેલો ધરાવાનો નથી. વળી તેના કરતાં ચઢતા રજાના સુબાની તને કુમક હશે તો તને એર જાતની હિમ્મત રહેશે. પરંતુ જો હારી હિમાયતમાં ખુદ રાજા હશે તો, અથવા જો તને ખુદ શેહેનશાતના શહેનશાની કુમક ને છાયો હશે તો તે મોટાં છત્રની બરકતથી તને કોઇનો પણુ ડર ાવાનો નથી. તેજ પ્રમાણે જો તને ત્હારાં અશો ફરોહરોની હિમાયત હશે, ત્હારે ાથે જો ઇજદ અમશાસ્પંદોની અને છેવટે પરવરદેગારની કુમક, હિમાયત, અને ાંહેધરી હશે તો કોઈ ત્હારૂં નામે લેનાર નથી, એવી ત્હારામાં એક જાતની ધીરતા ા હિમ્મત આવી જશે. માટે તું તે મહાન છત્રની છાયામાં ઝટ આવી જા ભાઈ.

સબક ૩૧ મો.

ગુરૂનો સત્સંગ ભક્તિ ઉપર વિશ્વાસ રખાવે. નાસ્તિકનો વિશ્વાસ સંસારમાં.

A fate rules the words of wisemen which makes their words ruer, and worth more than men themselves know.— *Ruskin.*

નસરઃ—બંદગી કરવાથી માણુસને પોતાને રાહત મળતી હોય આમ હું હવે હી શકું, પરંતુ આજના શાસ્ત્ર, વિદ્યા, અને સાહિત્યના સુધરેલા આગળ વધેલા જમાામાં હવે દસ્તુર, મોબેદ, અથવા કોઇ પણ ધર્મગુરૂની જરૂર રહી છે ભાઇ? અવસ્તા ાાઓ આજે તો બેહદીન જવાંનો જેટલું સારૂં સમજે છે તેટલું અભણુ ધર્મગુરૂ ાર્ગ બીલકુલ સમજી પણુ શકતો નથી. માટે હવે બેહદીનોએ અંધ્યારૂઓના બંધાલા શા સારૂ રહેવું ભાઇ? ધર્મગુરૂઓએ પેટને ખાતર આપણુને વહેમી કીધા છે.

વિરાફઃ—બંદગીની અસર હવે તને ખચિત્ત લાગી ગયાથી મ્હને બહુ આનંદ ાય છે. હવે ત્હારી બીજી શંકાઓનું પણુ હું નિવારણુ કરીશ. જૂઓ ભાઈ!

સૃષ્ટિકર્તા મહાન શક્તિ, જેણે પ્રલય પછી પોતાની લીલા પાછી ઉત્પન્ન કરાની ઇચ્છા માત્ર કરી, અને ક્રમે ક્રમે તે ઇચ્છાનું પરિણામ વધતું જઇ આલોક અને રલોક સર્વ ઉત્પન્ન થયાં છે, અને તે એકજ મહાન ભાનને આપણુ આદમીઓ પરમાત્મા, પરમેશ્વર, ઇશ્વર, પ્રભુ, અલ્લાતાલા વિગેરે સંજ્ઞાઓથી ઓળખીએ છીએ. જીવની ઉત્પત્તિના, પૂર્વ જન્મ, પુનઃજન્મ, અને મનુષ્યના કર્મ ઉત્પન્ન થવાના, ખથવા નહીં પહોંચી શકાય એવો જે "જરવાન અકર્ન"નો વખત કહેવાય છે તેને સમજવાના પ્રશ્નો એ "અતિપ્રશ્ન"ના વર્ગમાં આવતા હોવાથી, પરમાત્માએ

મનુષ્ય પ્રાણી પેદા કરીને આ જગત્માં તેને કસોટી ઉપર શા માટે ચઢાવ્યું છે, તેનોજ આપણે વિચાર કરવાનો છે. પરમાત્માના અતિ આનંદ તત્વમાંથી અતિ ઘોર દુઃખમય સ્થિતિમાં મનુષ્ય જ્યારથી ઉત્પન્ન થયો છે ત્યારથી પાછો તે મોક્ષની ઇચ્છા રાખતો થઇ ગયો છે. આનંદના ઝરામાંથી તે છુટો પડવા પછી પાછો તે ઝરામાં તનમય થવા સારૂજ તેણે સુખની શોધમાં ફરવા માંડયું છે. તે આ જડ જગતનું સંપૂર્ણ સુખ ભોગવી રહે છે, ત્યારે તે સુખ પણ તેને તુચ્છ લાગવા માંડે છે, અને જે શ્રેય તેને નિરંતર જોઇએ છે, તેની શોધમાં તે રાત ને દિવસ જિજ્ઞાસુ રહીને ભટકે છે, અને નવો આત્મિક ખોરાક તે માંગતો થાય છે. જે આનંદના જથ્થામાંથી છુટો પડી એકદમ અંધકારના સમુહમાં મનુષ્ય આવી ગયો છે, તેને પોતાના પ્રથમના મહા પ્રકાશમાં પાછાં જઇ મળવાની તીવ્ર ઇચ્છા થતી હોવાથી તે " મનષ " અથવા " બુદ્ધિ " જ્યોતિ વડે માર્ગ શોધવા લાગે છે, પરંતુ અનેક રાજમાર્ગો, પેટા માર્ગો, ગળી ગુંચીઓ તેની આંખ આગળ એટલી બધી તો દેખાતી થાય છે, કે કીયે માર્ગે મૂળ સ્થાને પહોંચવું તેને માટે જે સહેલું અને સવડભર્યું થઇ પડે, તેની ચુંટણીમાંજ તે ગુંચવાતો રહેતો હોવાથી તેને

ગુરૂ કરવાની જરૂર જણાય છે.

ગુ=કહેતાં અખંડ અંધકાર, અને રુ=કહેતાં અનંત અંધારાંનો નાશ કરી પ્રકાશ પાથરનાર જ્યોતિ. સાધારણ વહેવારમાં અજ્ઞાનતાનું અંધારૂં દૂર કરનાર શિક્ષકને ગુરૂ કહેવામાં આવે છે ખરો, પરન્તુ ગુપ્ત–જ્ઞાન, આત્મિક–જ્ઞાન, અને મીનોઇ–જ્ઞાન આપનારા ઉસ્તાદો (Spiritual Guides) ને " ગુરૂ " સંજ્ઞા લાગુ પાડવી અવશ્યની છે. આ જગત્માં અનેક ધર્મો થયા, અનેક પંથો થયા, અનેક શાસ્ત્રોના માર્ગો પડયા, અને તે માર્ગો–દર્શક અનેક પીરો, પેગમ્બરો, પ્રોફેસરો અને પ્રવર્તકો પેદા થયા. એ બધી ધુમધામ શા થકી થઇ તેનો વિચાર ચલાવવો જોઇએ. શું મનુષ્ય જાતિને ધર્મગુરૂની જરૂર છે? આ પ્રશ્ન ૧૮ મી સદી સૂધી કદાપિ જરૂરનો જણાયો નહીં, પરંતુ ૧૯ મી અને ૨૦ મી સદીમાં મનુષ્યના પ્રગતિકરણના ઉછાળામાં તો આ પ્રશ્ન વારંવાર ઉભો થાય છે. ગુરૂ કહેતાં રાહના રાહબરની જરૂર ભૂલાં પડેલાં માણસો માટે કેમ ના પાડી શકાય? પશુ પક્ષી કે પ્રાણ ધરાવનારાં પ્રત્યેક પ્રાણી માત્રને રોજે અવ્વલથી રસ્તો દેખાડનારા સરદાર, ઉપરી, ગુરૂ કે ઉસ્તાદની જરૂર જણાઈ છે. કીડીનાં એક ઝુંડને કે વાઘોના એક ટોળાંને, બકરાં મેંઢાંના ગોવાળાંને શું કે સિંહના સમુહને શું, સર્વને એક અનુકૂળ અગ્રેસરની કિંવા લાયક સરદારની આવશ્યકતા જણાઇ છે. તેજ પ્રમાણે દરેક કોમ કે ધર્મની પ્રજાને એક ગુરૂ, એક માસ્તર, અથવા અધ્યક્ષની જરૂર છેજ છે. ગુરૂ શબ્દને સામાન્ય વહેવારમાં આપણે વાપરતા આવ્યા છિયે. ચિત્ર વિદ્યા શિખાડનારને ચિત્ર–ગુરૂ, સંગીતનું જ્ઞાન આપનારને સંગીત–ગુરૂ,

ભાષા જ્ઞાન આપનારને ભાષા-ગુરૂ વિગેરે ગુરૂ કરવા પડે છે. જે કળામાં, જે હુન્નરમાં, જે જ્ઞાનમાં જે પ્રવીણ પ્રોફેસર હોઇ, સર્વથી સહેલો માર્ગ બતાવી આપણા સંશયો દૂર કરી, જે ધ્યેયે આપણે પહોંચવા ઇચ્છતા હોઇએ, તે ધ્યેય સંપાદન કરવામાં આપણો માર્ગદર્શી થાય, અને ધારેલે મઝકે સહેલાઇથી પહોંચાડે, તેનેજ આપણે ગુરૂ કરવાને લલચાઈએ. ગુપ્ત જ્ઞાન, મીનોઈ માર્ગ, અર્થાત: આત્મજ્ઞાન આપી આપણું ખુદાઇ જ્ઞાન જે ગુરૂ તૃપ્ત કરે તેને આપણે ધર્મગુરૂ કહીએ, તો તે સંજ્ઞા વાજબી છે. દતાત્રય-દત્તગુરૂ જેવા ગુરૂએ પણ સાપ, હોલો, અજગર, ભ્રમર, હાથી, હરિણ, માછલું, કરોળીઓ વિગેરે ૨૪ વ્યકિતઓને પોતાના ગુરૂ કીધા હતા; કાંકે એ ચોવીશે તે ત્રિમૂખી મહાગુરૂને કાંઇ ને કાંઇ ઉત્તમ માર્ગો સુઝાડયા હતા. ધર્મગુરૂની આવશ્યકતા વિષે કહીએ તો જરથોસ્તીઓના અવસ્તા, ક્રિસ્ટી બાઇબલ, અન્જીલે ઇસા અને તન્જીલે મહમદ, કુરાન-ગીતા-વેદ સર્વનાં સમજાતી ભાષાઓમાં ભાષાંતર થઈ ચુકયાં છે, અને આજે દશતુરો, પાદરીઓ, મોલવી કે કાઝીઓ, અથવા હિંદુ ગોર મહારાજો કરતાં ઇતર સંસારી લોકો (Laymen) જ્ઞાન અને વિદ્યા સંપાદન કરીને અભણ રહી ગયેલા ધર્માધિકારીઓના કાન પકડે એવા થયા છે ખરા, તોપણ ધર્મ-ગુરૂની જરૂર કાળે કાળે જણાતીજ રહી છે. તેનું રહસ્ય જૂદુંજ છે. એકલી પંડિતાઇથી તો અપચો થઈ પડે છે, પરંતુ પાંડિત્યની સાથે પવિત્રતા, જેને આપણ પારસીઓ "અષોઇ" કહે છે, તે તન અને મનની અષોઇ વિના ધર્માધિકારી થવાનું અશક્ય થઇ પડે છે.

માણસને શું ધર્મગુરૂની જરૂર છે ?

હુગલી નદીના તીરે પર્ણકૂટીમાં રહેતા એક મહા ભકત સ્વામીજીને તેમના એક હિંદુ શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે; "શું મનુષ્યને ધર્મગુરૂની આવશ્યકતા રહેલી છે ?" સ્વામીજીએ સ્મિત-હાસ્ય કરી થોડોક વાર વિચાર કરીને, નદીમાં ઉભેલી એક આગબોટ બતાવી પૂછયું કે; "આ આગબોટ કયાં જવાની તૈયારીમાં છે ?" શિષ્ય કહે: "આ તૈયાર થઇ ઉભેલી આગબોટ રંગુન તરફ જશે." સ્વામીજી પૂછે:-"કેટલે દિવસે એ રંગુન પહોંચશે ?" શિષ્ય કહે:-"ત્રણ ચારેક દિવસ લાગશે મહારાજ." સ્વામીજી:-"એ આગબોટની પાછળ દોરડાં વડે શું બાંધ્યું છે ?" શિષ્ય:-"એ તો બીજું એક ન્હાનું હોડકું છે, અને તેમાં પણ માલ ભરેલો હોવાથી તે પણ રંગુન ત્રણેક દિવસમાં પહોંચશે." સ્વામીજી પૂછે:-"એ પેલું બીજું એકલવાયું શું પડયું છે ?" શિષ્ય કહે:-"એ વળી બીજું ન્હાનું હોડકુંજ છે, તે પણ માલ ભરીને રંગુન તરફજ ઉપડવાનું સમજાય છે." સ્વામીજી કહે:-"ઠીક. પરન્ચ એ એકલવાયું કેટલેક દિવસે રંગુન પહોંચશે ?" શિષ્ય કહે:-"આઠ દસ દહાડા પણ લાગે ખરા." સ્વામીજી બોલ્યા:-"એમ કેમ બને ? આ બંને ન્હાની હોડીઓ

એક સરખીજ છે છતાં પ્રથમની નાની હોડી ૩–૪ દિવસમાં રંગુન પહોંચશે, ને બીજી તેજ પ્રકારની નાની હોડીને તેજ મથકે પહોંચતાં ૮–૧૦ દિવસ કેમ લાગશે વારૂ?" શિષ્ય બોલી ઉઠયોઃ–"જી મહારાજ! પ્રથમની હોડીને તો મોટી આગબોટ સાથે પાગરે બાંધેલી હોવાથી, અને તે મોટી બોટની સાથે સાથેજ જતી હોવાથી તે તો વખતસરજ પહોંચવાને શક્તિવાન થશે, અને બીજી હોડી કોઇ મોટી સ્ટીમરની પૂઠે જોડાયલી નહીં હોવાથી, તે તો બાપડી એકલી અટુલી ધીમે ધીમે અફળાતી કૂટાતી ઘણે દહાડે જ પહોંચશે સ્વામીજી!" "ધ્યાન લગાવ બેટા!" સ્વામીજી બોલ્યાઃ– "પહેલીકુ ગુરૂ મીલા હય, ઔર દુસરી હોડી ગુરૂ બિના ચલ રહી હય!" ભાઇ નસર! આ દ્રષ્ટાંત ઉપરથી તમે સમજી શકશો, કે પરમાત્માના મૂળ સ્થાને, ખુદાઇ દરયાએ પહોંચવાનું સ્થાન તો ભકિત અને આત્મજ્ઞાન છે, પરંતુ લાયક, બળવાન, શકિતવાન, અને માર્ગના પૂરા જાણનારા રાહબરની રાહબરી અને બાંહેધરી પકડી હોય છે તો માર્ગ સરળ, ટુંકો અને ભય રહિત મળશે. તમારે સ્મરણમાં રાખવું કે, જે આગબોટને તેનો આશ્રિત વળગેલો છે તે આગબોટજ જો ખડખડ પાંચમ, ભાંગી તૂટી, નબળી અને અવ્યવસ્થિત હોય, અને સાથે વળી તેનો માલમ કહો કે સુકાની કેપ્ટન કહો, તેજ જો બેપરવા, માર્ગથી અજાણ્યો, નાવાકેફ, અને આડે માર્ગે ઉતરી પડનારો હોય, તો તે આગબોટ અને તેનો માલમ ડુબશે તો ડુબશે, પણ તેને જે હોડકું ગુરૂ લેખીને તેની પનાહ તથા રક્ષણમાં રહ્યું હશે, તે પણ સાથે સાથેજ ડુબી જશે. ત્યારે જે ધર્મગુરૂઓ પ્રભુના દ્વારે પહોંચાડવાનો, અર્થાત્, ઇશ્વર જ્ઞાન આપવાનો દાવો કરતા હોય, તેઓજ જો એલ્મે એલાહીની બાબતથી અજાણ હોય, મીનોઇ માર્ગની જો તેમનેજ ખબર ના હોય, ભકિતમાર્ગ કે જ્ઞાનમાર્ગના વાકેફગાર જો તેઓજ ન હોય, તો પછી તે ગુપ્ત ગુઢ માર્ગ પોતાના અનુયાયીઓને તેઓ શી રીતે બતાવી શકે?

વતન મુકામે પહોંચવાના ચાર માર્ગો.

મુંબઇથી કલકત્તા જવું હોય તો ખુશકીના જૂદા જૂદા ૪ માર્ગો બતાવી શકાશે, અને તેનાં જુદાં જુદાં ૪ વાહનો કહી શકાશે. ગધેડાં કે ખચ્ચરો પણ મુંબઇથી કલકત્તા જઈ પહોંચવાને શકિતવાન થશે. તેઓ ડુંગરા, ટેકરા ટેકરી, નદીનાળાં ઓળંગીને કિંવા વટાવીને લાંબે લાંબે રસ્તે, જેમ તેમ અફળાતાં ઝિકાતાં કલકત્તા જઇ પહોંચશે ખરાં, પરંતુ તેમને પહોંચતાં ૨૦–૨૫ દહાડા જોઇશે. બેલની ગાડી ૧૫–૧૭ દહાડામાં કલકત્તે પહોંચશે ખરી, પરંતુ તેને ડુંગરા ટેકરા નહીં પરવડતાં ઝરાડ પૂરેલો કાચો પણ રસ્તો જોઇશે. વળી ઘોડાની ગાડી તો બેલની ગાડી કરતાં વહેલી કલકત્તે પહોંચશે. ૮–૧૦ દિવસમાં પહોંચી શકશે, પરંતુ તેની શરત* એ છે, કે તેને માટે તો પાકી સડક જોઇએ. હવે રહી આગગાડી. આગગાડી તો માત્ર

૨૧ા–૩ દહાડામાં તમને મુંબઇથી કલકત્તે પહોંચાડશે, પરંતુ તેની પ્રતિજ્ઞા બહુ કડક હોય છે. તેને તો સમાંતર સરલ (Parallel) ને સરખી રેલ્વે લાઇનોજ જોઇએ. એને તો લોઢાંના સમતોલ એક સરખા પાટા નાખેલી સડકજ જોઇએ. વળી જે મોટા ચીફ એન્જીન્યરે જે રસ્તો ઠરાવી આપેલો અને જે લાઇનો નાખી આપેલી હોય, તેજ પાટા ઉપર ડ્રાઇવરે એ આગગાડી ચલાવવી જોઇએ. લગાર એક ઇંચ જેટલી પણ પાટાથી બહાર ગાડી ચલાવવાનો ડ્રાઇવરને અધિકાર નથી. આમ છતાં વળી ડ્રાઇવરની ખાસ ફરજ તો એ છે કે, રસ્તામાં કાંઇ નડતર હરકત કે નુકસાન છે કે કેમ ? માર્ગમાં નડ કરે એવી વસ્તુ આડી પડી છે કે કેમ ? સામેથી કિંવા પાછળથી બીજી કોઇ ગાડી આવે છે કે કેમ ? બીજી ગાડી સાથે અથડામણ થઈ પડશે કે કેમ ? એ સર્વ વાતોની સંભાળ ભરેલી સમય સૂચકતા જે તે વખતે ચોક્કસપણે રાખવાની હોય છે. ડ્રાઇવર જો કે આગળ ને આગળજ ચાલ્યાં જવાની પ્રવૃદ્ધિવાળી (Progressive) સ્થિતિમાં મૂકાયેલો છે ખરો, તોપણ જો તે બેદરકાર, માર્ગથી અજાણ, છાકટ, અને ખરી સ્થિતિ સમજી જનારો ના હોય તો ગાડી ઉંધી વાળે, પાટા ઉપરથી ખસેડી પાડે, સામેની બીજી ગાડી જોડે અથડી પડે, અને પોતે તો ગબડી પડે અથવા પટકાઇ પડે ને વખતે કચડાઈ જાય તો જાય, પણ સાથે વળી તેના આધારે, તેના વિશ્વાસે, તેને ભરોસે, અને તેને પડખે રહેલા ઉતારૂ મુસાફરો પણ ચગદાઇ મરે. એટલા સારૂ ગુરૂ કરવાની જરૂર વિષે રસ્કીન કહે છે કે;

The first duty of every man in the world is to find his true master and for his own good submit to him, and to find his true inferior, and for that inferior's good conquer him.

સદરહુ દ્રષ્ટાંતનો સાર.

ઉપલાં દ્રષ્ટાંતનો સાર એ છે કે, ખચ્ચરો રૂપી શુદ્રો, જેને આપણ જરથોસ્તીઓ "હુતોક્ષાંનો" કહે છે, તેવા આત્મજ્ઞાનમાં છેક પાશ્ચાત રહેલા હલકા લોકો ડુંગરા ટેકરા ઓળંગીને અથડાતા કૂટાતા, અનેક જન્મો ધારણ કરીને પણ પરમાત્માના મુકામે પહોંચશે તો ખરા; પરંતુ ભયંકર અને બિકટ મુસાફરી કરી કરીને ઘણે લાંબે માર્ગે અને ઘણે લાંબે કાળે ધારેલે મથકે પહોંચશે; જ્યારે બેલગાડી રૂપી વૈશ્યો, જેને આપણ પારશીઓ "વાસ્ત્રિયોશો" કહે છે, જેઓ ઇશ્વરને ઓળખવાને લગાર જિજ્ઞાસુ થએલા હોય છે, તેઓ કાચી ગરાડે ગરાડે, આંચકા હિલા ખાતા ખાતા, જરાક ઓછા શ્રમે, લગાર ટુંકે માર્ગે, અને લગરીક વહેલા પહોંચશે. વળી ઘોડાગાડી રૂપ ક્ષત્રિયો જેમને આપણા જરથોસ્તીઓ "રથેસ્તારો" કહે છે, તેઓ લગાર આગળ વધેલા વર્ગના હોવાથી બેલગાડી કરતાં ઓછી અથડામણે, વધુ ટુંકા માર્ગે, અને વધારે જલદી પહોંચશે. પરંતુ આગગાડી રૂપી બ્રાહ્મણો, ધર્મગુરૂઓ, જેમને આપણે

"આથ્રવનો" કહીએ છિયે, તેઓ સૌથી શ્રેષ્ટ માર્ગે, શાંતિથી, સર્વથી ટુંકે રસ્તે અને સર્વથી પહેલા વહેલા પરમાત્માના ચરણે જઈ નમસ્કાર કરશે અને કરાવશે; પરન્તુ શરત એવી છે કે, તેઓએ એવું તો પવિત્ર જીવન ગાળવું જોઇશે, એવાં તો કડક વ્રતો અને પ્રતિજ્ઞાઓ પાળવી જોઈશે, કે નીતિ–ધર્મ–સદાચરણ–સતપંથ અને પ્રભુતાથી કેવળ ઓટપોટ તૃપ્ત થઈ પોતાને માનનારા અનુયાયીઓને સતમાર્ગ બતાવી શકે. ઇશ્વરી જ્ઞાન સંપાદન કરીને સમાંત્તર સરખા પાટા ઉપરજ તેમણે પોતાનું વાહન હંકારવું જોઇએ, અને તેમના ચીફ એન્જીન્યરો અર્થાત્, પેગમ્બરોએ નિશ્ચિત ઠરાવી આપેલા માર્ગેજ રથ દોડાવવો જોઇએ, અને સામે ઉભેલા બીજા ધર્મો રૂપી રથો સાથે અથડી ના પડાય તેની સંભાળ લેતા રહેવું જોઇએ. પોતપોતાના ચીફ એન્જીન્યરોએ–પેગમ્બરોએ–નાંખી આપેલી સીધી લીટીએ પોતાની ગાડી હંકારવી જોઇએ. ધર્મગુરૂઓની આ એક ફરજ હું ભાર દઈને કહું છું, કે પોતાના સાધારણ બુદ્ધિનાં યજમાનોને ઈશ્વર વિષેનાં ગુઢ જ્ઞાનની પ્રથમથીજ સમજુત કરવા જતાં અર્થના અનર્થ થવા સંભવ હોવાથી, પગથિયે પગથિયેજ બોધ આપવો. જેમકે કર્મના સિદ્ધાંત ફૂટિયા કીધાથી જો શિષ્યો પરમાત્માનું ગૌણુત્વ ગણુતા થાય અને કર્મનું પ્રાધાન્ય સમજે, જો પુરૂષાર્થનું પ્રાધાન્ય ને પ્રારબ્ધનું ગૌણુત્વ સમજી નાસ્તિક વિચારો કરીને આડે માર્ગે ઉતરી પડતા જણાય, તો પરમાત્માના અસાધારણ અધિકાર વિષે, પરમાત્મા પોતાની ઇચ્છાનો માલિક હોવા વિષે, તેમની શ્રદ્ધા, તેમની યકીનદારી કે દીનદારીમાં અંતરાય પડવા દેવો નજ જોઇએ.

સબક ૩૨ મો.

અહુરમઝદી સ્વપ્નું જૂએ રાત્રે, એહેરેમન્દી જૂએ દિસે.

I found Him in the shining of the stars,
I mark'd Him in the flowering of His fields.— *Tennyson.*

નસરઃ—"ભાઈ વિરાફ! તમે કહો છો તેમ ઇશ્વર પોતાનીજ મરજીનો માલિક હોય, તો કર્મનો કાયદો રહેજ કેમ? શું દાદાર હોરમઝદ એવા અસાધારણ અધિકાર ને સર્વોપરિ સત્તા ચલાવનારા છે, કે ગમે ત્યારે દયા કરે, ને ગમે ત્યારે સજા કરે?"

વિરાફઃ—પરમાત્માએ સૃષ્ટિ રચના વેળાએ સઘળું નિયમાનુસાર નિશ્ચિતપણે ઠરાવીજ રાખેલું હોવાથી, તેના કાર્યમાં ખુદ તે પોતે પણ કાંઇ ફેરફાર કરી શકતા નથી, બધું નિર્માણ કરીજ રાખેલું હોવાથી ગમે તે પ્રસંગે અને ગમે તે સ્થિતિમાં તેનાથી ન્યાય સિવાય દયાભાવ બતાવી શકાતોજ નથી, માત્ર કર્માનુસાર જગતનો વહેવાર ચાલે છે, એવાં એવાં સિદ્ધાંતોનેજ વળગી રહી સાધારણ સમજશકિતના લોકોને

બોધ આપવાથી લાભ કરતાં હાનિ વિશેષ થવાનો સંભવ રહે છે, અને દુઃખના ભયાનક પ્રસંગોએ સામાન્ય જનલોક પોતાની ધીરજ ખોઇ દઈ નિરાશા અને નાસિ-પાસીમાં નાસ્તિક બનતા જાય છે. એટલા માટે પરમાત્માના અસાધારણ અધિકારો વિષે પણ ખ્યાલ કરવાની આવશ્યકતા જણાય છે. તે માલિક પોતાના બંદાઓ ઉપર પ્રસંગોપાત કૃપાદૃષ્ટિ કરીને દયાભાવ દેખાડવાની વેળાએ દયા જો ન બતાવે તો તેની અપરંપાર મોટાઇ અને મરજીના પ્રૌઢપણા વીશે મનુષ્યના મનમાં કનિષ્ટ વિચારો ઉત્પન્ન થવા પામે.

બ્રિટિશ શહેનશાતનો દાખલો લઇએ તો જણાશે કે, ન્યાય અને ઈનશાફ કેવી રીતે કરવો તેના કાયદા કાનુનો **ન્યાયાધિશો માટે** મુકરર કરી લીધેલા હોય છે. ખુનીને ફાંસીનીજ સજા અને ચોરને કેદનીજ શિક્ષા. આવી રીતે ઠરાવી આપેલા કાયદાની બહાર એક ઈંચ પણ **ન્યાયાધિશોથી** બીલકુલ જવાતું નથી; પરંતુ એક ખુનીને ફાંસીએ લટકતો બચાવવા સારૂ રાજા **જ્યોર્જ**ને તો અસાધારણ અધિકાર હોયજ છે. આપણા રાજ્યના સઘળા નિયમો અને નિબંધોમાં પણ મહારાજા શ્રી **સયાજીરાવ**ના હજુરના અસાધારણ અધિકારની અપવાદ રૂપ કલમો તો હોયજ છે. એવા અસાધારણ અધિકાર રાજા **જ્યોર્જ** કે **સયાજીરાવ** મહારાજે પોતાના નિમેલા **ન્યાયાધિશોને** આપેલા હોતા નથી; તો જોકે તેમને માટે પણ દરેક કાયદાના અપવાદો તો ઠરાવી આપેલા હોય છે. જે રીતે Imperial Government—સાર્વભૌતિક અધિરાજ્યની મરજી, એ પણ એક કાયદો હોવાથી ચક્રવર્તિત્વ કહેવાય છે, જેવી રીતે ધર્માધ્યક્ષનું ધાર્મિક ક્રિસ્ટી ફરમાન છેવટનું ગણાય છે, તેવીજ રીતે બધા ધર્મોમાં એક મહામંત્ર હોય છે. આપણા જરથોસ્તી ધર્મનું મહામંત્ર આ છે કે,

"યથા અહુ વઇર્યો અથા રતુશ, અષાત ચિત, હચા વંઘહેઉશ
દઝદા મનંઘહો ષયઓથનનામ અંઘહેઉશ મઝદાઇ, ક્ષથ્રેમચા
અહુરાઇ આ ઇમ દ્રેગુબ્યો દદત વાસ્તારેમ."

એટલે, જે પ્રમાણે એક પાદશાહને પોતાની ઇચ્છામાં આવે તે પ્રમાણે કરવાનો અસાધારણ અધિકાર છે, તથા જે પ્રમાણે ધર્મના સર્વથી શ્રેષ્ટ ધર્માધ્યક્ષ પોતાની મરજી પ્રમાણે ધાર્મિક કાર્યોમાં આપ અખત્યાર છે, તેજ પ્રમાણે બેહમન કહેતાં ઉચ્ચ મનની બક્ષીશે કરીને પરમાત્માનાં ઇચ્છિત કામો આપ અખત્યારીથી થવા કાજે પરમાત્માનો સ્વેચ્છા મુજબનો અસાધારણ અધિકાર સર્વ સૃષ્ટિ ઉપર ચાલે છે. શાયર ફિરદુશી તુસીનો પણ કૌલ છે,

ક બખ્શંદેહ ઉ અસ્તો દારન્દેહ ઉય; બુલંદ આસમાનરા નેગારન્દેહ ઉય.
સેતમ દીદેહરા ઉસ્ત ફર્યાદરસ; મનાઝીદ બા નાઝેશી ઊ બ કસ.

તે માલિકે પાક ગુન્જ બક્ષીશો ઉતારનારો, અને સૃષ્ટિની સંભાળ રાખનારો છે. ઉંચા આકાશને ઉભું રાખીને તેને શણગારનો પણ તેજ છે. જેમના ઉપર

અન્યાય, ગેર ઇનશાફ, અને જુલમ પડે છે તેમની ફરિયાદો સાંભળનારો સર્વથી છેલ્લો સર ન્યાયાધિશ પણ તેજ છે. તે માલિકના અસાધારણ અધિકાર વિષે કોઇએ પણ શંકા લાવવાનું કશું કારણ નથી. જેમ વેદાંતમાં, કુરાન કે બાઇબલમાં વર્ણનો છે તેમ આપણા ધર્મમાં પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે;

" સ્પસ્ત નામ અહ્નિ. વીત નામ અહ્નિ, દાત નામ અહ્નિ,
પાત નામ અહ્નિ, થ્રાત નામ અહ્નિ, જનાત નામ અહ્નિ,
ઝનોઇસ્ત નામ અહ્નિ, ફ્શુમાઓ નામ અહ્નિ, ફ્શુષો-માથ્ર
નામ અહ્નિ, ઇસે-ક્ષથ્રો નામ અહ્નિ, ઇસે ક્ષથ્રયોં તેમો
નામ અહ્નિ, નામો-ક્ષથ્રો નામ અહ્નિ, નામો-ક્ષથ્રયોં તેમો નામ અહ્નિ. "

અહુરમઝદ કહે છે કે; " હું સંરક્ષણ કરવાવાળો છું. હું સર્વનો ખેરખાહ સર્વ વ્યાપક અધિકારી છું. ગુપ્ત બક્ષીશો ઉતારવાનો હું અધિકાર ધરાઉં છું. હું બધાનું પોષણ કરવાનો અધિકાર રાખું છું. સર્વમાં દુઃખ સુખ સમજનારો હું સર્વજ્ઞ છું. હું મ્હારા આ બધા અધિકારોને પિછાનનારો છું. હું સર્વની વૃદ્ધિ કરવાનો મુખ્ત્યાર છું. સૌનું કલ્યાણ કેમ કરવું તેના મંત્રોને હું જાણનારો છું. હું મ્હારી મરજી મુજબ મ્હારૂં પ્રભુત્વ, મ્હારી ખુદાવંદી ચલાવનારો છું; એટલુંજ નહીં, પણ અસાધારણ અધિકાર વાપરીને હું મ્હારી ઈચ્છા પ્રમાણે મ્હારી હકુમત ચલાવી શકું છું. " ટુંકમાં, પોતાનું દિલ ચાહે તે રીતે સ્વેચ્છાથી પરમેશ્વરપણું ચલાવનારો જે પોતાને કહેવાડે છે, તે અસાધારણ અધિકાર ધરાવનારોજ હોવો જોઇએ. એટલા માટે તેની અનદીઠ ગુપ્ત દયા માટે નિશંક નિસંદેહ રહી તેનુંજ સ્મરણ ત્હારે નિત્ય કરતાં રહેવું જોઇએ.

ભાઇ નસર ! આજે દુનિયામાં બુદ્ધિબળ, કુનેહ, અને મનની શકિતમાં તું મી. લોઇડ જ્યોર્જથી ચઢિયાતો કોઈને પણ જોતો ન હશે. તે જેવા વિદ્વાન, મોટાં ભેજાંના મહાન પુરૂષે જરમન મહા યુદ્ધની જીત થતાંને વાર પહેલુંજ કામ શું કર્યું ? કાંઇ પણ કામ પાર્લામેન્ટ પાસે પ્રથમ ન કરાવતાં આખી પાર્લામેન્ટને તે તુર્તજ દેવળમાં લઇ ગયો, અને સર્વ પાસે પરવરદેગારની પ્રથમ બંદગી કરાવી, તે સાહેબનો ઉપકાર મનાવ્યો હતો. એટલે આવું બળવાન ભેજું જ્યારે ખુદાની હસ્તી અને શકિત કબુલ રાખી તેની બંદગીનું ફળ સમજે છે, ત્યારે આપણે પણ કબુલ કરવુંજ પડે કે, જેને લોઇડ જ્યોર્જે માન્યો તેને આપણા જેવા અલ્પ મતિનાં માણસોએ કેમ નહીં માનવો ?

યહ રામ કહત કલમા, ન હુઆ કોઇરે;
અર્ધ નામ પાષાન, મરા નીર હોઇરે !
કર્મકી કેતીક બાત, બીલગ વહય જાયેંગે,
હાથીકે અસવાર, કુતે કયોં ખાયેંગે ?

પરમાત્માએ મુકરર કરેલી ગુપ્ત શક્તિઓ.

જે પ્રમાણે એક રાજા કે પાદશાહે નિમેલા ન્યાયાધિશો અને અધિકારીઓ, રાજાના બાંધીને સંપૂર્ણ કરી આપેલા કાયદાઓને પકડીનેજ ન્યાય કરી શકે છે, અને જે પ્રમાણે તેમને કશા અસાધારણ અધિકાર નિયમ નિબંધની બહાર જઇને, વાપરવાની સત્તા હોતી નથી, તેજ પ્રમાણે પરમાત્માએ નિમેલા અધિકારીઓ જેઓને દૂતો, ફિરેસ્તાઓ, ઇઝદો, અમશાસ્પંદો વિગેરે કહેવામાં આવે છે, તે સર્વને સાર્વભોમ પ્રભુ–સરકારે જે અલૌકિક કાયદા ઠરાવી આપેલા હોય છે, તે કાયદાની બહાર જઇને, પોત પોતાના અધિકાર વિરૂદ્ધ, તે ગુપ્ત અનદીઠ શક્તિઓથી પણ અસાધારણ અધિકાર વાપરી શકાતા નથી; તે તો માત્ર પરમ તત્ત્વની સત્તાની વાત છે. "તુલસી રેખા કરમકી, મીટ શકે ન રામ" એવું જે સિદ્ધાંત તુલસીદાસે કર્મને વિષે કહ્યું છે, તે એવું કે નિર્માણ કરેલું રામ પણ ફેરવી શકતા નથી, પરન્ચ તુર્તજ તેમણે પાછું કહી દીધું છે કે; "મીટે તો અચરજ નહીં, પર સમજ કિયો હય કામ." ધર્મશાસ્ત્રોનાં ઘણાંક સૂત્રો ને મંત્રો ગહન અને ગુપ્ત છે, જેનું તત્વ સત્વ બધાંજ કાંઇ સમજી શકતાં નથી. માટે સર્વ ધર્મો જેના અધિકાર, અને જેની સત્તા વિષે એકમત હોય તેને મનુષ્ય માત્રે માન્ય રાખવો જોઇએ. વળી ઘણાં લોકો જે તત્ત્વ કે સિદ્ધાંતની નિંદા કરતાં હોય તેજ અધર્મ ગણાવો જોઈએ. "પરમાત્માની ઇચ્છા ગમે એ પ્રસંગે ગમે એવી થાય"—એ સૂત્ર જો નહીં ગ્રાહ્ય કરવામાં આવે તો સૃષ્ટિ રચના એક ગુલામી બંધન થઇ પડી નાસ્તિકપણું વધી જાય. જો તે માલિક પાક પોતાના ક્રોધની તલવાર બહાર કાઢે તો પેગમ્બરો, પીરો અને વલીઓ પણ પોતાનું મોઢું છુપાવશે; અને જો તે સાહેબ કૃપા-દ્રષ્ટિ કરશે તો દુષ્ટ જનોને પણ સજ્જનોમાં હડસેલી દેશે. "સર્વ ધર્મને મૂકીને, કર આશ્રય મુજ એક; શોચ મા કર હું છોડાવીશ, સર્વ પાપથી છેક." એ ભગવત ગીતાનું વાક્ય છે. મી૦ બ્રાડલોનો સાથી નાસ્તિક મતનો હતો. પ્રભુના અસાધારણ અધિ-કારને તે માનતો ન હતો. પરમાત્મા જેવી કોઇ અનદીઠ શક્તિ હોય તો તે હવે નિઃસત્વ અથવા અણુધિકારવાળી અને અશકત થઇ પડેલી શક્તિ હોય એમ તેનો મત હતો. જ્યારે તે એક પ્રસંગે રેલ્વેની મુસાફરી કરતો હતો ત્યારે તેજ રેલ્વેને એક અતિ ભયંકર અકસ્માત નડયાથી સઘળા ઉતારૂઓ કચડાઇને માર્યા ગયા, અને એકલો પેલો સાથીજ બચી જવા પામ્યો. વળી તેને જરાએ ઘસારો કે ધોકો પણ લાગ્યો નહીં! તેને હવે લાગ્યું કે, શાસ્ત્રિય રીતે જોતાં પણ આ અકસ્માતમાં એક પણ જીવડો બચવો જોઇતોજ ન હતો, છતાં તેને એકલાનેજ કોણે બચાવ્યો! આ અસાધારણ બનાવમાં કોઇ પણ એક અદ્‌ભુત અલૌકિક શક્તિનો અણદીઠ હાથ હોવોજ જોઇએ, એમ તેને ભાસવા લાગ્યું.

નસીર:—" કેટલાક વખતથી મ્હને એવી ને એવીજ કલ્પના થયાં કીધી, કે જ્યારે સર્વ કાંઈ કર્મ પ્રમાણેજ બને છે, જ્યારે સઘળું કર્મનેજ અવલંબીને ચાલે છે, ત્યારે ભક્તિ, પવિત્રાઇ, સત્ય, આસ્તિકભાવ કિંવા નાસ્તિકભાવ એ સર્વ શું કરી શકે ? પરમાત્માની સત્તાજ જો એકવાર નિશ્ચિત થઇને પ્રભુતા જ જો મર્યાદાવાળી હદ બાંધેલી જ બનેલી છે, તો પરમાત્માને શું કાંઈજ અધિકાર રહ્યો નથી ? એટલામાં તા° ૬ઠી જુલાઈ ૧૯૨૧ ના દિવસે આપણે ત્યાંજ એક એવો ભારે અકસ્માત બનાવ બન્યો. માળ તૂટી પડયો, પરન્તુ આખું માળ્યું આપણા ઘરમાં વસનારાંના માથા સૂધી આવીને અદ્ધર હવામાં જાણે અટકીજ પડયું ! "

વિરાફ:—ત્યારે આ ચમત્કાર તે વેળાએ કોણે કીધો હતો ? ગુરૂત્વાકર્ષણ અને શક્તિનું ગૌરવ (Force) કોણે અટકાવ્યાં ? એક સર્વ વ્યાપક અને સર્વ શક્તિમાન મહાન શક્તિ, જેને અસાધારણ સત્તા હતી, તેનોજ એ મોજેજો હતો ભાઇ. મુંબઈમાં ત્રણ માળની એક ઉંચી હવેલીની બારીમાંથી ૪–૫ વર્ષનું બાળક જમીન ઉપર નીચે પટકાઇ પડયું છતાં, મુંબઈનીજ ભૂમિના ગુરૂત્વાકર્ષણ (Attraction of Gravity) નો કાયદો કોણે તોડયો ? કે તે બાળકને સલામત હસતું રમતું, જીવતું જાગતું ઉંચકી લેવામાં આવ્યું ? મહી નદી ઉપરના ઉંચામાં ઉંચા રેલ્વે–પુલ ઉપર ડબામાંથી એક પારસી છોડી ઉથલાઈ પડી, પુલની વચ્ચમાં થઇને નદીમાં સરકી પડી, ત્યાં તે ટ્રેનનો ગાર્ડ તેણીનો બાપ મૂકાયો હતો, સાથે માતા બેઠી હતી, તેણીએ એલાર્મની સાંકળ ખેંચવાથી બાપે ગાડી ઉભી રખાવી, અને નદી ઉતરી તે છોડીને જરા પણ ઈજા વિના તેણીનો ગાર્ડ–બાપ સાજી સમી ઉપર ઉંચકી લાવ્યો, ને ગાડી સડસડાટ પાછી ચાલી. ત્યારે હ્યાં પણ Force નો કાયદો બાજુએ મૂકનાર અસાધારણ સત્તા ધરાવનાર કોણ હશે ? **પરમાત્મા.**

Mercy is an attribute to God Himself, and earthly power doth show then likest God's when mercy seasons justice. —Shakepeare.

કર્મનો કર્તા કોણ ? કર્મમાં ચૈતન્ય છે, કે કર્તામાં ?

મનુષ્યના મનમાં જ્યાં સૂધી એવાજ પ્રકારના નિશ્ચયો દ્રઢપણે જડ ઘાલી રહ્યા હોય છે, કે આગલાં પાછલાં કર્માનુસાર જે તે નિર્માણ થઈ ચૂકેલુંજ હોય છે, જેમાં પરમાત્માથી પણ ફેરફાર કરી શકાતો નથી, ત્યાં સૂધી એકજ પ્રશ્ન ઉત્પન્ન થયાં કરે છે કે, " જ્યારે કર્મ ન હતું ત્યારે કર્મને કોણે અને શા કારણે ઉત્પન્ન કર્યું ? " એવા વિચારથી નવા નવા નિશ્ચયો માનવીની કલ્પનામાં પ્રવેશ કરી શકતા નથી, અને ખુદાતાલાની અસાધારણ સત્તાના ખ્યાલાતો મૂળ ઘાલી શકતા નથી. આગલા વખત ઉપર ભોળા ક્રિસ્ટી લોકો માનતા હતા કે, ઈસ્ટરના તહેવારો ઉપર સૂર્યનારાયણ નાચે છે ! જેઓ પ્રભુની અદ્ભુત સત્તા અને કળાને માનતા હતા, તેમને

ઈસ્ટરના દહાડાઓ ઉપર સૂરજ નાચતો પણ દેખાતો હતો ! દરેક ન્હાનાં જીવજંતુની બનાવટને પણ માણુસ સમજી શકતો નથી, તો જે અનંત છે તેને તેઓ કેમ સમજી શકે? જે મહાન ભાને, જે મહા શક્તિએ લાખો પૃથ્વીઓ અને લાખો આકાશો ઉત્પન્ન કર્યાં છે, અને જે ઈચ્છા કરે છે કે, "આમ આમ થાવ!" તો તે પ્રમાણે થઈ જાય છે; "કુન ફ્રૂય કુન!" એવો જેનો હુકમ નિકળતાંજ બધી સૃષ્ટિ રચના થઇ જાય છે; પ્રલય પછાં જેનો ધ્વનિ "ओं:कार" નિકળતાંજ બ્રહ્માંડ બને છે, તેની અસાધારણુ સત્તા કર્મના કાયદાને પણ બાળી ભસ્મ કેમ ન કરે? જે કર્તાએ સર્વ કાંઇ ઉત્પન્ન કર્યું છે, અને જે બધી વાતો દરેક પળે જાણુનારો સર્વજ્ઞ છે, અને જે સર્વશક્તિમાન કહેવાયો છે, તે આપણો અહુરા, જળ હોય ત્યાં સ્થળ, અને સ્થળ હોય ત્યાં જળ પલકવારમાં કરી શકે છે; રજની પર્વત ને પર્વતની રજ ઘડીવારમાં કરી શકે છે; ઘાસનાં તણખાંને પત્થર અને પત્થરને તૃણુ બનાવી શકે છે; અગ્નિનો કાયદો ઉષ્ણુતાને લઇને વસ્તુઓને બાળી નાખવાનો છતાં, તેને ઠંડો ગાર કરી દઇ તે ઉપરથી માણુસોને ચલાવી શકે છે; હીમ અગ્નિ થાય અને રાયનો રંક કે રંકનો રાય પલકારામાં થઇ શકે છે, એ તેની અસાધારણુ સત્તાનું પરિણામ સમજવાથી ઇનશાનને શાણુ આવી શાન્તિજ થાય છે. He changes a fly into an elephant. તે સાહેબ એક માખીને હાથી પણ બનાવવાની સત્તા ધરાવતો ગ્રીક ફિલસુફો માની ગયા છે; કેમકે

જુઝ અઝ રાયો ફરમાને ઉ રાહ નીસ્ત;
ખુરો માહ અઝીન દાનેશ આગાહ નીસ્ત.

તે પરવરદેગારના હુકમ અને ઈચ્છા વગર બીજી કોઈ રીતિજ નથી. સૂર્યને અને ચંદ્રમાને પણ તેની સત્તાની ખબર હોતી નથી; અને રંકના રાય કરવાનો જે તેનો અસાધારણુ અધિકાર તે થકીજ તો ડેલીમ જીલ્લામાં, અબુ સુજાઉલ બોહિયા નામનો ઇરાની માછી જે લાચાર સ્થિતિમાં તેની દયા માગતો હતો, તેના ત્રણુ દીકરાઓ ઇમાદ, રૂકન અને મોયઝને રાજપાટ આપીને એકદમ તેણે રાજાઓ બનાવ્યા હતા, એવો સૃષ્ટિનો કારભાર ચલાવવામાં જે પરમેશ્વર સંપૂર્ણ સત્તા પોતાના જ હાથમાં રાખી રહ્યા છે, તેથીજ સૃષ્ટિમાં સઘળે સુંદરતા લાગે છે, ને બધે આનંદ પણ પ્રસરી રહ્યો છે, અને તારાઓ પણ એવાં ગીતો ગાય છે કે, "આપણુ સઘળાઓને બનાવનારા હાથોમાં અલૌકિક સત્તા છે." પશુ પંખીમાં કે સૌ જીવજંતુમાં તેમજ સૌ મનુષ્ય માત્રમાં કે દેવતાઓમાં ઓટપોટ બસ તેજ પરમાત્માનીજ સત્તા વ્યાપી રહેલી હોવાથી, જ્યાં જ્યાં ખ્યાલો ને કલ્પનાઓ ફરે ત્યાં ત્યાં, પરમાત્માનીજ લીલા દૃષ્ટિગોચર થાય છે.તેના વિષેના વિચારો દ્રઢ કરવાથીજ આપણુને આફતો કે અકસ્માતોનાં દુઃખોનો પડછાયો પણ જણુાશે નહીં. જે થવાનું તેજ થશે, એવીજ માન્યતા રાખી રહેનાર ઇનશાન, જે સર્વ કાંઇ પરમાત્માની અખંડ શક્તિમાંથી ઉત્પન્ન થાય છે,

અને તેની અપાર શકિત, અસાધારણ સત્તા, અખુટ ઇચ્છા, અને અનંત ડહાપણમાંથી સર્વ કાંઇ જે તે વખતે નિપજે છે એવું માનતો નથી, એટલુંજ નહીં, પણ જેમ કવિ પોપ કહે છે તેમ, બેહદ વિસ્તારવાળા અને અખંડ સત્તાવાળા જે સાહેબના આપણ સઘળા ભાગો છિયે, તથા તેની ઇચ્છા અને અધિકાર એજ જેનું શરીર છે, એવું પણ માન્ય રાખતો નથી, તે મનુષ્ય ઇશ્વરની ભકિત, અલ્લાતાલાની નિમાજ, અને ખુદાવીંદની બંદગી કરવામાં બેદિલ થઇને દુઃખી જ થયાં કરે છે. આવું વગર સમજનું ફલ સંઘરવા જોગ થઇ પડતુંજ નથી. ઇશ્વરની ઇચ્છા વિષે મનમાં જેવી ભાવના થાય છે, તેવીજ ભાવના બહાર પ્રગટી નિકળે છે. પ્રભુની અસાધારણ ઇચ્છા અને અખંડ સત્તાનું સ્મરણ કરનાર તો પ્રભુનાં સાક્ષાત દર્શન લઇ તેને પ્રત્યક્ષ દેખે છે. માત્ર એકજ માણસની બંદગીના પ્રવાહો આકાશ વેર ઉડીને વિશ્વના આખા વાતાવરણને (Atmosphere) શુદ્ધ કરી મેળે છે, ત્યારે જગત્‌ની બંદગીના વાતાવરણનો તો ખજાનો ને ખજાનો દાદારના દરઘામાં ભેગો થયો છે, અને તે ખજાનામાંથીજ ખાસો આમને બળ ને ફળ મળે છે. બંદગીથી ભેગો થએલો લાખો વરસનો ખજાનો ખુટતાં ખુટતો નથી.

સેતૂદન મફ્રા ચુનાં ચુન તવાં;
શમો રૂઝ બુદન બ પીશશ નવાં.
ખુદાવંદે ગરદંનદેહ ખુરશીદો માહ;
રવાંરા બ નેકી નુમાયનદેહ રાહ.

ભાઇ ! ત્હારાથી બની આવે એટલી પાક દાદારની બંદગી કર. અહોનીશ તે મહાન બાપના ચરણે નમતો રહે. સૂર્ય અને ચંદ્રને તે સાહેબની આગળ તું નમતા ને નમતાજ જોતો રહીને ત્હારા આત્માને શુદ્ધ માર્ગ દેખાડનારા તે રાહબર સાહેબના નમસ્કાર હરદમ કરતોજ રહે.

આત્મિક બળ.

આપણો આત્મા ઉંચ ગુણોથી ઓટપોટ ભરપૂર છે. આત્મા કે પરમાત્માની સંપૂર્ણ સત્તા આગળ કર્મના દોષની બિસાદ શી હોઇ શકે ? આપણા પરવરદેગારની વખતો વખત આપણા ઉપર ઉતરી આવતી દયાની કુદ્રતનું ચિંતન કરવાનું છોડી બેસીને, આપણામાં જે દોષ નથી તેનું ખ્યાલી ને ખાલી વિમાસણ કરવું એ ભગવત સત્તા વિષે શંકાશીલ રહેવા જેવું થાય છે. પ્રભુ છે તે માફી આપનારો છે, રહેમિયત અને દયાનો ભંડાર છે, એ સત્ય વાતને નહીં માનતાં ભકિતને પણ વિસારી દઇને એકલાં કર્મનેજ કુટયા કરવાથી અનર્થ થાય છે ભાઇ. જે ભકતો પરમાત્માની સ્વતંત્ર સત્તા ને ઇચ્છા વિષે સંપૂર્ણ છે, તેઓ તો તેલની કડકડતી ગરમ કઢામાં પડતા પણ ડરતા નથી કરવત વડે વહેરાતાં પણ ડગમગતા નથી. ગળાં ઉપર છુરી ફરત

પણ ધ્રુજતા નથી, અને તે કૃતિને ચમત્કાર કહેવામાં આવે, અને તેવા ચમત્કારને નમસ્કાર થાય એમાં નવાઈ શી છે? જેઓ યકીન કે ઈમાન વગરના હોય તેમનેજ ઇશ્વરિ અસાધારણ સત્તા ઉપર વિશ્વાસ હોતો નથી. માણસ પોતાના આત્માનું મહત્વ ને ઉચ્ચપણું ભૂલી ગયાથી જ જરા જરામાં ભય પામી શંકાયુકત બને છે.

"The human Will, that force unseen,
The offspring of a deathless soul,
Can hew a way to any goal,
Though walls of granite intervene."

કર્મ ઉપર પ્રભુની અદ્‌ભુત સત્તા.

ગોવીંદ સ્વામી સ્નાન કરીને પવિત્ર થયા ત્યારે કુકર પાપી તેમના શરીર ઉપર મૂતર્યો, તોયે તે પાપીને શિક્ષા ન કરતાં તેને ભક્તિને માર્ગે પ્રભુએ કાં લગાડયો? ફરી ફરીને વૃષ્ચકે નંદરાસને ડંખો માર્યો છતાં તેના કર્મ તરફ ન જોતાં પ્રભુએ તેના ઉપર કરૂણા કરીને જળની શીતળતામાં શા સારૂ રાખ્યો? હરિનો જે પૂર્ણ ભક્ત અંબરિષ, તેને દુર્વાસાએ ઘણોએ દુઃખી કર્યો તો પણ મૂનિનાં આ કુકર્મ તરફ નજર ન કરતાં તેનું રક્ષણ જ કર્યા કીધું; એમ કાં? ઠગ લોકે જયદેવના હાથો કાપી નાખી તેને કૂવામાં નાખ્યો તેવા ઠગોને તેજ રાજા પાસે પુજાવીને સુખ કાં અપાવ્યું? વાઘની બીકથી પારધીને વશ થએલ વાનરી પારધીના ભરોસા ઉપર રહી, અને તે પારધીએજ દગો કરવા છતાં તે પારધીને પ્રભુએ સ્વર્ગમાં કાં મોકલ્યો? હરિજનને લુટારાએ લુટીને તેને કાપી નાખ્યો છતાં તેનાં દુષ્ટ કર્મ તરફ ન જોતાં ઉલટો અમુલ્ય હીરો લુટારાને આપી સંતોષવાનું શું પ્રયોજન? ઠગ વાણિયાનો વેશ લઈને નારાયણે પોતાના સેવકનીજ સ્ત્રીને કાં મારી નાખી? એ સર્વમાં ઇશ્વરની ઇચ્છા, સત્તા, અને અસાધારણ અધિકાર શું આપણે અનુભવતા નથી? જ્ઞાની કિંવા ભક્ત જે તેની ઇચ્છાને વળગી રહ્યાં છે એ બન્ને પ્રભુનાજ પુત્રો છે, પરન્ચ જ્ઞાની છે તે સમજણો છે, માટેજ મોટો દીકરો કહેવાય છે, અને ઇશ્વરનીજ એકલી સત્તાને માનનારો તો ન્હાના બાળક જેવો હોવાથી ઇશ્વરને પોતાના ન્હાના દીકરા ઉપર તો વડા દીકરા કરતાં પણ વિશેષ વહાલ હોય છે. અર્થાત્, ઇશ્વરના અસાધારણ અધિકાર પ્રત્યે અવલંબીને રહેલો બંદો (ભકત) તો ઇશ્વરની દયા પ્રાપ્ત કરવા ઉપરજ બેઠેલો હોય છે.

ભકત બાલ બડ જ્ઞાંની સુત, ત્રુગમ જનની જદુરાઈ;
પેં ન પ્યાર બાછલ્ય વહાં, સીસુ પેં અતિ અધિકાઈ.

જીવભાવમાંજ ધાસ્તી રહે છે, ઇશ્વરભાવમાં બિવાનું હોતુંજ નથી. પ્રભુની ઇચ્છાના ભાવ ઉપર આનંદે રહેવાય. પરમાત્મા સર્વદા આપણા રક્ષક છે, દયા

રાખનારા છે, એવું માનનારા જીવોને કર્મનો ભય ક્ષુલ્લક જણાય છે. જે ઘડીએ પ્રભુના અધિકારમાં જીવ અવિશ્વાસ કરે છે તે ઘડીએજ તેને ભય લાગવા માંડે છે. આવી તેવી સાવધગીરી નહીં રાખીશ તો અમુક અમુક વિપત્તિ આવી પડશે, એવું અભિમાન રાખવા માંડતાંજ અંતઃકરણ ધ્રુજવા માંડે છે, કેમકે ભગવાનની અમર્યાદ ને અનંત સત્તા મર્યાદિત અને અંતવાળી ભાસતાંજ આપણો અવિશ્વાસ થાય છે. ગમે એવડી સાવધાનગીરી કરતાં ઇશ્વર ઉપરની ગમે એવી શ્રદ્ધા જ બળવાન થઈ પડે છે. અહુનવદ ગાથામાં એક કહેવત કહી છે કે; " અથાનો અંઘહુત યથા હવો વસત. " એટલે કે, " જેવી પરમાત્મા ઇચ્છા કરે તેવું અમને થજો ! " ટુંકમાં, ઘણીવાર કર્મનું ગૌણુત્વ અને ઇશ્વરની ઇચ્છાનું પ્રાધાન્ય કહેવામાં આવ્યું છે. કેમકે, જ્યારે કર્મની હસ્તી નો'તી ત્યારે પણ કર્મને ઉત્પન્ન કરનારો પરમાત્મા તો હતોજ હતો. કર્મનો જે ઘડનાર તેની સત્તા બહાર તે હોયજ નહીં. કાયદો ઘડનાર અને કાયદાની અમલ બજાવણી કરાવનાર જે મહાન રાજ્ય–સત્તા તે સત્તાના અધિકારમાં જ તે કાયદો ગમે તે પ્રસંગે રદ કરવાનો, તે કાયદામાં સુધારો વધારો કે ઘટાડો કરી ફેરફાર કરવાનો, કિંવા અમુક મુદત સૂધી મુલતવી રાખવાનો અસાધારણ અધિકાર હોયજ છે. જો કર્મના કાયદા ઉપર ભૂતકાળની સત્તા ખુદાનીજ ગણાય, તો વર્તમાન કાળ કે ભવિષ્ય કાળમાં, તે શહેનશાહોના શહેનશાહ અને બ્રહ્માઓના બ્રહ્માની સત્તા નિર્મુળ થએલી માનવાને આપણી સાધારણ બુદ્ધિ પણ ના પાડે છે. જે પ્રસંગે અમુક કામ થવું જોઇએ અને અમુક કામ થવાનું હતું તે ન જ થવું જોઇએ, એવો પરમાત્માને સંકલ્પ થાય, અને તેની ઇચ્છા મુજબનો હુકમ થાય ત્યારે માણુસ જાતનું સઘળું ડહાપણ અને બધી અક્કલ એક કોરેજ રહી જાય છે.

ચુ બાયસ્તેહ કારી બુવદ ઇઝદી;
બ યક સુ રવદ દાનેશો ખેરદી.

દ્રષ્ટાંતથી સિદ્ધાંતની સમજુત.

જેઓને પરમાત્માની સંપૂર્ણ સત્તા વિષે સંપૂર્ણ ભરોસો છે તેઓને તો કોઇ કાલ્પનિક માની લીધેલા કાયદાથી અંતરાય આવેજ નહીં. એકવાર એક વહાણ ઉપર સ્વારી કરી, પરસ્પર અત્યંત પ્રેમ રાખનારૂં ધણી ધણિયાણીનું એક જોડું સમુદ્રની સફર કરતું હતું, એવામાં ભારે તુફાન ચઢી આવ્યું, અને વહાણે ડોળા ખાવા માંડયા. બધા મુસાફરો નિરાશ અને નાઉમેદ થઇ ગભરાટથી કોલાહોલ કરવા લાગ્યા, પરંતુ પેલી સ્ત્રીનો ધણી, જેટલી પણ બચવાની યુકિત સુઝી એટલી કરવા લાગ્યો. કેટલીક વારે તેણે પોતાની સ્ત્રીને એક ખૂણે દિલગીરીથી બેસીને આંસુ પાડતી દીઠી. એટલે તે તેણી પાસે ગયો, અને ખુદાઈ શકિત તથા કુદ્રતની અપરંપાર સત્તા વિષે તેણીને બહુ બહુ સમજાવતાં બોલ્યો કે;

અગર મેહેર બા કીન ન યામીઝદી;
સેતારેહ ઝે ખેશમ્ચા ફેરૂ રીઝદી.

પરવરદેગારે જો કહેરની સાથે મહેર ભેળી નહીં હોત, કીના જોડે દયા જોડી ના હોત, તો આકાશ ઉપરના એકે એક તારાઓ જમીન ઉપર ખરી પડયા સિવાય રહેત નહીં. એટલામાં તો તુફાન બેહદ વધી પડયું. તે વહાણ હવે ખડક ઉપર અથડી પડવાની તૈયારીમાં હતું; જેથી તે સ્ત્રી બોલી:—"મ્હારા વ્હાલા ખાવીંદ! હવે ગભરાટનો પાર રહ્યો નથી. કંઠે પ્રાણ આવ્યો છે. જે વખત જાય છે તેટલામાં વહાણ દરિયાની તળે જઈને અથવા ખડકને લાગીને આપણ બન્નેને મૃત્યુના મૂખમાં થોડીજ પળમાં મૂકી દેશે. આમ છતાં તમે ડાહી ડાહી વાતો કરીને શાયરી ચલાવવા જેટલું ઠંડું કાળજું કેમ રાખો છો?" આ સાંભળીને તેનો ધણી વહાણના બીજા ભાગ તરફ દોડયો, અને એક તલવાર લાવી મ્યાન બહાર ખેંચી કાઢી સ્ત્રીને કહેવા લાગ્યો:— "પ્યારી! હું હવે ત્હારૂં ખૂન કરૂં છું; કેમકે આમ પણ તો તું મોતનાંજ ડાચાંમાં છે તો વહેલી મરશે તો શું મુજાયકો છે?" બાયડી મૂગી બેઠી; એટલે પુરૂષે પૂછયું:— "કેમ છે? તું પણ હવે ઠંડે કાળજે કેમ બેઠી છું? શું તને આ સમશેરના ફટકાનો ડર નથી લાગતો શું?" સ્ત્રી કહે:—"વ્હાલા સ્વામી! આ તમે જે તલવાર ઉગામી છે તેનો કિંચિત્તે ભય કે ધાસ્કો મ્હને તો લાગતોજ નથી, કાંકે મ્હને સંપૂર્ણ શ્રદ્ધા છે કે, **આ તલવારની મુઠ મ્હારા ને મ્હારા જીવજાન, દિલોજાન, જીગરના દોસ્તના હાથમાં છે, જે મ્હારા જાનને તો શું પણ મ્હારા એક બાલને પણ અળવળ આવવા દેનાર નથી, એવો મ્હને ભરોસો છે. આ મ્હારી ધીરજ કુદ્રતી હોવાથી મ્હને જરાએ બીક કે ગભરાટ લાગતોજ નથી."** આ વચન સાંભળી પુરૂષે તલવાર પાછી મ્યાન કરી કહ્યું:— "મ્હારી પ્યારી! તું ખાતરીથી માનજે કે, ત્હારા શુભેચ્છક ખેરખાહ ખાવીંદના હાથમાંની તલવારથી જેમ તને ત્હારો બાલ પણ લગાર વાંકો થવાની ચિંતા નથી, કેમકે હું ત્હારો ખાવીંદ જે ત્હારો રક્ષક કહેવાઉં, તે ત્હારૂં સંરક્ષણ કરનારના હાથમાં રહેલી તરવારની મૂઠ જ્યાં સૂધી તેનાજ હાથમાં રહેલી છે ત્યાં સૂધી, ત્હારે કશો ગભરાટ કરવાનું કારણ નથી, તેજ પ્રમાણે આપણા સંસારનું કે આપણા વહાણનું સુકાન તે પરવરદેગાર ખાવીંદના હાથમાં રહેલું છે, એમ જ્યારે તું ખાત્રીથી માનશે, ત્યારે તને સમુદ્રના આ ભયાનક તુફાનથી પણ જરાએ ધાસ્તી કે ગભરામણ લાગશે નહીં. ભલેને તુફાન ચોવડું વધે, છોને ગમે એ બલા કાં નહીં આવે, તોપણ તે માલિકની મરજી આપણને બચાવવાનીજ હશે તો તુફાનથી આપણને કશુંએ થનાર નથી. આખરે તુફાન નરમ પડયું, ને વહાણ બંદરે પહોંચ્યું.

કસ અઝ ખાસ્ત યઝદાં ન યાબદ રેહા;
અગરચે બુઅદ દર દમે અઝદહા.

એક માણસ કદાપ અઝદાનાં ડાચાંમાં કાં જઇ પડયો ન હોય, તોપણ દયાળુ પ્રભુના હુકમ અને ઇચ્છા વિરૂદ્ધ કાંઇએ થઇ શકનાર નથી. પ્રભુની અચાનક સહાયનું, ગુપ્ત બક્ષીશનું, અને ગેબી બસારતનું કામ એવું છે, કે જેમ આંખનાં પોપચાં આંખમાં અચાનક કે ઓચિંતો ધૂમાડો જવાજ દેતાં નથી, અથવા કાંઈ લાગી વાગી જતી વખ્તે જેમ એ પોપચાં આપોઆપ બિડાઇ જઇને બહારની તુચ્છ સત્તાને પોતાનામાં પ્રવેશ થવા દેતાં નથી; પરંતુ પ્યારીના પ્રેમનોજ વિચાર કરે છે, તેજ પ્રમાણે પ્રેમના ને ભાવના ભૂખ્યા ભગવાન તો પોતાના બંદાઓની લાગણી ભરેલી ભકિતનોજ વિચાર કરે છે.

The quality of mercy is not strain'd,
It droppeth as the gentle rain from heaven
Upon the place beneath.—*Shakespeare.*

નસર:—"શું ત્યારે કર્મનો કાયદો પણ નાંખીજ દેવાનો છે?"

વિરાફ:—કર્મનો કાયદો કાંઈ ખોટો નથી, પરંતુ એકલા એ કાયદાથી જ ખુદાઇ સત્ય શોધી કઢાએલું છેવટનું માનવાને તમારી મનોવૃત્તિ નાજ પાડશે. આર્સેસીલ્યોસ હમેશાં સ્ટોઇક પંથવાળાઓની સામે થઇને કહેતો હતો કે, "કર્મ વિષે છેવટનું સત્ય શોધી કાઢવાને માટે મનુષ્ય માત્ર લાયક નથી." કાર્નિડાશે આ વાદવિવાદ સંબંધે છેલ્લા શબ્દો આ કહ્યા હતા કે; "કુદ્રતમાં તત્વની સત્યતા શી છે તે પિછાનવાને માણસની શકિત કાંઇજ નથી." મનુષ્ય જયારે પરમાત્મા ઉપર શ્રદ્ધા ને યકીનદારી વધારતોજ જાય છે, અને બીજાં ત્રીજાં બંધનોને તુચ્છ સ્વીકારતો જાય છે, ત્યારેજ તે વધારે ને વધારે દૃઢતાથી ઈશ્વરની ઇચ્છા અને તેની સર્વોપરી સત્તામાં માન્યતા રાખતો થઇ તે પરમ આનંદ મેળવતો જાય છે. કર્મના કાયદાની જાળ મનુષ્યને માથે હોય, પરન્તુ પ્રભુને તે બંધન કર્તા નથીજ.

અલૌકિક બનાવો ઉપર મન લગાડો.

અગસ્ત્ય રૂષિ નામના જતિએ ઇ૦ સ૦ ૧૯૦૪ ના જાનેવારીમાં પોતાની વિલાયતની મુસાફરી વેળાએ માત્ર સંકલ્પ વડે કેટલોક વખત સૂધી પોતાના હૃદયના અને નાડીના ધબકારા બીલકુલ બંધ પાડી રાખી મોટમોટા કર્મવાદીઓને સ્તબ્ધ કરી મેળ્યા હતા, એ વાત પ્રસિદ્ધ છે. ત્યારે વૈદકિય શાસ્ત્રનો કાયદો પણ કયાં ગયો હતો? એજ ગુરૂ પરમહંસે ઈ૦ સ. ૧૯૦૨ માં પ્રો૦ મેક્ષ્મ્યુલરને તથા પ્રો૦ કાર્પેન્ટરને પણ પોતાના સંકલ્પે કરીને ઉપર પ્રમાણે મુએલા જેવું પોતાનું પ્રેત બતાવી માણસ જાતે કહેલો વૈદકિય કાયદો ખોટો પાડયો હતો. હોલ્ટ વંશના પક્ષે

આ વાદવિવાદમાં પૂરવાર કરી આપ્યું હતું કે; "માણસની કલ્પનાએ ઉપસ્થિત કરેલા કાયદાથી કરીને નહીં, પણ પ્રભુની સત્તાજ ચાહે તો રંકને રાય અને રાયને રંક બનાવી શકે." શાયર ફિરદુશીનું વચન પણ એજ છે કે;

ચું યઝદાં કસીરા કુનદ નેક બખ્ત;
બી કોશીશ ઉરા રસાંનદ બ તખ્ત.

પરમેશ્વર જ્યારે કોઇ એકના ઉપર નવાજીશ કરવાની ઇચ્છા કરે છે ત્યારે વગર કર્મ કરત્રે તેને તખ્ત ઉપર લાવી બેસાડે છે. બંદાની મુરાદ પાર પાડવાની સત્તા તે સાહેબ ગમે ત્યારે પણ વાપરવાને સ્વતંત્ર જ છે.

સબક ૩૩ મો.

દીનદારને પ્યાર સત્યનો-દીન ડૂબાઉને પ્રેમ દગાનો.

Thou wilt not leave us in the dust:
Thou madest man, he knows not why,
He thinks he was not made to die:
And thou hast made him; Thou art just.

Tennyson.

ઇ. સ. ૧૮૬૪ના એપ્રીલ માસમાં જ્યારે ભરૂચમાં કોલેરા ફાટી નિકળ્યો, ટપો ટપ માણસો મરવા લાગ્યાં, અને કાંઈ ઉપાય રહ્યો જ નહીં, ત્યારે ત્યાંના એક ધર્મી જરથોસ્તીએ એક દરેહમેહેરમાં ભરાઇને છ દહાડા વેર રાત ને દહાડો બેસીને અહુરમઝદની આરાધના ને આજીજી કર્યા કીધી. આટલા દહાડા તે સવારે એક પાન ને એક એલચી ખાતો, અને રાતે માત્ર એક દરૂન અને એક બેડાંની ચાશની કર્યા સિવાય બધો બીજો ખોરાક ત્યાગ કરીને કોલેરા એકદમ દફે કરવા સારૂ ખુદાને આજીજી કર્યા કરતો. છેલ્લે દહાડે તેણે દસ્તુર મોબેદોને દરેહમહેરમાં બોલાવીને મોટું જશન કીધું. નીરંગદીનથી પોતાને શુદ્ધ કીધો, સઘળાં કપડાં સુફેદ પહેર્યાં, અને જશનમાં બેઠો. છેવટે ઇશ્વરની બહુજ આજીજી કરીને સર્વ મોબેદોને આશોદાદનું દાન કર્યું. ગરીબ બેહદીનોને પણ દાન આપ્યું. અહુરમઝદે પોતાના અસાધારણ બળ વડે તેને તેજ દિવસથી આ દુષ્ટ રોગનો એકાએક ને એકદમ અટકાવ કર્યો હતો!

To bless Good for mercies, is the way to increase them.

बन्धुरात्मात्मनस्तस्य येने वास्तात्मनाजितः ।
सएव नियतों बंधुः सयव नियतो रिपुः ॥

પરમ આત્માથી જે આત્મા વશીભૂત થયેલો છે તે પરમ આત્માજ આત્માનો બંધુ છે. તે આત્માજ હમેશનો શત્રુ અને હમેશનો મિત્ર થઇ રહેલો છે. દીગવાસા છે તો ધનુષનું કામજ શું છે? શસ્ત્ર છે તો ભષમનું શું કામ છે? ભષમ હોય

તો અંગનાનું શું કામ? અંગના છે તો કામનો દ્વેષ શા સારૂ કરે છે? ઈશ્વરની ઇચ્છાજ બળવાન છે તો કર્મનું શું પ્રયોજન છે? અહુરમઝદને અસાધારણ અધિકાર છે તો બીજો અધિકાર કે સત્તા ચલાવનાર બીજું છેજ કોણ? ભાઇ! ખુદાની સત્તાની બરાબર કોઈને ગણુશોજ મા. કરાર તોડવા પહેલાં તેની ઇચ્છાનો ખોફ મનમાં રાખજો. જેની સત્તા સત્ય છે તેની સાથે અસત્ય વાતોને ભેળી દેશો ના. તમારી ભિડાતી ને મુશ્કેલી તેજ સમજી શકે છે, જેમ મૂગાની બોલી મૂગાની માયજ સમજે છે. અહુરમઝદની સત્તા, અધિકાર, અને ઇચ્છાને સમજશો તો તમારી શ્રધ્ધા વધશે, અને તમને દુઃખ લાગવાને બદલે સુખનોજ અનુભવ થશે.

બરાબર વિચાર ચલાવી, જગત્‌માં દરરોજ બનતા સંજોગોનો અભ્યાસ કીધાથી એવું માલુમ પડશે, કે જ્યારે વ્યક્તિવાચક કર્મ જેવું કાંઇજ હતું નહીં ત્યારે પરમાત્માની ઇચ્છાથી, કહો કે તેના પ્રથમ ધ્વનિથી 'કર્મ' પણ બંધાયું. પરમેશ્વરે સૃષ્ટિ રચનાના સંકલ્પ વેળાએજ ગુરૂત્વાકર્ષણના કાયદા, જોર કે શક્તિના કાયદા, પ્રકાશ કે અવાજના કાયદા, કરણીના—પુનઃજન્મના ઈત્યાદિ અનેક કાયદા સ્થાપિત કર્યા તેની સાથેજ તેના અપવાદો પણ પેદા કરેલા હોવા જોઇએ, એવાં અનુમાનને શું તમે મંજુર નહીં રાખશો? પરમાત્માની ઇચ્છા, મરજી, સર્વોપરી સત્તા, અને અસાધારણ અધિકાર ભોગવવાના અપવાદ દરેક કાયદાને લાગુ સમજવાજ જોઇએ. ૪ વર્ષ ઉપર રેલ્વેના જાજરૂમાં એક ગરીબ બાઇએ ચાલતી ટ્રેને એક બાળકને જન્મ આપતાંની સાથેજ બાકોરાંમાંથી તે ગર્ભનો લોચો કપચી પાથરેલી સડક ઉપર જોરથી અફળાઇ પડયો, અને ઘણી વારે જ્યારે ઝડપથી દોડતી ટ્રેનને થોભાવી તે બાળકનો પત્તો પાડવામાં આવ્યો, ત્યારે જરા પણ નુકશાન થયા સિવાય તે બાળક જીવતું મળી આવ્યું હતું. એ શું "ફોર્સ" કહેતાં જોર અને "ગ્રેવિટી" કહેતાં ગુરૂત્વાકર્ષણના કાયદાનો અપવાદ નથી? માત્ર દોઢ બે વર્ષ ઉપર કલાકના ૩૫ માઈલની ઝડપે દોડતી પંજાબ મેલમાંથી પાલઘર તરફ પાંચ વર્ષની બાળકી દૂરના ખેતરમાં ઉથલાઇ પડી, અને તેના શરીરને કે પ્રાણને કશી પણ હાનિ થઈ નહીં, તે વેળાએ પરમાત્માના ચમત્કારિક સંજોગો સિવાય બીજું આપણે શું દીઠું હતું? એટલા માટે અહુરમઝદના આવા અસાધારણ અધિકાર વીશે આપણે બેશક બેગુમાન રહીને ઉશ્તવદ ગાથામાં ગાઇએ છીએ કે:—

"અત થવા મેંગહાઈ તખ્મેમ્ચા સ્પેન્તેમ મઝદા
હ્યત તા જસ્તા યા તૂ હફ્ષી અવાઓ યાઓ દાઓ અષીશ દ્રેગવાઈતે
અષાઉનએચા."

ઓ અહુરમઝદ! હું તનેજ સર્વ શક્તિમાન અને આબાદી કરનારો માનતો રહીશ. કેમકે ત્હારીજ ઈચ્છાથી પાપી શું કે પુન્યવાન શું સર્વને તું ત્હારી દસ્તગીરી કરીને સહાય થાય છે, અને જે તે પ્રસંગે ત્હારોજ અણદીઠ હાથ એ સર્વ ઉપર

શિવોહ પાથરી દઇ ઉગારે છે. "હે મહાન અધિકાર ધરાવનારા અહુરમઝદ ! ટલા માટે હું તો તનેજ નમતો રહીશ !"

નસર;—ભાઈ તમે બીજાજ પંથોનાં સિદ્ધાંતો ઘણાં ઘણાં સમજાવ્યાં, પણ એ દ્ધાંતો આપણા ધર્મના પારસી ના કહેવાય !

વિરાફ:—ખુદાઇ વાતોમાં, અને ધર્મની બારીક બાબતો સમજવા સમજાવ- માં જૂદાપણું એજ મોટી ભૂલો થાય છે ભાઇ.

ધર્મ અને પંથમાં થતો ગુંચવાડો.

સંસ્કૃત पन्थन, અવસ્તા પઈથી, અંગ્રેજી Path એટલે માર્ગ એ શબ્દોને ાતો, તેના ધાતુ ઉપરથી થએલો **પંથ** શબ્દ છે. **પંથ** એટલે સાધારણ રસ્તો. ર્મ અને **પંથ** શબ્દને ભેળી નાખવાથી ઘણા ગુંચવાડા ઉભા થવા પામ્યા છે. ર્મ-મઝહબ-રીલિજીઅન-દીન એ શબ્દો વડે વિષયનો હેતુ સમજવાને "ધોરી ર્ગ-માર્ગ" સમજવાથી, અને **પંથ** શબ્દ વડે "પેટા માર્ગ" સમજવાથી ઘણીક જગડો કમી થશે. પરમાત્માને પહોંચવાના મહાન મૂખ્ય માર્ગો ગૌતમ બુધે, ાસસ ક્રાઈસ્ટે, ઇસાએ, સ્પીતમાન જરથોસ્તે, પેગંબર મોહમ્મદે, વેદ વ્યાસે, હાવીર સ્વામીએ, કોન્ફુસ્યસ વિગેરે મહા ધર્મ પરવર્તકોએ સ્થાપેલા રાજમાર્ગો અને તે માર્ગોમાંથી જે ન્હાના ન્હાના ફાંટાઓ નિકળ્યા; જે પેટા માર્ગો કહેવાય, "પંથ"ના નામે નિકળ્યા છે. કોઇ રસ્તે મનુષ્ય પોતાના મૂળ વતને પહોંચવા ક રસ્તાઓ શોધતોજ રહે છે, અને ટુંકા રસ્તા કરતોજ રહે છે. પરન્તુ આપ- માં એવો એક ખોટો પ્રચાર પડી ગયો છે, કે જે ધર્મમાં જન્મ લીધો તે ધર્મ વાય બીજા ધર્મને રસ્તે તો જવું તો નહીંજ, પરન્તુ તે પર ધર્મના શાસ્ત્રોનો ભ્યાસે ન કરવો. ધર્મ જેનો તેનો એકજ છે, અને જે તે જીવની યોગ્યતા પ્રમાણે રે જેને તેને ચોકક્સ ધર્મમાં જન્મ આપ્યો છે. હું જરથોસ્તી ધર્મમાં જન્મ્યો , માટે શું હું અનેક જૂદા જૂદા પ્રકારની લાભકારી "સોસાયટીઓ"—"કલબો"— ંડળો" કે "પંથો"નો સભાસદ પણ થઇ ના શકું કે કેમ ? થીઓસોફિકલ સાયટીમાં જોડાવાથી કાંઈ હું જરથોસ્તી ધર્મમાંથી દૂર જતો નથી. એ સોસાયટીમાં મલ થએલા સભાસદોમાં હિંદુઓ, ક્રિસ્ચિયનો, બુધિસ્ટો, પારસીઓ, મુસલમીનો ગેરે દરેક મુખ્ય ધર્મવાળા છે, તેથી શું ? જે સિદ્ધ વાતો મુખ્ય ધર્મમાં કહી તેજ વાતો એમાંએ કહી છે. ઉલટું, મુકાબલો કરવા લાયક ધર્મોના (Comparative eligions) અભ્યાસ કરવા થકી સ્વધર્મના સિદ્ધાંતો ઉપર ઠીક અજવાળું પાડી ાય છે. કબુલ કરૂં છું કે, જે ધર્મમાં પરમેશ્વરે જન્મ આપ્યો તે ધર્મ છોડીને ધર્મ ગમે એવો સુંદર દેખાતો હોય તેમાં વટલવાના કામને હું અનુમોદન આપું ીં, કેમકે પર સ્ત્રી ગમે એવી સુંદર દેખાતી હોય તો પણ તે આપણી નથી,

અને પોતાના ધર્મમાં ખોળ્યા વગર પરધર્મમાં શોધવા દોડવું એ હાનિકારક છે, પરન્તુ પોતાના ધર્મનો ઠીક ઠીક અભ્યાસ કીધા પછી પર શાસ્ત્રો તપાસવાં એ કાંઇ ગુન્હો નથી. અને એ જ્યારે ગુન્હો નથી, ત્યારે તો તે સંબંધે થતી નિંદાને પણ વશ થવાનું નથી. શેખ સાઆદી સાહેબની ઉત્તમ નસિયત રાખવાથી ધાર્મિક કલહ અને પંથ પંથો વચ્ચેના ઝગડા દૂર કરી શકાશે.

સાઆદીયા ગર વસ્લ ખાહી, સુલેહ કુન બા ખાસો આમ;
બા મુસલમાં અલા અલા, બા હીન્દુ રામ રામ.

સૌ ભાઇબંધોની પ્રીતિ સંપાદન કરવી હોય તો સર્વને ભાઇબંધ લેખી, સૌ સાથે સુલેહ શાન્તિથી વર્તવું. મુસલમાન સમક્ષ "અલ્લા! અલ્લા!" અને હિંદુ આગળ "રામ-રામ!" કરવામાં કાંઇ ખોવાતું નથી.

અકબરનો એલાહી મઝહબ.

દિલ્લીના મોગલ બાદશાહ અકબરે ઈ૦ સ૦ ૧૫૮૦-૮૧ માં બધા ધર્મોનું સંશોધન કરી તેમાંથી સાત્વિક તત્વ ખેંચી કાઢી તેનો એકત્ર સંગ્રહ કરી એક "અકબરી પંથ" અથવા "એલાહી મઝહબ" સ્થાપવાના હેતુ થકી, દેશ પરદેશના જૂદા જૂદા ધર્મોના પ્રવીણ મોલવીઓ અને ધર્મગુરૂઓની મેહફીલ દિલ્લીમાં ભેગી કરી હતી. ક્રિસ્ટી, મુસલમાન, હિંદુ, પારસી, બુધિસ્ટ વિગેરે સર્વ ધર્મના પેશવાઓને ત્યાં બોલાવ્યા હતા. આઇને અકબરી પ્રમાણે અને બદાઉનીના ઇતિહાસ મુજબ નવસારીથી પણ ધર્માધ્યક્ષો ગયાનું જણાવવામાં આવે છે. જેમાં જરથોસ્તી ધર્માધ્યક્ષ દસ્તુર મેહેરજી રાણા પણ સામેલ થયાનું જણાય છે. હિન્દુ ધર્મના અધ્યક્ષ જે "જગત ગુરૂ"ના ઉપનામથી ઓળખાતા હતા તે પણ ત્યાં ગયા હતા, અને તેમણે યોગામલથી આકાશ ઉપર બીજો એક સૂર્ય બતાવ્યો હતો. આ ચમત્કારને ખોટો પાડવા સારૂ દસ્તુર મેહેરજી રાણાએ અવસ્તા વાણીની બરકતથી તે સૂર્યને જમીન ઉપર પાડતાં તે માત્ર એક થાળી જણાઇ હતી! અકબર મહમદી મઝહબ તર્ક કરીને પર ધર્મનો સ્વીકાર કરે છે, એવી વાતો દિલ્લી શહેરમાં પ્રસરી રહ્યાથી મુસલમીન કોમ ઉશકેરાઇ ગઈ હતી, અને અકબર ઉપર હલ્લો કરી તેને તખ્ત ઉપરથી ઉઠાડી મૂકવાનો સાજેશ એકજ રાતમાં કરવામાં આવ્યાથી, બીજીજ સવારમાં અકબરે એક જાહેરનામુ બહાર પાડી પર ધર્મ અખત્યાર કર્યાની વાત ખોટી પાડી, તે જાહેરનામા ઉપર જે મુદ્રાલેખ લખવામાં આવ્યો હતો તે આ રીતનો હતો કે:—

"ફીલ ઇન્નલ અલા ઝુ વલદીન?
ફીલ ઇન્નલ રસુલો કદ કહના?
માનજ અલ્લાહો અલ રસુલે માન;
મીન લેસાંન અલ વરા ફકે અફ અના."

ભાવાર્થ:—અલ્લાતાલા પાકને પણ સ્ત્રી સાથે સંબંધમાં આવેલો, અર્થાત, બેટાનો બાપ હોવા બદલની નિન્દામાંથી પ્રભુને પણ કોણે છોડયો છે? કોણે પેગમ્બર મહમ્મદને પણ જાદુગર હોવાનાં આળમાંથી મુકત કર્યાં છે? જ્યારે આ દોરંગી દુનિયાએ પાક પરવરદેગારને અને તેના મોકલેલા હઝરત મોહમ્મદને એવી એવી નિન્દામાંથી છોડયા નથી, તો પછી અકબર જેવા એક બંદાને પર ધર્મમાં વટલી ગયાનાં આળમાંથી લોકો કેમ છોડે?

સબક ૩૪ મો.

ધર્મી ગુલામ ખુદાનો; અધર્મી ગુલામ શેતાનનો.

"Our prayers should be for blessings in general, for God knows best what is good for us."

નસર:—ભાઇ વિરાફ! મેં તો ઉલટું એ દીઠું છે, કે ઘણા ભણનાર ગણનાર બંદગી કરનારાઓ ઉપરજ ઘણું દુઃખ પડે છે, અને થાકેલાના ગાઉ ગણવાની પેઠે નહીં છુટકે તેઓ "ખુદાની મરજી!—ખુદાની મરજી!" એમ બોલીને હારી ખાઇ-નેજ બંદગીથી અશાંત મનનું વિસ્મરણ કરે છે.

વિરાફ:—હા ભાઇ; તું કહે છે તે સાચુંજ છે. જ્યારે દુઃખ કે ચિંત્તા માણુ-સોને વળગે છે ત્યારે નઠારા, ભુંડા ભૂરપારા વિચારો મનમાંથી ખિસતાજ નથી, અને બીજું કંઇ કામ સુઝ પડતુંજ નથી. જ્યારે માણસના દિલમાં ખુદાની જગા થતી નથી, ત્યારે કામ, ક્રોધ, અને એવા બધા દુષ્ટ વિચારોજ તે ખાલી પડેલી જગાએ જઈને ભરાઇ બેસે છે; પરંતુ જ્યારે માણસ પ્રભુની ભકિત કરવા મંડી જાય છે, કે લાગલા દાદાર હોરમઝદ પેલા ચોર લૂટારાઓને તે ઘરમાંથી બહાર કાઢીને તેમની જગા લઇ લે છે. અર્થાત, ભકિત કીધાથી એ ફળ તો મળે છેજ, કે બંદગી કર્યે તેટલો વાર તો નઠારા વિચારો, કામ કે ક્રોધ સૌ દૂર થઇ જઇ તેમનુ વિમા-સણુ પણ કરાવતા નથી.

બિષય પીયારી પ્રીતડી, જબ હરી અંતર નાહી;
જબ હરી અંતરમે બસે, તો બિષયસે ચિત્ત નાહિં.

દુઃખનો મારેલો ચિંતાતુર આદમી જ્યારે ખુદાને સંબોધીને બોલે છે કે; "હે મ્હારા ખુદા! શું મ્હારી તાજેશ હજી પૂરી થઇ નથી! હવે મ્હારાં પાપોની માફી બક્ષ! મ્હને નેક બુદ્ધિ આપ, ને નઠારી મતિ દૂર કર! અને અશો આત્માઓના સંગમાં મ્હને રટણ રમણ કરતો રમતો મેલ!" ત્યારે પરવરદેગાર તેને આમ કહે છે કે; "શું સ્ત્રી કે શું પુરૂષ, કોઇએ પણ જરાક જેટલું સારૂં નરતું કર્મ કર્યું હોય છે, તેનું કાંઈએ કામ હું વ્યર્થ કરતોજ નથી!"

જેમ રૂષિઓએ પોતાની ભકિત હિમાલય પર્વતની ગુફાઓમાં, નર્મદા નદી કે અરબી સમુદ્રને કિનારે સુકી રેતીવાળી જગાઓની એકાંત ચુપકીદી અને સ્થિર શાંતતા વચ્ચે કરી ઇશ્વરનાં દર્શન કર્યાં હતાં, તેમજ મહાન જરથોસ્તી પારસી રૂષિઓએ અલબુર્ઝ પહાડને શીખરે, કે વેહદાયતિ નદીને તીરે, અથવા ઝ્રેહુન કે ઝ્રેરેવરકષ સમુદ્રોને કિનારે ભક્તિ કરીને અહુરમઝદને મળ્યા હતા. આવી સચોત ભકિતમાં રસ્તાખેઝ અથવા કિયામત સુધી ચથચસ્તે નામના ગુફામાં મહાન પારસી ભકતો પેશોતન, ગુસ્તાસ્પ, અને શીયાવક્ષ આજે પણ શાંતિથી બેઠેલા છે. તેમજ નાપાક ઝુહાક તાઝીનો જીવાત્મા દેમાવંદ પહાડ ઉપર પોતાના પાપોનો પસ્તાવો કરતો રહ્યો છે ભાઇ નસર! બંદગીનું બળ અપાર છે. દુષ્ટ તુરબરાતુરૂતે આતશ બહેરામમાં જરથોસ્ત સાહેબની બંદગીમાં ખલલ કર્યાથી પોતે બંદગીથી તળબોર થએલી તસબીર માર્યાથી તે નાપાક બળીને ભષ્મ થઈ ગયો હતો એવું કહેવાય છે. શાહજાદા શીયાવક્ષની સાવકી માતા સોદાબેએ આકાશ સૂધી ઉડતા આતશના ભભૂકાઓની ચેહમાં તેને નંખાવ્યા છતાં તેમાંથી આસાંની સાથે એ શાહજાદો પાછો બહાર નિકળ્યો હતો, તે પણ બંદગીનાજ પ્રતાપે. એવા ભકતને નિર્દયપણે ઠાર કરનારાઓ, તેણે દીધેલા શ્રાપથી આખી જીંદગી સૂધી રખડતા રઝળતા થઇ, કમકમાટ ભરેલાં પોતે મૂવા હતા. બંદગીના જોરથીજ દસ્તુર આદરબાદ મારેસ્પંદે સાત સાત ધાતુથી તપાવેલી ખળખળી રહેલી ડેગ પોતાના શરીર ઉપર જોકે રેડાવી હતી, તોએ તેને કશી પણ માઠી અસર નો'તી થઈ. પોતાની બંદગીનાજ બળે કરીને પાદશાહ જમશેદે પોતાની રૈયતને લાંબી જીંદગીનાં અને તનદુરસ્ત કરાવ્યાં હતાં. તે બંદગીનોજ પ્રતાપ હતો, જેના વડે પાદશાહ કૈકોબાદ ઈરાન જેવી મોટી શહેનશાતનો શેહેનશાહ થવા પામ્યો હતો. આગલા ઈરાની પાદશાહો કયખુશરો, કૈકોબાદ ઇત્યાદિ તથા પહેલવાનો જાલ, સામ, રૂશ્તમ ઈત્યાદિ લડાઈ ઉપર નિકળતા ત્યારે ઘણો વખત અહુરમઝદની પરસ્તેશ કરીનેજ બહાર પડતા હતા, અને ફતેહ પામતા હતા. દરેક જરથોસ્તી દશતુરો, આબેદો, મોબેદો, એરવદો, અને બેહદીનો પોતાના નેક કામો આરંભતાં મેહેર યસ્તની બંદગી કરીનેજ કામ શરૂ કરતા હતા. તેઓ ભણી લેતા કે; "નમંઘહ અધર-દાત આજસાનિ ઉપર દાત. યથ અવત્ હવરે-ક્ષએતેમ તરસ્ચ હરામ્ બેરેઝઈતીમ્ ક્રચ આઇતિ અઇરિચ વઝઈતે, અત્રથ અઝેમ્ચિત્ સ્પિતમ નેમંઘહ અધર-દાત આજસાનિ ઉપર-દાત, તરસ્ચ અંઘરહે મઈન્યેઉશ દ્રવતો ઝઓષાન." આ દુનિયાં માટે ઠરાવેલી ભકિત અને પેલી દુનિયાં માટે મુકરર કરેલી બંદગી મારફતે, હે અહુરા! હું તને પહોંચું, ને ત્હારી નજીક આઉં. જે પ્રમાણે આ ખોરશેદ ઇજદ અલબુર્ઝ પહાડની પેલે પારથી આવીને બુલંદીથી આગળ વધે છે, તે પ્રમાણે ઓ જરથોસ્ત! આ દુનિયાંને માટે મુકરર કરેલી ભકિત તથા પેલી દુનિયાંને માટે ઠરાવી રાખેલી બંદગીની મારફતે ભુંડા દુષ્ટ અંગ્રેમીનોની મરજી

સામે હું જઇને ખુદાતાલા રાજી રહે એવાંજ કામો હું કરૂં !

ભાઇ નસર ! આતશ કે પાણી, સૂર્ય કે ચંદ્ર એ સર્વ ખુદાની ખુદાવંદીનો ખ્યાલ આપતાં હોવાથી, તેમને જોઇ જોઇને તેમની અદ્‌ભુત કળાથી છકક થઇને તેમની મારફતે, તેમના કર્તાની આપણે સ્તુતિ કરવાની છે. તેથીજ નોદરના વંશના ગુસ્તેહમે પણ એ અરદ્વીસૂર મારફતે વતિંઘઉહઇતિ નામના ઘાટ ઉપર બંદગી કરીને એવી ભલી મુરાદ ચાહી હતી કે; "મ્હારાં મસ્તક ઉપર હું જેટલા બાલ ધરાઉં છું એટલા બધા નાસ્તિકોને મેં મારેલા છે, માટે મ્હારે ખાતર હે અરદ્વીસૂર ! ત્હારા વિતંઘઉહઇતિ ઘાટની આરપાર જવાને સારૂ મ્હને સુકકો જમીનનો માર્ગ તું કરી આપ !" ત્યારે અરદ્વીસૂરે સુંદર અપછરાના રૂપમાં ફરીને દેખાવ દીધો; પાણીના એક ભાગને અટકાવ્યો; બીજા ભાગને આગળ વહેતો કીધો; અને આગળ આગળ ચાલીને ગુસ્તેહમને સુકકો ખુસ્કીનો માર્ગ બતાવી રસ્તે મૂકયો હતો. તે પણ દાદારનુંજ સ્વરૂપ હતું. આ રીતે પોતાના વિચારો છોડી દેઇને આવા અશો મરદો અહુરામાં જયારે સ્થિર થતા, ત્યારે જાગ્રત છતાં પણ મનની સુષુપ્તિ જેવી અવસ્થા ભોગવતા, અને અહુરાના નૂરમાંથી તેઓને જે કાંઈ જોઈએ તે મળતું. શ્રદ્ધા, સુખ, શાંતિ, જ્ઞાન, માણસ જાત તરફ ભાઇબંધી વિગેરે સર્વ કાંઇ શુભ તેમને પ્રાપ્ત થતું નાસ્તિક અને દીન-દુખાઉ વિચારો શરીરના રસ કે રૂધિર વિગેરે ધાતુઓને વિષમય કરે છે, એમ તેઓ માનતા; અને અહુરા વિષેનાજ વિચારો શરીરના રસ રૂધિર ઇત્યાદિ ધાતુઓને નિર્દોષ કરે છે, અને તેમની સમાન સ્થિતિ બનાવે છે, એમ તેઓ યકીનથી માનતા.

રામકો આધાર, સીયા રામકો આધાર રે.—રામકો.
મેરી મેરી કરત પ્રીરત, દેખ જગત સારા રે,
રામ નામ જપે નાહી, ભરે પાપ ભારા રે.—રામકો.

શિવને માનનારાને જીવ એ શિવજ છે.

શિવમાર્ગીને જયાં ત્યાં શિવજ દેખાશે ને તેનુંજ નામ સંભળાશે. વિષ્ણુને દ્રઢતાથી માનનારાને સ્વપ્નાં પણ વિષ્ણુનાંજ આવશે. એક મુસલમાનને વનના પડઘા પણ "અલ્લા" અને "અહમ્મદ"નાજ સંભળાશે જેની તેની માન્યતા જેને તેને મુબારક. સૌ પેલાં એકજ પરમ તત્વને ઇચ્છિ રહ્યાં છે. સૌ ઉચ્ચ સુખનીજ શોધમાં ભટકતાં રહ્યાં છે. સર્વનો ધ્યેય એકજ છે. ઇચ્છિત વસ્તુ સર્વને બીજાં કરતાં ઉત્તમ ને ઉચ્ચ લાગે છે. મૂળ દરયામાં પહોંચવા સૌ કોઈ મથન કરી દોડાદોડીમાં ટુંકા માર્ગો શોધે છે. માર્ગો જૂદા જૂદા છે પરંતુ પહોંચવાનું મથક તો એકજ છે. ટાઉન હોલના મધ્યમાં જઇ બેસવા સારૂ અનેક દ્વારોમાંથી ગમે તે ટુંકે રસ્તેના દ્વારથી ગમે તે મનુષ્ય દાખલ થાય તેમાં ખોટું શું છે ? સૌનેજ પોતાના પેગમ્બર, પોતાના ધર્મ, પોતાના

ધર્મગુરૂ, અને પોતાનાંજ ધર્મશાસ્ત્રો પ્રિય હોય. માટે ધર્મ સંબંધી ઝગડાઓમાં પડવાની જરૂરજ ક્યાં રહી? આપણે આપણા માઝદિયશની જરથોસ્તી ધર્મનેજ સૌથી ચઢતો માન્યે છીએ, તેમ સૌ પોત પોતાના ધર્મને શ્રેષ્ટ માને છે.

આકાશ ઉપર એક પક્ષી ઉડતું હતું, તે "ટક–ટક–ટક" જેવું કાંઇ બોલતું હતું. ત્યાં થઇને રામનો એક ભકત રસ્તે ચાલ્યો જતો હતો, તે આનંદમાં આવી બોલી ઉઠયો:—આહ! રામ નામની લીલા કેવી આશ્ચર્યકારક છે, કે આ પંખેરૂ પણ બોલે છે કે:—

"સીત્તા રામ દશરથ! સીત્તા રામ દશરથ!"

એવામાં એક મુસલમાન દીનદાર ત્યાં આવીને પંખીનો અવાજ સાંભળીને પેલા રામ–ભકતને કહેવા લાગ્યો; હે અંધા! તું કહે છે તેવું કાંઇ એ પક્ષી બોલતું નથી, તે તો એવું બોલે છે કે;

"યા અલ્લાહો હઝરત! યા અલ્લાહો હઝરત!"

આ પ્રમાણે બેઉ વચ્ચે ઝગડો ચાલતો હતો એવામાં એક બક્કાલ (પસ્તાગિયો) માથે આદુ–હળધ–લસણ–પ્યાજ (કાંદા)–વિગેરે બક્કાલું ભરેલો ટોપલો ઉંચકીને ત્યાં આવી ઉભો. તે ઉપલા બંનેને કહે; ભાઇઓ, શીદને લડો છો? તમે બેઉ ખોટા છો, એ પંખી તો આવું બોલતું મ્હને સંભળાય છે કે:—

"આદુ પ્યાજ ઔર હલદત! આદુ પ્યાજ ઔર હલદત!"

વળી આ ત્રણનો ઝગડો ચૂકવવા રસ્તે જંતો એક તાલીમબાજ અલમસ્ત મલ્લ આવી ઉભો. તે તો દમમાંજ એ ત્રણેયને કહેવા લાગ્યો કે, સબ જૂઠા! આ પંખી શું બોલે છે તે મ્હને આબાદ સંભળાય છે તે એમ કે:

"ખા ઘી ઔર કર કસરત! ખા ઘી ઔર કર કસરત!"

આટલું બોલી થડાથડ લપડાકો લગાવી ત્રણેને પોતાનું બાહુબળ બતાવવા મંડી ગયો, અને કહેતો ગયો કે, તમારી જુઠી વાતો તો મોઢની છે ને મ્હારી સત્ય વાત તો પ્રત્યક્ષ હું તમને બતાઉં છું, માટે મ્હારો મત ખરો માનો! ટુંકમાં, જેવી જેની માન્યતા તેવુ જ તેને સુઝે, તેવુંજ તેને દેખાય, ને તેવુંજ તેને સભળાય.

આ રીતના ધાર્મિક અને મતાંધ ઝઘડાઓ આપણ સર્વ જનોએ ભેગા મળી મટાડવાના પ્રયત્નો ચાલુ કરવાની આવશ્યકતા દિન પ્રતિ દિન જણાતી જાય છે.

અધર્મી વિચારોથી, આપણા અંતરમાં રહેલી આત્મારૂપ જોતના પ્રકાશને સર્વત્ર પ્રકાશ નાંખતાં અટકાવ કે ખલલ કરનારૂં આ મટ્ટીનું શરીરજ છે, એમ અસલના લોકો માનતા; અહુરમઝદમાંજ મનને વાળીને મનની શાંત સ્થિતિ કરતા; જેથી તેમની આત્મારૂપ જોતના પ્રકાશને ખલલ કરનારાં આ મટ્ટીનાં હાંલ્લાંને ફોડીને પ્રકાશને બધે બધ ફેલાવવાની તેઓ કોશીશ કરતા. ચિંતા કે ભયને જીતવાના ઉપાય એવા તો યોજતા, કે ચિંતા અને ભયના વિચારો ન સેવતાં અહુરમઝદમાંજ મનને

રોકી રાખતા; જેથી તેમનું ધાર્યું કામ અહુરમઝદ પાર પાડતા. તું પણ, હે ભાઈ! તેમની માફક,

પરસ્તેશ ઝે ખુર્દ હીચ કમ તર મકુન;
તો નવ બાશ અગર હસ્ત ફર્માન કોહુન.

એશ આરામ સારૂ ખાઇ પીને બસ તેમાંજ મચ્યો પચ્યો રહીને અહુરમઝદની આરાધનાને કમી ના કરતો. આ આપણી બંદગીની ફરજગુજારીનો હુકમ તો ઘણોજ જુનો પુરાણો છે, અને ભાઇ! તું તો આ રમતમાં નવો સવોજ છે, માટે ખાધા પીધા કરતાં બંદગીની ભૂખ ઘણી રાખજે. જેમ મરચાંમાં તીખાશ રહેલો છે, ફુલમાં વાસ રહેલો છે, લાકડાંમાં અગ્નિ છુપાયેલો છે, દુધમાં ઘી સમાયેલું છે, તલમાં તેલ ભરાયેલું છે, તેમ આ સર્વ જગત્‌માં, આખી સૃષ્ટિમાં પરમાત્મા છુપાયેલો છે.

મહેલુમેં યાર હુય મુજે, ઇસકા ખબર નહીં;
ઐસા છુપા વો પરદેમેં, આતા નઝર નહીં.

તેને શોધવા માટે જ્ઞાનની જરૂર છે, અને આ અગાધ જ્ઞાન મેળવવા સારૂ બંદગીના બળથી જીવાત્માને શુદ્ધ કીધાથી આપણો આત્મા જ્ઞાન પ્રાપ્ત કરીને તે વડે પરમ આત્માને શોધી શકશે. જે પરમ આત્મા કહ્યો છે તેજ આપણો અહુર-મઝદ સમજવો, જેને જન્મ નથી, મરણ પણ નથી. તે સર્વજ્ઞ અને સર્વ વ્યાપી રહેલો છે. તે કાંઈ ઉત્પન્ન પણ થયો નથી, અને જે પ્રથમ હતો તે આજે પણ છે, ને હવે પછી પણ કાયમ દાયમ રહેવાનો છે. તે બીજાંનો હાજતમંદ નથી પણ બીજાંની હાજત પૂરી પાડનારો હોવાથી તેની પાસેજ માંગણી કરવી. તેની પ્રાર્થના આદમીની હાજત પૂરીજ કરે છે.

બસ આજેઝદ ખલ્ક, બ કસ એહ્તેજા મકુન;
હર આરઝુ કે મી તલબી, અઝ ખુદા તલબ.

જગતનાં આપણુ સર્વે લોકો તો હાજતમંદ છિયે; માટે આદમી પાસે જઇને તું ત્હારી માંગણી સારૂ પ્રાર્થના ના કર, જે કાંઇ પણ તું માંગતો હોય તે એકલા એક પરવરદેગાર પાસેથીજ માંગ, તેજ ત્હારી મોરાદ પાર પાડશે. શરોશ યશ્તમાં અશો જરથોસ્તને એમજ કહેવામાં આવ્યું કે;

યસ્ચ, જરથુશ્ત્ર, ઈમત્ ઉખ્ધેમ્ વચો ફ્રવઓચાત, ના વા નાઇરિ વા, અષ–સર મનંઘહ, અષ–સર વચંઘહ, અષ–સર ષ્યઓથ્ન; મસો વા આપો, મસો વા ઝ્વઓવો.

હે ભલા જરથુશ્ત્ર! જે કોઇ સ્ત્રી કિંવા પુરૂષ અહુનવરની બંદગીના એટલે યથા અહુ વૈર્યોના બરક્કતી ને એજમતી કલામ અતિશય સ્વચ્છ અને અશો મનથી ભણે, અતિશય પવિત્રાઈવાળાં વચનથી બોલે, અને પુષ્કળ ભલાં કૃત્યો કરીને પઢે, તો ઉંડાંમાં ઉંડાં તેઓ પાણીમાં પડયાં હોય, મોટામાં મોટી ધાસ્તીમાં પડયાં હોય, ભયંકર ગભરાટમાં તેઓ સપડાયાં હોય, તોપણ તેઓનો વાંકો બાલ પણ થઇ શકનાર નથી.

નસુર:—પણ આદમી જે માંગે છે તે મળતુંજ હોય તો આપણા દુશમનનો નાશ કરવાની આપણે ખાહેશ કર્યે છિયે તે કેમ પાર પડતી નથી?

વિરાફ:—હે ભાઇ! આદમીઓ પોતાના અજ્ઞાનપણાથી પોતાનુંજ નબળું થાય એવી માંગણીઓ ઘણીએ કરે છે, મગર તે જાણકાર માલિક, જે તે આદમીનાં ભલાંનેજ સારૂ તેવી નબળી માંગણી મંજુર રાખતો નથી. દરેક ઇનશાને દરેક પ્રસંગે ધૈર્ય રાખવી જોઇએ સહવારે ઘી ખાઇને સાંજે ચોપરા બનવાની તલબ ના રાખવી જોઇએ; કેમકે જે કાંઇ અહુરમઝદના હુકમથી બને છે તે સારૂંજ બને છે. અહુરમઝદે ધારેલું જે કાંઇ થાય છે તે આદમીના મનથી ગમે એવું ગેરલાભનું કે નુકશાનકારક લાગતું હોય, તો પણ તેમાં અહુરાનું કાંઇ પણ ગુપ્ત ડહાપણ સમાયેલું હોવુંજ જોઇએ, એમ જો દરેક પ્રસંગે આદમી વિચારતાં શિખશે તો કદી પણ તે ખુદાની બંદગીનો બાર ખાલી ગયેલો જોશે નહીં. આ જગતમાં જે જે વસ્તુઓ દેખાય છે તેમાં તે છેજ છે, પરંતુ તે વસ્તુઓમાં પણ તેનું રૂપ જણાતું નથી, આંખથી કોઈ તેને જોઈ શકતો નથી. હૃદયની તદરૂપ ભકિતથી, બુદ્ધિથી, અને મનના સચોટ સંયોગથી જે કોઈ ભકત તેને જાણી લે છે, તેજ તેને પિછાનીને અમર થાય છે. સચોટ સંયોગ ને તદરૂપ ભકિત તે એવી, કે જેમ કોઇ ગરોડર સ્ત્રી પોતાના પેટમાં રહેલા ગર્ભનું અને ખુદ પોતાનું રક્ષણ કરવા થકી સાવચેતીથી સંભાળી સંભાળીને ધીમે ધીમે ડગલું ભરે છે, તેમ ખુદાના બંદગીખોરા લોકો ખૂબ સંભાળી સંભાળીને તેની બંદગી પૂર્ણ જતનથી કરે છે. અહુરમઝદ યસ્તમાં પરમેશ્વરે પેગમ્બર જરાથુસ્ત્રને કહ્યું છે કે;

યઝએશ મામ્ જરથુસ્ત્ર, પઈતિ અસ્નિ પઈતિ ક્ષફ્ને યસો બેરેતાબ્યો જઓથ્રાબ્યો જસાનિ તે અવંઘહુએચ રફ્નંઘહુએચ અઝેમ યો અહુરો મઝદાઓ; જસાઇતિ ત અવંઘહુએચ રફ્નંઘહુએચ યો વંઘહુશ સ્રઓષો અષ્યો જસાઓન્તિ તે અવંઘહુએચ રફ્નંઘહુએચ યાઓ આપો, યાઓસ્ચ ઉર્વરાઓ યાઓસ્ચ અષાઉનામ ફ્રવષયો.

“ઓ જરથુસ્ત્ર!” પરવરદેગાર કહે છે; “ઈજશને કરવાને સારૂ લાવેલી ભેટોથી રાત ને દહાડો હરદમ ત્હારે મ્હારી આરાધના કરવી જોઇએ. હું જે પરમાત્મા છું, તે ત્હારી મુશકેલીના વખતમાં તને મદદ કરવાને, તને આફતમાંથી ઉગારીને આનંદમાં રાખવાને તુર્ત આવી ચઢીશ. મ્હારો જે ભલો શરોશ ઇજદ છે તેને ત્હારૂં રક્ષણ કરવાને હું તુર્ત મોકલી દઇશ, અને શરોશ ઈજદ તને સહાય થવાને ખુશીથી આવશે. એટલુંજ નહીં, પણ તું મ્હારી ઉપરજ બેસશે તો, પાણીઓના, ઝાડપાનના, એટલુંજ નહીં પણ અશો પવિત્ર મહાત્માઓનાં સઘળાં ફરોહરો વટીક તુંને મદદ કરી તને હસતો રમતો રાખવાને આવી પહોંચશે. માટે હે ભાઇ! તું પણ ગમે એવા સંકટના પ્રસંગે તું ત્હારા ઇશ્વરનેજ યાદ કર!

સબક ૩૫ મો.

ખુદાની બંદગીની ભાષા.

"Had I been a nightingle, I should have sung the songs of a nightingale, or had I been a swan the songs of a swan; but, being a reasonable being, it is my duty to hymn God."

નસર:—"ભાઇ તમે વારંવાર રામ–રામ બોલો છો, અને ઘણી વાર ખુદા–ખુદા કરો છો, ત્યારે માથ્રવાણીની મોતેબરી કયાં રહી? અવસ્તા ભાષાની બુલંદીનું શું પ્રયોજન?"

વિરાફ:—કોઇ પણ મનુષ્ય કોઈ પણ માગેં અને કોઇ પણ ભાષામાં ઇશ્વરની યાદ કરે, પ્રભુને સંભારે, તેની સ્તુતિ કરે, તેની લીલાનાં ગીતો ગાય, તો તે કાંઇ પણ ગુન્હાભરેલું નથી; બલ્કે પુન્ય ને સવાબનુંજ કામ છે; પરંતુ **બંદગી** તો સર્વ બંદાઓએ પોતપોતાના પેગમ્બરે રચેલી ભાષામાંજ કરવી અર્થ સૂચક છે. એક જરથોસ્તીએ **બંદગી**નું ભણતર, ફરજ ગુજારીનું પઢવું, તે તો પવિત્ર પાક અવસ્તા કલામોમાંજ કરવું સારૂં છે. એવી મુકર થએલી ભાષામાં જેણે તેણે બંદગી કીધા બાદ ઇશ્વરનાં ભજનો, ખુદાઇ મોનાજાતો, ખુદાઇ ગાયનો બીજી ભાષામાં કરવાથી કાંઇ પાપ લાગતું નથી. ધર્મ ક્રિયાનાં ભણતણો ગમે એ ભાષામાં કરવાં અસરકારક કે રવા થાય નહીં. આત્મજ્ઞાનનો અભ્યાસ કીધા પછી બ્રહ્મરસ લઇને જો આપણે કોઇ પણ છેવટ ઉપર આવ્યે તો તે એજ કે:—

જેમ માણસનાં મગજમાં કરામત છે, તેમ ભાષાઓમાં પણ વિવિધ કરામતો છે. ભાષાશાસ્ત્રીઓએ તેના વર્ગો પાડયા છે. જેમકે **ઇટાલયન ભાષા** ખુશનુમા છે ખરી, પરંતુ ગુપચુપ શાંતપણે દોડી જતાં પાણીની માફક વગર સામર્થ્યની બોલી ગણાય છે. **ફ્રેંચ ભાષા** કોમળ છે ખરી, પરંતુ જે પ્રમાણે એક ઓરત પોતાનો ચહેરો છુપાવવાની ધાસ્તીથી પોતાના હોઠ ઉઘાડવાની કદાચજ હિંમત કરે છે, તે પ્રમાણેની નાજુકાઇવાળી ગણાય છે. **સ્પેનીશ ભાષા** બાદશાહી તોરવાળી અને રાજતેજ વાળી છે ખરી, પરંતુ કંટાળો ઉપજાવે એવી શેતાનના જેવી ભયાનક ગણેલી છે. **ડચ ભાષા** મરદાનગીવાળી, પરંતુ ઘણી કઠોર ગણાયલી છે. એટલે કે, ડચ બોલનારો જાણે લડતો હોય અથવા કજયો કરતો હોય તેવી લાગતી ભાષા ગણવામાં આવે છે. **એરબી**ફ એલ્મ અસ્ત–**ફારશી** શીરો શકર અસ્ત–**ગુજરાતી** ગુજે ખર અસ્ત. **સંસ્કૃત, જંદ, લેટીન** વગેરે ભાષા ધર્મના ગુહ્યપણા માટે વખણાયલી છે. જંદ ભાષા કેવી ભેદવાળી છે તેને વીશે એક શાયર કહે છે કે:—

"અગર કયશર ગુરાલદ રાઝે જરથોસ્ત;
કુનમ ઝીન્દે ઝબાંને ઝંદા વસ્તા."

અર્થ કે, પાદશાહ જો જરથોસ્તનો ભેદ ખોલવા માંગે, તો હું ઝંદ અવસ્તાની ભાષાના ભેદનો ખુલાસો કરૂં. અર્થાંત, કોઇ ભાષા ભેદવાળી, કોઇ કઠોર, કોઇ શીરીન, એવી ખાસ્યત અને ખુબીવાળી હોય છે. દરેક ભાષાનેજ ધર્મના ભેદો માટે મુકર કરવામાં આવતી નથી.

ધર્મક્રિયાનાં ભણુતણો, ખુદાની ખુબીની બંદગી, અને ખુદા પાસે માનવીએ માગવાની મુરાદ, એ ત્રણે જુદી જુદી ચીજ છે. એ ત્રણેવને ફકત **બંદગીની** સંજ્ઞા લાગુ પાડી, **બંદગીના**જ વિષયમાં દાખલ કરવી, એ ચાલતી આવેલી સમજફેર છે. ક્રિયાનાં ભણતણો અને ખુદાની ખુબીની બંદગી, એ બે પ્રકરણો અસલ, જુની, એજમતી, યકીનવાળી, અને જે ધર્મનો જે ધર્મોપદેશક હોય તેનીજ ભાષામાં થવી જરૂરની છે. હિંદુઓએ જેમ પોતાના ક્રિયાનાં ભણુતણો અને ખુદાની બંદગી ફકત સંસ્કૃત ભાષામાંજ રાખી છે, તેમ અંગ્રેજ લોકોએ પોતાના ધર્મક્રિયાનાં ભણુતણો અસલ ભાષામાં જાળવી રાખ્યાં છે. ત્યારે જરથોસ્તીઓએ જંદ અવસ્તાને ઉપલાં બે પ્રકરણોમાં જાળવી રાખવાની અવશ્ય ફરજ છે. તથાપિ છેલ્લો ભાગ, જે "ખુદા પાસે માનવીએ માગવાની મુરાદ" નો છે; તે તો સમજાતી કોઈ પણ ભાષામાં રજુ કરવામાં આવે તે સામે વાંધો હોયજ નહિ. દાખલા લેખે; આતશની ન્યાએશમાં સજીવારો-પણુ અલંકારમાં આતશ બોલે છે કે:—

"વીસ્પનામ્ પર-ચરેન્તામ્ આતર્શ જસ્ત આદિધ્યઇ
ચીમ્ હખ હખે બરઇતી ફ્રચરેંશ્વાઓ અર્મએશાઇએ ?"

અર્થ:—"તમામ આવનારાઓના હાથ તરફ આતશ નજર કરે છે, (અને કહે છે કે) ચાલતો દોસ્ત બેઠેલા દોસ્તને માટે શું લાવે છે?" પ્યારા ભાઈ! જે શબ્દો આતશે બોલવાના, તે આપણે ખુદાની ખુબીની બંદગી કરતાં અવસ્તા ભાષામાંજ જો બોલ્યે, તો આંધળાં યકીને કહો, કે જોત્તાં યકીને કહો, પણ ભણુનાર ઉપર કંઇ પણ તે ભરમમાં ને ભરમમાં અસર કરે છે; મગર તેનો તરજુમો કોઇ બીજી ભાષામાં કરી ભણુવા કહેશો, તો લાગલો સવાલ ઉઠશે, કે **આતશે** બોલવાનું તે **આદમે** શા માટે બોલવું જોઇએ? માટે એ વાકય કાઢી નાંખો. તેમજ હોરમજદ યશતમાં તો જરથોસ્ત અને અહુરમજદ, એ બેની વચ્ચે પુરશેશો પાશુખ ચાલી છે, તે આપણે શા માટે ભણવી જોઇએ? તે પણ રદ કરો. એવી રીતે કરતાં તો અવસ્તામાંનો એકપણ ફકરો સલામત રહી શકશે નહીં, અને તેનો તરજુમો ભણવાની એક પણ જરથોસ્તીને લાગણી થાય નહીં! કારણ કે, **યકીન એજ ધર્મ છે. ધર્મનાં** ભણુતણમાં યકીન સિવાય વળી બીજું હોય શું? ભૂમિતિમાં પંડિત યુકલીડે સ્વિકૃત પક્ષ (Postulates) નામનાં ૩ યકીનો Let it be Granted કહીને **આંધળાં યકીનો** માગી લીધાં, ત્યારે તો તેનાથી ૨૪ પુસ્તકો લખાયાં, નહિ તો **યકીનની** સામે સબબ લાવી મૂકયો હોત, તો આજે ભૂમિતિ જેવું કશું હોતજ નહીં. યુક-

લીદે કહ્યું કે; "મ્હને એટલું તમારી પાસે માંગી લેવા દો. હું ત્રણ ચીજ માગું છું તે તમે આપો, તો હું મ્હારી ભૂમિતિનો પાયો બાંધી શકું, નહીં તો નહીં." તે ઉપર જરા દરયાફ્તી કરી આગળ ચાલો.

આપણી ગાથાવાણી અને અવસ્તાવાણી એટલી તો ગુઢ ભાષામાં છે, કે તેનો ખરો અને સહી તરજુમો કે અર્થ સર્વાનુમતે કદી પસાર થતો નથી; તો પછી જુની ચીજને છોડવા આગમચ તેની જગો લેનારી કોઈ લાયક ચીજ બંધએસ્તી તૈયાર હોવી જોઈએ, જે હજી સંપૂર્ણપણે તૈયાર રહેલી નથી; તો પછી બીજાંને વળગવામાં શો લાભ? જુનાંને છાંડયે નહીં ને નવાંને માંડયે નહીં.

ખુદા પાસે માગવાની મુરાદ, તે ગમે તો ગુજરાતીમાં—મરાઠીમાં કે અંગ્રેજીમાં માંગો, તે સામે વાંધો હોયજ નહીં; કારણ કે, તે કાંઈ બંદગીનું મૂળ નથી એટલુંજ નહીં, પણ બાન્યન જેવો લેખક કહે છે કેઃ—"In prayer, it is better to have a heart without words, than words without a heart." એ પ્રમાણે ખુદા પાસે માંગવાની મુરાદ તે તો કોઇ પણ ભાષામાં માંગો, અથવા ફક્ત વગર બોલચે ચાલવે અંતઃકરણમાં ઈચ્છો, તો તે પણ મંજુર છે. પણ ક્રિયાના ભણુતણો અને ખુદાની બંદગી તો એજમતી ભાષામાં—જુની પુરાણી ખખ થઇ ગયલી ભાષામાં—બાપેદાદેની ભાષામાં—યકીનવાળી ભાષામાં—અને જે આદમી તરફ આપણે મોટાં માનની નજરથી જોઇ, જેનો ધર્મ પાળતા હોઇએ, તેની ભાષામાં થાય, તોજ યકીન સાબુત રહે. નહીં સમજાતી જરથોસ્તની અવસ્તા ભાષામાં ધર્મ ક્રિયાના ભણુતણો અને ખુદાની બંદગી કરવા કરતાં, સમજાય એવી ભાષામાં જોડેલી અને હાલ જમાનાની જોડાતી ખુદાઇ બંદગી અથવા ક્રિયાના ભણુતણો શું વધારે યકીનવાળાં લાગશે? ધર્મની લાગણીવાળો એકપણ જરથોસ્તી તેમ કરવા તૈયાર થશે? એનો જવાબ નકારમાંજ આવશે. લોર્ડ લીટનના કાળા ધારા વખતના—અને મીં૦ ગેમ્બેટાનાં મરણના આર્ટીકલો અસલ ભાષામાં જે લેઝત આપે છે, તે બીજી ભાષામાં તરજુમો કરી વાંચો તો તે લુખાજ લાગશે. દાખલા તરીકેઃ—

"ચેરા ગમ બુવદ ચું ચેરાગમ તુંઇ?
ચેરાગમ ચું બાશી ચેરા ગમ બુવદ?"

એમાં ચેરાગ શબ્દ ઉપર શ્લેશાલંકાર વાપરેલો છે. ચેરાગ શબ્દમાં ચેરા+ગમ; એટલે શેનો ગમ? એમ પણ થાય છે, અને ચેરાગ+મ એટલે મ્હારો ચેરાગ એમ પણ થાય; પણ એ લેઝત ફારશી ભાષામાંજ માત્ર મળી શકે, બીજી કોઈ પણ ભાષામાં એજ ફાશીન સાચવતાં તરજુમો થઇ શકેજ નહીં. તાત્પર્ય કે એક ભાષાની ખાસ ઝમક, બીજી ભાષામાં તરજુમો કરવાથી કદિ પણ અસર કરી શકે નહીં, અને તેથીજ સદ્દર કેતાબના એક બાબમાં લખેલું છે કે, અવસ્તાની ભાષા સિવાય બીજી ભાષામાં બંદગી કરવી એક જરથોસ્તીને માટે ના રવા

છે. **નસરઃ**—"પણુ જે ભાષા સમજાતી ન હોય તે બડબડવાથી શું લાભ થાય ?"

વિરાફઃ— આપણી અરદીબેહેસ્ત યશ્તમાં વાકય રચના એવી કરી છે કે, જો એક કંટાળેલાં માણસને તેની લેઝત સાથે તે સંભળાવવામાં આવે તો તેનુ દુઃખદર્દ દફે થાય. કારણુ કે એકયોચ્ચારણ અલંકાર તથા નિર્જીવ જીવીકા અલંકારો એવી રીતે તેમાં વાપરેલા છે , કે તેનો અવાજ જો કાન ઉપર પડે તો તે મધુર લાગે, અને તેથીજ અહુનવર—અષેમ—અને યંગહેહાતામ, એ બંદગીઓને **એજમતી** કલામવાળી કહેલી છે. તે એજમતી ભાષા, અવસ્તા ભાષામાંજ તે એજમતી કહી શકાય. જે તે ભાષાનાં મંત્ર હોય, તેની અસર તેજ ભાષામાં ભણો તોજ થાય. આપણાં મંત્ર તે માથવાણી અથવા અવસ્તાવાણી કહેલી છે, તે અવસ્તા ભાષામાંજ ભણાવી જોઇએ. અરબ્બીક ભાષાનાં મંત્રો જો ગુજરાતી ભાષામાં તરજુમો કરીને ભણો, તો તે મંત્ર કારગત લાગવાના નથી. મંત્રની મદદથી વિંછુનો ડંખ ઊતારનારાઓનું એવું મત છે કે, જે ભાષામાં તે મંત્રની બનાવટ છે, તે ભાષાના તેજ શબ્દોને બદલે તેનો તરજુમો કરી મંત્ર ભણુયે, તો વિંછુનો ડંખ ઉતરતોજ નથી ! ખરૂં છે કે, ખુદા તો દરેક ભાષાનો સાંભળનારો છે, તેથી દરેક આદમી અવસ્તાનો અર્થ સમજ્યા વગર પણુ યકીનથી એક ચિત્તે એબાદત કરે તો બસ છે. કેમકે, તે સાહેબ તો તમારાં અંતઃકરણુને જૂએ છે, પછી તમે અર્થ સમજો, કે ન સમજો. વળી દરેક મનુષ્યે ધર્મની ભાષાના અર્થ જાણુવા, અને ધર્મના ભેદો સમજવાજ જોઇએ, એવું બનવું મુશ્કેલ છે. ક્રાઇસ્ટે પોતે પોતાના ચેલાઓને કહેલું એથ્યુ ઉપરથી જણાય છે કે;—સાધારણુ બુદ્ધિનાઓને તો દ્રષ્ટાંતમાંજ ધર્મ સમજાવવો પડે છે. ફલાણું વેણુ જરથોસ્ત સાહેબનું કહેલું છે, અથવા આલું વાકય તો ક્રાઇસ્ટ સાહેબનું ફરમાવેલું છે, એમ તેઓના તરફનાં માન અને યકીનથીજ તેના પંથીઓ માને છે. આપણુ જરથોસ્તીઓ સુતાં બેસતાં, ખાતાં પીતાં, ચાલતાં હાલતાં "યથા અહુ વઈર્યો અથા રતુશ અષાત ચીત હચા" ભણુયે છિયે, તેને બદલે તેનો તરજુમો "જે પ્રમાણે પાદશાહ પોતાની ઇચ્છાનુસાર ચાલનાર, તે પ્રમાણે દસ્તુરાંન દસ્તુર અશોઈ વિગેરેને લીધે," એમ જો ભણશું તો કદિ યકીનજ આવવાનું નહીં. તેમજ "અષેમ વોહુ વહિશ્તેમ અસ્તી" ભણુવાને બદલે "અશોઈ સૌથી શ્રેષ્ઠ ન્યામત છે" એમ વારંવાર કદિ પણુ ભણુવા ગમવાનું નથી અસલ કલામો આપણને શા થકી ભણુવા ગમે છે, કે અશો જરથોસ્તનાં સંકટો પણુ એજ એજમતી કલામો ભણુવાથી દૂર થયાં હતાં; અને તે **યકીનથીજ.** કોઈ પણુ ચીજ યકીન (Faith) અથવા સબબ (Reason) થી જ સાબેત થાય છે. જુની ચીજનાં યકીનથીજ ન્યુટનનો પડી ગયલો દાંત ૭૩૦૦૦ ની કિંમતે એક લોર્ડે ખરીદી પોતાની વિંટીમાં જડાવ્યો છે, તે શ્રદ્ધાનેજ લીધે; અને તેનું કારણુ પૂછશો તો કંઈજ નહીં, પણ જુની ચીજ તરફનો પ્યાર અને મહાન પુરૂષ તરફનું માન છે. જરથોસ્તનું એક બુટ જો કોઇ લાવી આપે, તો જરૂર એક પારસી

શેઠિયો મોંઘી કિંમતે પણ તે ખરીદ કરશે; તો પછી જરથોસ્તની કલમથી લખાયલા કલામો, કેટલા બધા પ્યારથી આપણે સાચવીશું ? જુની ચીજોને સાચવીને સંગ્રહ કરવાનો જ્યારે આ જમાનો શરૂ થયો છે, ત્યારે આપણે જુની ઝંદ માવતરને આપણી નજીવી અગવડને લીધે વિખુટી કેમ કરીશું ? આપણાં ખાનદાનના પુજ્ય પુરૂષની એક ખાસ ગાળ દેવાની રીત હતી, તે ગાળ વટીક તે મહાન પુરૂષની છે એમ જાણી, ત્યાર પછી થયલા આપણા બુઝર્ગો તે ગાળ વટીક પવિત્ર ગણી બોલતા ! ભાષાના અર્થ, અલંકાર અને રસ ઉપરાંત, તેના અવાજ અને તેના બર વખત ઉપર પણ આધાર રાખે છે. "રામબોલો ભાઇરામ !" એમ બોલવામાં ખુદાનું નામ ભણવામાં આવે છે, છતાં પારસી ઘરોમાં એ શબ્દો બોલાય, તો કંઇ કંઇ કુરાઇઓ સુગાઇને ફફડી ચટકી પડશે ! "મરૂંરે મરૂં !" એ શબ્દોમાં મરી જવાનો અર્થ સમાયલો છે, તથાપિ ખુશીના વખતે ઑવારણાં લેતી વેળા આ શબ્દો બોલાતા હોવાથી અપશુકનને બદલે શુકનભર્યોજ લાગે છે.

ધર્મ ક્રિયાની બાબત સમજાવવાની ભાષા જૂદી હોય; રાજદ્વારિ ભાષા જૂદી; નોવેલ, નાટક અને વાર્તાની જૂદી; કાવ્ય અને ભાષણની ભાષા જૂદીજ હોય. માટે ક્રિયા કર્મો, જેવાં કે વંદીદાદ, ઇજશ્ને, સતુમ, આફ્રીંગાન, એ સૌ અવસ્તા ભાષામાંજ થવું જોઇએ. ખુદાની ખુબીની બંદગી જરથોસ્તે બનાવેલી ભાષામાંજ રહેવી જોઇએ. અને માણસે ખુદા પાસે માંગવાની મોરાદ, તે તો કોઇ પણ ભાષામાં બંદગીને છેડે થઈ શકે; કેમકે મોરાદ તે કંઇ બંદગીના જેટલી ફરજીયાત હોતી નથી "ખુદા મ્હને સુખ આપ !" એટલા શબ્દોમાંજ મોરાદ તો ચાહી શકાય, પણ બંદગી તો ઘણી લાંબી હોય છે. જરથોસ્તના ગાથા ભણતાં જેટલી ગંભીરાઇ અને ખુશી લાગે છે, તેટલી આદરબાદ મારેસ્પંદની પટેટ ભણતાં લાગતી નથી. અને આદરબાદની પટેટ કરતાં વળી ફીરોઝની "ખુદા ત્હારી કરમ બક્ષેશ" વાળી ગરબી ગાતાં ઓછું યકીન થતું જાય છે. ટુંકમાં, બુલંદ વિચારોને લીધેજ નહીં, પણ ભાષાની બુલંદી ઉપર પણ બંદગી અને યકીનનો આધાર છે. હિંદુઓમાં જેમ સંસ્કૃત દેવવાણી છે. તેમ પારસીઓમાં ઝંદ અવસ્તા દેવવાણી છે. ફારસી ભાષાનો ફકીર શબ્દ, ફે=ફાકે; કાફ=કનાયત; ઇ=ઇબાદે એલાહી; અને રે=રીઆઝત એ શબ્દોના ૧ લા હરફો ઉપરથી બનાવેલો છે. સંસ્કૃત ભાષાનો સાધુ શબ્દ, સાહ=છ, ધુ=ધોનાર (કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-મત્સર એટલા છ દુર્ગુણો ધોઈ નાખનાર) અંગ્રેજી ભાષાનો NEWS શબ્દ N=north ઉત્તર; E=east પૂર્વ W=west પશ્ચિમ; S=south દક્ષિણ, એટલે ચારે દિશાની ખબરો. એ સર્વ પોતાનીજ ભાષામાં રહે, તોજ ઝમક અને રસ આપે છે; કેમકે તેજ ભાષામાં તે શબ્દોની તવારીખ છે, બીજી ભાષામાં તરજુમો કરતાં તે શબ્દોની તેજ તવારીખ કાયમ રહેતી નથી, અને તે તવારીખ કાયમ ન રહે, તો રસ પણ ન રહે. ત્યારે ભાષાની બુલંદી

ઉપર તો વિચારની બુલંદીના જેટલોજ આધાર રહે છે, એમ સિદ્ધ થાય છે.

નસર:–સમજીને શુદ્ધ ભાષામાં બંદગી કરવાનું કાંઇ પણ ફળ હોય, આંધળાં યકીને બડબડવાનું ફળ શું હોય ?

વિરાફ:—બનેલી એક ન્હાની વાત જણાવી યકીન વીશે ત્હારી પતીજ કરીશ. **સુરતથી મુંબઇ** તરફ જતું એક વહાણ, કહે છે કે, અધવચથી ડુબવા લાગ્યું, જેમાં એક મોબેદ બેઠેલા હતા, તેઓએ "**અથાઉવેરીઓ અથાઉવેરીઓ,**" કરીને યથા અહુ વઇર્યોના બેજમતી કલામો અશુદ્ધ ઉચ્ચારે વગર સમજે ભણ્યા. ઇશ્વરેચ્છાએ વહાણ ડોળતું બંધ પડયું, અને સર્વ સફરીઓ સહીસલામત બંદરે પહોંચ્યાં. ખારવા ખલાસીઓ આ બેજમતી કલામોને ગુપ્ત મંત્ર જાણી અજબ થયા. એક સમે લાંબી મુદ્દતે તેજ ખલાસી ખારવાઓનું વહાણ ડોળવા ડુબવા લાગ્યું, ત્યારે પેલા ખારવાઓ પેલું મંત્ર ભણવા લાગ્યા કે; "**પારસી ત્હારો થાબરીઓ! પારસી ત્હારો થાબરીઓ!**" (યથા અહુવઇર્યોનું અપભ્રંશ). એમ ભણતાં ઇશ્વર કૃપાએ વહાણ ડુબતું બચ્યું, અને આજ સૂધી "**પારસી ત્હારો થાબરીઓ**" કરવાનું યકીન **સુરતી** ખલાસીઓમાં રહી ગયું છે.

બંદગીના સવાલમાં ભાષાની વાત પહેલી હાથ ધર્યા વિના આપણાથી આગળ ચલાતું નથી. બહુધા પ્રત્યેક ધર્મની અંદર ઇશ્વરભકિત પ્રાકૃતમાં થતી નથી. જોકે **હિંદુઓમાં** વેદોકત અથવા સંસ્કૃત ભાષામાં બ્રાહ્મણ વર્ગે ભકિત કરવાનું, અને શુદ્ર વર્ગે પુરાણોકત અથવા પ્રાકૃતમાં ભકિત કરવાનું ઠરાવેલું છે, તોપણ અસલ ભાષા સંસ્કૃતને બદલે તેમાંથી જન્મ પામેલી કોઇ પણ પ્રાકૃત ભાષા, જેવી કે ગુજરાતી, મરાઠી, વગેરેમાં ભકિત કરવાનું મહત્વ ઘણુંજ ઓછું ગણેલું છે. **હિંદુઓ** પોતાની અસલ સંસકૃતમાં ભકિત કરવાને બદલે ગુજરાતી પ્રાકૃતમાં ભક્તિ કરતા નથી. **રોમન કેઠલીક** પંથમાં પણ અંગ્રેજી ભાષામાં ભાષાંતર કરેલાં ભણતરનું મોટપ ઘણું ઓછું ગણેલું છે. **મુસલમાનો** પોતાના કોરાંને શરીફને અસલ એરબ્બીક ભાષામાં ભણવાને બદલે, પ્રાકૃત ફારસી યા ઉરદુમાં કદી પણ નીમાજ કરતા નથી. તો જોકે આવી કઠણ ભાષાઓના ભેદી કલામોનો ભેદ યા અર્થ કોઈ પણ આબો ટોળો સમજતો નથી, તેમ તે ભાષાઓ તેઓથી શુદ્ધ ઉચ્ચારે ભણાતી પણ નથી. તેઓ તો માત્ર **યકીન** રાખીને ભણે છે, અને તેની કેવી ઉચ્ચ પ્રાપ્તિ તેઓને થાય છે, તેનું એક અચ્છું દ્રષ્ટાંત આજથી છેંતાલીશ વરસની વાતપર, એટલે તા૦ ૨ જી સપ્ટેમ્બર ૧૮૭૭ ના રાસ્ત ગોફતારના અંકમાંથી મળે છે, તે નીચે પ્રમાણે છેઃ—

"આપણા મુસલમાન ભાઇબંધોની જાહેર નીમાજ પછી તુરતજ જે ભારી વરસાદ થયો છે, તેથી તેઓની નીમાજ સરવે પ્રજાની નજર તથા નુકતેચીની તળે આવી ગઇ છે. ખોદા વરસાદ યા બીજી કોઇ પણ બક્ષેસની માણસના માંગવાથીજ યા એબાદતથીજ રેહેમ કરે છે એવું કાંઇ નથી, તોપણ **એબાદતમાં આદમીને**

એક ધીરજ રેહે છે અને તે ધીરજનો સઉથી સંતોષકારક બદલો આ વખતે આપણા મુસલમાન શેહેરી ભાઇઓને સરજેલો છે. તેઓની બંદગી વિશે આટલું તો સરવે કોઇ કબુલ કરશે કે તેઓ પોતાના ખોદાપરસ્ત ધરમ પર જેટલા ચુસ્ત છે તેટલીજ તેઓની નીમાજ નીખ લેસ છે. પોતાની સાદી એબાદત તેઓ ખરાં દીલથી કરે છે, અને તેમાં ઢોંગ સરીખું કશું નથી."

અર્થ સમજ્યા વગરની અને અશુદ્ધ ઉચારની, તોપણ યકીન સાથની બંદગી એકવાર ખુદ કુદ્રતને પણ પોતાની બનાવી દે છે, તો પછી—નસરઃ—"શુદ્ધ ભાષા વગર, અને વગર સમજવે કરેલી બંદગીની અસર થાયજ શી રીતે?"

વિરાફઃ—દરેક આદમીએ ધર્મની ભાષાના ભેદ સમજવાજ જોઇએ, અથવા શુદ્ધ ઉચ્ચારે ભણે તોજ બંદગી કારગત લાગે, એવું આપણ આદમ જાતથી કદી કહી શકાશે નહીં કવીનાઇનથી તાપ આવતી દૂર થાય છે ખરી, પરંતુ તેનું પૃથક્કરણ કેવું છે? તેની અસર અને ગુણદોષ કેવાં છે? અથવા શરીરમાં દાખલ થઇ તે શું ક્રિયા ચલાવે છે? એ વિગેરેની સમજણ થાય નહીં, ત્યાં સુધી એ દવા કારગત લાગે નહીં, અને તેથી તે ઉપયોગમાં લેવાય નહીં, એવું કહેવાને આજે કોણ છાતી ઠોકશે? કવીનાઇન ખાવાનું છે, તે સાધારણ આદમીએ તો યકીનથી ગળવાનું છે, બાકી તેની અસલ નસલ અને ગુણ અવગુણ, તો જે ધણી ડાકટર થઇને શિખે તેને સોંપેલું છે. તેમજ બંદગી રૂપી કવીનાઇન, તેનું પૃથક્કરણ કર્યા વગર આપણે યકીનથીજ ખાવાનું છે, અને તેના ભેદાભેદ સર્વ આમ લોક જાણે તો ભલે, પણ નહીં જાણે તેથી તેટલો વાર શું ખુદાતાલાને ભૂલી જવાનો છે? કવીનાઇનનું પૃથક્કરણ નહીં જાણે ત્યાં સુધી શરીરને બોખારથી ભુંજાઇને શું કવાબ થવા દેવાનું છે? ધર્મના ભેદ જાણવા શીખવાનું અને ઉંડાંણ ઉતરવાનું ખાસ કામ તો અભ્યાસી ધર્મગુરૂઓનું છે.

સબક ૩૬ મો.

ડગમગ યકીન કરનારા ખુદાના શત્રુ અને આદમીના ચોર છે.

The woman with the bloody issue who pressed through the throng to touch the robe of Jesus, was told that her "faith" had made her whole.—(H. P. Blavatski)

નસરઃ—"સમજ્યા વગર બંદગી કરવાથી ભણનારનું ચિત્ત ચોરાય છે; તેથી સમજીને બંદગી કરે તોજ ઇશ્વરમાં લક્ષ રહે!" વિરાફઃ—ભાઇ ત્હારે જાણવું જોઇએ કે, આ દુન્યામાં સૌથી ઝડપમાં ભમ્યા કરનાર લેખે આપણા વિચારને ગણેલો છે. સમાધિ ચઢાવી યોગી થઇ ચૂકેલા સાધુ સતનું ચિત્ત, આ દુન્યાની મિથ્યા મોહ

માયાથી ચોરાય છે, તો પછી સમજીને ગુજરાતી ભાષામાં બંદગી કરનારનું ચિત્ત નહીં ચોરાવાની કશી પણ ખાસ જામીનગીરી છેજ નહીં. ધારણા ઉપરજ માત્ર યકીન ટકી રહેલું છે. બંદગી કરવા બેસનાર એવું ધારીને તો કદી ભણવા બેસતો નથી, કે ખુદાની બદગુઈ કરવા અથવા તે સાહેબને ગાળ દેવાને તે બેઠો છે. તેની ધારણા તો, તે જે કાંઇ અશુદ્ધ ઉચ્ચારે વગર સમજવે બબડે છે, તે ઇશ્વર ભક્તિ છે એમ મનમાં, દીલમાં, અને ચિત્તમાં ચોંટાડવાની અને ઠસાવવાની છે. અને તેથીજ ધારણાનું ધ્યેય એક શ્લોકમાં કહ્યું છે કેઃ—

यत्र यत्र मनोयाति ब्रह्मणस्तत्र दर्शनात् ।
मनसो धारण चैव धारणा सापरामता ॥

એટલે કે; જે જે ચીજમાં ચિત્ત જાય છે, તે તે ચીજની સત્તા, સ્ફુર્તી (આવેશ) અને પ્રિયતારૂપ જે બ્રહ્મ, તેજ દેખાય છે, અને નામરૂપ તે મિથ્યા છે. આ મિથ્યામાં સત્‌રૂપ જે આત્મા, તેના સ્વરૂપને સાધવું તેનું નામ ધારણા. ટુંકમાં, ધારણાથીજ ઇશ્વર મળે છે.

નસરઃ—"પરંતુ શુદ્ધ ઉચ્ચાર વગર ભણવાથી અસર થતી નથી; તેથી ઈશ્વર, ભણનારની માંગણી કબુલ રાખતો નથી!" વિરાફઃ—ન્હાનું બાળક અશુદ્ધ ઉચ્ચારે બોલશે; અથવા એક દુબળો અશુદ્ધ ગૂજરાતીમાં બોલશે, અથવા એક તોતડો બોબડો માણસ તોતડું બોબડું બોલશે, તે જ્યારે આપણે ખાકી માણસો સમજીશું, ત્યારે ખુદાજ નહીં સમજશે? કેમના મઝદાને બદલે કેનદા મઝદા ભણનારો જરથોસ્તી એમ તો કદી નહીં સમજવાનો, કે ખુદાની યાદને બદલે તે ખુદાને ગાળ દે છે! જો અશુદ્ધ અને અર્થ જાણ્યા વિનાની બંદગી નારવા હોય, ત્યારે તો હિંદુસ્થાનમાં આવ્યા પછી આપણા જે બાપદાદાઓ તેવી રીતની બંદગી કરીને ગુજરી ગયા, તે સર્વની મોરાદ બર ન આવતાં, ધંધેધાપે અને પૈસે ટકે દુઃખીજ રહેલા હોવા જોઇએ (!) અને આજના આપણ પારસીઓ સમજીને શુદ્ધ ભણયે છિયે, તેથીજ ધંધાધાપામાં ધીકતા જઈએ છીએ (!) ખુદ ગૂજરાતી ભાષાનું ખુન કરીને તેને અશુદ્ધ ઉચ્ચારે બોલવાને આપણ હદથી બહાર ગયા છીએ, તો પછી ગૂજરાતીમાં જોડવામાં આવનારી બંદગી પણ આપણે તો પાછા અશુદ્ધ ઉચ્ચારેજ ભણીશું, ત્યારે વળી તે પણ નારવા જશેને? અને ગૂજરાતી ભાષાના ભારી શબ્દોનાં ગુંચવણભર્યાં વાકયોનો અર્થ સમજ્યા વગર જો આપણી ભવિષ્યની પારસણો બંદગી કરશે, તો તે પણ નારવા થવાનીને? એક નામાંકીત શાયરે એવી શતર જોડી કેઃ—

"લા વ લા લબ લા ન લા લા શશ મેહ અસ્ત,
લલ કત ઓ કત લલ શોહરે કોતેહ અસ્ત"

આ જોડણી માટે તેને હસી કાઢવામાં આવ્યો, પણ પાછળથી મુવા બાદ જણાયું કે, મુસલમાની દહાડાની ગણત્રી લોકોને વારંવાર યાદ રહેતી નથી, તે

ઉપલું કવેત ભણુવાથી ફારસી ભાષાના અબજદના કાયદા પ્રમાણે પહેલા છ મહિના ૩૧–૩૧–૩૨–૩૧–૩૧–૩૧ દિવસના તથા છેલ્લા છ મહિના ૩૦–૩૦–૨૯–૨૯–૩૦–૩૦ દિવસના છે, એમ ઝટ પરખાઇ આવત્રા સારૂ આવી ઉમદા બનાવટ કરેલી છે. તેજ પ્રમાણે આપણા "યથા અહુવૈર્યોનું" ભણુતણુ આપણે આંધળે યકીને ચાલુ રાખ્યું, ત્યારેજ તોં આપણુને આ જમાનામાં જણાયું, કે જે પટપટારો (!) આપણે કર્યે છિયે, તે પવિત્ર ભણુતર હોવા ઉપરાંત તેમાંના દરેક શબ્દ છુટા છુટા લેતાં વળી ૨૧ નુસકોના નામો પણુ આવી જાય છે! આ દ્વીઅર્થિ અલંકારની બેવડી બનાવટ પછી આપણે તે ૨૧ નુસકોની શોધમાં પડયા છીએ. ભાષા ગઇ તો આશા પણુ ગઈ. આપણી અવસ્તા ભાષા વિષે શાયર કહે છે કે:—

"કેતાબશ આયતે રોશન જેહાંરા; કલાંમસ હુજ્જતે બૈને બયાંરા.
ઝેન્રશ આફતાબે આલમ અફરૂઝ; કુનદ ઇખજે જીઆ તા મા શવદ રૂઝ."

યાને કે:—તે પેગંબરની જંદ અવસ્તાની જે કિતાબ છે, તે જાણે કે તમામ આલમને રોશની બક્ષનારી એક નિશાન છે, અને તે કિતાબની અંદરના કલામો હરેક હકીકતને જાહેરમાં લાવવાની દલીલ છે. અને તે પાક કલામોની બરક્કતથી આલમને રોશન કરનાર આફતાબ મુનવ્વર થાય છે, જેથી રાતની અંધારીમાંથી દિવસનું અજવાળું પ્રકાશે છે. આવી જે ઉત્તમ–એજમતી, ઉમદા–ભેદી ભાષા તેનો અસલ ખ્યાલ ગૂજરાતી કે ઇંગ્રેજી તરજુમાથી કેમ આવે ?

એક મકતબમાં એક મુનશી નામીચા ફારસી શાયર શેખ **સાદી**ના બનાવેલા ભેદી બેતનો તરજુમો પોતાના ચેલાઓ પાસે કરાવતો હતો, તેવારે ભીંતની પાછળ શેખ **સાદી** પોતે છુપાયલા હતા. જૂદા જૂદા ૬–૭ ચેલાઓએ તે બેતના જુદા જુદા ૬–૭ અર્થ કર્યા. તે તમામ અર્થ ખરા નથી, એમ જણાવી મુનશીએ ૮ મો અને નવોજ અર્થ ચેલાઓને સમજાવ્યો. ત્યારે શેખ **સાદી** નીચે મુજબ બોલીને ચાલી ગયા કે; "માંઆંનીએ **સાદી** દીગર અસ્ત!" અર્થાત, **સાદી**ની મતલબ જૂદીજ છે! તેમ આપણા અવસ્તાના અર્થ હાલેં કે હાઉગ–બૉપ કે સ્પીગલ–દાર્મેસ્ટેટર, ગેલ્ડનર, કે મીલ્સ જેવા ચેલાઓ ૬–૭ જૂદા જૂદા સમજાવશે, તો પણુ આપણી પીઠ પાછળ સંતાયલા શિક્ષાગુરૂ પાક જરથોસ્ત, કાં નહીં એમ કહેશે કે, "માંઆંનીએ જરાથોસ્ત દીગર અસ્ત!" માટે આપણા હાલના અર્થો બરાબર સંપૂર્ણ થયલા જાણીને દોરવાઇ જવાની ભૂલ આપણે ઉતાવળે કરીશું નહીં. બલ્કે આઇશીશ અન્વેલ્ડમાં કહેલું ગોખી રાખો કે:—

"Too many of our thinkers do not consider that the numerous changes in language, the allegorical phraseology and evident secretiveness of old Mystic writers, who are generally under an obligation never to divulge the solemn secrets of the sanctuary, might have sadly misled translators and commentators."

નસરઃ—પારસીઓ દેવને ધિક્કારે છે, ને હિંદુઓ દેવને પુજે છે, ત્યારે ઇશ્વરનિંદા ક્રિયા લોકો કરતા કહેવાય? હિંદુ ધર્મ પુસ્તકોમાં ખુદાતાલાને માટે દેવ શબ્દ આવેલો છે; અને પારસી ધર્મ પુસ્તકોમાં શેતાન, અહિરેમનને માટે દેવ શબ્દ આવેલો છે. પારસીઓ દેવનું નામ સાંભળતાં જ હજાર વાર ધિકકાર કરશે. હિંદુઓ દેવનું નામ સાંભળતાં જ આફ્રીન કરશે. પારસીમાં કોઇને દેવ કહીશું, તો લાગલો બાઇબલ માંડવા દોડશે. હિંદુને દેવ કરીને કહીશું તો શેર સાકર ખાશે. ત્યારે શું હિંદુઓના અને પારસીઓના પરમેશ્વરો કાંઇ જુદા છે? હિંદુઓના દેવને પારસી ગાળ દે છે, તેથી શું તે શબ્દને લીધે પાપી થશે કે? તે શું ખુદાને ગાળ દીધેલી કેહવાશે કે?”

વિરાફઃ—ના. એમ નથી. ભાષાના શુદ્ધ અશુદ્ધ શબ્દો ઉપર, કે જૂદા જૂદા અર્થો થાય તે ઉપર કાંઇ બંદગીનો એકલો મદાર નથી. માત્ર ધારણા સારી, અને યકીન પાક હશે, તો પછી અજાણાની બલા દૂર છે. અંતઃકરણ શુદ્ધ રાખો, પછી આપોઆપ જણાશે, કે અવસ્તામાં બંદગી કરવી પારસીઓ માટે વધારે સલામતી ભર્યું છે; અને તેથીજ આપણી એ પાક ભાષા સરસ્વતી મંદીર (યુનિવરસિટી) નો ઉંબર ઓલંગી, યુનિવરસિટીના બારણાં આજે ભાંગી નાંખીને તેમાં દાખલ થઇ, ત્યારે બીજી ગમથી આપણેજ તે એજમતી ભાષાઓનો પગ ભારી શા માટે કરવો?

નસરઃ— ત્યારે જંદ મૂકીને પાજંદમાં તમે કાં ભણો છો? ખુદાની મદદ રહેમ અને બક્ષેશ ગૂજરાતીમાં કાં માગો છો?

વિરાફઃ—એકરાર કરવો જોઇએ છે, કે ગૂજરાતી યા બીજી કોઇપણ સમજાતી ભાષામાં ખુદાતાલાને યાદ કરવાથી પાપ લાગે છે, કિંવા તે કામ ગુન્હાનું છે, એમ કહેવાની મ્હારી મકસદ છેજ નહીં, પરંતુ જે કાંઇ મ્હારે ત્હારી પાસે માનવું મનાવવું અને કરવું કરાવવું છે, તે એજ કે, ખસુસ કરીને જરથોસ્તીઓ માટે, કોઇ પણ બીજી ભાષા કરતાં, પુરાણી જંદ અવસ્તા ભાષામાં, અથવા બીજા બોલોમાં બોલ્યે તો, માંથવાણીની જુબાનમાંજ ઇશ્વર સ્તુતિ કરવી વધારે સલામતીભર્યું છે.

મૂળ પાયો તો અવસ્તાવાણીની બંદગી ઉપર લાવી બાંધ્યો છે. એજ પ્રમાણે હિંદુઓમાં સંધ્યા વગરની ભકિત ફોકટ ગણેલી છે. હિંદુઓની અવસ્તા ભાષા યાને સંધ્યા કરવાની ગુપ્ત ભેદવાળી ગુઢ સંસ્કૃત ભાષાના અર્થથી, કિંવા તેના શુદ્ધ ઉચ્ચારથી સમજીને ભકિત કરનાર ૧૦૦૦ હિંદુએ એકની પણ રાસ આવવી કઠણ છે, તોપણ વગર સમજવે પ્રથમ સંધ્યા કરીને, પ્રાકૃતમાં ઇશ્વરની યાદ કરવાની છુટ મૂકેલી છે. હિંદુઓમાં સંસ્કૃત ભાષાની ભકિત અથવા સંધ્યા કર્યા સિવાય ગાયનને કે પ્રાકૃત બંદગીને ઇશ્વર ભકિતના મુખ્ય ભાગ લેખે ગણવામાં આવતાંજ નથી; અને ઇશ્વરના ખ્યાલમાં અંતઃકરણના યકીનથી તલ્લીન થયલાં, નહીં સમજાતી

સંસ્કૃત ભાષા બડબડવાવાળાં મનને, તેના અર્થ સમજવાની, અથવા ગાયનના જેવા કોઈ પણ રસિક વિષયની કાંક્ષા કે તમા રહેતીજ નથી. તેને માટે એક શ્લોકમાં કહેલું છે કેઃ—

मकरंदं पिबन् भृंगो गंधनापेक्षते यथा।
नादासक्तं तथा चितं विषयान्नहि कांक्षते॥

એટલે કેઃ—જેમ ભમરો પુલનો રસ પીવા થકી સુગંધની ખાહેશ રાખતો નથી, તેમ ઇશ્વર નાદમાં આશક બની ગયલું ચિત્ત સુગંધરૂપી વિષય વાસનાની જરાએ ખાહેશ રાખતું નથી. હિંદુઓ યકીનથી માને છે કે, ઇશ્વરે પહેલ વહેલાં સંસ્કૃત ભાષા પેદા કરી છે, અને તે સાહેબ તેજ ભાષા બોલે છે! માટે સંસ્કૃત યાને દેવવાણીમાંજ સંધ્યા કરવી હિંદુઓ માટે વધારે સલામતીભર્યું ગણાય છે; અને તેઓના દેવતાઓ પણ તેથીજ ખુશી રહેતા માનવામાં આવે છે. આપણામાં પણ ઇજશ્નેના ૫૦ મા હામાં કહેલું છે કેઃ—"ઇએ માંથ્રા વાચેમ મઝદા બરઇતી ઉવરથો અશા નેમંઘહા જરથુસ્રો." એટલે કેઃ—જે કોઇ માંથ્ર જુબાનથી યાને અવસ્તાવાણીથી ભણે છે તે અશોઈની નીયાએશ કરવાથી જરથોસ્તનો દોસ્ત થાય છે.

સૌ સૌના ધર્મની ભાષા જૂદી છે, ત્યારેજ તો સઉ સઉ પોતાના ધર્મો જૂદા જૂદા લેખાવે છે હજારો વરસ થવા છતાં સઘળા ધર્મો પોતપોતાના ખરા કે અસલ આકારમાં થોડે ઘણે દરજ્જે જળવાઈ રહ્યા છે, તે ભાષાના ભિન્નભિન્નપણાંને લીધે મુખ્યત્વે છે; બાકી કોઇ પણ ધર્મ ચોરી કે ખુન કરવા કહેતોજ નથી કોઈ પણ ધર્મ નિંદાણું કે જુઠાંણું કરવા કહેતોજ નથી કોઇ પણ ધર્મ લુટફાટ કે મારફાડ કરવા કહેતોજ નથી. હિંદુ, મુસલમાન, ખ્રીસ્તી કે પારસી બધાનો ખુદા તો તેજ છે. ધર્મ યાને ફરજ પણ એકસરખીજ છે, પરંતુ જો જરથોસ્તી ધર્મના અને જંદ અવસ્તાના મૂળ સિદ્ધાંતોને આપણે અંગ્રેજી તરજુમો કરીને બંદગી લેખે ભણયે તો, એક બે સૈકામાં એ ધર્મ કેવી રીતે નાબુદ થઈ જાય તે તપાસવું સહેલું છે.

સબક ૩૭ મો.

કુદ્રતની સોટી માટે ભકિત છે, કે રોટી માટે ભકિત છે?

"The God's prayer contains the sum total of religion and morals."

—*Willington.*

ખુદ આપણા ધર્મ પુસ્તકમાં વટીક, અવસ્તા ભાષામાં બંદગી કરવા હુકમ થયલો છે. ઇજશ્ને હા ૪૧ મધ્યે કહેલું છે કેઃ-"થવો સતઓ તરસ્ચા માંથનસ્ચા અહુરમઝદા!" ઓ ખુદાતાલા! ત્હારી બંદગી હું અવસ્તા ભાષામાંજ કરૂં. ખુશી થાવ ભાઈ! કે આપણે આજ લગી તો અવસ્તાના ઉપલાં ફરમાન મુજબ

કર્યું છે, કર્યે છિયે, અને કરીશું કે નહીં, તે તો ભવિષ્યની વાત રહી. જુની ચીજને છોડવા પહેલાં પુખ્ત વિચાર કરવો જોઇએ. આ એક ઉત્તમ ધડો છે. આપણા અવસ્તામાં પણ જુની ચીજ વિષેનું ફરમાન છે કેઃ—“ કેહરપેમ દરેઘયાઓ ઉપયનયાઓ યઝમઇદે.”—યાને કે, લાંબા વખતના જુના રેવાજની મુખ્ય બાબદને હમો વખાણીએ છીએ. એ પ્રમાણે જ્યારે જુની ચીજની મુખ્ય બાબદ ટકાવી રાખવા આપણો ધર્મ શિખવે છે, ત્યારે આપણી જુની ફાયદાકારક જંદ માવતરને અને અવસ્તા માતુશ્રીને શા માટે નિવારવી જોઇએ ?

નસરઃ—ત્યારે તો આખી દુનિયાએ અવસ્તા ભાષા સિવાય બંદગી કરવીજ નહીં જોઇએ કે ?

વીરાફઃ—આપણે કબુલ કરીશું કે, અવસ્તા ભાષામાં બંદગી કરવી એકલા જરથોસ્તીઓ માટેજ વધારે સલામતીભર્યું છે; નહીં કે હિંદુ—મુસલમીન—ક્રિસ્તી વગેરે જુદ્દીનો માટે પણ અવસ્તામાં બંદગી કરવી રવા ગણાય. તેઓએ પોતાનીજ સ્વધર્મ-ભાષા સંસ્કૃત, એરેબમીક, અને હીબ્રુમાં, ભક્તિ-નિમાજ-પ્રેબર કરવાની છે. તેઓ માટે તેજ ભષા એજમતી છે. ધર્મ સંબંધી બાબતોમાં વિચારશીથીલ અથવા મનમુખ્ત્યારીની (*Latitudinarianism*) વાત હોયજ નહીં. ધર્મની બાબતમાં સૌ સૌથી ઘરે ઘરના રાજા થવાયજ નહીં. તમારા ધર્મનું બાપદાદેનું ફરમાન ન માનો તો ખેર ! ત્યારે તો તમો સ્વૈચ્છિક બની તમારો નવો ધર્મ અને નવો ખુદા અને નવો પેગંબર પણ મુકર કરો ! આપણા જરથોસ્તી ધર્મની અને પાક ભેદી અવસ્તાની જો સુગ લાગતી હોય, તો તે એલકાબે ના ઓળખાવ ! કહેલું છે કેઃ—*Profit by thy own wisdom, but learn to respect the wisdom of thy fathers likewise.* અવસ્તાના અર્થ સમજીને શુદ્ધ ઉચ્ચારે કરેલી બંદગી સારી છે, અને અર્થ ન આવડે કિંવા ઉચ્ચાર શુદ્ધ ન થાય, તેમાં કાંઇ ભાષાનો વાંક નથી. આપણે તે નહીં શિખ્યે તો આપણોજ વાંક છે. ઇજશ્નેના ૨૮ મા હામાં ફરમાવેલું છે કેઃ—“ યઉઅદ એસાએ તઉઆચા અઉબદ ક્ષાએ અએસે અશહીયા ” યાને કે, “ જેટલું મ્હારાથી બની શકશે, મ્હારામાં શક્તિ હશે તેટલું, બંદગી અથવા સવાબના કામની ખાહેશ પ્રમાણે હું શિખું.” પરમકૃપાળુ દાતારે ગરીબ કે તવંગરને—ન્હાના કે મોટાને–બેવકુફ કે વકુફવાળાને કોઈ પણ માણસ જાતને કે હેવાનને, કોઈ પણ બક્ષેશ એક સરખીજ જો કરી હોય, તો તે ભાષા જેવી ઉત્તમ બક્ષેશ છે દુન્યાંના વહેવારને સારૂ અધરામાં અધરી ભાષા ફરજને લીધે શિખી શકાય છે. જે ભાષા નામદાર જ્યોર્જ રાજા બોલે છે, તેજ તેમને ત્યાંનો ઝાડુ કાઢનાર બોલે છે ! જે ભાષા પેગંબર મહુમ્મદ બોલતા હતા, તેજ ભાષા ઉંટનો આરબ સારવાન બોલતો હતો ! ગમે એવો દુબળો નરડો, તેને પણ ભાષા શિખવાની ફરજ હોવાથી તે શિખે

છે. ભાષાની જે બક્ષેશ ઢેડ ચમારને ખુદાએ કરેલી છે, તેજ પાદશાહ કે પીર પેગં-બરને કરેલી છે. પાંચ વરસના બાળકનાં મોંમાં જે ભાષા મૂકવામાં આવી છે, તેજ પોણોસો વર્ષના ડોસાના મોંમાં મૂકેલી છે. રશ્યન-ઇટાલ્યન-લેટીન-અરબ્બીક-કે અંગ્રેજી જેવી ઘણી કઠણ ભાષા, જે એક અજાણ દેશનો વિદ્વાન શિખતાં કંટાળી જાય છે, અથવા હારી ખાય છે, તેજ અઘરી ભાષા રશ્યાના ભરવાડો રશ્યન ભાષા બોલે છે! ઇટાલીનો હજામ ઇટાલ્યન કાવ્યો ઉકેલે છે, અને ગાયનો ગાય છે! અરબસ્તાનનો હરજી અરબ્બી ભાષામાં એવું તો ખુશ ખત લખશે, કે જેવું લખવાને આપણા મૅાલવી મુનશીઓ અશક્ત થાય! ઇંગ્લંડનો ગધેવાન જે ઝડપ અને સફાઇથી અંગ્રેજી બોલશે, તેનો જવાબ આપવાને આપણો બી. એ. શરકી પડશે! જે સંસ્કૃત શુદ્ધ ઉચ્ચારે શિખવાને આપણો એમ. એ. પટકાઇ જાય છે, તેજ બનારસનો ભિક્ષુક બ્રાહ્મણ સહેલથી વાપરી શકશે! એ સૌ શા થકી! ફરજ થકી ફરજને લીધે વ્યવહાર રાખવો પડે છે આજે એક પારસી છોકરો અભ્યાસની ફરજીઆતને લીધે ઇતિહાસ-ભૂગોળ-અંકગણિત-ઇંગ્લીશ-વગેરે વગેરે પોતાની ૮-૯ વરસની વયમાં પરાંપરાં શિખે છે, તો પછી બંદગીની ફરજીઆત માટે હરરોજનું માત્ર અડધા કલાકનું ભણતણ શિખી લેવું બસ છે. શરોશબાજને ઇતિહાસ ગણી-ગેહને ભૂગોળ ગણી-ખુરશેદ મેહેર ન્યાએશોને અંકગણિત ગણી-દોઆ વીસ્પહુમત અને દોઆ નામશેતા-યશ્નેને ઇંગ્લીશ ગણી-જો અરધા કલાકની બંદગી અર્થ સાથે શુદ્ધ ઉચ્ચારે શિખવા માંગે, તો અરધુંજ વરસ બસ છે! તો પછી ધર્મ-ફરજ-ફરજયાત ગુજારવા સારૂ એક બુચાની અરધાં વરસની મહેનત બચાવવા, જંદ અવસ્તાના મૂળ પાયાનેજ ઘેસવી પાડવાનું બેમાલુમ મંડાણ થાય તે ઘણું ગેર કહેવાય. એના ગુપ્ત ભેદ જાણવાથી, એક ફારશી શાયર કહે છે તેમઃ—

"બ વસ્તા કાલમે દીવાં નેહાં કર્દ;
રૂઆંરા દર રહે યઝદાં રવાં કર્દ"

યાને કેઃ—પાક અવસ્તાનાં એજમતી કલામની બરક્કતથી દેવોને (દુષ્ટ શક્તિઓને) દુન્યાંમાંથી તોડી પાડી શકાય અને તેની (પેગંબર જરથોસ્તની) રાહે ચાલનારાઓને ખુદાતાલાની રાહ ઉપર જારી રાખવાનું અને રવાના કરવાનું બની શકે છે. એ પ્રમાણે જંદ અવસ્તા ભાષાના ભેદી પણ પાક કલાંમોની ખુબી પહેલેથીજ કબુલ રખાતી આવેલી છે.

નસારઃ—આજે બધા પારસીઓએ ઘણે ભાગે અંગ્રેજી ભાષાને પોતાની ભાષા કરી છે તો તેમાં બંદગી કાં ન કરીએ?

વિશાફઃ—આજે અંગ્રેજી ભાષા મીઠી લાગે છે, અલંકાર રસથી સ્વાદિષ્ટ દિસે છે, તેથી તેમાં અવસ્તાનો તરજુમો કરવા માંગો તે પહેલાં અવસ્તાના અકેકા અચ્છા અલંકારોના અકેક પછી નમુના તપાસો. તેમાં પણ બનાવટ કરનારાએ આજ

મજા ભરેલી છે "આચનો જમ્યાત હવંઘહે–આચનો જમ્યાત રવંઘહે........આચનો જમ્યાત હવંઘહાઇ–આચનો જમ્યાત અશવસ્તાઇ" એમ લખ્યું છે તેને બદલે "આચનો જમ્યાત હવંઘહે–રવંઘહે–હવંઘહાઇ–અસ્વરતાઈ" એમ ટુંકમાં લખતે તો શું નહીં ચાલતે? નહીં, પણ ભાષાની લેઝત અને ઝમક વધારવા અને શબ્દોના ધ્વનિઓથી ચોકકસ આકારો ઉત્પન્ન કરી શુદ્ધ વાતાવરણ થવા માટેજ "આચનો જમ્યાત" નો અર્થ એકનો એક હોવા છતાં વારંવાર વાપરેલો છે. એવી એવી ઉત્તમ ફાશીનોથી તો એ ભાષા ભરપૂર છે. અવસ્તા ભાષાની એવી તોસીફ માટેજ શાયરે તેની વખણુ કરી છે કે:—

"ચે અદર મદેહે ઉ ગુયદ ચુ મન કસ;
સેતાયશ દર અવસ્તા મર ઉરા બસ."

અર્થ:—મ્હારા જેવા નાચીજ માનવીથી તે અશોઇ ભરેલા પેગંબર જરથોસ્તની તારીફ તો શુંજ થઇ શકે! માટે હું એટલુંજ કહીશ, કે **અવસ્તાથીજ તેની તારીફો જે જણાય છે તેજ બસ છે.** ઘણા વરસથી એક એવી વાત ચાલે છે કે, સુરત ખાતેની એક જુની યુરોપ્યન પેઢીમાં જોડાયલો એક યુરોપ્યન ગૃહસ્થ, અસ્પંદાદ મહિનો ને અસ્પંદદ રોજના પરવને દિને, જેને ૨૧ મદીનું અથવા રેકડીનું પરવ સાધારણ રીતે પારસીઓ બોલે છે, તે દિવસે પારસી ઘરોમાં રેકડી છંટાતી જોઇ, તથા એક વિચિત્ર લીપિમાં લખાયલાં પત્રો પારસી ઘરોના દરવાજા ઉપર ચોંટાડેલાં જોઇ, અજબ થઇને એક દસ્તુર પાસેથી ખુલાસો માંગવા ગયો. ધર્મચુસ્ત દસ્તુરે તેના ખુલાસામાં લંબાણથી સમજુત કરી, કે અમારા જંદ અવસ્તા એવા તો એજમતી અસરવાળા છે, કે ગોમુત યાને નીરંગ (એટલે ક્રિયા) ઉપર નજર બાંધીને એક ચિત્તે તેના ઉપર નીરંગદીનની ક્રિયા જો જંદ અવસ્તામાં કરી હોય, તો તે ગોમુત યાને તરો વરસો સુધી કદિપણ બગડતો નથી; પણ જેવો ને તેવો રહે છે! એટલુંજ નહિં પણ એક મુડદાં ઉપર એ અવસ્તાનું ગેહસારણું ભણ્યા પછી તે મુડદાં કોઈ ઠેકાણે જમીનમાં દાટો, અને ગમે એટલે વરસે તે કાઢશો, તો જેવાં ને તેવાં રહેશે; કીડા કે બીજાં જીવજંતુથી તેને કદિ પણ અળવળ આવશે નહીં!! તેજ પ્રમાણે આ રેતી અવસ્તા ભણાયલી રેકડી છે, તે ઘરોમાં છાંટવામાં આવે, તો રોજી રજક અને બરકતની બઢતી થાય! અને તેજ પ્રમાણે પવિત્રાઇથી લખાયલું આ અવસ્તાનું કાગળ ઘરના દરવાજા ઉપર ચોંડાડવામાં આવે તો આબાદી વધે અને કજ્યો કંકાશ દૂર રહે!! આ અજાયબ જેવી વાતો સાંભળી પેલા યુરોપ્યન ગ્રહસ્થે જંદ અવસ્તાની કોઇ જુની કેતાબના તૂટી ગયલાં અસલ પાના મોંઘી કિંમતે ખરીદ કર્યાં અને યુરોપ લઇ ગયો. અલબત્ત, ઉપલાં એજમતી અસરો, અલંકારવાળી અને ઉંડાણ ફીલસુફી ધરાવનારી છે, પણ આ વાત ઘણાઓ છેક ઇ સ. ૧૮૮૭ સુધી કથા જેવી માનતા હતા, પરંતુ એ કહેવાતી કથા ઉપરથીજ

આપણો ધર્મ આજે અજવાળાંમાં આવ્યો છે, દેશે દેશ આશકારા થયો છે, અને આપણા ધર્મની ઉંડાણુ ફીલસુફી આપણે એ કથા (!) ઉપરથીજ શિખ્યા છીએ એમ કહી શકાશે.

સબક ૩૮ મો.

ભાષા કાંઇ ભક્તિનો મુખ્ય ભાગ નથી.

" A gentleman connected with one of the earliest European factories established at Surat became possessed of some Zend manuscripts which he took to England. Anquetil happened to see one of the pages hung as a curiosity at a shop window, and then and there determined to go out to India to investigate the Parsi religion. After a stay of four years in this country he carried back with him a number of manuscripts which excited the curiosity of those who saw them, and many learned men sought to unravel their contents."

મરહુમ પ્રોફેસર હારમેસ્ટેટરે ઈ. સ. ૧૮૮૭ના વરસમાં Parseeism (પારસીઇઝમ) ઉપર મુંબઇ ખાતે ભાષણ આપતાં ઉપર મુજબ ખુલ્લું કહ્યું છે.

એકવીટલ દુ પેરોંનું હીંદુસ્થાન આવી પારસી ધર્મનો અભ્યાસ કરવાનું કારણ આપણું "રેકડીનું પરભ" હતું ! જો પેલા ધર્માંધ દસ્તુરજીની વાત ઉપરથી જંદ અવસ્તાના લેખો પેલો ગ્રહસ્થ લઈ ગયો ન હોત, અને દુકાનના બારણા ઉપર જંદ અવસ્તાનું કાગળ ચોઢવામાં ન આવ્યું હોત, તો એકવીટલ દુ પેરોંની લાગણી ઉશ્કેરાત નહીં, અને કેટલાક જમાના સુધી આપણેજ આપણા ધર્મની ફીલસુફી-ઓથી બેનસીબ રહેત ! ટુંકમાં, જંદ અવસ્તામાં કાંઇ પણ ગેબી એજમતી અસર છે, જેથી અજબ જેવો બનાવ ઉપર મુજબ બનવા પામ્યો છે. અવસ્તાની અસર તન ઉપર કેવી થાય છે, અને આબાદી કેમ વધે છે, તેનું ખુદ ખુદાતાલાએ અવસ્તામાં બંદગી કરવાનું ફરમાન આપ્યા વિષે ખોરદાદ યશતમાં કહ્યું છે કેઃ—

" આઅત અ્રઓત અહુરો મઝદાઓ, યેઝી મે માંથ્રેમ ફ્રશ્રવ, મરાઓ વા, દ્રેનઝયાઓ વા, ફ્રા વા અ્રવ કર્ષાઈમ કારયેઈતી, હઓમ તનૂમ ગઓઝઇતી." અર્થઃ—ત્યારે ખુદાતાલા બોલ્યા કે; અગર જો મ્હારી માંથ્રવાણી યાને અવસ્તાવાણી બુલંદ આવાજે બોલવામાં આવે, યાદ કરવામાં આવે, ભણવામાં આવે, અથવા ભણતાં કષ ખેંચવામાં આવે તો, તે સખ્શના શરીરનો જરૂરજ બચાવ થાય છે. એ પ્રમાણે અવસ્તાની એજમતી અસર, ખુદ અવસ્તા પોતેજ શિખવે છે !

નસરઃ—"એક પાદશાહને કે એક કલેકટરને તેની સમજાતી ભાષામાં અરજી કરશો તોજ તે અરજી બહાલ રહેશેને ?" વિરાફઃ—માનવીની સમજ શક્તિને ઇશ્વરની સમજ શક્તિ સાથે અંગત મીસાલ આપવી એ ગેરડહાપણ કહેવાય; તોપણ "અરજદાર" કરતાં "અરજ લેનાર" ને તેની સમજાતી ભાષામાં અરજી કરવાનું અંગ્રેજ જેવાં સુધરેલાં રાજ્યમાં ફરમાન છે. કલેકટર કે કમિશનરને અંગ્રેજીમાં અરજી આપવી પડે છે, તો જો કે અરજી આપનાર મકલો ખેડુત કે ભૂલ્યો મજુર, માધ્યો દરજી કે દુલભો મોચી, નહીં સમજાતી અંગ્રેજી ભાષામાં અરજી કરે છે; તોપણ તેઓ બાપડા અંગ્રેજી ભાષા કાંઈ જાણતા નથી. ત્યારે આપણે હાસ્ય કરીશું કે, મકલો, ભૂલ્યો, માધીઓ, અને દુલ્લભો જો સમજાતી ભાષામાં કલેકટરની બંદગી કરે છે, (અરજી કરે છે) તો ઉલટો કલેકટર તો તે નામંજુર કરે છે ! બલકે તે અભણ લોકો, જો નહીં સમજાતી ભાષામાં બંદગી (અરજ) કરે છે, તો તે ઉપર ધ્યાન આપે છે ! ભાઇ, ત્હારી ઉપલી તકરાર ઉપરથી તો હું એવાંજ છેવટ ઉપર આવું, કે અરજી આપનાર (બંદગી કરનાર) પોતે ભલે અવસ્તા ભાષા નહીં સમજતો હોય તોપણ કલેકટર સાહેબ (દાદગર દાદાર) તો તેની અરજી જો સાચી ને સારી નિષ્ટાની હોય છે, તો તે જરૂર સાંભળે છે; પછી અરજદાર, અરજીની ભાષા સમજતો હો યા ન હો; પણ જો જૂડી ને ખોટી નિષ્ટાથી અરજ કરી હોય, તો તે કદિ સાંભળતો નથી. સારી જાતની લાગણીથી અરજી (બંદગી) કરવાનો નિયમ ઘણો ઉત્તમ છે; અને એ તકરારનો પૂરેપૂરો નિર્ણય નિચલા શ્લોક ઉપરથી આવી જાય છે કેઃ

सजातीय प्रवाहश्च विजातिय तिरस्कृतिः।
नियमोऽपि परानंदो नियमा क्रियते बुधैः॥

એટલે કેઃ—સજાત્ય અને વિજાત્ય (સજાત અને કજાત) એવી બે રીતની અંતઃકરણની ઇચ્છાઓ થાય છે; તેના પ્રપંચી પ્રવાહમાં તણાવાથી દૂર રહી ધિક્કાર બતાવવો, એ ખુદાતાલાને નમવાના નિયમમાં સૌથી વધારે ખુશાલ કરનારો ફાયદો છે.

નસરઃ—"સહવારે જેઓ ગાયનું મુત્ર આખાં શરીરે ચોળવામાં સવાબ સમજીને જે કાંઇ ભણે છે તે અવસ્તા વાણી નથી..........**એ નીરંગ એટલી બધી અશુદ્ધ છે કે અવસ્તાવાણીમાં અમશાસ્પંદોની સંખ્યા છની ગણાવી છે ત્યારે એમાં ૩૩ની ઠોકી બેસાડા છે.**"

વિરાફઃ—અવસ્તા ભાષામાંથી બીજી ભાષા એટલે ફારસી જેવી સમજાતી ભાષામાં બંદગી જોડતાં, અને તે પણ ઘણા આગલા જમાનામાં દાનાવોએ જે જોડેલું તેમાં જો ૬ નો આંકડો ૩૩ થઇ જવાની ભૂલ થયલી આજે આપણે કહીશું, તો તેનો ભાવાર્થ એટલોજ કે, અવસ્તામાં જે બાબત જણાવી છે તેનો કોઇ પણ બીજી ભાષામાં અસલ જેવો અર્થ કદિ જળવાતોજ નથી. અવસ્તા ભાષાને બદલે સમજાતી

ભાષાની બંદગીની તરફેણવાળા સાહેબો જ્યારે આમ કહેશે, કે અસલ અવસ્તાનો ફારસીમાં તરજુમો કરનારે ૬ ના ૩૩ ઠોકી બેસાડયા, ત્યારે પછી તેજ અવસ્તાનો ગુજરાતી તરજુમો કરનાર ૩૩ ના ૬૬ કરી નહીં બેસાડશે એની સલામતી બીલકુલ રહેતી નથી. લાંબા વખતની આવી નીરંગમાંજ જો ભૂલ કરવામાં આવી હોય તો આજના વખતમાં તો કેવું કેવું ઠોકી બેસાડવામાં આવશે, તેનો કાંઇ ખ્યાલ પણ થઇ શકતો નથી. અર્થાત, અસલ તે અસલ, અને નકલ તે નકલજ છે. આજે કોઇ પણ ટોળો પોતાના પ્રમાણમાં દુન્યાંના લગભગ બધા ભાગ ઉપર, જૂદા જૂદા દેશોમાં અને જૂદી જૂદી ભાષા બોલનારી પ્રજાઓમાં ચોમેર, વધારે ફેલાઇ ગયો હોય, તો તે પારસી ટોળો છે. જયારે ચીનમાં વસનારાં પારસી કુટુંબો ચીનાઇ ભાષાને—ઈંગ્લંડમાં વસનારાં પારસી કુટુંબો ઇંગ્રેજી ભાષાને—ઇરાનમાં વસનારાં પારસી કુટુંબો ફારસી ભાષાને–પોતપોતાની **સમજાતી ભાષા** લેખે ગણવા ગણાવવા લાગ્યાં છે; તેવા વખતમાં જો જરથોસ્તીઓની બંદગી કોઇ પણ "સમજાતી ભાષા" માં જોડાવવી હોય, તો લગભગ ૫૦–૬૦ સમજાતી ભાષામાં ગાથા જોડાવવા જોઈએ–વંદીદાદ બનાવવા જોઇએ–ન્યાએશ યશ્તો ઉપજાવવી જોઇએ છે; અને આફ્રંગાન, સતુમ કે ગેહેસારણા ગોઠવવાં જોઇએ છે! પોતાનો ધર્મ પાળનારા લોકો, વ્યાપાર ધંધા અથવા બીજા હાદેશાઓને લીધે જૂદા જૂદા દેશોમાં ફેલાયા સિવાય રહેવાના નથી, અને જૂદી જૂદી ભાષાઓમાં ભેળાઇ જવાનો સંભવ જાણીનેજ દરએક ધર્મોપદેશકોએ ધર્મ ક્રિયાને લગતી તથા ઈશ્વતભક્તિને લગતી ભાષા સૌ સૌએ અમુકજ ઠરાવી આપેલી છે.

નસરઃ—પરંતુ અશુદ્ધ ભાષાથી કાંઇ પણ લાભ થાય એ હું માનતો નથી.

વિરાફઃ—તમારાં બધાં પારસી પેપરો અને ઘણીખરી ચોપડીઓ ને ચોપાનિયાં અશુદ્ધ ગૂજરાતીમાં છપાય છે, તેની પણ ત્યારે અસર નહીં થવી જોઈએ. ભાષા અશુદ્ધ હોય, પરંતુ જો અંતઃકરણ શુદ્ધ હોય તો તે બંદગી અશુધ્ધ છતાં રવા ગણેલી છે. રામાયણ જેવાં મહાભારત પુસ્તકના કર્ત્તા વાલ્મીકિ ઋષિને માટે કહે છે કે, તેવણ એક ભીલના પુત્ર હતા, જે વેળાએ તેમનું નામ રતનો હતું. એનો ધંધો વટેમાર્ગુઓને લૂંટી લઈને પોતાનું તથા પોતાનાં માબાપ આદિનું પોષણ કરવાનો હતો. એક દિવસે એવું થયું કે, એ લુટારાના માર્ગે થઇને નારદમુનિ જતા હતા. રતના ભીલે ઝાડ ઉપરથી નીચે ઉતરી આવી નારદજીને કહ્યું કે; "તમારૂં સર્વસ્વ હું હમણા લૂંટી લઇશ, ને તમને મારી નાંખીશ!" નારદજીએ ઠંડે પેટે તેને પૂછયું કે; "આ બધાં ત્હારાં અસંખ્ય પાપો છે, તે બધાં પાપો ત્હારી બાયડી છોકરાં અને માબાપ માટે તું કરે છે. તે બધાં પાપોમાં તેઓ ભાગદાર છે કે નહીં?" રતનાએ કહ્યું; "એ સર્વનું હું પૂરૂં કરૂં છું માટે તેઓ મ્હારાં પાપનાં

ભાગીઆં હોવાંજ જોઇએ." નારદજીએ કહ્યું કે; "હું હ્યાંજ બેસું છું, ને નાસી જઇશ નહીં; તું જા અને ત્હારાં માબાપ, સ્ત્રી, પુત્રોને પૂછી આવ!" તે પ્રમાણે સર્વ વ્હાલાંઓને પૂછતાં, તેઓએ તેનાં પાપનાં ભાગદાર હોવાનો ઇનકાર કર્યો. આવા જવાબથી નિરાશ થઇને તે નારદજી પાસે આવ્યો, અને બોલ્યો કે; "મહારાજ! હું આપને શરણે આવ્યો છું, મ્હને આ બધાં પાપોથી મુક્ત કરો!" રતના ભીલને પાપથી મુક્ત થવા માટે એટલો બધો અધીરો બનેલો જોઇને, તેનું કલ્યાણ કરવાનો નારદજીએ ઠરાવ કર્યો. પછી તેના માથા ઉપર કમંડલુમાંથી પાણી છાંટયું, અને રામ નામના મહામંત્રનો ઉપદેશ આપીને નારદજી ચાલતા થયા. ઋષિજીના ગયા પછી આ પાપી રતનો ભીલ પૂરેપૂરૂં ધ્યાન ધરીને, હર હમેશ રામ નામનો જપ કરવા લાગ્યો; પરંતુ જાતે બુદ્ધિહીન ભીલનો છોકરો હોવાથી, રામ નામનો પણ ઉચ્ચાર કરતાં આવડયો નહીં. તેથી તે ઋષિજીના "રામરામ–રામરામ" એ મંત્રને ઉલટી રીતે "મરામરા–મરામરા" એવાં મંત્રનો જપ કરવા લાગ્યો. આ જપ કરતાં બહુ વર્ષ વિતી ગયા બાદ ઇશ્વર ભકિતની અંદર તે એટલો તો ચકચૂર થઇ ગયો, કે તેના શરીર ઉપર ઉધઇએ મકોડાંના મોટાં ઘરો પણ બાંધ્યાં હતાં, તેનું પણ તેને ભાન રહ્યું ન હતું! ઘણે વરસે એજ માર્ગે નારદજી આવી પહોંચ્યા, તેઓએ રતનાને "રામરામ"ને બદલે "મરામરા"નો જપ કરતાં દીઠો. તેની પછવાડેથી આવીને તેના શરીર ઉપરનો માટીનો રાફડો ઉખેડી નાંખીને તેને શુદ્ધિમાં આણ્યો નારદજીને જોતાંજ રતનો પગે પડયો, અને બોલ્યો; "ઋષિજી! આપે મ્હને "મરામરા" નો જપ આપી પાપમાંથી છોડવ્યો છે. રતનો વલ્મીક (ઉધઇ)ના રાફડામાંથી નિકળ્યો. તે દિવસથી તેનુ નામ વાલ્મીકિ પડયું. નારદજીએ એ દિવસથી તેને ઋષિની ઉપમા આપી. એ ઉપરથી સાર એજ ખેંચવાનો છે કે, રામ નામ જપો, કૃષ્ણ નામ જપો, ખુદા નામ જપો, અલ્લા નામ જપો, ગૉડ નામ જપો, કિંવા ઇશ્વરનું કોઇ પણ એક પવિત્ર નામ જપો, પરંતુ એટલું તો નકિક છે કે, ખુદાતાલાની બંદગીના મંત્રના જપમાં માત્ર યકીન જોઇએ છે. જ્યાં સૂધી માણસના અંતઃકરણમાં યકીને જડ ઘાલી ન હોય, ત્યાં સૂધી ગમે એવાં મોટાં મોટાં મંત્ર હશે તો પણ કાંઇ ફળ થવાનું નથી. શ્રદ્ધા, યકીન, અને વિશ્વાસથીજ માણસનું ધારેલું કામ પાર પડે છે. જો યકીનનું ફળ નહીં થતું હોત તો, રામ રામને બદલે મરા મરાનો જપ કરનાર રતનો ભીલ મહાઋષિ વાલ્મીકિ કેમ થઇ શકત? એટલાજ વાસ્તે શુદ્ધ ભણો કે અશુદ્ધ ભણો, પરંતુ બંદગી કરવા પહેલાં ખુદાતાલા ઉપર સંપૂર્ણ વિશ્વાસ, મજબુત દ્રઢતા, અને બુદ્ધિ પૂર્વક શ્રદ્ધા થવી જોઇએ છે.

સબક ૩૯ મો.

માશુકના તંબુના દરવાજા ઉપર—

" Do you wish to find out the really sublime?
Repeat the God's Prayer."—*Napoleon.*

બંદગી ગમે એવી અશુદ્ધ હોય, તોપણ યકીન જો શુદ્ધ હશે, અને બંદગીના શબ્દોનો અર્થ પણ ખબર ન હશે તો તે બંદગી કરનારની બંદગી ખુદાતાલાને ત્યાં રવા રહે છે. એક વાર એક નગરના અંદર કોઈ મોટો ધર્મગુરૂ આવી ચઢયો. નગરમાં હોહા થઇ રહી, કે આ મોટા ગુરૂજી ઘણાં સરસ મંત્રો પોતાના સેવકોને આપે છે, જેથી ધારેલું કામ પાર પડે છે. આ વાતની ખબર એક ખેડુતની શ્રદ્ધાળુ ઓરતને પડવાથી તેણી નદી પાર ઉતરીને ગુરૂના મઠમાં મંત્ર લેવાને ગઈ. ગુરૂને મોટો મહાત્મા માનીને, ચરણ સ્પર્શ કરી, મંત્ર માંગ્યો; અને તે મંત્ર મેળવવાના બદલામાં પોતાના ખેતરમાંનાં બે તાજાં વેંગણ્યાં ભેટ લેખે ગુરૂની આગળ મૂકયાં. ગુરૂજી કેદુનેકા કાજી જેવા હોવાથી, હસીને આ નજીવી ભેટ ઉપર એક દુહો બોલ્યા; જે આખો દુહો તે સ્ત્રીને યાદ ન રહેવાથી તેના છેલ્લા શબ્દો તેણીના ધ્યાનમાં ઘણાંજ ઉત્તમ મંત્ર લેખે ઠસી ગયા. કારણ કે, ગુરૂ ઉપર તેણીનું પૂરેપૂરૂં યકીન હતું. તેણીને એમજ લાગ્યું, કે બસ આ મંત્ર ભણવાથી કોઇપણ આફ્ત ટળી જાય છે, અને ઇશ્વર આપોઆપ મળી જાય છે! એ ઉપરથી તે મંત્રના ઉત્તમપણાના ધખારામાં ને ધખારામાં નીચે પ્રમાણે બડબડતી બડબડતી ચાલવા લાગી.

" બનને આઈ જોગન, ઔર લાઈ દો બેગન!
બનને આઇ જોગન, ઔર લાઈ દો બેગન!"

ચાલતાં ચાલતાં, બેહદ વરસાદ પડવાથી નદિ નાળાં તમામ પાણીથી ભરપૂર થઇ ગયલાં તેણીને જણાયાં. પણ તેણીના મનમાં પેલાં મંત્ર વિષે એટલું તો મજબુત યકીન બેસી ગયું હતું કે, તે મંત્રો ભણતાં ભણતાં પાણી ઉપરથી પણ હું ચાલી જાઉં તોએ મ્હને કશી હરકત થવાની નથી! એવા સાચા વિશ્વાસથી એ મંત્ર ભણતી ભણતી તે પાણી ઉપરથી ચાલી ગઇ, અને ખરેખર તેણીની ઇચ્છા પ્રમાણે બીજે કિનારે આવી! ઘેરે આવીને પેલો ખુદાઇ મંત્ર બડબડતી જાય, ઇશ્વરનું નામ હરેક શ્વાસોશ્વાસે યાદ કરતી જાય, અને પોતાના માની લીધેલા મહાગુરૂને માટે સારાં સારાં પકવાનો રાંધતી જાય. ખાવાનું તૈયાર કરીને તેણી પાછી મંત્ર બડબડતી બડબડતી ગુરૂના મઠમાં આવી, અને ઘણીજ આજીજીથી ગુરૂને વિનંતિ કરવા લાગી કે; "આપ મ્હારે મકાને પધારો; અને ત્યાં આજનો દિવસ ભોજન લ્યો; જેથી મ્હારૂં ઘર પાવન થાય!" ગુરૂએ આનાકાની કરી જણાવ્યું કે; "વરસાદ પુષ્કળ પડે છે, અને મ્હારાથી આવી શકાશે નહીં!" આખરે પેલી ભકતાણીના બેહદ

કાલાવાલાને લીધે ગુરૂ તેણીને ત્યાં જમવા જવાને ઉઠયા. રસ્તે ચાલતાં પાણીથી પૂર થયલી નદિને કિનારે આવી ગુરૂરાજ અટકી પડયા, અને સેવકીને કહેવા લાગ્યા; "સામગ્રી સબ તયાર હે, પર નાવ કહાં હય ?" ભકતાણી બોલી; "ગુરૂજી, આપકુ નાવકી કયા જરૂર ! ચલોજી ! એકે ધે.કેમેં અપન ઓ પાર નીકલ જાયેંગે !"

ગુરૂજી બોલ્યા; "બીના નાવ મેં ડૂબ જાઉંગા !" સેવકી બોલી; "ડૂબ કયું જાઓગે, પકડ લો હમારા છેરા !" એમ કહી તેણીએ પોતાની સાડીનો એક છેડો ગુરૂના હાથમાં પકડાવ્યો, અને "બનને આઇ જોગન, ઔર લાઇ દો બેગન" વાળું પવિત્ર માની લીધેલું મંત્ર ભણતી ભણતી નદી ઉપરથી ગુરૂને પેલે પાર દોરવી લઇ ગઇ. ગુરૂજી કિનારે ઉતરતાંજ પેલીને પગે પડયા અને કહ્યું કે; "આજથી તું મ્હારો ગુરૂ, અને હું ત્હારો ચેલો !"

કહેવાનો સાર એ, કે પેલો પવિત્ર માનેલો મંત્ર જોકે અશુદ્ધ હતો, જોકે ઇશ્વર વિષેનો તે મંત્ર હતોજ નહીં, અને જોકે એ મંત્રનો તેણી કાંઇ અર્થ કે હેતુ સમજતી હોય તો તે એટલુંજ સમજતી હતી, કે ખુદાતાલા વિષેનું આ કાંઇ ઉત્તમ ભણતર છે; અને તોપણ તેણીની એજ બંદગી ખરેખરી ગણાઇ છે પ્રોફેસર હાર્મેસ્ટેટર અવસ્તાને એજમતી કલામ લેખે ગણી તેની એટલી બધી તો શ્રેષ્ટાઇ જણાવે છે, કે તે ઉપર આપણા તરફથી કાંઇ પણ શરેહ વગર, તેમના શબ્દો ટાંકી બતાવ્યેઃ— The Avesta was the magic word that opened that past so closely sealed, and when, all its pages are fully understood, with that One Book, we shall know more of the social and mental evolution of the old Iranians than we are ever likely to know of old India, with her four Vedas and her magnificent array of Brahmanas and Up-anishads." એમાં હીંદુઓના વેદ કરતાં પણ વિશેષ મહુત્વ અવસ્તાને, પ્રો.ફેસર મરહુમે આપેલું છે. ત્યારે તે અવસ્તા કેટલા બધા એજમતાં હોવા જોઇએ ?

નસર:—આપણાં શાસ્ત્રમાં કયાં કહ્યું છે, કે અવસ્તાવાણીમાંજ ભણવું રવા છે !

વિરાફ:—અવસ્તાની જૂદી જૂદી જાતની અનેક બંદગીઓમાંથી અવસ્તા ભાષામાંજ બંદગી કરવાનાં ઘણી ગમ ફરમાનો આવેલાં છે, તેમાંના થોડાંકનીજ જગા અત્રે હું કરીશ. ઇજશ્ને હા. ૪૪ ઉપરથી—"કે વેરેથ્રેમ—જા થ્વા પોઇ સેંગ્હા યોઇ હેન્તી ?" યાને કે, ઓ ખુદા ! ત્હારા અવસ્તાના કલામ જે કે પાસબાની કરનારા છે, તે કલામથી કિયા શખ્સ દુશ્મનને મારશે ? હોશબાંમ ઉપરથીઃ—"અથ ઇમાં વચો દ્રેન જયોઇશ, યોઇ અંઘહેન વારેથ્રઘ્ન—યોતેમ્ચ બએષ-ઝયો તેમ્ચ." એ પ્રમાણે આ અવસ્તાના કલામો જે ઘણાજ ફતેહમંદ તથા ઘણાજ તંદરોસ્તી આપનારા છે તે તુંએ ભણવા જોઇએ. દોવા નામશેતાયશ્નેને ઉપરથી:—"કેશ ફેરસ્તીદ... દાંનાએશ ઓ રાએનીદારેશ, વીસ્પ હસ્તાંન, ઓ બુદાંન,

ઓ ઓહાંન, ફરહંગાન ફરહંગ માંથ્રેસ્પેન્ત, કુએદ રવાંન હુ-પુલ બોખતારેશ અઝ દોઝખ વદારદાર ઓએ આંને પેહેલુમ અખાંન અશોઆંન રોશન હંદ હુ-ઓએ હમા નેકશ." યાને કે, તમામ લોકો જે કે હમણાં છે, આગળ હતાં, અને હવે પછી થશે, તેઓની વાકેફગારી તથા રાહનુમાઇને માટે **સર્વોત્તમ વિદ્યા, જે કે વૃદ્ધિ કરનાર અવસ્તાવાણી તે મોકલી**, કે જે અવસ્તાવાણી રૂવાંનને આસાનીથી ચીન્તવત પુલ પસાર કરાવનાર, દોઝખથી છુટકારો આપનાર છે; તથા અશો લોકોનું રોશનીવાળું, ખુશબોદાર, અને તમામ ખુશીદાર જે ઉત્તમ મકાન **બેહેશ્ત** છે, તે તરફ રસ્તો આપે છે **હોરમજદ યશ્ત** ઉપરથીઃ—"તત અશ્તી માંથ્રહે સ્પેન્તહે અમવ સ્તેમેમ, તત વેરેથ્રઘ્નસ્તેમેમ, તત ખરેનંઘઙ્હસ્તેમેમ, તત યાસ્કેરેશ્તેમેમ." યાને કે; પવિત્ર **અવસ્તાવાણીનો** તે ભાગ ઘણોજ હિંમત આપનારો, તે ભાગ ઘણોજ ફતેહ આપનારો, તે ભાગ ઘણોજ ખોરેહમંદ તથા તે ભાગ સૌથી વધારે અસરકારક છે. એ પ્રમાણે અવસ્તા ભાષાની એજમતી અસરની જ્યાં ત્યાં વખાણો આવેલી છે. **એકવીતલ દુ** પેરાં કહે છે કેઃ—"પારસીઓના પેગંબરે એવું તો ચોક્કસજ જાણ્યું હતું, કે સાધારણ લોકો ખુદાઈ જ્ઞાનની બાબતમાં ઓછી બુદ્ધિ ધરાવી શકે છે, અને તે લોકોને ગુપ્ત આત્મા વિષેના ધર્મના ફરમાનો કરતાં બહારનાં ક્રિયા ભણતરો ઉપર ઘણો મજબૂત એતેકાદ હોય છે; **અને તેથી કરીને તે પેગંબર પોતાની જંદ અવસ્તાની ચોપડીઓને અહુરમઝદના પોતાના સખુનોની બનેલી જાહેર કરે છે.**" એકવીતલના આ મતને પ્રથમથીજ એક રેવાએતમાં ટેકો આપેલો છે કેઃ—"અવસ્તા, ઝબાંને અહુરમઝદ અસ્ત, વ ઝંદ ઝબાંને મા." એટલે કે, અવસ્તા એ ખુદાતાલાની જુબાન છે, અને ઝંદ એ આપણી જુમાંન છે.

ખુદાતાલાની બંદગી કરવા બેસનાર દરેક ભક્ત બંદો એટલું તો સમજે છે કે, તાડીખાનામાં તે તાડી તો પીતો નથી, પરંતુ ખુદાઇ દરઘામાં ખુદાની બંદગી કરે છે. જેઓ ખરેખરા ધર્મચુસ્ત બંદગી કરનારા છે, તેઓ તો શુદ્ધ કે અશુદ્ધ સમજાતી કે નહીં સમજાતી અવસ્તા ભાષામાંજ બંદગી કર્યા જવાનાજ; અને તે બાપદાઓ તો પાછળથી જોડાયલી ફારસી મોનાજાતો જ્યારે બંદગીને છેડે ભણે છે, ત્યારે તો તમે ગૂજરાતી બંદગી જોડી આપશો, તો તે પણ વધારામાં કદાચ ભણશે, પણ જેઓ "અમોને તો આવી સગવડ કરી આપો," અને "ફલાણી હરકત દૂર કરી આપો, તોજ બંદગો કરીએ!" એમ કહેનારાઓને તો એઓના માગ્યા પ્રમાણે કદાપિ બંદગીઓ જોડી આપવામાં આવશે, તોએ તેઓ કાંઈ બંદગી કરવા જેટલી તસ્દી લેવાના નથી, કે પોતાનો અમૂલ્ય કહેવાતો વખત ખોવાના નથી. જેઓ ગાનતાનમાં ગાયનરૂપી બંદગી કરવાને માટે આપણો આગળ લાડકાઇ કરે છે, તેઓ જાણતા નથી કે, તેઓ તો તાન શૂરને અને મીઠા રાગને વશ થવા માગે છે; નહીં કે તેમાં સમાયલી

ખુદાઈ સ્તુતિને માટે તેઓ ખેંચાતા હોય. આગલા જરથોસ્તીઓથી એવો રેવાજ પડેલો છે કે, જંદ અવસ્તાના પાક કલામો ગુમ ન થાય તેટલા માટે ધર્મગુરૂ વર્ગે મરાતબ થતાં સુધીમાં, ન્યાએશો, યશ્તો વગેરે તમામ ખોરદેહ અવસ્તા, અને ગાથા, ઈજશને, વંદીદાદ વગેરે તમામ બુઝર્ગ અવસ્તા પરાંપરાં મોઢે ગોખી રાખવા જોઇએ. અને તે પ્રમાણે મોઢે ગોખી રાખેલા અવસ્તાના આધારથી, હીંદુસ્થાનમાં આવ્યા પછી તે અવસ્તાઓ કેતાબોમાં જળવાઈ રહેવાથી આપણા ઉપર મોટી બક્ષેશ ઉતરી છે. હીંદુઓમાં પણ પવિત્ર વેદના કલામો પ્રથમ અણુલેખિત હતા, જેથી કરીને સર્વ બ્રાહ્મણ વર્ગને તે વેદો મોઢે રાખવાનું ફરમાન હતું. પણ પાછળથી જ્યારે બ્રાહ્મણ વર્ગ બગડવા લાગ્યો, અને તેઓની યાદદાસ્ત શકિત કમ થવા લાગી; ત્યારે વ્યાસે અને બીજાઓએ સ્મરણ ઉપરથી વેદ લખી કાઢયા હતા; જેને આજે તેઓ સ્મૃતિના નામે ઓળખે છે પછી પાછળથી જેમ જેમ સાંભળેલા વેદો કોઇ કોઈ બ્રાહ્મણને મોઢે રહી ગયલા, તે ઉપરથી શ્રુતિ થઇ. સ્મૃતિ–એટલે સ્મરણમાં આવેથી લખી નાખેલા વેદો; અને શ્રુતિ–એટલે સાંભળવા ઉપરથી લખી નાખેલા વેદો એજ પ્રમાણે આપણે પેહલવી, પાજંદ ભાષાઓને અવસ્તા એને જંદની પુત્રીઓ ગણી, અવસ્તાઇ ભણતર ચાલુ રાખ્યાં નહીં હોત, બલ્કે હીંદુસ્થાન આવી, સમજાતી કોઇપણ ભષા ગૂજરાતી, મરાઠી, હીંદુસ્થાની, કે અંગ્રેજી જેવી, અવસ્તા સાથે કાંઈ પણ તાલુકો નહીં ધરાવનારી ભાષાઓમાં, જો બંદગી કરવા માંડી હોત, તો જંદ અવસ્તા ઉપર તો કે' દહાડનું એ ઢાંકણું વળ્યું હોત. તરજુમા કરવા અને ધર્મની ભેદી ભાષાઓના અર્થ કરવા, એ કાંઇ ખાવાનું કામ નથી. અવસ્તાના એજમતી અને ભેદી કલામોના તરેહવાર અર્થો કરી બંદગી કરવા જતાં લેહણાના દેવા થઇ જવાનો સંભવ સોએ સો વસા રહેવાનોજ છે.

સબક ૪૦ મો.

અવ્વલ પુરાવો અંતઃકરણનો–શબ્દનો પુરાવો દુય્યમ.

"The theological dogmas, on which the religion of the Parsis is founded, are so dispersed in their ancient books, and appear in such a form that even those who are most familiar with the works of the Orientals will find them undoubtedly strange."

(એકવિટલ ડુ પેરોં.)

માથ્રવાણી અથવા અવસ્તાવાણીથી દુઃખ દરદો ઉપર કેવા પ્રકારની અસરો થાય છે, તે વિષે સમજાવવા પહેલાં રપીથ્વન ગેહેના ભણતરમાં જે ઇસારો કરેલો છે, તે ફરી તાજો કર્યે;—"મઝીશ્ત, માંથ, મઝીશ્ત વેરેજ્ય, મઝીશ્ત ઉર્વઇથ્વ.... યઝમઇદે"—એટલે કે, સૌથી ચઢતી માથ્રવણી યાને જંદ અવસ્તાવાણી કે જે અસર કરવામાં સર્વથી ચઢતી, કામ બજાવવામાં સર્વોત્તમ છે, તેને હમો યાદ કર્યે છીએ.

જે માણસ ચાલુ બિમારીથી પીડાયા કરતો હોય, તેની આગળ અરદીબેહેસ્ત યસ્તના પાક કલામો ભણાવવાનો આપણામાં હજી પણ રિવાજ છે; તેનો હેતુ એજ છે કે, જેમ બીજા મંત્રોથી વીંછુ કે સર્પના ઝેર ઉતરે છે, તેમ આ એજમતી અવસ્તાઈ કલામોથી મનનાં દુઃખો તો ખાસ કરીને દફે થાય છે, જેથી તંદોરસ્તી ઉપર સારી અસર થાય છે. આ વિચારને જેઓ માનતા ન હોય, તેઓને મેડમ એચ. પી બ્લાવાત્સકી ખાત્રી આપે છે કેઃ—"જ્ઞાનતંતુ સંબંધીનાં દરદો ઉપર, ધર્મના પવિત્ર મંત્રો તથા ભેદી કલામોની અને ગાયનની અસર જરૂરજ થાય છે. ફેફસાંનો મરજ—ના મરદી—દિવાંનાપણું—જલંદર—અને ઘણીજ હઠીલી બોખારો ધર્મના પાક કલામો ભણવાથી તથા ખુદાઈ ગાયનોથી દૂર થાય છે." કેહવાય છે કે, આગલા સતના કાળમાં મલ્લાહાર રાગ ગાવાથી વરસાદ તૂટી પડતો હતો! અને દીપક રાગ ગાવાથી આગ લાગી ઉઠતી હતી! જ્યારે વરસાદ નહીં આવે ત્યારે જશન કરીને પાક અવસ્તા ભણવામાં આવતાંજ વરસાદ તૂટી પડતો! જ્યારે આવા એજ-મતી કલામો અને ખુદાઈ ગાયનો, તેની બરાબર સાધના, યકીન, ઇમાનદારી, અને બર વખતે ભણવા અથવા ગાવામાં આવ્યાથી ખુદ કુદ્રતને એકવાર અસર કરી શકે, તો પછી આદમ જાત ઉપર તેની શું અસર ઓછી થાય? અવસ્તાના એક મંત્રની આગળ, બીજા ધર્મોના સટીક ગ્રંથોના ગ્રંથો કમી કહી શકાય. એ ભાષાના સહી તરજુમા તો કોઈથી થતા નથી. તોપણ એમ પણ માનો કે, જેમ કહેવામાં આવે છે તેમ ગૂજરાતી આદિ કોઇ સમજાતી ભાષામાં ખરેખરા સહી તરજુમા કરવામાં પણ આવે, તોએ તેની અસર તો બીલકુલજ તૂટી જવાની. કેમકે આજની વિદ્યાએ આપણને શિખવ્યું છે કે, આપણા ગળાંમાંથી નિકળતા શબ્દોના અવાજના સ્ફુરણ થકી હવામાં અમુક જાતના સારા કે નઠારા આકારો અને આકૃતિઓનાં વાતાવરણ બંધાય છે; અને તે સારી કે માઠી આકૃતિઓની અસર તમામ દુનિયાને થાય છે. વળી આગળ વધેલી વિદ્યા પ્રમાણે આપણા મગજમાં જે વિચારો ઉત્પન્ન થાય છે, તે સારા માઠા વિચારોની પણ સારી માઠી આકૃતિઓનું હવામાં વાતાવરણ ઉત્પન્ન થાય છે, અને તેની અસર તમામ જગતને થાય છે. જેમકે, નેપોલ્યન બોનાપાર્ટે ફ્રેન્ચ ભાષાની અંદર "ફ્રાન્સ—સૈન્ય—જય!" એટ-લાજ શબ્દો ઉચ્ચાર્યાથી લાખો અમૂલ્ય જીવડાઓનો આ પૃથ્વિમાંથી ઘાણ નિકળી ગયો! ત્યારે નેપોલ્યનના બળવાન શબ્દોની એવી તે કેવી બળવાન આકૃતિઓ હવામાં થઇ હશે, કે જેની બળવાન અસરે આખા જગતને ત્રાહે ત્રાહે પોકરાવી! તેજ પ્રમાણે બ્રિટિશ પ્રધાન મંડળના એક પ્રધાન મી. ચેમ્બરલેને માત્ર એટલોજ વિચાર કર્યો, કે ગમે એ ભોગે ટ્રાન્સવાલમાં લડાઇ જગાડવી. હવે એ બળવાન મગ-જમાંના બળવાન વિચારની બળવાન અસર એવી તે શી થઇ હશે, કે જેથી હજારો કિંમતી જીવડાઓનો આ સુધરેલા જમાનામાં ઘાણ નિકળી જવા પામ્યો! ત્યારે

હવે વિચાર કરો નસર ! કે અમુકજ સારા માઠા શબ્દો તથા વિચારોની અમુકજ સારી માઠી આકૃતિઓ હવામાં ઉત્પન્ન થઈને અમુકજ જાતની સારી માઠી અસરો દુનિયામાં ખૂણે ખૂણે ફેલાવે છે, તો પછી અમુકજ શબ્દોના તરજુમાઓથી હવામાં તેવી જાતની આકૃતિઓ ઉત્પન્ન કેમ થઈ શકશે ? આજારી માણસનું દુઃખ દફે કરવા માટે તેની આગળ અરદીબેહેશ્ત યશ્તના અવસ્તા પઢવામાં આવે છે, તે ઓછામાં ઓછા ત્રણ દિવસ સુધી ભણવામાં આવે છે. શા માટે ?

આ અરદીબેહેશ્ત યશ્તના પવિત્ર કલામો એવા ચમત્કારિક છે, કે આજારી માણસનું દુઃખ પણ દફે કરી નાખે છે. પણ તે કયારે ? જ્યારે ભણનારમાં સંપૂર્ણ અશોઇ હોય, ભણાવનારનું પૂર યકીન અને શ્રદ્ધા હોય ત્યારે. વળી તે ભણનારને બેસવાની જગા પાક અને સફા બનાવેલી હોવી જોઇએ. એ પ્રમાણેની રીતિથી ખચિત અરદીબેહેશ્ત યશ્તના કલામોની અસર સંપૂર્ણપણે થાય છે, અને દર્દીને આરામ થવા પામે છે. જો કદાચ ભણનાર સંપૂર્ણ અશોઇવાળો નહીંએ હોય, તો પણ અવસ્તાના માથ્રમાં એવો ગુણ રહેલો હોય છે કે, સંપૂર્ણ શ્રધ્ધા અને ભકિત ભાવથી તથા પાકી પહરેઝીથી આજારીની નજદીક અવસ્તાના કલામો પઢવામાં આવે તો કાંઇ નહીં ને કાંઇ સારી અસર થયા સિવાય રહેતીજ નથી. અર્થાત; આજારીનું જો કે દુઃખ સદંતર દૂર નહીં થાએ તો પણ તેને ઘણીક રાહત મળવા સાથે તેના જીવને એવી ખુશાલી ઉપજે છે, કે જેથી તેને દુઃખ દરદ નહીં જેવુંજ માલુમ પડે છે. આ પ્રમાણે માથ્રવાણી ભણીને દુઃખ દરદો સાજાં કરનાર દશતુર કિંવા મોબેદને પહેલી પંકિતના હકીમનો દરજ્જો મળેલો ગણાય છે. બીજા હકીમોથી જે ઉપાય નહીં બની શકે તે ઉપાય તે દસ્તુર અથવા મોબેદ બજાવે છે. જ્યારે અરદીબેહેશ્ત યશ્તના અવસ્તા ખાસ દરદો સફા કરવા માટેનાજ છે, ત્યારે તેની રામબાણ અસર પણ કેમ ન થવા પામે ? અવસ્તાના માથ્ર પઢવાથી કેવી કેવી અસરો તથા શું શું ફાયદાઓ થાય છે તે વીશેનું સાધારણ જ્ઞાન મેળવવા માટે હોરમજદ યશ્ત અને અરદીબેહેસ્ત યશ્ત બેજ બસ છે. અવસ્તાથી દરદીને રાહત મળે છે તેના ઘણાક જાતિ અનુભવના દાખલા મ્હારા પણ જોવા જાણવામાં આવ્યા છે. કહે છે કે, હૈદ્રાબાદના નૈઝામના ખાસ કારભારી દાદાભાઈના એક છોકરાને છ મહિના સુધી એક જાતની હઠીલી તાપ લાગુ પડી હતી, જેથી કંઈક ડાકટરોની સેંકડો રૂપિયા ખરચીને દવા કીધી, પણ કંઈજ ઓસડ કારગત લાગ્યું નહીં. છેવટે નવરોજજી હોરમજી નાહનિયા નામના એક મોબેદ, જેમનો વસવાટ પુણામાં હતો, તેમણે મજકુર કારભારીની પરવાનગી મેળવીને ત્રણ દહાડા સુધી અરદીબેહેશ્ત યશ્તના અવસ્તાના પાક કલામો ચોક્કસ તરતીબથી તે છોકરાની સનમુખ પઢયા; અને પીછી કરવાથી તે છોકરાનું દુઃખ દર્દ સદાનું સફા થઇ તેને રાહત મળી હતી,

તેજ દિવસથી તે ઘણી સારી તનદરોસ્તી સાથે ફરવા લાગ્યો હતો. આ બનાવને આસરે ચાલીશથી વધુ વરસ થયાં હશે. (જ. ધ. ત્રણુના અંકની ખુબી.)

નસર:—જરથોસ્તના જમાના કરતાં ચાલુ જમાનો તો વિશેષ તરઅેજ પામેલો છે, તો હાલ જમાનાના વિદ્વાનોની જોડેલી બંદગી ઘણી ઉત્તમ બની શકે.

બિરાફ:—બંદગી જોડનારાઓ પણ ખુદાઇ બક્ષેશને પામેલા અને ઇશ્વરી નૂરનો અનુભવ લીધેલા મહાત્માઓજ હોવા જોઇએ. ઇશ્વરપદ પામેલા ખરેખરા કવેશ્વરોનો આત્મા—જે અમર છે–તે તેઓના લખાણોના દરેક અક્ષરમાં કામ કરે છે, ત્યારે બીજાઓના અક્ષરો ખાલી ખોખાં અથવા નકલો છે. જે બંદગી ઇશ્વરપદ પામ્યા વગરના માનવીથી જોડાય છે તે થોડીકવાર જીવીને ઘટતા ફેજે પહોંચે છે. જે બંદગી ઇશ્વરપદ પામેલા માનવીથી જોડાય છે તે અમર રહે છે. ન્યુતનનો દાંત બધા માણુસોના જેવોજ હતો, તે કાંઈ સોના રૂપાનો નહિ હતો. છતાં તેના હજારો રૂપૈયા કાં ઉપજ્યા ! શેકસપિઅરનું ઘર મહેલ તો નહિજ, હવેલી પણ નહિજ, પરંતુ એક ઝુંપડું જેવું હોવા છતાં, તેને બચાવી સંભાળીને તેનું સંરક્ષણ કરવાની તથા તેના ફોટોગ્રાફો ઘેરેઘેર રાખવાની શા માટે મોટાઇ લેવામાં આવતી હશે ? મહમ્મદ પેગંબરની દાઢીના એક વાળનાં, જે મોટાં માન અને ભકિત ભાવથી મુસલમાન લોકો દર્શન લે છે, તે પણ માણુસના બાલ જેવા વાળ છે. એ સૌ શા થકી ? તે દાંત ન્યુન્તન જેવા મહાન શોધકનો છે માટે. તે ઝુંપડું શેકસપિઅર જેવા મહાન કવિનું છે માટે. તે બાલ મહમુદ જેવા મહાન પેગંબરનો છે માટે. એ સૌના જુનાપણા અને પૂજ્ય પ્રૌઢપણા તથા ભકિતભાવને લીધેજ છે. તેજ પ્રમાણે ગાથા જેવી ઉંચી બંદગીઓ જરથોસ્ત જેવા મહાન પેગંબરની રચેલી છે માટેજ આપણે અવસ્તા ભાષાનો વપરાસ ચાલુ રાખવાથી આપણા યકીનમાં વધારો થાય છે.

જેનો વપરાસ નહીં તેનો નાશ કુદ્રતના કાયદા પ્રમાણે થતોજ આવે છે. જો તમે એક હાથ કે શરીરના કોઇ બીજા અવયવને વાપરો નહીં તો ધીમે ધીમે પણ ચોક્કસપણે તે ભાગ મરતો જશે. એ કુદ્રતનો જાણીતો નિયમ છે. એજ નિયમ જેમ ચીજોને તેમ ભાષાને લાગુ પડે છે. ખ્રીસ્તિ પ્રજા અને ધર્મનો આજે દોર છતાં તેમની અસલ ધર્મ ભાષાને બાજુએ નાંખવાથી સેંકડે કેટલા જણ તેનું જ્ઞાન ધરાવે છે ? અથવા તે શીખવાની કે સમજવાની કાળજી રાખે છે ? તેથી ઉલટું હીંદુ, મુસલમાન વગેરે પ્રજા તરફ જૂઓ. રાજ્ય તરફની ઝાઝી મદદ નહિ છતાં તેઓની ધર્મભાષા, જ્યાંપણ હીંદુ કે મુસલમાન હોય ત્યાં, અસલ જેવીજ વપરાતી ,ભણાતી અને સજીવન રહેલી માલુમ પડે છે. દૂર શા માટે જવું ?

નસર:—અસલ અવસ્તા અને જંદ શિવાય, પાજંદ પેહેલવી વગેરે ભાષામાં, આગળ વખતમાં બંદગીઓ કેમ જોડાઇ ? અને જ્યારે તે ભણુવામાં આવે છે, ત્યારે

આજે ગૂજરાતી અંગ્રેજીમાં કાં નહીં ભણવામાં આવે ? વિરાફઃ—તેનું કારણ એક નથી; તેના ઘણાં કારણો છે.

ફીલસુફ યુકલિડની માફક આપણે એવી ઇંન્ટકલ્પના અથવા પરિગ્રહ લઈએ કે, "યથા અહુ વઈર્યો અથા રતુશ અષાત્ ચીત્ હચા," એ પવિત્ર કલામથી એક સંપૂર્ણ આકૃતિ, ધારો કે ચોરસ આકારની બને છે. પરંતુ ઉપલા પવિત્ર કલામોનો આપણે એવો તરજુમો સમજાતી ભાષામાં ભણીએ કે; "જેવી તે સાહેબની ઇચ્છા તેવું હરેક સવાબને લીધે તેના હુકમ પ્રમાણે થાવ !" તો એ ગૂજરાતી તરજુમાના શબ્દો ભણતાં હવામાં જે આકૃતિ (વાઇબ્રેશન થકીને) થશે, તે ઉપર જણાવેલી વ્યવસ્થિત આકૃતિના જેવી ચોરસ આકૃતિ કદી પણ થવાની નથી, પણ કાંઇ જૂદીજ એબ્યલ આકૃતિ થશે, અને તેની અસર પણ એબ્યલ થવાની. એક જરથોસ્તી પોતાની અશોઇ અને પરહેઝગારીથી અવસ્તાનાં મંત્રો સહિત કષ ખેંચીને બેઠો હોય તેમાં કોઈ પર-ધર્મવાળાના મંત્રો પણ ખલલ પહોંચાડી શકતાં નથી. ઇતિહાસમાં નોંધાએલી એક વાત કહેવામાં આવે છે કે; સુરતના "શહેરમાંવાળા દસ્તુર"ના ઉપનામથી ઓળખાતા પહરેઝગાર કાઉશ દસ્તુર, જેઓ જરથોસ્તી ધર્મના પવિત્ર મંત્રોની માહિતી ધરાવવામાં પ્રવીણ લેખાતા હતા, તેમને માટે એવું બન્યું હતું કે, એક દહાડો તેમના દીઠામાં એક જાણકાર સાધુ પાણીની તરસ છિપાવવા સારૂ એક કુવા આગળ આવી પહોંચ્યો, પરન્તુ પાણી કાઢવાનું સાધન ન હોવાથી તેણે પોતાના એલમના મંત્રોના બળથી પેલા કુવાના પાણીને કુવાની ઉપર સૂધી ખેંચી લાવ્યો ! અને પોતે પાણી પી લીધું. તરસ છિપાવ્યા પછી પાછું મંત્ર ભણીને પેલાં પાણીને જેમ હતું તેમ કુવા નીચે લાવી મૂક્યું ! આ ચમત્કાર કાઉશ દસ્તુરે જોઇ પેલા સાધુને બોલાવી તેની સાથે વાતચીત કરતાં બન્ને સત પુરૂષો પોતપોતાના મંત્રોનાં પ્રાધાન્ય વિષે તકરાર ઉપર ચઢયા. દસ્તુર કહે કે; "અમારાંજ મંત્રો સરસ છે." એ ઉપરથી બંને જણે પોતાના એલમને એકેક પર અજમાવવાની પેરવી કીધી. મજકુર દસ્તુર એક જગે પોતાનાં અવસ્તાનાં મંત્રોથી "કષનું કુંડાળું" પાડી તેમાં પોતે બેઠા અને પેલા સાધુએ પોતાના એલમના મંત્રના જોરથી તે કુંડાળાંની અંદર આવવાની તજવીજ કીધી હવે એમ કહે છે કે, ૩ દહાડા અને ૩ રાત સૂધી જાગૃત રહીને પૂર હુશિયારી સાથે દસ્તુર કાઉશ પોતાનાં કુંડાળામાં બેસી ભણતા રહ્યા, અને તે અરસામાં પેલા સાધુએ ઘણીક રીતે પોતાના એલમના જોરથી પેલાં કુંડાળાંમાં આવવા ચાહ્યું, પણ કુંડાળાં આગળ આવી આવીને તે અટકીજ જાય. આમ ચાલુ ને ચાલુ ત્રણ દહાડા સૂધી કીધું, પણ ત્રીજે દિવસે પેલા દસ્તુરને કંઇક સહેજ ઉંઘનો ઝોકો આવ્યાથી નીચે પડી ગયા. આ તકનો લાભ લઇ પેલો સાધુ તે દસ્તુરની પાસે કુંડાળાંમાં જઇ ઉભો હતો (જ. ધ. ત્રણના અંકની ખુબી) ભાઇ, અવસ્તાના મંત્રોની આવી ખુબી છે.

સબક ૪૧ મો.

ભાઇ! ત્હારો ખુદા તુંજ શોધી લે!

Ringing, singing on its way,
The world revolved from night to day,
A voice, a chime
A chant sublime
Of peace on earth, good-will to men.

Longfellow.

એક નગરમાં એક શ્રદ્ધાળુ ઇશ્વરભક્ત પોતાની બાયડી તથા પોતાના ચાર છોકરાંઓ સાથે પોતાનો સંસાર ચલાવતો હતો રાત દિવસ હમેશાં તેનું મન અને ચિત્ત ખુદા ઉપરજ લાગી રહેલું હતું. તે સંસાર વ્યવહાર ચલાવતો હતો ખરો, તોપણ તેનું ધ્યાન સર્વે ઇશ્વરમાંજ પરોવાઈ રહેલું હતું. એક દહાડાને સમયે તે નગરની નદીને પેલે પાર એક ઝાડના નીચે એકાંતવાસમાં તેને એક મહાઋષિની સાથે મેલાપ થયો. તેના દર્શનથી એ ઇશ્વર ભક્તને બહુ આનંદ થયો. તેની સેવા ચાકરી કરવા પછી ઘરે આવ્યો, અને બાયડીને કહ્યું કે, સારાં સારાં પકવાનો રાંધી તે મહાઋષિને માટે તેણીએ તૈયાર કરવાં. તે પ્રમાણે પકવાન તૈયાર થયા પછી તેણે પોતાની બાયડીને ફરમાવ્યું કે, એ તમામ ભોજન નદીને પેલે પાર બેઠેલા મહાત્માને જમાડી આવ! તે બાયડી આ ભોજન લઇ છેક નદી આગળ આવી પહોંચી. નદીમાં પાણીનું પૂર હોવાથી તેણીથી પેલે પાર જઇ શકાયું નહિ; તેથી પોતાના પતિ આગળ પાછી આવી પૂછવા લાગી કે, નદીમાંથી કેમ જાઉં? ધણીએ કહ્યું; "જા, નદીને જઇને કહે કે; ગંગા મૈયા! ગંગા મૈયા! જો મ્હારા ધણીએ એક પણ વાર મ્હારી સાથે સંસાર ભોગ કીધો હોય તો તું મ્હને રસ્તો ના આપતી, પરંતુ જો મ્હારા ધણીએ મ્હારી સાથે સંસાર ભોગ એક વાર પણ બિલકુલ કીધો નહીં હોય તો મ્હને તું રસ્તો કરી આપ!" બાપડી સ્રી આવાં ઉલટાં વચનથી વિચારમાં પડી, તોએ ધણીનું ફરમાન બજાવવાને નદી પાસે જઇને ઉપલું વાક્ય બોલી. તેણીના મોંમાંથી એ શબ્દો નિકળતાંજ નદીએ રસ્તો આપ્યો, અને તેણી પેલે પાર ગઇ. ત્યાં મહાત્માને ભોજન જમાડયું જે પાંચે પકવાનો તૈયાર કરેલાં હતાં તે તમામે તમામ પેલો મહાઋષિ ખાઇ ગયો. ભોજનનાં ખાલી વાસણ લઇને જ્યારે તેણી પાછી નદી આગળ આવી, ત્યારે નદીમાં પાણી પૂર જણાયાં; જેથી પાછી ફરીને મહાત્માને કહેવા લાગી કે, પેલે પારથી તો મ્હારા ધણીએ કહેવાડેલું ફલાણું ફલાણું વચન કહેતાં, નદીએ માર્ગ કરી આપ્યો હતો, માટે હવે આપ પણ કાંઇ પવિત્ર વચન કહો, કે જેથી મ્હને રસ્તો મળે! "ઠીક ત્યારે," મહાત્મા બોલ્યા; "હું પણ એવુંજ વચન કહું છું. તે નદીને જઇને કહે

કે; ગંગા મૈયા! ગંગા મૈયા! હું જે રૂષિને હમણા ભોજન જમાડી આવી છું, તે રૂષિએ જો તેમાંનું કાંઇ પણ ભોજન ખાધું હોય, તો તું રસ્તો નહિ આપીશ, પરંતુ જો રૂષિજીએ તે ભોજનમાંનું બિલકુલ કાંઇ પણ ખાધું નહિજ હોય તો રસ્તો આપજે!" આ વચન જઇને પેલી સ્ત્રી જેવી નદી પાસે બોલી, કે તેણે તુરત રસ્તો કરી આપ્યો! તેણી પેલે પાર ઉતરીને ઘરમાં આવી વિસ્મય પામી ધણીને પૂછવા લાગી કે; "શું આ જગત્ અસત્ય છે? ઇશ્વર ખોટો છે? શું આ જમાનો જુઠો છે? કે ત્હારાથી મ્હારે પેટે આ ચાર છોકરાંનો જન્મ થયો છે, તોએ તેં સંસાર ભોગ કર્યો નથી એવું ત્હારૂં કહેવાડેલું વચન ગંગામાતાએ માન્ય રાખ્યું! વળી મ્હારી રૂબરૂ મહાત્માએ પાંચે પકવાનો ખાધાં છતાં, જરા પણ નહીં ખાધું હોય, એવું જુઠું વચન ગંગાજીને કહેવાડયું, અને એ બેઉ ખોટાં વચનો ગંગાજીએ માન્ય કર્યાં! એનો શો ભેદ?" ત્યારે ધણીએ જવાબ દીધો કે; "હા; એ ચાર છોકરાં મ્હારાં છે ખરાં, પરંતુ ત્હારી સાથે જે કાંઇ વિષય ભોગ થયો હશે, તે વિષયની જરા પણ વાસના વિના થયો છે. કેમકે, જેવારે વિષય ભોગ થયો હશે, તેવારે પણ મ્હારૂં મન, મ્હારૂં ચિત્ત; અને મ્હારૂં ધકધ્યાન તો સઘળું પરમાત્માના અંદરજ લાગી રહેલું હતું; જેથી મેં સંસાર ભોગ કર્યો, તે નહિ કર્યા બરાબર છે. તેજ પ્રમાણે પેલા મહાત્માએ પાંચે પકવાનો ખાધાં ખરાં, પરંતુ તેનું મન-ચિત્ત-લક્ષ અને ધકધ્યાન તે વેળાએ પણ એકલા એક ઇશ્વરમાંજ પરોવાયલું હતું; તેથી તેણે જે કાંઇ ખાધું, તે નહિ ખાધા બરોબરજ છે; કેમકે એ પાંચે પકવાનોનો જરા પણ સ્વાદ ચાખવાની મતલબથી તેણે બીલકુલ એ ભોજન ખાધુંજ નથી." ભાઇ, એ ઉપરથી પણ સમજાશે કે, જો ઇશ્વરમાં મન પરોવાયલું હોય, તો પછી શુદ્ધ અશુદ્ધ ભાષાનો પણ ભેદ ગણત્રીમાં આવી શકવાનો નથી.

આપણુ જરથોસ્તીઓએ વંદીદાદ, ઇજશને, કે બાજ આફ્રિંગાન, કે સતુમ કે ફરજ ગુજારીની બંદગી તે સર્વ તો પવિત્ર અવસ્તા ભાષામાંજ કરવી વ્યાજબી છે. પછી ભલે, પાંચ ભાઇઓ બેઠા હોઇએ ત્યારે ત્હારી મ્હારી કે નિંદા ચરચા કરવાને બદલે, ફારશી મોનાજાતો, કે ગૂજરાતી બેતબાજીઓ, ઇશ્વર ભક્તિ માટે ગાઇએ તો હજાર દરજજે તે ભલુંજ છે. ક્રિસ્ચીઅનોની લૅટીન, મુસલમાનોની એરેબીક, અને હિંદુઓની સંસ્કૃત, જેમ દેવવાણી કે આકાશવાણી ગણાયલી છે, તેમ પારસીઓની જંદ અવસ્તા ભાષા એ દેવવાણીજ છે. સમજાતી ભાષા એટલે શું? જેવી જંદ અવસ્તા, તેનો અભ્યાસ નહિ કરનારાને કઠણ લાગે છે, અને તેથી તે નહિ સમજાતી ભાષા લેખે કહેવામાં આવે છે, તેવીજ સુધરેલા ઘરનાં પારસીઓનાં બચ્ચાંઓને તો આજ ને કાલ ગૂજરાતી પણ સમજવી કઠણ, અને નહિ સમજાતી ભાષા થઇ પડી છે. ઘણાં ઘરોમાંથી હવે હવે તો ગૂજરાતી ભાષા નિકળીજ ગઇ છે, અને તેની જગો અંગ્રેજી ભાષાએ લીધી છે. તેમ વળી ઉત્તર હિંદમાં વસનારાં પારસી કુટુંબો

તો હિંદુસ્તાનીજ ભાષા જાણે છે. લંડનમાં રહેનારાં પારસી કુટુંબો ગુજરાતીનો એક પણ શબ્દ જાણતાં નથી. તેમ વળી થાણા કલ્યાણીમાં મરાઠી સિવાય ઘર–ભાષા બીજી કોઈ નથી. ત્યારે સમજાતી ભાષા પારસીઓ માટે કઈ ગણવી? જે ભાષાનો તમે અભ્યાસ કરોજ નહિ, અને જે જાણતા હો તે પણ છોડી બેસો, તો તે પણ નહિ સમજાતી ભાષા કહેવાશે. જંદ અવસ્તા તમે નહિ શીખો તો નહિજ સમજો; તેમ ગુજરાતી કે અંગ્રેજી તમે નહિ શીખો તો નહિજ સમજો; સિવાય કે યુરોપમાં વોલાપુક નામની આખી દુનિઆના લોકોને સમજ પડે એવી ભાષા બનાવવા પ્રયત્ન થયો હતો, તેવી કોઇ ભાષા તમો બનાવી શકો! બધું સમજીનેજ કરવામાં આવતું હોય, તો પછી પહેલે પ્રથમ તો ભાષા સમજવાના કરતાં ખુદ ખુદાતાલાને, તેની હસ્તીને, અને તેની કુદ્રતને સમજવાની સર્વથી પહેલી અગત્ય છે.

જરથોશ્તી શાસ્ત્રો ગુહ્ય, ગુપ્ત અને ભેદી છે; સામાન્ય લોકોને સહેજે સમજાય એવાં તે નથી. પાક પેગંબર જરાથુસ્ત્રને "પેગમ્બરે રમ્ઝગો" એટલે કે, ખુદાઇ ભેદો જાણનારા કહેલા છે. ભાષા શાસ્ત્રના ભેદો સહેલથી સમજી શકાતા નથી. તેમાં પણ ખુદાઇ જ્ઞાનના મંત્રોના અર્થ કરવા કઠણ છે. એ ઉપરથી એક દાખલો હું ત્હને આપીશઃ—

ભાઇ નસર! આપણામાં "ગેહસારણા"ની પવિત્ર ક્રિયા કરવામાં આવે છે, જેથી ગુજરનારની લાસ પર બુરા લોકો (દુષ્ટ શકિતઓ) ફાવી શકતા નથી. અગર જો કાંઇ ચોક્કસ બનાવથી એક લાસના ભાગો વિખરાઇ ગયા હોય તો પણ ગેહસારણાની પવિત્ર ક્રિયાની અસરથી તે ભાગો ઉપર જાદુગરોનો એલ્મ ચાલી શકતો નથી. એટલુંજ નહીં, પણ જો તે ક્રિયા કરનારા બે મોબેદ સાહેબો સંપૂર્ણ અશોઇ ધરાવતા હોય, અને તેવીજ અશોઇના જોરે મજકુર ક્રિયા કીધી હોય તો તે લાસની અંદરથી કદીપણ બદબો કે દુર્ગંધનો વાસ પણ નિકળી શકતો નથી.

રૂવાન ઉપર "ગેહ સારવાના" અવસ્તા (ગાથાના હાની શરૂઆતના સાત હા) પઢવાથી તે લાસમાંથી બદબો કે ખરાબ વાસ પણ નિકળી શકતો નથી કહે છે કે, આગલા વખતમાં મંચેરજી જીવનજી રેડીમની નામના ગ્રહસ્થે (તા. ૯–૯–૧૭૮૯ માં ગુજર્યા.) પોતાને માટે મુંબઇમાં ચોપાટીની વાડીમાં એક ખાસ એલાહિદું દોખમું બંધાવ્યું હતું; પરન્તુ તે તૈયાર થાય તેટલામાં તો તેમની કજા બની, જેથી તેમનાં રૂવાનની ગેહ સારીને એક એલાહિદા ચોતરા ઉપર મૂકી રાતદિન અવસ્તા પઢવા સારૂ મોબેદોને રાખ્યા. દોખમું તૈયાર થયા પછી ચેલાં રૂવાન ઉપર ફરીથી ગેહ સારી દોખમામાં મૂકયું હતું. એ અરસામાં નજદીક દે.ઢ મહિનો ગુજરી ગયો હતો, તો પણ તે લાસ જેવી ને તેવી, જાણે કે તે એકજ દહાડાની હોય તેવીં તાજી ને તાજી વગર વાસની રહી હતી.

વળી કલકત્તામાં નવરોજી શોરાબજી ઉમરીગર—બંગાલીવાળાના (તા.

૨૮-૯-૧૮૨૫ ને દિને ગુજર્યો.) દોખમામાં કોઇ જેદ્દ પારસીની લાસ ચઢાવ્યા પછી ઘણીક બદબો નિકળવા લાગી હતી; જેથી તેની આસપાસ રહેનારા બાબુઓએ ઘણી સખ્ત ફરીઆદ ઉઠાવી કે; "કોઇપણ દહાડે આવી દુર્ગંધ નિકળી નો'તી અને હમણાંજ કેમ બદબો આવે છે!" તે ઉપરથી જમસેદજી બહેરામજી ખંબાતા નામના ગૃહસ્થે ગેહસારણામાં કાંઇ પણ ખામી હશે એમ ધારીને મોબેદોને સખ્ત ઠપકો આપ્યો. વળી વધારે તજવીજ કરતાં એમ પણ જણાયું કે તે ગુજરનાર સાથે સંબંધમાં આવેલી કોઇ જુદદીન સ્ત્રી, ત્યાં, જે ઘરમાં તે લાસની ક્રિયા થઇ તેજ ઘરમાં રહેવા પામી હતી; એટલુંજ નહિ, પણ તે ગેહ સારણાની સઘળી ક્રિયા છુપાઇને તેણીએ જોઈ હતી. છેવટે નસેસાલારોને પાછા દોખમામાં મોકલી પેલી લાસને એવી રીતે ગોઠવાવી, કે જેથી મોબેદોની તેના ઉપર નજર પડે. આવી તરતીબથી તેની ફરીથી ગેહ સારવામાં આવી, જેની ખૂબીથી, તામોશ નહીં થઇ શકે એવી બદબો, અજબ જેવી રીતે નાબુદ થઇ, અને પેલા બાબુ લોકને ફરિયાદ કરવા જેવું કંઈજ રહ્યું નહીં એકવાર એક ગુજરનારને સંજોગીને તેને વગે કીધા પછી, તેની લાસ ઉપર એટલા તો મોટા જથ્થામાં કીડીઓ ઉભાઇ ગઇ હતી, કે જાણે તે લાસ હોય એવું પણ જણાતું નો'તું. પરન્તુ ગેહસારણાના પવિત્ર અવસ્તાના કલામો ભણવામાં આવતાંજ તે તમામ કીડીઓ તુરત પાછી પોતાની મેળે ઉતરી ગઇ હતી અવસ્તાની એવી એવી ખુબીઓ હોવાથીજ આવા ચમત્કારો બને છે. વળી કહે છે કે, દિલ્લીના બાદશાહ અકબરને દસ્તુરજી મેહેરજી રાણાએ જે વખ્તે આપણા ધર્મની ખુબી સમજાવી હતી, તે વખ્તે તેમણે પહેલ વહેલી ખુબી મજકુર "ગેહસારણાના" અવસ્તાનીજ સમજાવી હતી. (જ ધ ત્રણના અંકની ખુબી)

એકવાર એક ભાષાશાસ્ત્રી એક મોટા વૈદરાજની આગળ પોતાના દર્દની દવા કરાવવા ગયો. વૈદરાજે ફરમાવ્યુ કે, કંટકારિને ઉકાળી તેનો જે રસ થાય તે ત્હારે પીવો ભાષાશાસ્ત્રી ઘેર આવ્યા, અને કંટકારિનો અર્થ કરવા બેઠા. તેઓએ પોતાના ફીલસુફી ભેજામાંથી ફાઇલોલોજીને કાયદે તેનો અર્થ બેસાડયો, કે સંસ્કૃત પ્રમાણે કુંટક એટલે કાંટા, અને આરી એટલે દુશ્મન અથાત, કાંટાનો દુશ્મન તે ખાસડું. એવો અર્થ પોતાના ફીલસુફી ભેજાંમાંથી કરીને, વૈદશાસ્ત્રને અનુસરીને નહિ, પણ વ્યાકરણશાસ્ત્રને અનુસરીને તેઓએ ઉકરડા ઉપરથી એક ફાટેલું ખાસડું મંગાવી, તેને પાણીમાં ખુબ ઉકાળીને દરરોજ તે પીવા લાગ્યા. દર્દ કાંઈ મિટયું નહિ. એટલે પાછા વૈદરાજને ઘેર આવ્યા, અને હકીકત કહી વૈદરાજે હસીને કહ્યું કે; "ભાઇ! વૈદકશાસ્ત્રમાં પણ તમારૂં વ્યાકરણશાસ્ત્ર અને ફાઇલોલોજી ને ફીલસુફી ચલાવવાની નથી. કંટકારિ એટલે ખાસડું નહિ, પણ કાંટા કાંટાવાળું એક ફળ જે ઝાડ પર થાય છે, તે ઉકાળી પીવા આપને મેં કહ્યું હતું!"

ટુંકમાં કહેતાં, ગુરૂએ જે ફરમાવ્યું હોય તે શ્રદ્ધાપૂર્વક જો આપણે પાળીએ

તો તેની અસર, યકીનને લીધે સારી થાય છે. નવસારીના મળેસર ફળિયાના લોકોને ઘણુ ભાગે શ ને બદલે હ બોલવાની ટેવ પડી ગયલી હોય છે. તેથી એક પરહેઝગાર બુઝર્ગ પારસી, ખોરશેદ મેહેરની ન્યાયેશ ભણુતાં હમેશાં પઢતા હતા કે, "તેહતરીમ હવો ચહમનેમ એજમેદે........તેહતરીમ એજમેદે. તેહતરીય નીઓ એજમેદે. તેહતરીઓ રઉવા ખરનેગા એજમેદે, વનંતેમ હતારેમ મજદાતેમ એજમેદે. તેહતરીમ હતારેમ રેઉતેમ ખરનેગેતે એજમેદે." આ બંદગી ખોટી નથી, જો યકીન સાફ છે તો.

નવીસન્દે ગુફ્ત ઇં ન કારે મનસ્ત;
કે હર હાનેશી ઝંદ યારી મનસ્ત.

પેલા નવીશંદાએ (લેખકે) દુન્યાદારીના કામ માટે નક્કારો કરીને કહ્યું હતું કે, બધા હુન્નર નકામા છે, માત્ર ઝંદ અવસ્તાજ મ્હારો તો હમેશનો સંગાતી છે.

સબક ૪૨ મો.

ખુદાઇ યાદનું ફૂલ દરેક બગીચામાં નહીં ઉગે !

"A heathen philosopher once asked a Christian—'Where is God?' The Christian answered—'Let me first ask you—Where is He not?"—*Francis.*

દાંત પડી ગએલા, બોખા, બોબડા તોતડા માણુસોના ઉચ્ચાર અશુધ્ધ નિકળે, તેથી કાંઇ તેમનું ભણુવું ના–રવા ઠરતું નથી. પોતાની ધર્મ ભાષા, (દેવવાણી) લેટીનમાંજ જોડાયલી બંદગી કાયમ રાખવા થકી, ઈંગ્લાંડના રાજા પાંચમા હેનરીના વખતમાં એક કાયદો પણ ઘડવામાં આવ્યો હતો કે, "જે કોઇ પોતાની સમજાતી ભાષા (mother tongue) માં જો ખ્રીસ્તી શાસ્ત્ર વાંચશે, તો તેની જમીન ખાલસા કરવામાં આવશે, તથા તેને પોતાના ઢારો, પોતાની જીંદગી, અને પોતાના દેવતાઓથી હમેશને માટે હાથ ધોવા પડશે; અને એ પ્રમાણે તેને ઇશ્વરના ગુન્હેગાર લેખે ગણી, કાફર તરીકે તુચ્છકારી કાઢવામાં આવશે. તાજના શત્રુ લેખે અને દેશના દુષ્ટમાં દુષ્ટ રાજદ્રોહી લેખે તેનો ધિક્કાર કરવામાં આવશે." જો કે આ કાયદાનું હવે તો પૂરેપૂરૂંજ ઉલ્લંઘન થયું છે, તથાપિ આ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે, કે પોતાની દેવવાણીમાંજ ભક્તિ કરવી સજાવાર હોવા વિષે પર કોમમાં પણ સખ્તમાં સખ્ત ઉપાયો લેવાયલા જણાય છે. નીચલો વધારે અસરકારક દાખલો આપણું વિશેષ ધ્યાન ખેંચે છે. એક દિવસે સર જોશુઆ રેનલ્ડસના મકાનમાં ચુનંદા ૧૨ વિદ્વાનોનું ખાણું હતું. ત્યાં વાત ઉપરથી વાત નિકળી કે, કવિ ગોલ્ડસ્મીઠની કબરનો લેખ જે ડાકટર જૉન્શને તૈયાર કરેલો છે, તેમાં સુધારો કરાવવાની જરૂર છે. ઘણી ઘણી સૂચનાએ થઈ ખરી, પરંતુ એ સુધારાઓ વીશે ડા. જૉનશનને

સૂચવવાની હિંમત કોઈની પણ થઈ નહીં. લીમેરીકના બીશપ ડો. બરનાર્ડે ડો. જૉનશન જોગી એક યાદી લખી કાઢી, તેમાં અનેક સૂચનાઓ બર્કના લખાવ્યાથી સર વીલ્યમ ફ્રોબ્સે લખી; જે મધે એક સૂચના ડો. જૉનશનને એવી કરવામાં આવી હતી, કે ગોલ્ડસ્મીઠ જેવા એક મહાન અંગ્રેજ કવિનો કબર-લેખ, જે અંગ્રેજી ભાષાનાં કાવ્યો રચવામાં તે વિખ્યાતિ પામ્યો હતો, તે ભાષાને બદલે લેટીન ભાષામાં જોડવામાં આવ્યો છે, તે બરાબર નથી; માટે લેટીનને બદલે અંગ્રેજીમાં તે લેખ લખાવો જોઇએ. એડમંડ બર્ક-ટૉમસ ફ્રેન્કલીન-ઍન્થની શૅમીયર-જી. કોલ્મન-વીલ્યમ વાસ્કેલ-જોશુઆ રેન્લ્ડ્સ-વીલીયમ ફ્રોર્બસ-ટી. બરનાર્ડ-આર. બી. શેરીડન-પી. મેટકાફ-ઈ. ગીબ્બન-અને જોસફ વૉર્ટન, એટલા મહાન વિદ્વાનોના મંડળ વચ્ચે આ યાદી લખાઇ હતી. એ યાદી સર જોશુઆ રેનલ્ડસે ડૉ. જૉન્શનની આગળ લઇ જવાની હિંમત કીધી. આ સૂચના ડૉ. જૉનશનને મળતાંજ તેણે ખુશ તબેથી બધી સૂચનાઓ સાંભળી, અને પેલા વિદ્વાનોને રેનલ્ડસ પાસેજ કહેવાડયું કે; એ લેખની મતલબમાં જે પણ કાંઇ સુધારાઓ તેઓ કરાવવા ઈચ્છતા હશે તે હું ખુશી સાથે કરીશ, પરંતુ વેસ્ટ મીનસ્ટર ઍબી જેવાં ધર્મના પાક અને પવિત્ર મકાનની દેવાલો લેટીન જેવી દેવવાણી, અને ધર્મની પાક જુબાનથી પવિત્ર કરવાને બદલે, અંગ્રેજી ભાષાથી બગાડીને અપવિત્ર કરવા, કે અપમાન પહોંચાડવા, હું કદિ પણ કબુલ થઇશ નહીં!" વળી જૉન્શને ધર્મના ઉપાધ્યાય લેખે પેલાં સૂચના પત્ર ઉપર જ્યારે ડો. વારટનનું નામ વાંચ્યું, ત્યારે તેણે રેનલ્ડસને કહ્યું; "ડો. વાર્ટન જેવા ધર્મના ઉપાધ્યાને પણ દેવવાણી તરફ આવી લાગણીવાળો બેવકુફ બનેલો જોઇ હું ઘણો અજબ થાઉં છું!" આખરે ખ્રિસ્તિઓની માથવાણી લેટીનમાંજ, કવિ ગોલ્ડસ્મીઠ માટે તૈયાર કરવામાં આવેલો લેખ, કંઇ પણ સુધારા વગર, બહાલ રાખવામાં આવ્યો હતો.

નસર! આ દાખલાઓ ઉપરથી શું સિદ્ધ થાય છે? એટલુંજ, કે વિદ્વાનો પણ પોતાની ચાલુ વપરાતી અને સમજાતી ભાષા કરતાં ધર્મની ભાષા જે દેવવાણી, તેને મહત્વ આપે છે; અને જો કે દેવવાણીની બીજા લોકો ભલેને અવગણના કરે, તો પણ ધર્મગુરૂઓએ તો તેને માનજ આપવું જોઇએ, એવા ડૉ. જૉનશને ધર્મગુરૂ વાર્ટન ઉપર કરેલા ટીકાથી પુષ્ટિ મળે છે. જે ધર્મગુરૂ આપણને આમ ખોટે રસ્તે દોરવે છે, તેઓ પોતે, તથા પોતાના તાબા હેઠળના મોબેદ સાહેબો પાસે, પોતાને તાબેની અગીઆરીઓમાં તો અવસ્તા ભાષામાંજ ભણતરો કરાવ્યા જાય છે. સાંભળો ભાઈ નસર, ખુદાની બંદગી કરવા માટે પાદશાહ કયખુશરો, કેવા ઉમદા વિચાર ધરાવી ગયા છે, તે વીશે ફીરદોશીના આધારે જે શખુનો ઓચરતો એ પાદશાહને ચિતારવામાં આવ્યો છે, તે દરેક જરથોસ્તીએ ગોખી રાખવાજોગજ છે. રાજ તાજ છોડી એકાંતવાસ તે પસંદ કરે છે, અને ખુદાની ભક્તિમાં મન લગાડે છે. તે એક સાધુની જીંદગી પસંદ કરે છે, અને તાજ તથા તખ્તનો ત્યાગ કરે છે. થોડો વખત રાજકાજમાં

થોડો વખત ઈશ્વર ભક્તિમાં, એમ બે ભાગમાં પોતાની જીંદગી વહેંચવાની તે ના પાડે છે, અને કહે છે કે; એટલાથી પણ ખુદા પાક મળતા નથી. તખ્ત ખુદાની યાદમાં મશગુલ રહેવાનો સબબ દેખાડતાં તે બોલ્યા હતા કે;—એક દિલ બે ફરજો બજાવવાને શક્તિવાન નથી. આ ક્ષણભંગુર જગત ઉપર રૂં દિલ મૂહલ નથી. હું તો ભવિષ્યની દુનિયામાં જઈ વસવા માગું છું. આ ગીની જંજાળોથી હું કંટાળી ગયો છું, જેથી ભવિષ્યની જીંદગી માટેજ હું આતુર માણસ જાતની ઠગાઈ અને દગો હું વધારે વાર સાંખી શકતો નથી. ઈશ્વર નો મ્હારો ચાહ એટલો બધો છે, કે હવે બંદગી અને ભક્તિ વિના એક પણ મ્હારાથી થોભી શકાતું નથી. ગઇ રાત્રેજ મ્હારા કાનમાં બસારત છે કે, મ્હારો વખત ભરાઇ ચૂકયો છે, માટે મ્હારી મંજલની તૈયારી મ્હારે કરવીજ જોઇએ, નહિ તો એ તક હાથથી ગયલી પાછી આવવાની નથી. હું કાંઈ મહેલમાંજ છુપ્યો રહેનાર નથી. મ્હારે તો એક એવી એકાંત કોટડી શોધી કાઢવી ી, કે જયાં મ્હારો આત્મા તે સાહેબને હું અર્પણ કરી શકું !”

નસરઃ—શું ત્યારે ખુદાને બંદગી પસંદ છે, કે ખાલી લવારો ને પટપટારો ?

વિરાફઃ—હઝરત મુસાના વખતમાં એક ભરવાડે ખુદાતાલાની જે બંદગી ી છે, તે રામનિંદા અલંકારમાં જો કે હસવું આવે એવી છે, તોપણ ખુદાતા-ી પસંદગી પામેલી તેજ ખરેખરી બંદગી છે. તેમાંજ ભાવ—પ્રેમ—ને ભક્તિ ાયલી છે, તે સાંભળો ભાઇ, અને પ્રભુ—પ્રેમ શી ચીજ છે તે જાણી લ્યો ભાઇ.

“ તુ કુજાઇ તા શવમ મન ચાકરત, ચાકરત દુઝમ કુનમ શાંને સરત.
અએ ખોદાએ મન ફેદાયત જાંને મન, જુમ્લે ફરઝંદાંનો ખાંનો માને મન.
તુ કુજાઈ તા સરત શાંને કુનમ, ચારકતરા દુઝમો બખીએ ઝનમ.
જામેઅત દુઝમ શપસહાયત કુશામ, શીર પીશત આવરમ અએ મોહતેશામ.
વર તોરા બીમારી આયદ બ પીશ, મન તોરા ગમખાર બાશમ હમચું ખીશ.
દસ્તકત બુશમ બેમાલમ પાયકત, વકતે ખાબ આયદ બેરૂબમ જાયકત.
ગર બેબીનમ ખાનેઅતરા મન દવાંમ, રઓગનો શીરત બેયારમ સુબેહો શાંમ.
હમ પનીરો નાંનહાએ રઓગનીન, ખમરહા જેગરાતહાએ તાજે ઇન.
સાઝમો આરમ બપીશત સુબેહો શામ, અઝ મન આવરદન ઝ તુ ખુર્દને તામ.
અએ ફેદાએ તુ હમે બુરહાએ મન, અએ બયાદત હએ હુએ ઓ હી હાએ મન !”

ભરવાડ કહે:—ઓ ભગવાંનિયા ! તું કયાં છે તે મ્હને કહે, કે હું ત્હારો ચાકર ં, અને ત્હારે માટે રબાડીના જેવા જોડા બનાઉં, ને ત્હારા બાલ હોળું. ઓ ારા ! હું મ્હારી પોતાની જીંદગી, મ્હારાં બાળગોપાળ, તથા માલ મીલકત સર્વ ્રી ઉપર સદકે કરૂં રે ! ઓ ભલા, તું કયાં છે ? તું આવ ! હું ત્હારા બાલ ળું; ને વળી ત્હારાં લુગડાં શીવી આલું, અને સાથે વળી ત્હારાં કપડાંને બખિયો દઈ આલું ! ત્હારે સારૂ ડગલું શીવી આલું, ને ત્હારા માથામાંની જુ જોઇ ોને તેને મારી નાખું. ઓ મોટા ખોદાયજી ! હું ત્હારે સારૂ દુધ ઓ લાઉં રે !

જો તું ખાટલે પડશે તો હું મ્હારાં પોતાનાં બચ્ચાં છોકરાંની માફક ત્હારી સેવા ચાકરી કરીશ. હું ત્હારા હાથ ઉપર ચુમીઓ લઉં, ને ત્હારા ટાંટિયાની ચમ્પી કરૂં. વળી તું ઉંઘવાનો થશે ત્યારે ત્હારૂં બિછાનું આ પખોડી ઝાટકીને ચોખ્ખું ચટ કરી આલીશ! ત્હારૂં ઘર કયાં છે તે મેં દીઠું નથી, બાકી તેબી જો એકવાર મ્હારા જોવામાં આવે કેની, તો હરરોજ સવાર સાંજ ત્હારે થકી દુધ ને ઘી લઇ આવું! વળી પનીર, ને ઘીનો ગગડતો રોટલો પણ લાઉં, અને ત્હારે વાસ્તે સફાઇ તાજાં દહીંનાં માટલાં આણી આલું. ત્હારે સારૂ બધું ખાવાનું મ્હારે તાજુંજ બનાવી લાવવું, ને બસ ત્હારે તો બેસીને માત્ર ખાયાજ કરવું. ભલા રે! તું આવીને એકવાર મ્હને મળી જા! તુંને મ્હારાં સઘળાં ઘેંઢાં બકરાંઓ અર્પણ કરી દઉં! મ્હારી આ ખરાં દિલની અરજ બંદગી તુંને કરૂં છું, માટે હે ભગવાંનિયા! તું કયાં છે?

આવી રામનિંદા સાંભળી મુસા પેગંબરે ભરવાડને ઠપકો આપ્યો કે; "તું આવું બેઅદબી ભરેલું કોને કહે છે રે? તું મુસલમીન નહીં પણ કાફર છે. પ્રભુને એવી ત્હારી સેવા ચાકરીની કાંઇએ આવશ્યકતા નથી. જે જન્મ્યો હોય તેને માટે દુધ હોય. તે કે જે જોડા પહેરતો હોય તેને તેની જરૂર છે. તે ઇશ્વરને એવી ચીજોની કાંઇએ જરૂર નથી." આ ઠપકાથી ભરવાડને પશ્ચાતાપ થયો; તેણે પોતાનો જબ્બો ફાડી નાંખ્યો; અને જંગલમાં ચાલ્યો ગયો. તે ઉપરથી અલ્લાતાલાએ મુસા પેગંબરને ઠપકો દીધો કે; તને ઇસલાંમી ધર્મ ઉપર શ્રદ્ધા વધરાવવાને મેં મોકલ્યો, અને તું તો આમ કરીને લોકોનું ઉલટું યકીન તોડે છે. પ્રત્યેક મનુષ્યને તેમને અનુકૂળ આવતી અમુક રીતો મેં બક્ષેલી છે, અને દરેક આદમીને તેને લાયકની ભાષા આપેલી છે. જે તેને મનથી મધ છે, તે તને ઝેર જેવું લાગે છે. તેના અંતઃકરણમાં જે પ્રકાશ છે, તે ત્હારાં દિલમાં દોઝખનો અગ્નિ જેવો છે. જે તેના હૃદયમાં ગુલાબ છે, તે ત્હારી છાતીને કાંટા લાગે છે. જે તેના મન થકી સારૂં તે ત્હારાં મન થકી નઠારૂં, જે તેને પસંદ પડતું તે તને અણગમતું, અને જે તેના દીલથી સફાઇ તે ત્હારાં દીલથી અપવિત્રાઇ છે. પછી પરમેશ્વર કહે છે કે;

"મન ન કર્દમ ખલ્કત તા સુદી કુનમ, બલ્કે તા બર બંદેગાન જુદી કુનમ.
હીંદીઆંરા એસ્તેલાએ હીન્દ મદેહ, સીંધીઆરા એસ્તેલાએ સીંધ મદેહ.
મન ન ગર્દમ પાક અઝ તશબીહે શાન, પાક હમ ઈશાંન શવંદો દૂર ફેશાન.
મા બીરૂનરા મ નેગરીમો કાલરા, મા દીરૂનરા બેનેગરીમો હાલરા.
નાઝરે કલબીમ અગર ખાશે બુઅદ, ગર્ચે ગોફ્ત લફ્ઝે ના ખાસે બુઅદ."

એટલે કે, આ પૃથિવ કાંઇ મેં મ્હારા લાભાર્થે નથી ઉત્પન્ન કરી, પરંતુ મ્હારા બંદાઓ ઉપર મહેરબાની અને બક્ષેશ કરવાને માટેજ મેં તેમને પેદા કર્યા છે. હિંદુ લોકોની ભાષા હિંદુઓના મનથી આશિષ છે, અને સિંધી લોકોની બોલી સિંધીઓને સારૂ આશિર્વાદ સમાન છે "અશો પરવરદેગાર પવિત્ર છે" એમ તેઓ બોલે, તેથી કાંઇ હું પવિત્ર થતો નથી; બલ્કે તેમ બોલવાથી તેઓ પોતેજ પાક

થાય છે, અને મોતીના દાણા પાથરે છે. હું કાંઇ બહારના દેખાવ ઉપર, કે બહારના બોલવા ઉપર નજર રાખતો નથી, પરંતુ તેઓના ભિત્તર અને અંતર્યામ તરફજ જોઉં છું. હું એટલુંજ જોઉં છું, કે તેઓનું અંતઃકરણ તાબેદાર છે, કિંવા તેમની બહારથી મોંઢેથી બોલવાની બોલીજ તાબેદાર છે.

હે નસર ! હું તને ટુંકમાં, ભાર મૂકી મૂકીને હવે મ્હારી છેલ્લીજ અરજ કરૂં છું, કે ત્હારે હર હમેશ ખુદાતાલાની બંદગી કરવી જોઈએ; અને તે અવસ્તા ભાષામાંજ કરવી જોઇએ. અને તે બનતાં સુધી શુદ્ધ ઉચ્ચારે તથા તેના અર્થ સમજીને કરવી જોઈએ; શુદ્ધ ઉચ્ચાર નજ થાય, અર્થ નજ સમજાય તો તેની ચિંતા નહીં, પરન્તુ તે પૂરતાં યકીનથી એક ચિત્તે ત્હારે કરવીજ જોઇએ. આકેબત તેથી ત્હને હજારો હજાર ફાયદા હાંસલ થશે એ સત્ય માનજે ! ખુદાની બંદગીજ બંદાને સુખી કરશે !

ખુદા પરસ્ત ઇબ્રાહીમે ખલીલ જેવા ખુદાના લાલની નિમાજથી અદેખા પડેલા પાદશાહ નમરૂદે તેને બળતી ચિતામાં હોમાવ્યો હતો, ત્યાં પણ ખુદાએ તે લાલના જાનનો બચાવ કર્યો હતો. જે ઉપરથી સુફી હાફેઝ શાયરે ગાયું છે કે;

એ બાગ તાઝે કુન બેનો દીને જરતોસ્તી;
કુનુન કે લાલે અફરોખ્ત આતીશે નીમરૂદ.

આ દુનિયાની ગુલીસ્તાનમાં હવે **જરતોસ્તી** મઝહબને ફરીથી જાગૃત કરો, કારણ કે, હવે તેજ ગુલીસ્તાનમાં **નીમરૂદ** બાદશાહે સળગાવેલી ચિતાને ઠેકાણે ગુલલાલાના પુલોનો બહાર ખીલી રહ્યો છે.

ભાઈ નસર ! હવે હું ટુંકું કરીને ત્હને અને ત્હારા જેવા વિચારના દરેક બંદાઓને કહું છું કે; બંદાને બંદગીની અવશ્ય જરૂરજ છે. બંદગી અને ભક્તિ કરતે કરતે જ્ઞાન થશેજ. આત્મજ્ઞાનમાં ઉંડા ઉતર્યા પછી ધ્યાન ધરવાનો અભ્યાસ પડયાથી સૃષ્ટિ રચનાનું ચિંતન આપમેળે સુઝશે, અને છેવટે તું એજ નિશ્ચય ઉપર આવી જશે, કે એ સઘળું પણ કાંઈજ નથી, માત્ર પરમાત્માના—કહો કે આત્માના સંકલ્પથી ઉત્પન્ન કરેલી આ બધી ભ્રાંતિનું સ્વપ્નુંજ છે, માયાજ છે, યોગમાયાજ છે, ઈંદ્રજાલજ છે, જે કાંઇ છે તે એકલો અહુરમઝદ (પરમાત્મા) છે, અને તે અદ્વૈત એકલો હોવાથી તેણે પોતાના આનંદ સારૂ ઉભી કરેલી આ સૃષ્ટિની લીલા એ તો સ્વપ્નું, સ્વપ્નું, અને સ્વપ્નુંજ છે, અને તે સમજી લેવા માટે પ્રથમ તો બંદાને બંદગીનીજ જરૂર છે. બંદગીનું બળ ખુદાની કુદરતને જાણવામાંજ વાપરી શકાશે, અને બંદગીનું ફળ પણ એજ આવશે, કે પરમાત્મા, અહુરમઝદ કાંઇ ત્હારાથી જૂદા નથી, અને તું કાંઇ તેનાથી જૂદો નથી. તે તે તુંજ અને તું તે તેજ તને જણાશે, અને તેનામાં તું મળી જશે !

અથ જરુયાદ્ યથાક્રિનામિ !

સમાપ્ત.

" મા—બાપની સેવા "—માટે અભિપ્રાય.

" મી. દેશાઇનું " માબાપની-સેવા " એ નામનું પુસ્તક હાલમાં ચોપડીનાં આકારમાં બાહેર પાડી તેના કાબેલ કર્તાને યોગ્ય ઉત્તેજન આપવા ઉપરાંત ગુજરાતી સાહિત્યમાં એક આવકારદાયક પુંસ્તકનો ઉમેરો કીધો છે. "

(જ્ઞાન વર્ધક.)

" જેઓ સર અવસરે વિલાપ કરે છે, કે પારસી કોમમાં પ્યારના કીસ્સાનાં હલકાં વાંચનનો શોખ ફેલાય છે અને નીતિ—બોધનાં ઉંચ્ચ વાંચનનો શોખ ફેલાતો નથી, તેઓને મારી નમ્ર અર્જ એ છે કે તેવો વિલાપ કરવા પાછળ શ્રમ ખેંચવાની જગાએ મી. દેશાઇનાં પુસ્તકોનો અભ્યાસ કરી તેવણના નીતિ—બોધની લોકપ્રીયતા શું ખુબીને આભારી છે તે શોધી કાઢી, તેવી ખુબી સાથનાં લખાણો પ્રગટ કરવા પાછળ શ્રમ ખેંચવો. જો નીતિ—બોધનાં ખેંચાણકારક લખાણો પુરતી સંખ્યામાં પ્રગટ થવા પામે. તો તેવાં લખાણો જગે જગ અને વારંવાર વંચાય અને તેથી કરીને ઉંચ વાંચનનો શોખ ફેલાય. "

(હિંદી ચાફ્રીક.)

" સલુકની માતા "—માટે અભિપ્રાય.

" મી૦ દેશાઇએ રચેલી ઉપલાં નામની કેતાબમાં ૧૬ જાતની ફરજો શીખવવામાં આવી છે, અને તે જાણે વાર્તાની પદ્ધતિ ઉપર રચેલી હોવાથી ફુરસદને વખતે વાંચવા અને મનન કરવાને કોઇ પણ પસંદ કરે એમ છે."

[ઢોંગ સોંગ.]

" બાળકો ન્હાનાં હોય ત્યારે તેઓ આગળ નામાંકિત નર નારીઓની વાતો કરવી એ બાબે લેખકે ઘણું ઉત્તમ લખ્યું છે."

[હિન્દી ચાફ્રીક.]

" આ પુસ્તકમાં બહુ બહુ જાણવાનું, શીખવાનું, ને અનુભવ લેવાનું પાને પાને છે એમ જો કદાચ અમો ખાસ કરીને જણાવ્યે તો તે અમો અમારા લેખકના વખાણ કરવા કે સહરાધાત કરવા માટે નથી, પણ દુન્યામાં બનતા અનેક રોજીંદા બનાવોથી સુખ યા અસુખ, ખુશી ને નિસાસો, સંપ યા કજીયો, કેવાં પરિણામો સંસારમાં લાવી શકે છે, તેનો ખુલ્લો ચીતાર દાખલા સહિત આમેજ આ પુસ્તકમાં મળી શકે છે."

(જ્ઞાન વર્ધક.)

" વળી ૧૩ મી ફરજમાં બાળકોની કેળવણી એક માતાનેજ શીર રહેલી છે તે, અને એક સલુકની માતાની રોજની ફરજો શી છે તે સમજાવવામાં લેખકે ખરેજ કમાલ કરી છે, એમ કહેવું બીલકુલ બીન સહરાધાતી લેખાશે. "

[દીલે—આરામ-]

" વાંચનારને કંટાળો નહીં આપતાં એક પ્રકરણ પુરૂં કરીને બીજું વાંચવાજ ગમે એવી રીતે નાની નાની અલંકારિક વાર્તાઓ, રમુજી ટુચકાઓ, નહીં સાંભળેલી કહેવતો, સંગાર ભરેલાં કવેતો, ફારસી બેતો, કવીતાઓ વગેરેથી આ પુસ્તક ભરચક છે. "

(જામે જમશેદ.)

' આખાં પુસ્તકમાં એક માતા તરીકે બજાવવાની સેંકડો ફરજો હાલના જમાનાને બંધબેસ્તી સમજાવી છે. માત્ર લુખી નસિયતો આપવાથી વાંચનારનો વાંચનનો જુસ્સો ઠંડો પડી જાય છે. પરંતુ આ ચોપડીમાં તો જેટલી નસિયતો આપી છે તેટલી તે નસિયતોને બંધબેસ્તી રમુજી વાતો, નહીં સાંભળેલી કહેવતો, યુરોપ, અમેરીકા, અને એશીયામાં બનેલા અચંબુચ દાખ-

લાઓ ટાંકી બતાવી પુસ્તકને ખરા બનેલા બનાવોના એક નોવેલ જેવું રસદાર બનાવેલું છે. ”
[પારસી સંસાર]

“ માયની નજર પોતાનાં પ્યારાં બચ્ચાં ઉપર કેમ લાગે છે, અને તે જુજવારો કેમ કમી કરવાથી બચ્ચાં લોહી લે છે, તેના દાખલા જવાન માતાઓને ગોખાવવા જોઇએ, કે જેથી જુવાનીમાં માતા થયેલી સ્ત્રીઓ પોતાના ફરજંદોનું સત્યાનાશ વાળતી અટકે. ઘોમીય ફ્ષીની વાતો વાંચવા પછી બચ્ચાંને હુકમ ઉઠાવવાના બોધ આપવાનું માતાઓને સારી રીતે આવડશે. અસલના લોકો પોતાનાં બચ્ચાં ઉપર કહેશવાથી જે ગાળો દેતાં, તેમાં કેવા આશીરવાદો સમાએલા હતા તેની રમુજી વ્યાખ્યા આપણે આ પુસ્તકથી જાણવા પામીએ છીએ.”

(સાંજ વર્તમાન.)

“ બચ્ચાંને સુવાડીને કેવાં હાલરડાં માતાઓએ તેમના કુમળાં મગજમાં ઉતારવાં જોઇએ, તેની પણ સમજણ આ પોથીમાં આપેલી છે. તંદોરસ્ત અને સુઘડતાવાળાં બાળકો કેમ બનાવવાં ને દુનીયામાં પોતાના બચ્ચાંઓને કેવી તરતીબ તથા તરબયતથી નામચીન બનાવવાં તેની કુનેહ તથા કળા પણ જગે જગ બતાવવામાં આવી છે. મી૦ દેસાઇના લખાણોનો ચરસ એવો જણાશે કે લુખી બાબતને તરેહવાર રમુજથી રસદાર બનાવવામાં આવેલી છે, જેથી બોધ લેનારને થાક લાગશે નહી. વીટની અને આરકરાઇટ જેવા હજામના જણ્યા બેટાઓ તથા હલકા ખાનદાનના દીકરાઓ પોતાની માતાના ઉપદેશથી કેવા કીર્તિવાન નીવડેલા છે, તેના સંખ્યાબંધ પુરાવાથી વાંચનારનું મગજ તર થઇ જાય છે એમાં કશો શક નથી.”

(પ્રજામિત્ર અને પારસી.)

“ આ પુસ્તકમાં એક સ્ત્રી, માતા થવા પછીની તેણીની ફરજો, તે ફરજોની મોટાઇ વગેરેનો બહુ ઉત્તમ ચીતાર દ્રષ્ટાંતો, જુદી જુદી ભાષાના પ્રખ્યાત લેખકોના બોધ વગેરેની મદદથી આપવામાં આવ્યો છે.”
(ચેરાગ.)

“ સંસારનો સુકાની ” માટે અભિપ્રાય.

“ બાપને વારંવાર સબકો મળે છે કે “ ત્હારા બાળકોની (૧) સંગત (૨) ચાલ ચલણ (૩) વળણ અને (૪) કેળવણી ઉપર તો ત્હારે ચાલુ દેખરેખ રાખવી. ” આયા દાયાઓને પોતાના બચ્ચાંઓને સોંપી દેવા, ફેશનની ફીસ્યારીમાં મરી, ખોટી નાજુકાઇ દેખાડી પોતાના બચ્ચાંને નહિ ધવડાવતાં આયાને સોંપી આજની બૈરીઓ બહાર નીકળી પડે છે, અને તેમના બચ્ચાંનો કેવો ફેજ એ આયા દાયા કરે છે તેનો ચિતાર મી દેશાઇએ પોતાના પુસ્તકમાં આપ્યો છે.

બાળકનું ચારિત્ર ઘડવા પિતાએ પોતાના ચારિત્રનો પહેલો ખ્યાલ કરવાનો છે. અધર્મી પણે માબાપો વર્તે અને પોતાના દીકરા દીકરીઓને ધર્મનો સબક આપે એ બે ચીજ સાથે બનેજ નહિં.

વળી સંગત પર બોલતાં મી. દેશાઇ દીકરા દીકરીઓના “ મુગા સાથીઓ ” વિષે બાપોને સુંદર સબક આપે છે, કે “ તેઓ ચીઠીપત્રી લખવાનો છંદ રાખે છે તેની ખાસ તકેદારી તું રાખજે. તેઓ કેવી ચોપડીઓ વાંચે છે તેની તું ખાસ તપાસ રાખજે...ત્હારો દીકરો કોઇ નોવેલ કીંવા કાદંબરીને અડકે નહિ તેની સંભાળ રાખજે. ”

[પારસી સંસાર.)

“ આજ કાલ અનેક પ્રજા પોતાની સ્થીતી સુધારવાને માટે નવું જુનું કરતી રહી છે, ને પોતાની જીંદગી જુગવવાની રાહરીતીમાં સારા ને સાદા ફેરફારો કરવાને હવે ફાંફાં મારી રહી છે, અને કરકસરના નીયમો કુદરતી રીતે જોવા લાગી છે, એવી રીતીઓ આજકાલ બાપ થનાર

અખત્યાર કરે તો સંસારનું સુકાન સેહેલથી ચલાવીને પોતાના અનુભવે અજ્ઞાનતાને દુર કરી પોતે સારી અક્કલથી તમારા ઘરનાજ સારા સુકાની થઇ શકો. પણ તમો બહાર સખાવત કરી નામના મેળવો યા ચાંદ કે માન મેળવો, લાખોનો વેપાર કરો, મોટું મીત્રમંડળ ધરાવો, પણ જ્યારે તમો તમારા સંસારનું સુકાન ચલાવી ન શકો તો "ઘરના દુખીજ" છો. બહાર સલાહ આપ્યે તે કરતાં ઘરમાં સુલેહનો ભંગ ન થાય તે માટે તલાસમાં રહો. બહાર મોભો સાચવો તે કરતાં ઘરના વડીલમાં માન મેળવો. દેશને સુધારવાનો ફાંકો રાખો તે કરતાં તમારૂં કુટુંબ આ સૃષ્ટીમાં કેમ માર્ગ લે યા ભવિષ્ય સુધારે ને આબરૂથી પોતાનું ગુજરાન ચલાવે એવા જ્ઞાનવાળા કરો, ને જો એવાં જ્ઞાનનો અભ્યાસ કરાવવો હોય તો આ પુસ્તક બાપ થયલાંઓને અનેક હુન્નરો શીખાડશે માટે તે મંગાવી વાંચવાની કોશેશ કરવી એમાં લાભ છે."

(જામે જમશેદ.)

"જ્યારે તમો બાપ થયા તો તે માટેની ફરજો સમજવી જોઇએ છે. સુખ યા દુઃખ વખતે કેમ ને કેવી રીતે પોતાનો વખત કાઢવો, કયા રસ્તે કામ કરવું, કયાં કામો કરવાં, કયાં પોતાની ફરજ અદા કરવી, એ તો જ્યારે કોઇ ઘડાયલો ને અનુભવી શીખ આપે નહી ત્યાં સુધી મળે નહી. પણ જ્યારે તમારી આસપાસ એવી અકલ આપનાર કોઇ ઘડાયલો ને દુન્યાનું જ્ઞાન આપનાર અમુક માણસ નહી હોય તો આ બાપ બનવાનો હુન્નર તમોને સારે માર્ગે સહેલથી લઇ જશે, એવા અંદર ઉમદા વીશ પાઠો બહુજ સારી રીતે રજુ કરેલા છે. અને એક રૂપીઆમાં મળતું આ સારૂં ને ૧૩૫ સફાનું જ્ઞાન આપનારૂં પુસ્તક તમોને હજારો રૂપીઆની શીખને જીંદગીમાં ન મળે તેવો અનુભવ આપશે."

(પ્રજામિત્ર.)

"મી. દેશાઇએ પોતે સંસારી બાબતો ઉપર પુષ્કળ પુસ્તકો પ્રગટ કરેલાં અને તેમાં આ એકનો ઉમેરો આજકાલ બાપ થનારાંઓ માટે સારૂ ને બોધદાયક ૨૦ પાઠોથી ભરેલું વાંચવા ને મનન કરવા જેવુંજ છે. આજકાલ જેઓ સંસારમાં પડી બાપ તરીકે ઓળખાય છે, યા બાપ તરીકેની જોખમદારી પોતે માથે લઇ ચુકયા છે, તેઓ પોતાનો માર્ગ કેમ સંસારી રીત પ્રમાણે કેવો લેવો, કયાં પોતાની બાપ તરીકેની ફરજ અદા કરવી—પોતાની ધણીઆણી અને બાળકો તથા ઉમરે આવેલાં દીકરા દીકરીઓ માટે પોતે બાપ તરીકે કેમ ચાલવું—કુટુંબમાં યા ઘરમાં પોતાનો બાપ તરીકેનો ઓભો કેમ ને કેવી રીતે જાળવવો, વગેરે બાબતો ઉપર બહુ સારી રીતે ૨૦ બાગોમાં જાત જાતની શીખામણો આપેલી છે. તે બાપ થનાર તેમજ બાપ થયલાઓ માટે વાંચીને તે ઉપર અમલ કરવા લાયક છે."

[કયસરે હિન્દ]

"ચોપડીને દરેક પાને પાને કાંઇને કાંઇ તવારીખી બાબત અને જ્ઞાન આપનારૂં લખાણ મળે છે, જેથી આ ચોપડી નાનાં બચ્ચાંથી તે મોટા જઇફો માટે એક સરખી ઉપયોગી અને ખેંચાણકારક બની છે. મી. દેશાઇના જણાવ્યા પ્રમાણે "સંસારમાં એક બાપ થવું એ એક જવાબદારી અને જોખમદારીનું બીકટ કામ છે, અને તેઓને માથે જે ભયાનક ઝુસરી જોડાય છે તે તો જેઓ બાપ થાય છે તેઓજ જાણે." આ જુસરીની જોખમદારી, વર્તન, મોજ વગેરે શી છે તે મી. દેશાઇ ઉપલાં અગત્યનાં પુસ્તકોમાં જુદા જુદા પાઠોમાં બહુ અચ્છી અને અસરકારક રીતે સમજાવે છે. આ પુસ્તક વાંચવાની દરેક શોખીનોને મજબુત ભલામણ થઇ શકે. આ પુસ્તક મી. સ્યાવક્ષ શેરાબજી દસ્તુર કામદીનના આસરા હેઠલ પ્રગટ થયું છે. રૂા. ૨ ની કીંમતે કાલબાદેવી કાંત્તા બીલડીંગ માહેલી "જ્ઞાનવર્ધક"ની ઓફીસમાંથી તથા સ્ટેશન રોડ નવસારી ખાતેથી મી. બેરામજી મંચેરજી દેશાઇ કનેથી તે મળી શકશે."

[સાંજ વર્તમાન]

કર્તાનાં પુસ્તકો.

૧. પારસી અટકો અને નામો... ... ...(ઈ. સ. ૧૮૯૧)
૨. આતસબેહરામે દેસાઇ ખોરશેદ ... ... „ ૧૮૯૩
૩. ઐયામે નૌસાલો હિંગામે નૌરોઝ ... ... „ ૧૮૯૬
૪. સીદ્ધા સંસાર ... ... „ ૧૮૯૭ કિં. રૂ. ૦-૪-૦
૫. તવારીખે નવસારી ... ... „ ૧૮૯૭
૬. હિંદુસ્થાનના આતસબેહરામો... ... ... „ ૧૮૯૯
૭. નવસારીની પારસી પ્રજાને અપીલ ... ... „ ૧૮૯૯
૮. ગાયકવાડ અને પ્રિહાનિયા ... ... „ ૧૮૯૯
૯. ગંજે શાયગાન ... ... „ ૧૯૦૧ કિં. રૂ. ૩-૦-૦
૧૦. પારસીઓમાં લગ્નનું જોડું ... ... „ ૧૯૦૧
૨૧. મહારાણી વિક્ટોરિયાનું જીવન ચરિત્ર ... ... „ ૧૯૦૨
૧૨. બંદગી અને માઠવાણીની મોતેબરી ... ... „ ૧૯૦૨
૧૩. પારસી સુતકો ... ... „ ૧૯૦૪
૧૪. જમશેદની ઇતિહાસિક નિંદા ... ... „ ૧૯૦૫
૧૫. નુરજેહાન ... ... „ ૧૯૦૬ કિં. રૂ. ૦-૪-૦
૧૬. પ્રાણી મંડળ ... ... „ ૧૯૦૭
૧૭. સરસ્વતી વિલાસ ... ... „ ૧૯૦૮
૧૮. એડવર્ડ નામુ ... ... „ ૧૯૧૦
૧૯. દાદારજીની દરબાર ... ... „ ૧૯૧૧ કિં. રૂ. ૦-૪-૦
૨૦. પારસી વિષયો... ... ... „ ૧૯૧૪ કિં. રૂ. ૧-૦-૦
૨૧. બેટી તું સાસરે કેમ સમારો ? ... ... „ ૧૯૧૯ કિં. રૂ. ૧-૦-૦
૨૨. મ્હારા દિકરાને ! ... ... „ ૧૯૧૯ કિં. રૂ. ૧-૦-૦
૨૩. Omens for Auspicious and Inauspicious Horses ૧૯૧૯
૨૪. મા-બાપની સેવા ... ... „ ૧૯૨૦ કિં. રૂ. ૧-૦-૦
૨૫. સાદી જીંદગીની શોક [redacted] ફેશનની ફિલસુફી ... „ ૧૯૨૧
સાદી બાંઇડીંગ... ... ... કિં. રૂ. ૧-૮-૦
કાપડી પુઠાંની ... ... કિં. રૂ. ૨-૦-૦
૨૬. સલુકની માતા... ... ... „ ૧૯૨૧
સાદી બાંઇડીંગ... ... ... કિં. રૂ. ૧-૮-૦
કાપડી પુઠાંની ... ... કિં. રૂ. ૨-૦-૦
૨૭. સંસારનો સુકાની [બાપ બનવાનો હુન્નર] ... „ ૧૯૨૨ કિં. રૂ. ૨-૦-૦
૨૮. દુઃખીને દિલાસો [૫૬ ભાગ]... [ઇ. સ. ૧૯૧૪ થી ૧૯૨૨] દર ભાગની કિં. રૂ. ૦-૪-૦
૨૯. સદ્‌ગુણી સાસુ... ... ... „ ૧૯૨૩ કિં. રૂ. ૨-૦-૦
૩૦. બંદો અને બંદગી ... ... „ ૧૯૨૩ કિં. રૂ. ૨-૦-૦

મી૦ શે૦ મ૦ દેસાઇનાં રચેલાં છપલાં પુસ્તકો પૈકી જેની કિંમત માંડી છે તેજ મળી શકશે. “ દુઃખીને દિલાસો ” ના કેટલાક ભાગ મળી શકશે નહીં; ખૂટી પડયા છે. નંબર ૨૫-૨૬-૨૭-૨૯-૩૦ એ પુસ્તકોની કિંમત સરેરાસ રૂ. ૧-૦-૦ લઇને આપવામાં આવશે. વી. પી. તથા પોસ્ટેજનો ચાર્જ જૂદો લેવામાં આવશે. નીચેના સરનામે લખીને મંગાવજોજી.

શેરામજી મનચેરજી દેસાઇ.
સ્ટેશન રોડ-નવસારી.